

ઈવાન ઑસોકિનનું અજાયબ જીવન

Strange Life of Ivan Osokin

પી. ડી. ઑસ્પેન્સ્કી

P. D. Ouspensky

: અનુવાદ :

મનહર પટેલ

કમલેશ ભટ્ટ

ઈવાન ઓસોકિનનું અજાયબ જીવન

Strange life of Ivan Osokin

મૂળ લેખક
પી. ડી. ઓસ્પેન્સ્કી
P. D. Ouspensky

અનુવાદ
મનહર પટેલ
કમલેશ ભટ્ટ

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

Evan Osokinanu Ajayab Jivan
Translated by : Manher Patel
Kamlesh Bhatt
Published by : Navbharat Sahitya Mandir,
Ahmedabad 1 & Mumbai 2
E-mail : navbharat@icenet.net
Web : www.navbharatonline.com

© Tatiana M. Nagro

પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૨૦૦૨

મૂલ્ય : રૂ. [illegible]

પ્રકાશક :
અશોક ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

ટાઈપ સેટિંગ :
ઈનોવેટિવ પ્રિન્ટ એન્ડ પેક
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૩૭૯૫૭, ૨૧૭૧૯૪૮

મુદ્રક :
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ, અમદાવાદ
ફોન : ૫૬૨૦૫૭૮

થોડુંક આ પુસ્તક વિશે...

એક સભાન હસ્તી અને પ્રખર અધ્યાત્મ-ચિંતક પી. ડી. ઑસ્પેન્સ્કીને શાશ્વત પુનરાવૃત્તિ (eternal recurrence)ના વિચારમાં પહેલેથી જ રસ હતો. એમના અન્ય પુસ્તક 'અંતરાત્મા સત્યની ખોજ' (Conscience The Search For Truth)માં તેમણે સ્વીકાર્યા અને નોંધ્યા મુજબ ચોથા માર્ગના દર્શનમાં પુનરાવૃત્તિનો વિચાર એમના તરફથી આવ્યો હતો. પ્રસ્તુત પુસ્તકમાં ઑસ્પેન્સ્કીએ પુનરાવૃત્તિ અંગેના ઘણા પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા છે. ઑસ્પેન્સ્કીના પુનરાવૃત્તિના વિચારના રસમાંથી નિષ્પન્ન થયેલી કૃતિ એટલે 'ઈવાન ઑસોકિનનું અજાયબ જીવન'.

'ઈવાન ઑસોકિનનું અજાયબ જીવન' એ ઑસ્પેન્સ્કીની એકમાત્ર નવલકથા છે. એ લખાઈ ૧૯૦૫માં અને પ્રગટ થઈ ૧૯૧૫માં. મૂળ તો આ કૃતિ સ્ક્રીનપ્લે તરીકે લખાઈ હતી, પરંતુ એના પરથી ફિલ્મ ન બની એટલે ઑસ્પેન્સ્કીએ નવલકથા સ્વરૂપે પ્રસિદ્ધ કરી. આમ પણ, આ નવલકથા દૃશ્યોની હારમાળાના સ્વરૂપે આલેખવામાં આવી છે અને નવલકથાના નાયક ઑસોકિનના જીવનમાં આકાર લેતી ઘટનાઓની શૃંખલાને વિવિધ દૃશ્યોની હારમાળા સાથે ગૂંથી લેવામાં આવી છે.

નવલકથાના નાયક યુવાન ઑસોકિનને વાર્તાના પ્રારંભમાં જ એ અહેસાસ થાય છે કે પોતાના ભૂલભરેલા નિર્ણયો અને બેપરવાઈ તેમજ ભૂલોની પરંપરાના કારણે પોતે પોતાની જિંદગી બરબાદ કરી નાખી છે અને પોતાને મળેલી તકો વેડફી નાખી છે. આત્મહત્યાના આરે ઊભેલો એવો ઑસોકિન એક જાદુગરને ત્યાં પહોંચી જાય છે. વાતવાતમાં ઑસોકિન જાદુગરને વિનંતી કરે છે કે જો તેને તેની અગાઉની જિંદગીની સંપૂર્ણ સ્મૃતિ સાથે ફરીથી જીવવાની તક મળે તો એ બધી જ બાજી સુધારી લઈ શકે. તેણે અગાઉ કરી હતી તેવી ભૂલોનું પુનરાવર્તન ન કરે અને તેને મળેલી તકો વેડફી ન નાખે. જાદુગર ઑસોકિનની વિનંતી માન્ય રાખી તેને પુનઃ તેના પોતાના અગાઉના જીવનમાં મોકલી આપે

છે. અને અહીંથી જ ઑસોકિનની વિટંબણા શરૂ થાય છે. ઑસોકિનને તેનું અગાઉનું જીવન યાદ હોવા છતાં તે એના એ જ વર્તનનું, એની એ જ પ્રતિક્રિયાઓનું અને એના એ જ નિર્ણયોનું પુનરાવર્તન કરે છે. ઘટનાક્રમ પણ એનો એ જ રહે છે. તેની અગાઉની જિંદગી તેનો વર્તમાન બની રહે છે અને જે જીવનમાંથી તે પરત આવ્યો છે તે જ તેનું ભવિષ્ય બની રહે છે અને ફરી પાછો તે પોતાની જાતને જાદુગર સમક્ષ પહોંચી ગયેલો અને એની એ જ માગણીનું પુનરાવર્તન કરતો પામે છે. પોતાનું જ્ઞાન તદ્દન બિનઉપયોગી નીવડ્યું છે એ બાબતનું ઑસોકિનને ભાન થાય છે અને તે જાદુગર પાસે સહાયની માગણી કરે છે. જાદુગર આ વખતે તેને જિંદગીનાં છળ-પ્રપંચ વિશે અને તેમાંથી છુટકારો મેળવવાના માર્ગ વિશે સમજાવે છે. જાદુગર ઑસોકિનને ખૂબ ઝડપથી નિર્ણય પર આવી જવાનું કહે છે. ઑસ્પેન્સ્કીનો પુનરાવૃત્તિનો વિચાર – મનુષ્ય માટે બધું જ યાદ રાખીને પોતાનું જીવન ફરીથી જીવી જવું શક્ય હોવા છતાં ઍસોટેરિક સ્કૂલના યોગ્ય માર્ગદર્શન વગર તેનાથી પણ કશો લાભ થતો નથી – આ નવલકથામાં સુંદર રીતે પ્રગટ થયો છે. એ સાથે જ, ચોથા માર્ગનો પાયાનો સિદ્ધાંત – મનુષ્ય યંત્ર છે અને તેની હસ્તીની કક્ષામાં પરિવર્તન લાવ્યા વગર યાંત્રિકતામાંથી છુટકારો અશક્ય છે અને હસ્તીની કક્ષામાંનું આવું પરિવર્તન પણ સહાય વિના અસંભવિત છે એ સિદ્ધાંત પણ નવલકથામાં અદ્ભુત રીતે દૃષ્ટિગોચર થતો રહે છે. ઑસ્પેન્સ્કીની સર્જકતાની કમાલ એમાં છે કે અંતે ઑસોકિન શો નિર્ણય લે છે તે વાત અધ્યાહાર રાખવામાં આવી છે.

પુસ્તકના અનુવાદની તક આપવા બદલ શ્રી દર્શન શેઠ અને મનહર પટેલનો આભાર માનું છું. ભાષાકીય સુસંગતતાની દૃષ્ટિએ ભાષાંતર ચકાસી જવા બદલ શ્રી કનુ સુથારનો પણ આભાર માનું છું.

ચોથા માર્ગની જીવંત સ્કૂલના સંપર્કમાં લાવવા બદલ અને તેમાં રહીને કાર્ય કરવું સંભવિત બનાવવા બદલ પ્રભાવ-સી પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરી વિરમું. અસ્તુ.

– **કમલેશ ભટ્ટ**

અનુક્રમણિકા

પ્રકરણ : ૧	વિદાય	૧
પ્રકરણ : ૨	ત્રણ પત્રો	૫
પ્રકરણ : ૩	ઘેરા વાદળી રંગના ઓવરકોટવાળો માણસ	૧૦
પ્રકરણ : ૪	પ્રણયભંગ	૧૩
પ્રકરણ : ૫	ચમત્કારિક પુરુષના ઘર તરફ...	૧૪
પ્રકરણ : ૬	પ્રભાત	૨૫
પ્રકરણ : ૭	વિચારોના વમળમાં	૩૩
પ્રકરણ : ૮	ભૂતકાળ	૩૯
પ્રકરણ : ૯	સ્વપ્ન	૫૨
પ્રકરણ : ૧૦	શાળાનો વિદ્યાર્થી	૬૦
પ્રકરણ : ૧૧	બા	૬૪
પ્રકરણ : ૧૨	સોમવાર	૭૨
પ્રકરણ : ૧૩	વાસ્તવિકતા અને પરીકથા	૭૮
પ્રકરણ : ૧૪	સજા પામેલો	૮૪
પ્રકરણ : ૧૫	કંટાળો	૮૭
પ્રકરણ : ૧૬	આચાર્ય ઝ્યૂશ	૯૧
પ્રકરણ : ૧૭	શાળાની ઇસ્પિતાલ	૯૮
પ્રકરણ : ૧૮	પોતાના ઘરમાં	૧૦૬
પ્રકરણ : ૧૯	તનેષ્કા	૧૦૯
પ્રકરણ : ૨૦	કાકા	૧૨૫
પ્રકરણ : ૨૧	શેતાનની યંત્રરચના	૧૩૪
પ્રકરણ : ૨૨	પેરિસ	૧૪૩
પ્રકરણ : ૨૩	ઝિનૈડા	૧૫૬
પ્રકરણ : ૨૪	અનિવાર્ય	૧૭૦
પ્રકરણ : ૨૫	શિયાળાનો એક દિવસ	૧૭૯
પ્રકરણ : ૨૬	ચક્રનો પલટો	૧૮૮
પ્રકરણ : ૨૭	ઉંબર પર	૧૯૮
પ્રકરણ : ૨૮	ઉપસંહાર	૨૧૫

વિદાય

પરદા પર મૉસ્કોના કુર્સ્ક સ્ટેશન ઉપરનું એક દૃશ્ય. ૧૯૦૨ના એપ્રિલ મહિનાનો એક ઉજ્જવળ દિવસ. રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ પર સ્લીપિંગ કમ્પાર્ટમેન્ટ પાસે, ક્રિમિઆ જતાં ઝિનૈડા કુટીસ્કી અને તેની બાને વિદાય આપવા માટે આવેલું મિત્રમંડળ ઊભું છે. આ મિત્રો પૈકી છવ્વીસ વર્ષનો એક યુવાન ઈવાન ઑસોકિન પણ છે.

ઑસોકિન દેખીતી રીતે મૂંઝાયેલો હોવા છતાં તેની મૂંઝવણ સંતાડવાનો પ્રયત્ન કરતો જણાય છે. ઝિનૈડા પોતાના ભાઈ મિખાઈલ તથા બે યુવતીઓ સાથે વાર્તાલાપ કરતી જણાય છે. મૉસ્કોના લશ્કરી પાયદળના ગણવેશમાં સજ્જ યુવાન ઑફિસર મિખાઈલ, ઑસોકિનનો મિત્ર છે. ત્યાર બાદ ઝિનૈડા ફરીને ઑસોકિન સાથે વાતચીત કરતી તેની બાજુમાં ચાલતી જણાય છે.

"મને તારી ખોટ સાલવાની છે," ઝિનૈડાએ કહ્યું, "એ ખરેખર એક દુઃખદ બાબત છે કે તું અમારી સાથે આવી શકતો નથી. જોકે મને લાગે છે કે તું મારી સાથે આવવા ઇચ્છતો નથી, નહિતર તું ચોક્કસ આવતો હોત. તું મારા માટે કંઈ પણ કરવા ઇચ્છતો નથી, અમારી સાથે નહિ આવવાની અને અહીં રોકાઈ જવાની ઘટના એ આપણી વચ્ચે થયેલા સંવાદોને હાસ્યાસ્પદ અને વ્યર્થ પુરવાર કરી દે છે. પરંતુ તારી સાથે દલીલો કરી કરીને હું થાકી ગઈ છું. તને જે ગમે તે તું કર.'

ઈવાન ઑસોકિન વધારે ને વધારે મૂંઝાવા લાગ્યો પરંતુ પોતાની જાતને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરતો મુશ્કેલીથી કહે છે :

"અત્યારે હું તારી સાથે આવી શકું તેમ નથી, પરંતુ હું તને વચન આપું છું કે પાછળથી ત્યાં આવીશ. મારું અહીં એકલા રોકાવું તે કેટલું દુષ્કર છે તેની તું કલ્પના પણ નહિ કરી શકે."

ઝિનૈડાએ તરત જ પ્રત્યુત્તર વાળતાં કહ્યું, "ના, હું કલ્પના પણ નથી કરી શકતી અને તારી વાત પણ માનતી નથી. તું કહે છે તે મુજબ જો વ્યક્તિ કોઈ વસ્તુ મેળવવા દૃઢતાપૂર્વક ઇચ્છતી હોય તો તે મેળવવા માટે તે પ્રયત્ન કરે જ. મને ચોક્કસ ખાતરી છે કે અહીંની તારી વિદ્યાર્થિનીઓ પૈકી તું કોઈ સુંદર કલ્પનામાં રાચતી યુવતીના પ્રેમમાં પડેલો જણાય છે !" ઝિનૈડાએ સ્મિત કરતાં ઉમેર્યું.

ઝિનૈડાના શબ્દો અને એ કહેવાની રીતથી ઑસોકિનને ખૂબ જ લાગી આવ્યું. તે કંઈક બોલવા જાય છે પણ અચકાઈ જાય છે. પછી કહે છે :

"તું જાણે છે કે આ વાત સાચી નથી અને તું એ પણ જાણે છે કે હું તારો અને ફક્ત તારો જ છું."

ઝિનૈડાએ આશ્ચર્યના ભાવ સાથે કહ્યું, "મને આ વાતની કેવી રીતે ખબર પડે ? તું હંમેશાં વ્યસ્ત હોય છે. તું હંમેશાં મને મળવાની અને મારી સાથે આવવાની ના પાડે છે. મારા માટે તારી પાસે ક્યારેય સમય હોતો જ નથી અને અત્યારે તું મારી સાથે જ આવે એવું હું હૃદયપૂર્વક ઇચ્છું છું. આપણો બે દિવસ સાથે ને સાથે હોઈશું. તું વિચાર તો ખરો કે આપણો પ્રવાસ કેટલો આનંદદાયક બની જાય !"

ઝિનૈડાએ ઑસોકિન તરફ આંખનો પલકારો મારી લીધો.

"અને ત્યાં ક્રિમિઆમાં આપણે સાથે ઘોડેસવારી કરીશું અને સમુદ્રમાં દૂર સુધી સહેલગાહ કરીશું. તું તારી કવિતાઓ મને સંભળાવજે અને હવે મને કંટાળો આવે છે."

આટલું કહીને તેણે ભવાં ચડાવ્યાં તથા મુખ ફેરવી ચાલી ગઈ.

ઑસોકિન પ્રત્યુત્તર આપવા માટે મથામણ કરે છે પરંતુ કહેવા માટે કોઈ શબ્દો ન મળતાં હોઠ કરડતો ઊભો રહે છે.

પુનરુક્તિ કરતાં તેણે કહ્યું, “હું પછીથી આવીશ.”

ઝિનૈડાએ બેપરવાહીથી પ્રત્યુત્તર આપતાં કહ્યું, “તારે જયારે આવવું હોય ત્યારે આવજે, પરંતુ આ તક તું હંમેશને માટે ગુમાવી રહ્યો છે. પ્રવાસમાં હું તારા વગર કંટાળી જવાની છું. જોકે બા એક મજાનાં સહયાત્રી છે, પરંતુ એ કંઈ મને બહુ ન ગમે. જોકે એક માણસ જેને હું ઓળખું છું તે આ જ ટ્રેનમાં આવી રહ્યો છે તેટલો પ્રભુનો પાડ. તે રસ્તામાં મને સાથ આપશે.”

ફરીથી ઑસોકિન કંઈક બોલવાનો પ્રયત્ન કરે છે પરંતુ ઝિનૈડા પોતાનું બોલવાનું ચાલુ રાખે છે :

“મને ફક્ત વર્તમાનમાં જ રસ છે. ભવિષ્યમાં શું બનવાનું છે તેની ફિકર મારે શા માટે કરવી જોઈએ ? તું આ સમજતો નથી. તું ભવિષ્યમાં રાચી શકે, હું નહિ.”

“આ બધું હું સમજું છું,” ઑસોકિને કહ્યું, “અને મારા માટે આ સહન કરવું ખૂબ અઘરું છે, પરંતુ હું અસહાય છું. પરંતુ મેં તને જે કહ્યું હતું તે તું યાદ રાખીશ ?”

“હા, હું યાદ રાખીશ અને તને પત્ર લખીશ. પરંતુ મને પત્રો લખવાનું ગમતું નથી. બહુ આશા ન રાખતો, તેના બદલે જલદીથી આવી જજે. હું તારા માટે મહિનો... બે મહિના રાહ જોઈશ. ત્યાર બાદ હું તારી જરાય પણ રાહ નહિ જોઉં. વારુ, આવજે, બા મારી રાહ જુએ છે.”

સ્લીપિંગ કમ્પાર્ટમેન્ટ આગળ ઊભેલા મિત્રોના જૂથમાં તેઓ જોડાઈ જાય છે.

ઑસોકિન અને ઝિનૈડાનો ભાઈ સ્ટેશનમાંથી બહાર જવાના રસ્તા તરફ પ્રયાણ કરે છે.

"શું બાબત છે વાન્યા ? તું કંઈ આનંદમાં જણાતો નથી," મિખાઇલ ક્રૂટીત્સ્કીએ પૂછ્યું.

ઑસોકિન બોલવાના મૂડમાં જરા પણ ન હતો. છતાં તેણે પ્રત્યુત્તર આપતાં કહ્યું, "હું આનંદમાં તો છું પરંતુ મને મૉસ્કો ગમતું નથી. મને પણ ક્યાંક બહાર જવાનું ગમે તો ખરું !"

સ્ટેશનની સામે આવેલ ડામરના વિશાળ ચાર રસ્તા આગળ તેઓ આવ્યા. ક્રૂટિત્સ્કીએ ઑસોકિન સાથે હાથ મિલાવ્યા અને પગથિયાં ઊતરી ગયો. વાહન થોભાવ્યું અને હંકારી ગયો.

ઑસોકિન ખૂબ લાંબા સમય સુધી તેને જતાં જોતો ઊભો રહ્યો. "ઘણીવાર મને એમ લાગે છે કે મને કશાકનું સ્મરણ હોવાનું યાદ છે," તે સ્વગત બબડ્યો. "અને બીજું મને લાગે છે કે હું કંઈક અગત્યનું ભૂલી ગયો છું. મને લાગે છે કે જાણે આ બધું જ અગાઉ ભૂતકાળમાં બની ગયેલું છે. પરંતુ ક્યારે ? મને ખબર નથી. કેવું આશ્ચર્ય !"

પછી તે ઊંઘમાંથી જાગતા માણસની જેમ આજુબાજુ જુએ છે.

"અત્યારે તે ચાલી ગઈ છે અને હું અહીં એકલો ફક્ત એવું વિચારતો ઊભો છું કે આ ક્ષણે હું પણ તેની સાથે યાત્રા કરતો હોત તો ! આ ક્ષણે હું ફક્ત આટલું જ ઇચ્છી શકું. દક્ષિણ તરફ જવું અને ત્યાં તેની સાથે પૂરા બે દિવસો ગાળવા અને ત્યાર બાદ તેને દરરોજ મળવું... અને સમુદ્રની સહેલગાહ અને પર્વતો... પરંતુ તેને બદલે હું અહીં છું અને તે એટલું પણ સમજતી નથી કે હું શા માટે નથી જતો. તેને એ વાતનું ભાન પણ નથી કે આ ક્ષણે મારા ખિસ્સામાં માત્ર ત્રીસ કૉપેક જ છે અને જો તેણે મારે માટે નાણાંની સગવડ કરી હોત તો તે મને કદાચ ન પણ ગમ્યું હોત."

ઑસોકિન ફરીથી પોતાની પીઠ પાછળના સ્ટેશનના પ્રવેશદ્વાર તરફ જુએ છે અને ઊંધું ઘાલીને ચાર રસ્તા તરફ પગથિયાં ઊતરતો પ્રયાણ કરે છે.

ત્રણ પત્રો

ત્રણ મહિના બાદ : ઈવાન ઑસોકિનના રહેઠાણનું એક દશ્ય. ભાડેથી રાખેલ વિશાળ ખંડ સજાવેલો છે. આજુબાજુ બધું વેરવિખેર પડેલ છે. લોખંડના પલંગ ઉપર એક ભૂખરા રંગનો ધાબળો પડ્યો છે. તેની બાજુમાં હાથ ધોવાના વાસણવાળી ઘોડી તથા તેની બાજુમાં ખાનાંવાળું કબાટ, નાનું લખવાનું મેજ, ખુલ્લું બુક-કેસ છે. દીવાલ ઉપર શેઈક્સ્પિયર અને પુસ્કિનનાં ચિત્રો લટકાવેલાં છે.

ખૂબ જ અસ્વસ્થ જણાતો અને ખિજાયેલો ઑસોકિન રૂમમાં આમથી તેમ આંટા મારે છે. રસ્તામાં આડી આવતી ખુરશીને તે બાજુમાં હડસેલી દે છે. ટેબલ તરફ જાય છે. ખાનામાંથી એક લાંબા, સાંકડા ભૂખરા કવરમાંથી ત્રણ પત્રો બહાર કાઢે છે. એક પછી એક પત્ર વાંચતો જાય છે અને કવરમાં ગોઠવતો જાય છે.

પહેલો પત્ર : તારા પત્રો અને કાવ્યો બદલ આભાર. ખૂબ જ સારાં લાગ્યાં. પરંતુ હું ફક્ત એ જાણવા ઇચ્છું છું કે તે કોને સંબોધીને લખાયેલ છે. મને સંબોધીને તો નથી જ લખ્યાં તેની મને ખાતરી છે, નહિતર તું અહીં મારી સાથે હોત.

બીજો પત્ર : શું તું મને હજુ યાદ કરે છે ? ખરેખર, મને વારંવાર એવું લાગે છે કે તું ટેવને કારણે લખે છે અથવા તારા પોતાના માટે શોધી કાઢેલી અજાણી ફરજથી લખતો હોય એમ જણાય છે.

ત્રીજો પત્ર : મારું કહેલું બધું જ મને યાદ છે. બે મહિના પૂરા થવા આવ્યા છે. તારી જાતને બચાવવાનો કે સમજાવવાનો પ્રયત્ન ન કરીશ. તારી પાસે પૈસા નથી એની મને ખબર છે. આ માટે મેં તને ક્યારેય પૂછ્યું નથી. અહીં એવા કેટલાય માણસો રહે છે કે જેઓ તારા કરતાંય વધારે ગરીબ છે.

રૂમમાં આમતેમ આંટા મારતો, પોતાની જાતને ટેબલ તરફ હડસેલતો ઑસોકિન બરાડી ઊઠે છે.

"અને તે કંઈ વધારે લખતી નથી. છેલ્લો પત્ર મહિના અગાઉ આવ્યો હતો અને હું તેને દરરોજ પત્ર લખું છું."

બારણા ઉપર ટકોરા પડે છે. ઑસોકિનનો મિત્ર સ્તાઉપિત્સિન રૂમમાં પ્રવેશ કરે છે. તે એક યુવાન ડૉક્ટર છે. પોતાના ઓવરકોટમાં સજ્જ થયેલો આ યુવાન ઑસોકિન સાથે હાથ મિલાવે છે અને ટેબલ નજીક તેની બાજુમાં બેસે છે.

"તને શું થયું છે ? તું ખૂબ જ ગમગીન લાગે છે."

તે ખૂબ જ ઝડપથી ઑસોકિન પાસે ધસી આવે છે અને બનાવટી ગંભીરતા સાથે તેની નાડી તપાસવાનો પ્રયત્ન કરે છે. ઑસોકિન હસતાં હસતાં તેને દૂર ધકેલે છે પરંતુ બીજી જ ક્ષણે તેના ચહેરા પર ગમગીની છવાઈ જાય છે.

"આખી બાજી બગડી ગઈ છે, વૉલોદયા," ઑસોકિને કહ્યું, "મારે જે કહેવું છે તે સ્પષ્ટ રીતે તારી આગળ વ્યક્ત નથી કરી શકતો, પરંતુ મને એમ લાગે છે કે જાણે હું જીવનથી વિખૂટો પડી ગયો છું. તમે બધા લોકો આગળ વધી રહ્યા છો, જ્યારે હું સ્થગિત થઈ ગયો છું. મને એમ લાગે છે કે જાણે મારી જિંદગીને મારી રીતે ઘાટ આપવાનો પ્રયત્ન કરું છું, પરંતુ જીવનને તોડફોડ કરીને વિખેરી નાખવામાં જ સફળતા મેળવતો રહ્યો છું. તમે બધા બહુ સરળતાથી જીવન વિતાવી રહ્યા છો. તમારું વર્તમાન તથા ભવિષ્ય બહુ ઉજ્જવળ છે. મેં બધી મુશ્કેલીઓ ઓળંગવાનો પ્રયત્ન કર્યો અને પરિણામ એ આવ્યું કે મારી

પાસે હાલ કંઈ જ નથી અને ભવિષ્ય પણ ધૂંધળું છે. જો હું બધું જ પહેલેથી જ શરૂ કરી શકું તો ! હવે મને ખબર છે કે હું બધું જ જુદી રીતે કરું. મને જીવનમાં સાંપડેલી તકોનો હું એ જ રીતે પ્રતિકાર ન કરું. હવે મને એ વાત બરાબર સમજાઈ ગઈ છે કે જિંદગીને જીતવા માટે સૌ પ્રથમ તેને શરણે થઈ જવું જોઈએ. મને ઘણીબધી તકો સાંપડેલી અને કેટલીય વાર ઘણીબધી બાબતો મારી તરફેણમાં જ રહેલી. પરંતુ હવે આમાંનું કંઈ જ રહ્યું નથી."

"તું અતિશયોક્તિ કરે છે," સ્તાઉપિત્સિને કહ્યું, "તારા અને અમારા બધાની વચ્ચે શું તફાવત છે ? કોઈ એકને માટે જિંદગી ક્યારેય સુખદાયક હોતી નથી. પરંતુ શા માટે ? તારા જીવનમાં એવું તો શું અજુગતું બન્યું છે ?"

"મારા જીવનમાં એવું કંઈ જ બન્યું નથી પરંતુ મને એવી લાગણી થાય છે કે હું જીવનથી વિખૂટો પડી ગયો છું."

બારણે બીજો ટકોરો પડે છે. ઑસોકિનનો મકાનમાલિક રૂમમાં પ્રવેશે છે. તે નિવૃત્ત સરકારી કર્મચારી છે. તે થોડોક પીધેલ છે. તે ખૂબ જ મિલનસાર તથા વાચાળ છે પરંતુ ઑસોકિનને લાગે છે કે તે ભાડાની માગણી કરશે તેથી તેનાથી છુટકારો મેળવવાનો પ્રયત્ન કરે છે. મકાનમાલિકના ચાલ્યા ગયા બાદ ચહેરા ઉપર અણગમાના ભાવ સાથે ઑસોકિન બારણા ઉપર હાથ પછાડે છે.

"તમે જુઓ છો તેમ આખું જીવન એ નાની નાની મુશ્કેલીઓ સાથેના નાના નાના સંઘર્ષોથી ભરેલું છે,' ઑસોકિને કહ્યું, "આજે સાંજે તમે શું કરો છો ?"

"હું સામોયલોફ્સને મળવા જઈ રહ્યો છું. તેઓ હોમોવનિકીમાં આધ્યાત્મિક વર્તુળ રચવાની વાત કરતા હતા. તેઓ પ્રેતાત્મા સાથે વાત થઈ શકે અથવા આત્માને લગતું સંશોધન થઈ શકે તેવી સોસાયટી સ્થાપવા માંગે છે. તું ત્યાં આવીશ ? હું એવું માનું છું કે તું આવી બધી બાબતોમાં રસ ધરાવે છે."

"હા, હું રસ ધરાવતો હતો. જોકે જેમ જેમ મેં આ બધું જોયું છે તેમ તેમ મને તે બધુ વાહિયાત લાગ્યું છે. પરંતુ મને આમંત્રણ આપવામાં આવ્યું નથી. મેં આપને કહ્યું તેમ તમે જાણો જ છો કે હું આડે રસ્તે ફંટાઈ ગયો છું. તેઓ એવા લોકોનો સમૂહ છે કે જેઓ ભાગ્યે જ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હોવા છતાં હંમેશાં એવું માને છે કે તેઓ સંકળાયેલા જ છે. મારે અને તેમને શું લેવાદેવા ? હું તેમના માટે બહારનો અને અજાણ્યો છું. અને બધે આવું જ હોય છે ને ! તેમના રસના વિષયો અને વાતો મારે માટે ખૂબ જ અજાણી છે અને તેઓ તો તેમાં જ વ્યસ્ત હોય છે. તેઓ ક્યારેક ક્યારેક મને વિવેકને ખાતર બોલાવતા, પરંતુ દિવસે દિવસે મને લાગ્યું કે અમારી વચ્ચેની ખાઈ વધારે ને વધારે પહોળી થતી જાય છે. એ લોકો અરસપરસ વાતો કરે તેનાથી જુદી રીતે મારી સાથે વાતો કરે છે. ગયા અઠવાડિયે ત્રણ વિદ્યાર્થિનીઓએ મને સલાહ આપી કે મારે કાર્લ-માર્ક્સ વાંચવો જોઈએ અને જયારે મેં પ્રત્યુત્તર આપતાં કહ્યું કે હું તેના બદલે મિલ્ક સૂપ* પીવાનું પસંદ કરું ત્યારે તેઓ જરા પણ સમજયા નહિ. તમે સમજો છો કે હું શું કહેવા માગું છું ? ખરેખર આ બધું વાહિયાત છે. આ વાહિયાત બાબતોનો મને કંટાળો આવે છે."

"સારું ભાઈ, હું તારી સાથે ચર્ચા કરી શકું તેમ નથી," સ્તાઉપિત્સીને કહ્યું, "પરંતુ મને ખાતરી છે કે આ બધી તારી ધારણાઓ છે."

તે ઊભો થઈને ઑસોકિનનો ખભો થાબડે છે અને જે પુસ્તક લેવાના કામે આવ્યો હતો તે લઈને રવાના થાય છે.

ઑસોકિન પણ બહાર જવાની તૈયારી કરે છે. કોટ અને ટોપો પહેરીને આમતેમ ચાલતો ટેબલ આગળ આવીને ઊભો રહે છે અને વિચારોમાં ખોવાઈ જાય છે.

---

* *પુશ્કિનની નોંધોમાં એક વાર્તા છે – એક વિદૂષકને પૂછવામાં આવ્યું કે, 'તું શું પસંદ કરે – તારા શરીરના ચાર ટુકડા કરી નાખવામાં આવે તે કે તને ફાંસી આપવામાં આવે તે ?' અને તેણે કહ્યું, 'હું મિલ્ક સૂપ પસંદ કરું.'*

"બધું જ જુદું હોત," સ્વગત બબડતો હોય તેમ તેણે કહ્યું, "જો હું ક્રિમીઆમાં જઈ શક્યો હોત હું શા માટે ત્યાં ન ગયો ? હું ત્યાં જઈ તો શક્યો જ હોત અને ત્યાં ગયા પછી શું થઈ જવાનું હતું ? કદાચ મને ત્યાં કંઈક કામ પણ મળ્યું હોત. પરંતુ ત્યાં યાલ્ટામાં કોઈ વ્યક્તિ પૈસા વગર કેવી રીતે જીવી શકે ? ઘોડેસવારી, હોડીની સહેલગાહ, હોટલો, ટીપ્સ વગેરે કંઈ પૈસા વગર થોડું પોસાય ? અને ત્યાં સારી રીતે કપડાં તો પહેરવાં પડે કે નહિ ? અહીં જે કપડાંથી હું ચલાવું છું તે ત્યાં થોડાં ચાલે ? આ બધી બાબતો ક્ષુલ્લક લાગે છે, પરંતુ આ બધી ક્ષુલ્લક બાબતોને એકસાથે મૂકીએ ત્યારે ખબર પડે કે... પણ જવા દો ને આ બધી વાતો, તેને આ વાતની સમજ નહિ પડે કે હું ત્યાં ન રહી શકું. ઝિનૈડા એવું વિચારે છે કે હું ત્યાં જવા માંગતો નથી અથવા મને અહીં કંઈક જકડી રાખે છે.... શું આજેય કોઈ પત્ર નહિ હોય ?

ઘેરા વાદળી રંગના ઓવરકોટવાળો માણસ

ઈવાન ઑસોકિન જનરલ પોસ્ટ ઑફિસે પત્રોની તપાસ કરવા જાય છે કે જ્યાં તેણે ઝિનૈડાને પોતાને પત્રો લખવા જણાવેલું. કોઈ જ પત્રો આવ્યા ન હતા. તે જેવો પોસ્ટ ઑફિસમાંથી બહાર આવ્યો કે તેણે ઘેરા વાદળી રંગનો ઑવરકોટ પહેરેલા એક માણસને જોયો.

ઑસોકિન ત્યાં જ ઊભો રહીને આ માણસને જોઈ જ રહે છે.

"આ માણસ કોણ છે ? મેં તેને ક્યાં જોયો છે ? ચહેરો પરિચિત છે. આ ઓવરકોટ મને પરિચિત લાગે છે."

વિચોરામાં ખોવાયેલો તે ચાલતો થાય છે. ગલીમાં એક ખૂણામાં બે ઘોડાવાળી ખુલ્લી બગીને પસાર થવા દેવા ઊભો રહે છે. બગીમાં એક માણસ અને બે સ્ત્રીઓ બેઠાં છે. તેઓને તે ક્રૂટિત્સિકીને ઘેર મળ્યો હતો. ઑસોકિન માથેથી ટોપી ઉતારવા હાથ ઊંચો કરે છે. પરંતુ તેઓનું ધ્યાન ઑસોકિન તરફ જતું નથી. તે હસતાં હસતાં ચાલતો થાય છે.

આગળ જતાં ગલીના બીજા એક ખૂણા આગળ ઝિનૈડાનો ભાઈ મળ્યો. તેણે ઊભા રહીને ઑસોકિનનો હાથ પકડીને બાજુમાં લઈ જઈને કહ્યું, "શું તને કંઈ વાત જાણવા મળી ? મારી બહેન કર્નલ મિનિત્સ્કી સાથે વિવાહ કરવાની છે. તેઓનાં લગ્ન યાલ્ટામાં થવાનાં છે. ત્યાંથી તેઓની કોન્સ્ટેન્ટિનોપલ ને ત્યાંથી ગ્રીસમાં જવાની યોજના છે. હું થોડા

દિવસોમાં ક્રિમિઆ જઈ રહ્યો છું. શું તારે કંઈ કહેવડાવવું છે ?"

ઑસોકિન હસતો ચહેરો રાખીને તેની સાથે હાથ મિલાવતાં હસતા મુખે કહે છે :

"મારા તરફથી તેને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવજે."

ક્રૂટિત્સ્કી કંઈક બોલે છે અને હસતાં હસતાં ચાલતો થાય છે.

ઑસોકિન તેને હસતા ચહેરે વિદાય આપે છે, પરંતુ જેવા તેઓ છૂટા પડે છે કે ઑસોકિનના ચહેરાનો રંગ બદલાઈ જાય છે. તે થોડા સમય માટે ચાલતો રહે છે પછી અટકે છે. ચાલતા રાહદારીઓ તરફ બેધ્યાન એવો શેરીને તાકતો ઊભો રહે છે.

"તો આનો અર્થ આ થતો હતો," સ્વગત બબડતાં તેણે કહ્યું, "હવે મને બધી વાત સ્પષ્ટ થઈ ગઈ છે. હવે મારે શું કરવું જોઈએ ? ત્યાં જઈને મિનિત્સ્કીને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્‌વાન આપવું ? પણ શા માટે ? આ બધું અગાઉથી નક્કી જ હતું અને મારી જરૂર તો માત્ર આનંદ-પ્રમોદના એક સાધન પૂરતી જ હતી. હું ત્યાં ન ગયો તે કેટલું સારું થયું ! ના, આ રીતે વિચારવું એ મારી દુષ્ટતા કહેવાય. આવું વિચારવાનો મને હક્ક નથી. અને આ સાચું નથી. આ બધું બન્યું કારણ કે હું ત્યાં ન ગયો. પરંતુ હવે હું કોઈપણ હિસાબે ત્યાં નહિ જાઉં – અને મારે હવે કંઈ પણ કરવાનું રહેતું નથી. તેણે પસંદગી કરી લીધી છે. અસંતુષ્ટ રહેવાનો મને શું અધિકાર છે ? આખરે મેં તેને શું આપ્યું છે ? શું હું તેને ગ્રીસ લઈ જઈ શક્યો હોત ?"

ઑસોકિન આગળ ચાલે છે, વળી અટકે છે અને સ્વગત બબડે છે :

"પરંતુ મને લાગે છે કે તેને મારે માટે લાગણી તો જરૂર હતી. અને અમે કેવી ગોષ્ઠિ કરતાં હતાં ! દુનિયામાં એના જેવી બીજી કોઈ વ્યક્તિ ન હતી જેની સાથે હું આવી રીતે વાત કરતો હતો. આવી અદ્‌ભુત છે એ ! અને મિનિત્સ્કી સામાન્યમાં સામાન્ય માણસ છે. એક સામાન્ય અધિકારી જે સામાન્ય વાંચી ખાય. પરંતુ ખૂબ ઝડપથી એ

અસામાન્ય વ્યક્તિ બની જશે - અને મને ઝિનૈડાના મિત્રો ઓળખશે પણ નહિ."

"ના, ના હું કંઈ જ ન કરી શકું... મારે ક્યાંક ચાલ્યા જ જવું જોઈએ અથવા... હું અહીં તો ન જ રહી શકું."

પ્રણયભંગ

સાંજે ઑસોકિન પોતાના રૂમમાં ઝિનૈડા ક્રૂટિત્સિકીને પત્ર લખી રહ્યો છે, પરંતુ એક પછી એક કાગળ ફાડતો જાય છે અને લખતો જાય છે. વારંવાર તે ખુરશીમાંથી કૂદકો મારીને ઊઠે છે અને રૂમમાં આમતેમ આંટા મારે છે. ફરી પાછો લખવાનું શરૂ કરે છે. આખરે થાકીને તે પેન ફેંકી દે છે અને ખુરશીમાં ફસડાઈ પડે છે.

"હવે હું વધારે લખી શકું તેમ નથી," તેણે સ્વગત કહ્યું, "મેં તેને રાત-દિવસ જોયા વગર પત્રો લખ્યા છે. હવે મને એમ લાગે છે કે હું હિંમત હારી ગયો છું. જો મારા આટલા બધા પત્રોની અસર તેને નથી થઈ તો હવે પછીના પત્રોથી પણ કંઈ જ પરિણામ નહિ આવે. હું કંઈ જ ન કરી શકું..."

આંધળા માણસની માફક ધીમેથી ઊભો થઈને તે મેજના ખાનામાંથી રિવૉલ્વર અને કારતૂસો કાઢે છે. કારતૂસોને રિવૉલ્વરમાં ભરીને રિવૉલ્વર ખિસ્સામાં મૂકે છે. કોટ પહેરતો ને ટોપો હાથમાં લઈને, બત્તી બુઝાવતો બહાર નીકળી પડે છે.

ચમત્કારિક પુરુષના ઘર તરફ...

ઈવાન ઑસોકિન એક ચમત્કારિક પુરુષના ઘેર જાય છે. તેને તે ખૂબ લાંબા સમયથી ઓળખતો હતો. આ માણસ ખૂબ સારો છે અને તેની પાસે હંમેશાં ખૂબ જ સારી જાતની સિગારેટો તથા બ્રાન્ડી હોય છે.

ઑસોકિન અને આ ચમત્કારિક પુરુષ તાપણા પાસે બેઠા છે.

વિશાળ ઓરડાને અર્ધ-ભારતીય પદ્ધતિથી ખૂબ જ સુંદર રીતે શણગારેલો છે. ભોંયતળિયા ઉપર અતિ પ્રાચીન તથા કીમતી એવી પર્શિયન, બોખારા અને ચાઈનીઝ જાજમો બિછાવેલી છે. ઊંચી બારીઓ પર સુંદર ડિઝાઈનવાળા તથા પ્રાચીન ભરતકામવાળા પડદા લટકાવેલા છે. અબનૂસના લાકડાનાં કોતરકામવાળાં ટેબલો અને ખુરશીઓ તથા ભારતીય દેવતાઓની કાંસાની પ્રતિમાઓ રૂમને વધારે સુશોભિત બનાવી રહી છે. દીવાલના એક ગોખલામાં કવાનયિનની લગભગ પૂરા કદની બેઠેલી આકર્ષક પ્રતિમા તથા તાડપત્રનાં ભારતીય પુસ્તકો પડ્યાં છે. એક લાલ રંગની વાર્નિશ કરેલ ચાઈનીઝ ઘોડી ઉપર વિશાળ દિવ્ય ગોળો પ્રકાશી રહ્યો છે. ચમત્કારિક પુરુષની ખુરશીની બાજુમાં પડેલા હાથી-દાંતના કોતરણીવાળા નાના ટેબલ ઉપર નાનું ઘડિયાળ પડ્યું છે. ખુરશીની પાછળ બેઠેલી કાળી સાઈબીરિયન બિલાડી તાપણાને તાકી રહી છે.

ચમત્કારિક પુરુષ પોતે કમરથી વળી ગયેલો તીક્ષ્ણ દૃષ્ટિ ધરાવતો વૃદ્ધ પુરુષ છે. તેણે સંપૂર્ણ કાળાં કપડાં અને માથા પર બેઠેલા ઘાટની

નાની ટોપી પહેરી છે. તેના હાથમાં ભૂરાશ પડતા લીલા રંગનાં રત્નોથી જડેલ પાતળી પર્શિયન લાકડી છે. ઑસોકિન ઉદાસ છે. કશું બોલ્યા વગર તે સિગારેટ પીધે રાખે છે. આ ક્ષણે ખૂબ જ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયેલા ઑસોકિનને ચમત્કારિક પુરુષે કહ્યું :

"મારા વહાલા મિત્ર, તને આ બધી ખબર હતી."

આ સાંભળીને ઑશોકિન ચમકે છે અને તેની તરફ તાકી રહે છે.

"હું શું વિચારી રહ્યો છું તેની તમને કેવી રીતે ખબર પડે છે ?"

"તું શું વિચારે છે તેની મને હંમેશાં ખબર હોય છે."

ઑસોકિન પોતાનું માથું નીચું ઢાળીને સાંભળી રહે છે.

"હા, મને ખબર છે કે હવે કાંઈ જ થઈ શકે તેમ નથી," ઑસોકિને કહ્યું, "જો હું મારા વીતી ગયેલા દુઃખદાયક સમયનાં થોડાં વર્ષો પાછાં મેળવી શકું તો ! જીવનમાં સાંપડેલી તકો કે જે મેં ફગાવી દીધેલી તે જો મને પાછી મળે તો કેવું સારું ! જો હું બધું જ જુદી રીતે કરી શકું તો !"

વૃદ્ધ જન ટેબલ ઉપર પડેલા ઘડિયાળને હલાવીને ઊંધું ફેરવીને તેમાં સરી જતી રેતીને નિહાળી રહે છે.

"બધું જ પાછું મેળવી શકાય છે," તેણે કહ્યું, "બધું જ, પરંતુ તેનાથી કંઈ જ ફેર નહિ પડે."

પોતાના જ વિચારોમાં સંપૂર્ણપણે ખૂંપેલો ઑસોકિન કંઈ પણ સાંભળ્યા વગર પોતાની વાત ચાલુ રાખે છે, "જો મને પહેલેથી જ ખબર હોત કે મારે શું કરવાનું છે તો... પરંતુ મેં મારી જાત અને મારી શક્તિમાં ખૂબ વિશ્વાસ મૂક્યો. હું મારી રીતે જ બધું કરવા માંગતો હતો. મને કશાયની ફિકર ન હતી. માણસો જે વાતનું ખૂબ જ મહત્ત્વ આપતા તે બધું જ મેં ફગાવી દીધેલું અને તે માટે પાછું વળીને ક્યારેય જોયું સુધ્ધાં નથી. પરંતુ જીવનના મધ્યાહ્નને જ્યારે હું પાછું વળીને જોઉં છું ત્યારે મને લાગે છે કે હું બીજાઓ જેવો સામાન્ય માણસ બની ગયો છું."

ઑસોકિન ઊભો થઈને રૂમમાં આમતેમ આંટા મારે છે.

વૃદ્ધ જન મરક મરક હસતો અને પોતાનું માથું હલાવતો તથા ઑસોકિનને નિહાળતો બેસી રહે છે. ઑસોકિન તરફ જોઈ રહેવાના તેના ભાવમાં એક પ્રકારની રમૂજ પણ છે અને એક પ્રકારની વક્રોક્તિ પણ છે. પરંતુ આ વક્રોક્તિ અસહિષ્ણુ નથી પણ ખૂબ જ સમજ, કરુણા અને દયાથી ભરેલી, અને તે ઑસોકિન માટે બધું જ કરી છૂટવા તૈયાર છે, પરંતુ કશું જ કરી શકતો નથી તેવી છે.

"મેં હંમેશાં બધી જ બાબતોને હસી કાઢી છે," ઑસોકિન પોતાનું ડોકું ધુણાવે રાખે છે. "અને મારા જીવનને વેરવિખેર કરવાનો પણ મેં આનંદ લીધો છે. મેં મારી જાતને અન્ય માણસો કરતાં કંઈક વધારે બળવાન અનુભવી છે. મને કોઈપણ બાબતે નમાવ્યો નથી. કોઈપણ બાબત મને હંફાવી શકી નથી. હું હાર્યો નથી. પરંતુ હવે હું વધારે લડી શકું તેમ નથી. મારી જાતને હું એક પ્રકારના કાદવમાં ખૂંપેલી અનુભવું છું. હું સહેજ પણ હલનચલન કરી શકતો નથી. શું આપ મને સમજો છો ? નીચે ને નીચે ખૂંપતી જતી મારી જાતને મારે સ્વસ્થ ચિત્તે નિહાળવી પડી છે."

વૃદ્ધ જન તેની સામે તાકતો બેસી રહે છે.

"આવું બન્યું કેવી રીતે ?" તેણે પૂછ્યું.

"કેવી રીતે ? તમે મારા વિષે એટલું બધું જાણો છો કે આ તો સારી રીતે જાણતા જ હો. મને નિશાળમાંથી કાઢી મૂકવામાં આવ્યો ત્યારથી જ મને નિરાધાર પ્રવાહમાં છોડી દેવામાં આવ્યો હતો. આ એક જ ઘટનાએ મારા સમગ્ર જીવનને બદલી નાખ્યું. આ એક બાબતને કારણે મારો બધાથી સંપર્ક તૂટી ગયો. મારી સ્કૂલના મારા સહાધ્યાયીઓને જ લો ને : કેટલાક હજુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. બીજા કેટલાકે તેઓની ઉપાધિઓ મેળવી છે અને આમાંના દરેકને પોતાના પગ ટેકવવા માટે નક્કર ભૂમિ છે. જ્યારે હું તેઓ કરતાં દસગણું વધારે જીવ્યો છું. હું વધારે જાણું છું. વધારે વાંચ્યું છે અને

તેમનાં કરતાં સો ગણું વધારે જોયું છે – અને છતાં હું એક એવી વ્યક્તિ છું કે જેને બધા હીણપતભરી દૃષ્ટિથી જુએ છે."

"બસ, આમાં બધું આવી ગયું ?" વૃદ્ધ જને પૂછ્યું.

"હા, બધું આવી ગયું – છતાં બધું તો નહિ જ. મારી પાસે અન્ય તકો હતી પરંતુ મારી પાસેથી તે એક પછી એક સરકી ગઈ. પહેલી સાંપડેલી તક ખૂબ જ અગત્યની હતી. એ બાબત કેટલી ભયંકર હોય છે કે જ્યારે યુવાનીના નશામાં શું પરિણામ આવશે તેની સમજ કેળવ્યા વગર કે પરવા કર્યા વગર આપણે એવાં પગલાં ભરીએ છીએ જે આપણા સમગ્ર જીવનને અસર કરે છે અને સમગ્ર ભવિષ્યને બદલી નાખે છે. સ્કૂલમાં તો મેં જે કંઈ કર્યું એ તો ખાલી મજા માટે કરેલું અને કેટલું ત્રાસદાયક પુરવાર થયું ? જો મને આની પહેલેથી થોડી સમજ હોત કે જાણ હોત તો આ મજાક મને ક્યાં લઈ જશે તો શું તમે એમ માનો છો કે મેં આવું કર્યું હોત ?"

વૃદ્ધ જને હકારમાં માથું ધુણાવ્યું "હા, તેં આ જ કર્યું હોત." તેણે કહ્યું.

"કદાપિ નહિ."

વૃદ્ધ જન જવાબમાં માત્ર હસે છે.

ઑસોકિન રૂમમાં આમથી તેમ આંટા મારે છે, થોડું થંભીને વળી પાછું બોલવાનું ચાલુ રાખે છે.

"અને ત્યાર બાદ હું શા માટે મારા કાકા સાથે ઝઘડ્યો ? આ માણસનું મારા પ્રત્યેનું વલણ ખૂબ સારું હતું પરંતુ તેમની દેખભાળ કરતી છોકરી સાથે હું જંગલમાં જાણે તેમને ખિજાવવાના હેતુથી જ લઈ ગયો હતો તેવું તેમને લાગી આવતાં આવું બન્યું. હા, એ વાત સાચી છે કે તાનેકા અસાધારણ સુંદર હતી અને હું માત્ર સોળ વર્ષનો હતો. અને અમારાં ચુંબનો ખૂબ આહ્‌લાદક હતાં. પરંતુ ડાઇનિંગ રૂમમાં જ્યારે આ માણસે અમને ચુંબન કરતાં પકડ્યાં ત્યારે તેને જાણે મરણતોલ ફટકો પડ્યો હતો. કેટલું મૂર્ખામીભર્યું હતું આ બધું ! આનું શું

પરિણામ આવવાનું છે તેની જો મને પહેલેથી જ ખબર હોત તો શું તમે એમ નથી માનતા કે હું આમ કરતો અટકી ગયો હોત ?"

ચમત્કારિક પુરુષ ફરીથી હસે છે, "તું જાણતો હતો," તેણે કહ્યું.

કાંઈક દૂર દૂરનું જોતો હોય અને કંઈક સ્મરણ કરતો હોય તેવી મુદ્રામાં ઑસોકિન હસતો જણાય છે.

"જો એ શક્ય હોય કે હું આ જાણતો હતો," તેણે કહ્યું, "તો પછી મને એમ લાગે છે કે આ બાબત વધારે ગંભીર કહેવાય. પણ અલબત્ત મારે આ નહોતું કરવું જોઈતું. અને જો શું બનવાનું છે તેની મને સ્પષ્ટપણે જાણ થઈ ગઈ હોત તો હું પૂરેપૂરી ખાતરીથી કહું છું કે હું તાનેકાથી દૂર રહ્યો હોત."

"તું આ બાબત સારી રીતે જાણતો હતો." વૃદ્ધ જને કહ્યું, "તું થોડો વિચાર કર અને તને સમજાઈ જશે."

"અવશ્યપણે હું જાણતો ન હતો," ઑસોકિને કહ્યું, "મૂળ મુશ્કેલી જ એ છે કે શું બનવાનું છે તેની આપણને ક્યારેય ખબર હોતી નથી. જો આપણને ચોક્કસ ખાતરી હોય કે આપણાં કૃત્યોનું શું પરિણામ આવશે તો પણ શું તમે એમ માનો છો કે આપણે જે કરતા હોઈએ તે જ કરવાનું ચાલુ રાખીએ ?"

"તું હંમેશાં આ જાણે છે," ઑસોકિન તરફ જોઈને વૃદ્ધ જને કહ્યું.

"કોઈ અજાણ્યાં કારણોનાં પરિણામરૂપે અથવા અન્ય લોકોનાં કૃત્યોનાં પરિણામરૂપે શું બનશે તેની મનુષ્યને ખબર ન પડે તે સંભવ છે, પરંતુ પોતાનાં જ કૃત્યોનાં બધાં જ સંભવિત પરિણામો શું આવશે તેની તેને હંમેશાં ખબર હોય છે."

ઑસોકિન વિચારોમાં ખોવાઈ જાય છે અને તેના ચહેરા ઉપર ગમગીની છવાઈ જાય છે.

"તે વાત સાચી છે કે," તેણે કહ્યું, "ક્યારેક ભવિષ્યમાં શું બનશે

તે હું અગાઉથી જોઈ શકતો હતો પરંતુ આ બાબતને કોઈ એક નિયમ તરીકે ન લઈ શકે... અને હું હંમેશાં જીવનને અન્ય લોકો કરતાં કંઈક જુદી રીતે જ લેતો."

ચમત્કારિક પુરુષ હસે છે, "હજુ સુધી હું એવા કોઈ માણસને મળ્યો નથી કે જે એમ ન માનતો હોય કે તેણે અન્ય લોકો કરતાં જીવનને જુદી રીતે જ લીધું છે." તેણે કહ્યું.

ઑસોકિન આ સાંભળ્યા વગર પોતાની વાત આગળ ધપાવતાં કહે છે, "મને પણ આનું શું પરિણામ આવવાનું છે તેની ચોક્કસ ખબર હોત તો આ બધું મેં શા માટે કર્યું હોત ? મિલિટરી સ્કૂલમાં જે બન્યું તેને જ લો ને. મને એ બરાબર ખબર છે કે મારા માટે તે જીવન કપરું હતું, કારણ કે હું શિસ્તથી ટેવાયેલો ન હતો. પરંતુ આખરે તો તે વાહિયાત હતું. હું મારી જાતને સહનશીલતાવાળી બનાવી શક્યો હોત. બધી બાબતો સરળતાથી પસાર થવાની હોય તેમ શરૂઆત થઈ અને પાછળથી ખૂબ થોડો સમય જ બાકી રહ્યો ત્યારે એકાએક જાણે કે ઇરાદાપૂર્વક મેં રજા ઉપરથી મોડા હાજર થવાનું શરૂ કર્યું. એક રવિવાર, બીજો રવિવાર અને પછી તેઓએ મને ચેતવણી આપતાં કહ્યું કે જો ફરીથી હવે હું મોડો આવીશ તો મને કાઢી મૂકવામાં આવશે. આ ઘટના પછી હું બે વખત સમયસર પાછો ફર્યો. અને તે પછીની એક સાંજે લિયોન્તિએફને ત્યાં કાળા કપડામાં સુસજ્જ એક છોકરી ! અને હું સ્કૂલમાં પાછો ફર્યો જ નહિ. ત્યાં જવાનો અર્થેય શું હતો ? પરિણામરૂપે મને કાઢી મૂકવામાં આવ્યો. પરંતુ મને આની પહેલેથી જ ખબર ન હતી કે આનો અંત આવો આવશે !"

ચમત્કારિક પુરુષે પુનરુક્તિ કરતાં કહ્યું, "તું જાણતો હતો."

ઑસોકિન હસે છે. "સારું ભાઈ, માનો કે આ કિસ્સામાં પણ હું ચોક્કસ જાણતો હતો પરંતુ આ બધી વાહિયાત બાબતોથી હું ખૂબ જ કંટાળી ગયો હતો અને આખરે માણસ તો હંમેશાં કંઈક શ્રેષ્ઠની જ અપેક્ષા રાખતો હોય છે ને ! અને હું તમને એ સમજાવવા માગું છું કે જયારે હું 'જાણવા' વિષે બોલું છું ત્યારે મારો અર્થ એવા પ્રકારનું

'જાણવાનું' નથી કે જે વાસ્તવમાં માત્ર ધારણા જ હોય. હું એ કહેવા માગું છું કે જો આપણે સંપૂર્ણ ખાતરી સાથે એ જાણતાં હોઈએ કે શું બનવાનું છે તો આપણે જુદી રીતે જ વર્તીએ."

"મારા ભલા મિત્ર, તું શું કહી રહ્યો છે તેનું તને જ ભાન નથી. જો તું કોઈ બાબતને પૂરેપૂરી ખાતરીથી જાણતો હોય તો તેનો અર્થ એ થયો કે તે બાબત અનિવાર્ય હતી અને તો પછી કોઈપણ રીતે તારાં કૃત્યો પણ તેને બદલી શક્યાં ન હોત. કેટલીક વાર તું બાબતોને આ રીતે જાણે છે : દા.ત. તું જાણે છે કે જો તું અગ્નિમાં હાથ નાખીશ તો તારો હાથ બાળીશ. પરંતુ હું એવું કહેવા નથી માગતો. હું એ કહેવા માગું છું કે તારા એક અથવા બીજા કૃત્યનું શું પરિણામ આવશે તે તું હંમેશને માટે જાણે છે, પરંતુ વિચિત્ર બાબત એ છે કે તું કરવા કંઈક ધારે છે અને પરિણામ કંઈક બીજી બાબતનું આવે છે."

"આપણને સાંપડતાં બધાં જ પરિણામો વિષે આપણે હંમેશાં જાણતાં હોતા નથી," ઑસોકિને કહ્યું.

"હંમેશાં જાણતાં હોઈએ છીએ."

"ઊભા રહો, તુર્કસ્તાનમાં જ્યારે હું ખાનગી સૈનિક હતો ત્યારે ખરેખર શું હું બધું જ જાણતો હતો ? મને ક્યાંયથી કશાયની આશા ન હતી અને છતાં હું કશાકની રાહ જોતો હતો."

ચમત્કારિક પુરુષ ફરીથી હસે છે. "તું કરી શકે તેવું કંઈ હતું જ નહિ," તેણે કહ્યું, "તારા ઉપર કંઈ આધારિત હતું જ નહિ અને તેં કંઈ ન કર્યું."

"એકાએક મને મારી કાકીનો વારસો મળ્યો," ઑસોકિન પોતાની વાત ચાલુ રાખતાં કહે છે, "ત્રીસ હજાર રૂબલ્સ ! આ મારો ઉદ્ધાર હતો. શરૂઆતમાં મેં ખૂબ ડહાપણપૂર્વક વર્તવાની શરૂઆત કરી. હું પરદેશ ગયો, થોડો સમય પ્રવાસ ખેડ્યો અને તે પછી સૉરબોનમાં વ્યાખ્યાન આપવા જવાનું શરૂ કર્યું. બધી જ બાબતો ફરીથી આશાસ્પદ બની. ઘણીબધી બાબતો પહેલાં કરતાંય વધુ સારી હતી. પરંતુ એક

અવિચારી ક્ષણે સૂધબૂધ વગર મૂર્ખામીથી મારા બચેલા બધા જ પૈસા મેં અંગ્રેજ અને અમેરિકન નબીરા વિદ્યાર્થીઓની સોબતમાં અને જુગારની રમતમાં ગુમાવી દીધા જેની તેઓને તો જરાય પરવા ન હતી. શું ત્યારે હું જાણતો હતો કે હું આ શું કરી રહ્યો હતો ? છતાં આ જ ક્ષણે હું મારું સર્વસ્વ ગુમાવી રહ્યો હતો. મને ખાતરી છે કે આપણે ક્યાં જઈ રહ્યાં છીએ તે જો આપણે જાણતા હોઈએ તો આપણે તેમ કરતાં આપણી જાતને રોકીએ જ."

વૃદ્ધ માણસ ઊભો થાય છે અને પોતાની લાકડી પર ઝૂકી તે ઑસોકિન સામે આવીને ઊભો રહે છે.

"પરંતુ આ પહેલાં પણ તેં પત્તામાં અને જુગારની રમતમાં સારી એવી રકમ ગુમાવી હતી," તેણે કહ્યું. "તેં જ મને આ વાત કરેલી. વારસાની ત્રીજા ભાગની રકમ કેમ બચી એ જ મને સમજાતું નથી."

"અરે, પત્તાંમાં મેં બધા જ પૈસા ગુમાવ્યા ન હતા. હું પરદેશમાં ચાર વર્ષ રહ્યો." ઑસોકિને પોતાની વાત આગળ ધપાવતાં કહ્યું, "અને ગમે તેમ તોય હું મારી આવક ઉપર તો નિભાવી શકું તેમ હતો જ નહિ. હજુ પણ મારે માટે ડિગ્રી મેળવીને કામ શોધવાની શક્યતા હતી."

"હા," ચમત્કારિક પુરુષે કહ્યું, "તેવુંય બન્યું હોત, પરંતુ તું તારા પૈસા ગુમાવતો જતો હતો અને તું બધા જ પૈસા ગુમાવવાનો હતો તે બાબત અનિવાર્ય હતી. તને ખબર જ હતી કે તું ગુમાવવાનો જ હતો. તું હંમેશાં જાણતો હોય છે પરંતુ તું તને તેમ કરતાં ક્યારેય રોકી શકતો નથી."

ઑસોકિન અકળાઈને તેનું માથું હલાવે છે.

"અલબત્ત આ વાત સાચી નથી !" ઑસોકિન બરાડી ઊઠે છે : "જો આપણે જાણી શકતા હોત તો ! આપણું કમનસીબ એ છે કે ટેબલ ઉપર તેને કિનારો ક્યાં છે તેની જાણ વગર બિલાડીનાં આંધળાં બચ્ચાંઓની માફક આપણે ભાંખોડિયાં ભરતા હોઈએ છીએ. આપણે

બેવકૂફીભરી બાબતો કરીએ છીએ કારણ કે આગળ ઉપર શું બનશે તે આપણે જાણતા નથી હોતા. જો આપણે માત્ર આટલું જાણી શકતા હોય તો ! જો આપણે આગળનું ફક્ત થોડું જ જાણી શકીએ તો !"

તે રૂમમાં આમતેમ આંટા મારતો વળી પાછો વૃદ્ધ માણસની સામે આવીને ઊભો રહે છે.

"સાંભળો, શું તમારી જાદૂઈ વિદ્યા મારા માટે આટલું ન કરી શકે? શું તમે મને મારા વીતેલા જીવનમાં પાછો ન મોકલી શકો ? હું આ બાબત ઉપર ખૂબ લાંબા સમયથી વિચારતો હતો અને આજે જ્યારે મેં ઝિનૈડા વિષે સાંભળ્યું ત્યારે મને એમ લાગ્યું કે મારા માટે માત્ર આ એક જ શક્યતા બચી છે. હું આવી રીતે જીવન હવે નહિ જીવી શકું. જીવનની આખી બાજી હું હારી ગયો છું. શક્ય હોય તો મને મારાં વીતેલાં વર્ષોમાં પાછો મોકલી આપો. હું બધી બાબતો જુદી રીતે કરીશ. હું જીવન નવી રીતે જીવીશ અને જ્યારે સમય આવશે ત્યારે ઝિનૈડાને મળવા માટે મારી જાતને તૈયાર કરીશ. હું દસ વર્ષ પાછો જવા ઇચ્છું છું. એ સમય કે જ્યારે હું છાત્રાલયનો વિદ્યાર્થી હતો. મને એ કહો, શું આ શક્ય છે ?"

વૃદ્ધ પુરુષે હકારમાં માથું ધુણાવ્યું.

"આ શક્ય છે," તેણે કહ્યું.

ઑસોકિન આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો, "તમે આ કરી શકો ?"

વૃદ્ધ પુરુષે ફરીથી હકારમાં માથું ધુણાવ્યું અને કહ્યું : "હું આ કરી શકું છું પરંતુ આ કરવાથી તારા માટે બધાં સારાં વાનાં નહિ થઈ જાય."

"સારું, એ મારે જોવાનું છે," ઑસોકિને કહ્યું. "મને ફક્ત દસ વર્ષ, ના, બાર વર્ષ પાછો મોકલી દો; અને તે પણ એક શરતે કે મને બધું જ યાદ રહેશે – બધું જ, સમજ્યા તમે ? નાનામાં નાની બધી જ બાબતો. મેં આ બાર વર્ષ દરમ્યાન જે મેળવ્યું છે તે બધું જ મારી સાથે રહેશે – જેવું કે મારું બધું જ જ્ઞાન, બધા જ અનુભવો અને જીવન

અંગેનું સમગ્ર જ્ઞાન આટલું મળી જાય પછીથી તો મનુષ્ય ગમે તે કરી શકે !"

"તું જેટલાં વર્ષ ઇચ્છે તેટલાં વર્ષ હું તને પાછો મોકલી શકું છું અને તને બધું જ યાદ રહેશે તે શરતે, પરંતુ આનું કોઈ જ પરિણામ નહિ આવે," વૃદ્ધ પુરુષે કહ્યું.

"કઈ રીતે આનું કોઈ જ પરિણામ નહિ આવે ?" ઑસોકિને ઉત્તેજનાપૂર્વક કહ્યું, "જીવનની ભયાનક વાત એ છે કે આપણે બધું કેવી રીતે કરવું તે જાણતા હોતા નથી. જો હું જાણતો હોઉં અને બધું યાદ પણ હોય તો હું બધું જ જુદી રીતે કરીશ. મારી સામે એક લક્ષ્ય હશે. તેને પ્રાપ્ત કરવા માટે પડતી બધી મુશ્કેલીઓ, જરૂરિયાત અને ઉપયોગિતાથી હું વાકેફ હોઈશ. શું વાત કરો છો તમે ? જોજો ને, હું મારું સમગ્ર જીવન બદલી નાખીશ. હું જયારે છાત્રાલયમાં હોઈશને ત્યારે જ મારી ઝિનૈડાને શોધી કાઢીશ. તેને તો આ વાતની ગંધેય નહિ આવે, પરંતુ મને તો પહેલેથી બધી જ ખબર હશે કે અમારે હવે પછીના જીવનમાં મળવાનું થવાનું છે અને આ બાબતને જ કેન્દ્રસ્થાને રાખીને હું બધું કરીશ. શું તમે એમ સમજો છો કે હું ફરીથી જીવન સાથે આવાં બધાં ચેડાં કરીશ ? ચોક્કસ, નહિ જ કરું."

વૃદ્ધ માણસ ધીમેથી નીચે બેસી જાય છે અને તેની સામે જોઈ રહે છે.

"તારાથી શક્ય હોય તો તે તું કર." વૃદ્ધ માણસે કહ્યું, "તું ઇચ્છે છે તેમ તું બાર વર્ષ પાછો જઈશ. અને જયાં સુધી તું ભૂલવા નહિ ઇચ્છે ત્યાં સુધી તને બધું જ યાદ રહેશે. શું તું તૈયાર છે ને ?"

"એકદમ તૈયાર" ઑસોકિને કહ્યું, "હું કોઈપણ સંજોગોમાં ફરીથી ઘેર પાછો જઈ શકું તેમ નથી. મને લાગે છે કે ઘેર જવું અશક્ય છે."

વૃદ્ધ માણસ ત્રણ તાળી પાડે છે. ચમત્કારિક પુરષનો ચાઇનીઝ નોકર ચૂપકીદીથી રૂમમાં આવે છે. તેને લાંબો ચોટલો છે. તેણે રેસાઓથી શણગારેલ સિલ્કનો વાદળી ગાઉન પહેર્યો છે તથા સપાટ

તળિયાંવાળાં બૂટ પહેર્યાં છે. ચમત્કારિક માણસ તેને ધીમા અવાજે કંઈક કહે છે. ધીમેથી સરકી જઈને તે ઊંચો ચંબુ તથા સળગતા કોલસાથી ભરેલી નાની તાવડી લઈ આવીને ચમત્કારિક પુરુષની આગળ મૂકે છે. ચમત્કારિક પુરુષની પીઠ પાછળથી બિલાડી કૂદકો મારીને નીચે પડે છે. અને ચાઇનીઝ નોકરની પાછળ થઈને ચાલી જાય છે. વૃદ્ધ માણસ એક હાથ ચંબુમાં ઝબોળીને બીજા હાથથી ઈશારો કરીને ઑસોકિનને આરામખુરશીમાં બેસવાનું કહે છે.

આગ તરફ તાકીને વૃદ્ધ માણસ ન સમજાય તેવા શબ્દો ધીમેથી ગણગણે છે. ચંબુમાંથી પોતાનો હાથ બહાર કાઢીને ભૂખરા લીલા પાઉડરની મુઠ્ઠી ભરીને તાવડીમાં નાંખે છે. આ જ વખતે ટેબલ ઉપરની ઘડિયાળ લઈને હલાવે છે. અને ફેરવી નાંખે છે. તાવડી ઉપર તીવ્ર અને ખુશબોદાર ધુમાડાનું વાદળ રચાય છે.

આખો રૂમ ધુમાડાથી ભરાઈ જાય છે અને તેમાં ઘણીબધી હાલતી ચાલતી આકૃતિઓ જોઈ શકાય છે, જાણે કે એકાએક આખો રૂમ માણસોથી ભરાઈ ગયો ન હોય !

જ્યારે ધુમાડો જતો રહે છે ત્યારે હાથમાં ઘડિયાળ પકડીને વૃદ્ધ માણસ ખુરશીમાં બેઠેલો જણાય છે.

ત્યાં ઑસોકિન નથી.

પ્રભાત

૧૮૯૦ના ઑક્ટોબર માસની વહેલી સવાર.

છાત્રાલયના એક સામૂહિક શયનગૃહનું દૃશ્ય. પથારીઓની હારમાળાઓમાં ધાબળાઓમાં વીંટળાઈને સૂતેલા આકારો પડ્યા છે. પ્રવેશદ્વારથી જોતાં આ સામૂહિક શયનગૃહનો બીજો ભાગ જોઈ શકાય છે. દીવાઓ ટમટમી રહ્યા છે. બહાર હજુ પણ અંધારું છે. ઘડિયાળમાં છના ટકોરા પડે છે. કોકેશિયન, યુદ્ધનો નિવૃત્ત સૈનિક એવો સ્કૂલનો નોકર કે જેનું નામ છોકરાંઓએ મશ્કરીમાં 'દેડકો' પાડ્યું છે, તે શયનગૃહમાં દૂરના છેડેથી આવતો દેખાય છે અને પથારીઓની વચ્ચે પડતા વિશાળ વર્તુળમાંથી રસ્તો માપતો આવીને એક લાંબો ઘંટ વગાડે છે.

હલનચલન અને અવાજથી આખો શયનખંડ એકદમ જીવંત થઈ જાય છે. કેટલાક છોકરાઓ તેમના ધાબળાઓ ફેંકી દઈને પથારીમાંથી ઊભા થઈ જાય છે, જ્યારે કેટલાક છોકરાઓ પોતાની અર્ધી મિનિટની ઊંઘ ખેંચી લેવાનો પ્રયત્ન કરતા જણાય છે. એક તેર વર્ષનો છોકરો પોતાની પથારીમાંથી કૂદકો મારતો નાચવાનું શરૂ કરે છે. શયનગૃહના બીજા છેડેથી બીજો એક છોકરો તેની તરફ ઓશીકાનો ઘા કરે છે. પિત્તળનાં બટનવાળો, લાંબી કટવાળા વાદળી કોટમાં સજ્જ, લાલ દાઢીવાળો અને સૂકલકડી શરીર ધરાવતો જર્મન ગૃહપતિ એક પથારીથી બીજી પથારી ભણી ચાલતો અને જેઓ હજુ ઊઠ્યા નથી તેઓના

ધાબળા ખેંચતો જણાય છે.

દીવાલ તરફની પથારીમાં પોતાની આજુબાજુ આશ્ચર્યભાવે તાકી રહેલો ઑસોકિન બેઠો છે. તે ચૌદ વર્ષનો દેખાય છે.

"શું મેં જોયેલ બધું સ્વપ્ન હતું અને તેનો અર્થ શું થતો હતો ?" તે પોતાની જાતને કહે છે, "અને અત્યારે હું જે જોઉં છું એ પણ સ્વપ્ન છે શું ?"

"હું ચમત્કારિક પુરુષ પાસે ગયો હતો અને મને પાછો મોકલવાની મેં તેને વિનંતી કરી હતી. તેણે કહ્યું હતું કે તે મને બાર વર્ષ પાછો મોકલશે. શું આ હકીકત શક્ય છે ? શું આ સાચું હોવું શક્ય છે !" હું રિવૉલ્વર લઈને ઘરની બહાર નીકળી પડ્યો હતો. હું ઘરમાં રહી શકું તેમ ન હતો. શું ઝિનૈડા, મિન્સ્કી સાથે લગ્ન કરવાની છે તે વાત ખરેખર સાચી છે ? કેવું વિચિત્ર સ્વપ્ન ! શયનગૃહ તદ્દન સાચા જેવું જ જણાય છે. હું મારી જાતને ખરેખર અહીં જોવા ઇચ્છું છું કે નહિ તેની મને ખબર પડતી નથી. અહીંનું જીવન પણ ઠીકઠીક અણગમતું જ હતું. પરંતુ હું કેવી રીતે જીવી શકીશ ? હવે અહીં મારી પાસે ઝિનૈડા નથી. હું આ બાબત સ્વીકારી શકતો નથી, સ્વીકારીશ પણ નહિ. મેં ચમત્કારિક પુરુષને કહ્યું હતું કે હું મારું સમગ્ર જીવન બદલવા ઇચ્છું છું અને બધું જ નવેસરથી કરવા ઇચ્છું છું. પરંતુ શું હું એવું અનુમાન કરી લઉં કે તેણે મને ખરેખર પાછો મોકલ્યો છે ? તે અશક્ય છે ! હું જાણું છું કે આ સ્વપ્ન છે, પરંતુ હું એવી કલ્પના કરવાનો પ્રયત્ન કરું કે જાણે ખરેખર હું છાત્રાલયમાં જ છું... શું અત્યારની સ્થિતિ વધારે સારી છે કે વધારે ખરાબ છે ? મારે શું કહેવું તેની પણ મને ખબર નથી. હું મારી જાતને આટલો ગભરાયેલો અને દુ:ખી શા માટે અનુભવું છું ? છેવટે આવું તો ન હોવું જોઈએ... પરંતુ ઝિનૈડા... ના આ તો ખરેખર એક વિષચક્ર છે અને ખરેખર હું અત્યારે છાત્રાલયનો વિદ્યાર્થી છું. આનો અર્થ એ થયો કે મેં જોયેલું સઘળું — ઝિનૈડા અને બીજું બધું સ્વપ્ન હતું. શું તે બધું સાચું હોઈ શકે કે નહિ ? સારું, એવી હજારો બાબતો છે કે જે હું 'સ્કૂલ'માં હતો ત્યારે જાણતો ન

હતો અને જાણી શકું તેમ ન હતો. હું અત્યારે તેની કસોટી કરીશ. હું શું યાદ કરવાનો પ્રયત્ન કરું ? મને ખબર છે કે તે સમયે મને અંગ્રેજી આવડતું ન હતું. હું તે પાછળથી શીખ્યો હતો. જો અત્યારે મને અંગ્રેજી આવડે તો તેનો અર્થ એ થાય કે બધું જ સાચું છે. જેમ કે હું પરદેશમાં હતો અને એવી બીજી બધી જ બાબતો. સ્ટીવન્સનની એ વાર્તા કેવી રીતે શરૂ થાય છે જેમાં રાજાની દીકરીનો આવતી કાલ ઉપર કોઈ કાબૂ નથી. "The song of the morrow ?" હા, એ જ "The king of Duntrine had a daughter when he was old, and she was the fairest king's daughter between two seas..."

"તો આ બધું સાચુ છે. હું અંગ્રેજી જાણું છું. મને તે યાદ છે કે આ વાર્તા કેવી રીતે આગળ વધે છે :

".. her hair was like spun gold, and her eyes like pools in a river, and the king gave her a castle upon the sea beach, with a terrace, and a court of hewn stone, and four towers at the four corners..."

"પરંતુ તો પછી એનો અર્થ એ થાય કે આ બધું સ્વપ્ન છે."

"ઑસોકિન, ઑસોકિન," તેનો મિત્ર મેમોરસ્કી બૂમ પાડીને બોલાવે છે. "ઘુવડની જેમ શું બેસી રહ્યો છે ? શું તું ઊંઘમાં છે ? શું તને સંભાળતું નથી કે જેઓ તૈયાર થયા નથી તેઓનાં નામ પેલો જર્મન લઈ રહ્યો છે ? ઓ શેતાનની કઠપૂતળી, ઊભો થા હવે !" ગુસ્સે ભરાઈને ઑસોકિન હસી રહેલા મેમોરસ્કી તરફ ઓશીકાનો ઘા કરે છે. મેમોરસ્કી ઘા ચુકાવીને બાજુમાં ખસી જાય છે.

તે જ ક્ષણે મેમોરસ્કીના માથા ઉપર થઈને આવતું ઓશીકું પ્રવેશદ્વારની પાછળથી આવતા જર્મન ગૃહપતિના ચહેરા પર અથડાય છે. ગૃહપતિ અણધાર્યા ઘાથી ડઘાઈ જાય છે અને ખૂબ જ આવેશપૂર્વક ઑસોકિન તરફ ધસી જાય છે.

જર્મન ગૃહપતિને એવી ટેવ હતી કે તે છોકરાઓને પકડીને તથા ઢસડીને એવી જગ્યાએ જેવી કે 'ઘડિયાળ નીચે' અથવા 'દીવા' નીચે

અથવા 'બુક-કેશની બાજુમાં' અથવા કેવળ 'દીવાલની બાજુમાં' લઈ જતો જ્યાં તેઓને સજા તરીકે ઊભા રહેવું પડતું. છોકરાઓ આવી સજા માનહાનિ તરીકે ન ગણતા પરંતુ જર્મનની તેઓને પકડવાની રીત હાસ્યાસ્પદ અને અપમાનજનક લાગતી.

પ્રથમ તો ઑસોકિન નિ:સહાયપણે જર્મન તરફ જુએ છે અને આ કેવી રીતે બન્યું તે સમજાવવા ઇચ્છે છે, પરંતુ તેનો ખિજાયેલો ચહેરો જોઈને અને તેનો ઇરાદો પારખી જઈને ફિક્કો પડી જાય છે અને પોતાનું રક્ષણ કરવા માટે નીચા હાથ રાખીને ઊભો રહે છે. આ ક્ષણે ઑસોકિનના ચહેરા પરનો ભાવ તથા તેનું હલનચલન જોઈને જર્મન ત્યાં જ ઊભો રહી જાય છે. થોડીક ક્ષણો માટે તેઓ એકબીજાને જોતાં ઊભા રહી જાય છે. રસપૂર્વક જોનારા છોકરાઓનું વર્તુળ ઝડપથી તેઓની આજુબાજુ રચાઈ જાય છે. જર્મન ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ જાય છે, પરંતુ તે પોતાની જાતને કાબૂમાં રાખે છે અને ઑસોકિન માટે આ ઘટના શક્ય હોય તેટલી પ્રતિકૂળ બનાવવાનું નક્કી કરે છે.

"તું કેમ તૈયાર થયો નથી ?" તેની સામે જર્મન ઘૂરકે છે. "આવા પ્રકારની નિર્લજ્જ વર્તણૂક ક્યાં સુધી ચાલુ રહેશે ?" સવારમાંથી જ ઝઘડવાનું ચાલુ ! તારા કારણે દરેક ખોટી થઈ રહ્યા છે. જો તારે નહાવું ન હોય તો હું નોકરને નવરાવવા માટે કહીશ. ઉતાવળ કર. તૈયાર થા અને ઘડિયાળ નીચે પહોંચી જા. તને આજે સવારનો નાસ્તો નહિ મળે અને તું તૈયાર થાય ત્યાં સુધી તારે બુક-કેશની બાજુમાં જ ઊભા રહેવાનું છે. પછીથી હું ગુસ્તાવ લૂકીચ સાથે વાત કરી લઈશ. અત્યારે તૈયાર થઈ જા !"

જર્મન કઠોરતાપૂર્વક ત્યાંથી બહાર ચાલ્યો જાય છે. કેટલાક છોકરાઓ હસતાં, કેટલાક ઑસોકિન તરફ સહાનુભૂતિ વ્યક્ત કરતાં, જ્યારે કેટલાક ઑસોકિનને શાબાશી આપતાં બૂમો પાડતાં છૂટા પડે છે. ઑસોકિન બીતો બીતો તૈયાર થાય છે.

"કેવું તદ્દન વાહિયાત લાગે છે," તેના મનમાં એક વિચાર ઝબકી ગયો. "કેવું વિચિત્ર સ્વપ્ન ! ભ્રમની મોહજાળ તેનો કદરૂપો ચહેરો

બતાવી રહી છે, પરંતુ હું તૈયાર કેમ થાઉં છું ? હું પથારીમાં પડ્યો રહીશ. ખરેખર આ સ્વપ્ન છે."

પરંતુ આ ક્ષણે તેને ચમત્કારિક પુરુષ યાદ આવે છે. તે એવો અચંબો અનુભવે છે કે તે પોતાની જાતને મોટેથી હસતાં રોકી શકતો નથી.

"હું કલ્પી શકું છું કે ચમત્કારિક પુરુષ શું કહેશે. નવું જીવન શરૂ કરવાની ખરેખર આ સુંદર રીત છે અને નવાઈ પમાડે તેવી વાત એ છે કે પહેલાં બરાબર આવું જ બન્યું છે. ઓશીકાની પેલી ઘટના મને બરાબર યાદ છે. પરંતુ હું તે કેવી રીતે જાણી શકું કે આ ઘટના આજે બનવાની હતી ? જાદૂગર તો નિશ્ચિતપણે જ કહેશે : તું જાણે છે. વાસ્તવમાં જ્યારે હું ઓશીકું ફેંકવા જઈ રહ્યો હતો ત્યારે મારા મનમાં એવા પ્રકારનો ઝબકારો થયો હતો ખરો. હું રોકી શક્યો હોત, હું રોકવા ઇચ્છતો હતો અને છતાં મેં ઓશીકાનો ઘા કર્યો જ. નરકમાં જાય આ જર્મન ! ખરેખર એણે નીચા નમી જવું જોઈતું હતું. હવે એ ગુસ્તાવને ફરિયાદ કરશે અને સરવાળે આ ઘટના એક ત્રાસદાયક બાબત બની રહેશે. આનો અર્થ એ થયો કે મારી રજાઓ રોકવામાં આવશે અને સંભવતઃ મારી વર્તણૂકનું મૂલ્યાંકન નીચું આંકવામાં આવશે. પરંતુ હું આવું શા માટે વિચારું છું ? એક યા બીજી રીતે જોઉં તો આનાથી મને કંઈ ફરક પડવાનો નથી. ફરીથી એકવાર હું જાગી જવાનો છું. મારે પ્રયત્ન કરવો પડશે. આ બધામાં કશું જ વાસ્તવિક નથી. હું જાગી જઈશ. જોઈએ –"

પાછળના પ્રવેશદ્વારથી જર્મન ગૃહપતિ એકદમ પ્રગટ થાય છે.

"તું હજુ સુધી તૈયાર નથી થયો ?" તે ઑસોકિનને જોઈને બરાડી ઊઠે છે. "પ્રોકોફી, આને ઘડિયાળ નીચે લઈ જા."

પ્રોકોફી સ્કૂલનો એક બીજો નોકર છે. તે માજી સૈનિક છે. છોકરાઓ તેને "બટાટો" કહેતા. પ્રોકોફી ઑસોકિનનો ખાસ મિત્ર હોવાના કારણે શયનગૃહના બીજા છેડેથી ઑસોકિન તરફ અનિચ્છાએ આગળ વધે છે. બે અનિષ્ટોમાંથી ઓછા અનિષ્ટને પસંદ કરવું જોઈએ

એવું ભાન થતાં ઑસોકિન ટુવાલ લઈને, જર્મન તરફ પલકારોય માર્યા સિવાય, ઝડપથી શયનગૃહની બહાર ચાલ્યો જાય છે.

નાના અને મોટા છોકરાઓનાં શયનગૃહો વચ્ચેની પરસાળ. નીચેના માળ તરફ દોરી જતો એક લોખંડનો વિશાળ દાદરો. દીવાલ ઉપર એક પીળું ગોળ ઘડિયાળ. પ્રક્ષુબ્ધ અને વ્યાકુળ જણાતો ઑસોકિન ઘડિયાળ નીચે ઊભો છે. આમતેમ જતા છોકરાઓ ત્યાંથી પસાર થાય છે. ઑસોકિન તરફ કોઈ ધ્યાન આપતું નથી.

"હું ગાંડો થઈ રહ્યો છું કે પહેલેથી જ ગાંડો છું ?" ઑસોકિન વિચારે છે. "આવાં સ્વપ્નો તો ન જ હોય, છતાં હું જાગી શકતો નથી. હું સ્કૂલમાં ખરેખર પાછો આવી ગયો છું તે અશક્ય છે. આ બધું જ વાહિયાત છે. હું જાણું છું કે જો હું ફક્ત મારા જીવન વિશે, ઝિનૈડા વિશે... વિચારવાનું શરૂ કરું તો હું જાગી જઈશ પરંતુ હું પેલા મૂઢ જર્મન વિશે અને શનિવારે ગોંધી રાખવા વિશે વિચારવાનું રોકી શકતો નથી અને તેથી જ મારી ઊંઘ ચાલુ રહે છે. સામાન્ય રીતે છાત્રાલયમાં કાયમી ટકી રહેવા માટે રજા સિવાય પાછા આવવું તે ખરેખર રમૂજી જ કહેવાય. ના, આ વિચિત્ર છે.

જો હું ખરેખર પાછો આવ્યો હોઉં તો છેવટે તો આમાંથી જે કાંઈ શ્રેષ્ઠ હોય તે જ મળવું જોઈએ અને મારે કહેવું પડશે કે ઝિનૈડાને એક નાની છોકરી તરીકે જોવી તે રસિક બની રહેશે. હું તે પણ જાણું છું કે તે કઈ સ્કૂલમાં હતી, પરંતુ શું તે સાચું હોઈ શકે કે તે મિનિસ્કીને પરણવાની છે અને મારાથી તદ્દન અજાણી થઈ જવાની છે ? તો પછી હું તેને શા માટે મળવા ઈચ્છું છું ? એક બાબત એવી છે કે હું સમજી શકતો નથી – શા માટે આવું વિચિત્ર સ્વપ્ન લાંબું ને લાંબું ચાલ્યા કરે છે ? સામાન્ય રીતે સ્વપ્નમાં જે ક્ષણે મને એ ભાન થવાની શરૂઆત થાય કે હું સ્વપ્ન જોઈ રહ્યો છું ત્યારે હું તરત જ જાગી જાઉં છું. અત્યારે કોઈ કારણસર હું જાગી શકતો નથી. હું જાણું છું કે હું શું કરીશ. હું દાદરાના કઠેડા ઉપરથી નીચે કૂદકો મારીશ. જો હું હવામાં તરું તો એનો અર્થ એ થાય કે આ સ્વપ્ન છે. છેવટે તો આ વાસ્તવિકતા નથી તેથી હું પડી ન જાઉં..

લાંબી ફલાંગો ભરતો ઑસોકિન દૃઢતાપૂર્વક દાદરા તરફ ડગ ભરે છે અને લોખંડના કઠેડાને પકડીને નીચે જુએ છે. આ ક્ષણે તેની ઉંમરના કેટલાક છોકરાઓ શયનખંડમાંથી બહાર દોડી આવે છે. જ્યારે તેઓ ઑસોકિનને કઠેડા તરફ ઝૂકેલો જુએ છે ત્યારે તેઓ તેની તરફ ધસી જાય છે અને પાછળથી તેની ઉપર પડે છે. તેઓ બધા હસે છે.

ઑસોકિન પોતાની જાતને છોડાવવાનો પ્રયત્ન કરે છે અને પોતાની ઉપર ધસી આવેલા એમાંના એકના ચહેરા ઉપર અચાનક જ પોતાની કોણી મારે છે. દેખીતી રીતે જ છોકરાને ખૂબ જ પીડા થાય છે. તે દુઃખની કિકિયારી પાડતો પોતાના ચહેરાને હાથથી ઢાંકી દે છે. તેની આંગળીઓ વચ્ચેથી લોહીની ધાર દદડે છે. બીજા છોકરાઓ ઑસોકિનને છોડી દે છે. અને હવે શું બનશે તેની આતુરતાપૂર્વક રાહ જુએ છે. મોટા છોકરાઓના શયનગૃહમાંથી જર્મન ગૃહપતિ બહાર આવે છે અને એક જ નજરે પરિસ્થિતિને પામી જાય છે. આ કિસ્સામાં ઑસોકિન કે જેને ઘડિયાળ નીચે ઊભા રહેવાની સજા કરવામાં આવી હતી અને પરવાનગી વગર જેને ત્યાંથી ખસવાનો અધિકાર ન હતો તેણે પોતાની જગ્યા છોડી હતી અને ઝઘડામાં ભાગ લીધો હતો અને ક્લેમેન્ટીએફનું નાક તોડી નાખ્યું હતું.

બધા જ પુરાવાઓ પોતાનાથી વિરુદ્ધમાં જતા હોવાનું ભાન થતાં ઑસોકિન કંઈક બોલવાનો પ્રયત્ન કરે છે પરંતુ જર્મન ગૃહપતિ તેને કંઈ જ બોલવા દેતો નથી.

"ફરીથી પાછો ઝઘડો, અને ફરીથી પાછો ઑસોકિન," તે બરાડી ઊઠે છે. "સૌથી પહેલાં તો એ કે તને તે જગ્યાએથી ખસવાની મંજૂરી કોણે આપી ? ના, આ તો હદ બહાર કહેવાય !" જર્મન વધારે ને વધારે ઉત્તેજિત થતો જાય છે.

"તને સાંકળથી બાંધી દઈએ કે પાંજરામાં પૂરી દઈએ ? અથવા તને સીધો અને કડક ડગલો પહેરાવી દઈએ ? તને એક પણ ક્ષણ માટે એકલો રખાય તેમ નથી. બસ, હદ આવી ગઈ. તારી સંભાળ રાખી શકે તેવું મારી પાસે કોઈ જ નથી. જ્યારે બધા ભોજનખંડ તરફ જાય

ત્યારે તારે અહીં ઘડિયાળ નીચે જ ઊભા રહેવાનું છે. જ્યાં સુધી ગુસ્તાવ લૂકીચ ન આવે ત્યાં સુધી તેની રાહ જોતો ત્યાં જ ઊભો રહેજે. તેમને જે ગમશે તે તારી સાથે કરશે. હું આ બાબત તેમની ઉપર છોડું છું. અને જો ફરીથી તું અહીંથી ખસ્યો છે તો હું તને ઇસ્પિતાલમાં જ મોકલી દઈશ."

ઑસોકિન ફરીથી ઘડિયાળ નીચે ઊભો રહે છે.

ઓશરીના બીજા છેડા ઉપર નાના છોકરાઓ આગળ અને મોટા છોકરાઓ પાછળ એમ એકબીજાની જોડી બનાવીને ઊભા રહે છે. તેઓ બધા મળીને આશરે સો જણ હતા.

"પ્રાકોફી", જર્મન ગૃહપતિ આદેશ આપતાં કહે છે, "ઑસોકિનને ત્યાં ઘડિયાળ નીચે જ ઊભા રહેવાનું છે. જો તે તેની જગ્યાએથી ખસે તો મને જાણ કરજે."

ઑસોકિન તરફ તિરસ્કારભરી દૃષ્ટિ નાખતો જર્મન ધીમેથી દાદરો ઊતરતો છોકરાઓ આગળ થઈને ચાલ્યો જાય છે. ઑસોકિન તરફ ધ્યાન આપ્યા સિવાય છોકરાઓ જર્મનની પાછળ ચાલ્યા જાય છે.

મેમોરસ્કીને ખબર હતી કે ઑસોકિનને આજે સવારનો નાસ્તો મળવાનો નથી તેથી તેણે મોટેથી કહ્યું, "ઑસોકિન, હું તારા માટે લેતો આવીશ."

સ્કૂલના છોકરાઓની ભાષામાં આનો અર્થ એ થતો હતો કે મેમોરસ્કી ઑસોકિન માટે એક ખાવાનો રોલ અથવા એક ટુકડો લેતો આવશે.

વિચારોના વમળમાં

ઑસોકિન એકલો પડ્યો છે. પોતે બધું જાણતો હોવા છતાં એક છાત્રાલયના છાત્ર તરીકે કંઈક ખોટું કર્યાની અને સજા થવાની ભયગ્રસ્ત લાગણીથી તે પોતાની જાતમાં વધારે ને વધારે ખૂંપતો જાય છે અને તેમાંથી બહાર આવી શકતો નથી.

સવારનો નાસ્તો અને તેની સંપૂર્ણ તૈયારી દરમ્યાન ઘડિયાળની નીચે, શયનગૃહમાં એકલા ઊભા રહેવાનું એ કંઈ અવગણી શકાય તેવી નાની સજા નથી અને ગૃહપતિ પોતાની સત્તાના આધારે તેને ઇસ્પિતાલમાં મોકલી દેવાની ધમકી આપે તે તો બહુ કહેવાય. જોકે ઇસ્પિતાલમાં ગભરાવા જેવું કંઈ નથી. ઊલટાની તે તો એક આનંદદાયક જગ્યા છે, પરંતુ કોઈ વ્યક્તિ સાજી હોય અને ત્યાં મોકલવામાં આવે તેનો અર્થ તો તેને બધાથી જુદો પાડવો એવો જ થાય અને સામાન્ય રીતે આ કામ સ્કૂલમાંથી છાત્રને હાંકી કાઢવાની પ્રાથમિક તૈયારી ગણાય.

છાત્રાલયના નોકરો અને એમાંય ખાસ બધા ઘરડા નોકરો શયનખંડોની સફાઈ કરી રહ્યા છે. ઓશરીમાંથી નાના તથા મોટા બંને છાત્રોના શયનખંડો જોઈ શકાય છે.

"પહેલાં તો, આમાંનું હું કંઈ સાચું માનતો નથી", ઑસોકિન પોતાની જાતને કહે છે, "અને બીજી વાત મારે સિગારેટ પીવી છે," તે ઓચિંતો વિચાર કરતો અટકી જાય છે.

"જો મારી પાસે સિગારેટ હોય તો તે આશ્ચર્ય જ કહેવાય." તે તેના ખિસ્સાંઓ ફંફોસે છે. "અરે, એકેય નથી અને તેના સ્થાને એક ઘડિયાળ, વીસ કૉપેકનો ચાંદીનો સિક્કો, કાગળ કાપવાની છરી, મીણબત્તી અને સળગેલો કાચનો ટુકડો, કાંસકો, પેન્સિલ અને બસ આટલું જ !"

સ્કૂલના બાળકના ખિસ્સાની આ વસ્તુઓ જોઈને ઑસોકિન હસ્યા વગર રહી શકતો નથી.

"માણસ સ્વપ્નમાં કેવું કેવું જોતો હોય છે એ ફક્ત શેતાન જ કદાચ જાણતો હશે," તેણે કહ્યું, "પરંતુ નવાઈ પમાડે તેવી વાત એ છે કે સમગ્ર ઘટનાચક્ર એમનું એમ પુનરાવર્તિત થઈ રહ્યું છે. બરાબર આ જ રીતે પહેલાં બધું બની ગયું છે, મેં જર્મન ઉપર ઓશીકાનો ઘા કર્યો, મેં ક્લેમેન્ટીફનું નાક ચગદી નાખ્યું, અને જ્યારે હું ઘડિયાળ નીચે ઊભો હતો ત્યારે મેં એમ માન્યું પણ ખરું કે મારી પાસે સિગારેટ હશે. પરંતુ ગઈકાલે આ બધું જ હું યાદ ન કરી શક્યો અને આ બધી વિગતો કહી પણ ન શક્યો અને અત્યારે હું એ પણ જાણું છું કે હવે પછીથી શું બન્યું. ગુસ્તાવ આવ્યો અને મને ઠપકો આપ્યો. મારી વર્તણૂકનાં માર્ક્સ કાપી નાખ્યા અને ત્રણ રવિવાર માટે મને રજા ન મળી. આ બાબતે હું વધારે હિંસક બન્યો અને મેં સંપૂર્ણપણે કામ કરવાનું છોડી દીધું. અને આમ અહીંથી મજાના પ્રસંગોની આખી હારમાળાની શરૂઆત થઈ જેના અંતે હું બીજા વર્ષે પણ ચોથા ધોરણમાં જ રહી ગયો. જો આ બધું હું સરખું કરવા આવ્યો હોઉં તો આસાનીથી વધુ સારી શરૂઆત મેં ભાગ્યે જ પસંદ કરી હોત. પરંતુ આ બધું વિચારવું નિરર્થક છે. મારે સ્કૂલ વિશે શા માટે ચિંતા રાખવી જોઈએ ? હું જાગી જઈશ અને આ બધાનો અંત આવી જશે. આ કેવળ એક સ્મૃતિ છે જે કોઈક ન સમજાય તેવી રીતે સ્મૃતિપટ પર આવે છે – મારે વર્તમાન વિશે જ વિચારવું જોઈએ."

તે ઝિનૈડા વિશે વિચારવાનો પ્રયત્ન કરે છે, પરંતુ હૃદય ઉપર એવી વેદના અનુભવે છે કે માથું ધુણાવી પોતાની જાતને કહે છે :

"ના, આ કંઈ નહિ પણ એ જ છે કે જેનાથી હું ભાગી ગયો હતો. આ સ્વપ્ન છે. એની સાથે મારે કોઈ લેવાદેવા નથી. પરંતુ ઝિનૈડા વિશેનું

મારું મંથન અસહ્ય છે. અને હવે હું વિચારીનેય શું કરું ? બાવાનાં બેય બગડ્યાં જેવું થયું છે – અહીં અને ત્યાં. પરંતુ આ અશક્ય છે.પરંતુ મારે એવું કંઈક શોધી કાઢવું જોઈએ કે જ્યાં હું મારા મનને સ્થિર રાખી શકું, નહિતર આ તો અસહ્ય છે... ગઈકાલે મને કોણ મળવા આવ્યું હતું ? કેમ વળી, સ્તુપિત્સિન જ ને. હું એ કલ્પી શકું છું કે જ્યારે હું તેને એમ કહીશ કે જાદૂગરે મને સ્કૂલમાં પાછો મોકલી દીધો છે, ત્યારે તે કેવો હસશે. આનાથી વધારે ખરાબ કોઈ સજા હોઈ શકે તેવું હું માનતો નથી. અરે, સ્તુપિત્સિન પણ અહીં જ હોવો જોઈએ, કેમ કે તે અહીંનો વિદ્યાર્થી જ છે. તેને મળવાની મજા આવશે. ગમે તેમ કરીને મારે કંઈક કરવું જ જોઈએ : સ્વપ્ન હોય કે વાસ્તવિકતા, હું ઘડિયાળ નીચે ઊભો રહેવા ઇચ્છતો નથી. હું કંઈ આવી બધી બાબતો ફરીથી બન્યા જ કરે તે માટે સ્કૂલમાં પાછો આવ્યો નથી. પરંતુ આ એક અત્યંત વિચિત્ર સ્વપ્ન છે, એક પ્રકારનો ભયંકર અનુભવ કે સંનિપાત છે. કદાચ હું બીમાર છું, કદાચ મને વિષમજ્વર થયો છે. તે વિચિત્ર છે કે હું સુસંગતપણે વિચાર કરીને નિષ્કર્ષણ કાઢી શકું છું, પરંતુ તેઓ કહે છે કે આવું ક્યારેક બને છે. જો આવું હોય તો મારે શરૂઆતથી જ જોવું પડશે. આ ઉન્માદ ક્યારે શરૂ થયો ? મને યાદ છે કે ગઈકાલે સ્તુપિત્સિન મને એમ કહેતો હતો કે હું ઠીક જણાતો ન હતો. ત્યાર બાદ હું પોસ્ટ ઑફિસ ગયો હતો અને કુટિત્સિકીને મળ્યો હતો. તેણે મને ઝિનૈડા વિશે વાત કરી. બસ, અહીંથી બધી શરૂઆત થઈ.... પરંતુ જો હું પોસ્ટ ઑફિસ ગયો ન હોત તો, કદાચ તેને મળ્યો ન હોત તો આ બધું બન્યું ન હોત. કદાચ ઝિનૈડાનું પરણી જવું એ બધું ચિત્તભ્રમ જેવું લાગે છે. સ્તુપિત્સિનના ગયા પછી સંભવતઃ હું બીમાર પડી ગયો હોઈશ અને મારા રૂમમાં અથવા કોઈ ઇસ્પિતાલમાં લવારો કરતો પડ્યો રહ્યો છું અને જાગી શકતો નથી. બસ આ જ વાત વધારે સાચી જણાય છે. હા, હજુ એક રસ્તો છે. જેવો હું સાજો થાઉં કે તરત જ ક્રિમિઆ જઈશ. કોઈપણ ભોગે, જરૂર પડ્યે ટિકિટ વગર પણ થોડા દિવસો માટે હું ત્યાં જઈશ.... કદાચ આ વિષમજ્વર નથી પરંતુ જ્યારે હું તુર્કસ્તાન જતો તે પહેલાં આવતો હતો તેવો સાદો તાવ છે."

પ્રોકોફી કે જેને છોકરાઓ સાથે બહુ સારા સંબંધો હતા તે પરાણે

હસતો, માથું ધુણાવતો ત્યાં આવે છે.

"હવે તારું આવી બનશે ઑસોકિન ! તું કઈ બાબત માટે ઝઘડતો હતો ?"

સૌ પ્રથમ ઑસોકિન તેને સમજી શકતો નથી અને પછીથી સ્કૂલના બાળકની ભાષામાં અનિચ્છાએ જવાબ આપે છે.

"પરંતુ અમે ઝઘડતા ન હતા. ફક્ત અજાણતાં જ મારી કોણી તેને વાગી ગઈ હતી."

પ્રોકોફી માથું ધુણાવે છે, "વારુ, તેં એને બરાબર પાઠ ભણાવ્યો. એનું નાક લોહીથી કેવું દદડતું હતું ! વહેતું લોહી રોકાતું જ ન હતું. તેઓ તેને તેનું નાક ઊંચું પકડી રાખવાનું કહી રહ્યા હતા અને અત્યારે તેનું નાક આવું સૂજેલું અને ભૂરાશ પડતું થઈ ગયું છે," આવું કહીને ક્લેમેન્તિફનું નાક કેવું બની ગયું છે તે પ્રોકોફી બતાવે છે.

"પરંતુ તે એક અકસ્માત હતો," વારાફરતી એક પછી બીજો પગ બદલતો ઑસોકિન કહે છે.

"અને હા, શું એ વાત પણ સાચી છે કે તેં અજાણતાં જ આ ઓશીકું વિલ્હેમ પેટ્રોવિત્ચ તરફ ફેંકેલું ? થોડી રાહ જો, ગુસ્તાવ લૂકીચ તારી દવા કરશે !"

પ્રોકોફી હાથ ફંગોળતો શયનગૃહમાં ચાલ્યો જાય છે.

ઑસોકિનનો વિચારતંતુ તૂટી જાય છે.

"હું સમજી શકતો નથી," સ્વગત બબડતો ઑસોકિન કહે છે, "હું અત્યારે શું છું – સ્કૂલનો છાત્ર કે એક પુખ્ત ઉંમરનો માણસ ? હા, આ બધું જ પહેલાં જે બની ગયું છે તેનું રજેરજ પુનરાવર્તન જ છે. પરંતુ તો પછી જ્યારે હું પાછો આવી જ ગયો છું તો બેશક, આના માટે તો નથી જ આવ્યો. અને જો આ સ્વપ્ન હોય તો શા માટે તે આટલું બધું લાંબું ચાલે છે ? સ્કૂલનું સ્વપ્ન પહેલાં હું કેટલી બધી વાર જોઈ ચૂક્યો છું ! અને હંમેશાં તે અત્યંત વિચિત્ર હતું. મને યાદ છે કે

જ્યારે હું પેરિસમાં હતો ત્યારે મેં સ્વપ્નમાં જોયેલું કે હું ફરીથી સ્કૂલમાં પાછો આવી ગયો છું. બધું એવું જ હતું જેવું અત્યારે છે. અને મને યાદ છે કે હું ક્યાંક બહાર જવા ઇચ્છતો હતો, અને મેં ગુસ્તાવને તે માટે વિનંતી કરી હતી અને તેણે મને જવા દીધો ન હતો. મેં તેને કહ્યું હતું : “ગુસ્તાવ, મારે કેટલાક લોકોને અગત્યના કામ માટે મળવા જવું જ પડે તેમ છે.” અને તેણે તેના પ્રદેશના ઝેક રમૂજી લહેકા સાથે પ્રત્યુત્તર વાળતાં કહેલું : “તેની સાથે મારે કંઈ લેવાદેવા નથી. જ્યારે તું આ છાત્રાલયમાં આવ્યો જ છે તો તારે તેના બધા નિયમોને તાબે થવું જ પડશે.” એટલે હવે તેનો અર્થ એ થાય કે ફરીથી એકવાર મારે આ બધું ગુસ્તાવને સમજાવવાનું રહેશે.

“ગમે તેમ હોય, મારે એક બાબત તો સ્વીકારવી રહી કે આ બધું આશ્ચર્યજનક છે, માત્ર મારે આ સ્વપ્ન નહિ ભૂલવાનો પ્રયત્ન કરવો પડશે. વ્યક્તિ હંમેશાં અગત્યની વાત ભૂલી જાય છે. આ તો કવિતાનો એક વિષય બન ગયો : સ્વપ્ન ક્યારે પૂરું થાય છે અને વાસ્તવિકતા ક્યારે શરૂ થાય છે? આની વ્યાખ્યા કરવી અશક્ય છે. આપણે જે જોઈએ છીએ તે વાસ્તવિકતા જેવું લાગે છે, પરંતુ ત્યાર બાદ આપણે તે જ વાસ્તવિકતાને સ્વપ્ન કહીએ છીએ.”

“પરંતુ મને ખબર નથી કે આ સ્વપ્ન કેટલું લાંબું ચાલશે. જો મને એ વાતની જાણ હોય કે તે ક્યાં સુધી ચાલશે તો હું તેને મનપસંદ વળાંક આપી શકું. વ્યક્તિ કેટલું જોઈ શકે ! હવે મને વિચારવા દે કે હું કોને મળવા ઇચ્છુ છું ? બાને ?”

વિચારો કરતાં કરતાં ઑસોકિન થોભી જાય છે અને ગભરાઈ જાય છે.

“પરંતુ તે તો મૃત્યુ પામી છે,” તેણે સ્વગત કહ્યું, “મને તેની અંતિમક્રિયા યાદ છે. હું અત્યારે તેને કેવી રીતે મળી શકું ? મને બધું જ યાદ હતું કે મેં તેને મૃત્યુ પામતી જોઈ છે. મને તે પણ યાદ છે કે હું છાત્રાલયમાં એવું વિચારવા ટેવાયેલો હતો એવો પણ સમય આવશે કે જ્યારે તે મૃત્યુ પામશે અને મારી જાતને હું પૂછતો કે હું શું કરીશ. ત્યાર બાદ તે ખરેખર

મૃત્યુ પામી.... અને હું કંઈ જ ન કરી શક્યો અને જીવવાનું ચાલુ રાખ્યું. ભયંકર બાબત એ છે કે આપણે બધું જ શાંતિથી સ્વીકારીને સહન કરતાં હોઈએ છીએ. પરંતુ હું અત્યારે તેને કેવી રીતે મળી શકું ? કેમ મને આવું મૂર્ખામીભર્યું સ્વપ્ન આવે છે ? શા માટે હું જર્મનનું, પ્રોકોફીનું સ્વપ્ન જોઉં છું અને તેનું નથી જોતો ? કેવી વિચિત્ર સંવેદના ! છાત્રાલયમાં આ અગાઉ ચોક્કસ સતત કંઈક આવું જ બનેલું. મને તે પણ યાદ છે કે મને ક્યારેક એવો વિચાર આવતો કે બા મરી જશે તો ? અને હું તેને એક વખત ક્યારેક મળવાનું તીવ્રપણે ઇચ્છતો, તે જ ક્ષણે હું ઘેર હોઉં એવું ઇચ્છતો અને તેને સમીપ બેસીને વાત કરવાનું ઇચ્છતો. અને અત્યારે તેની તે જ બાબત પુનઃ ઘટી રહી છે. હું અત્યારે એ જાણતો નથી કે હું તેને મળીશ કે નહિ. પરંતુ હું ધારું છું કે મને શનિવારે અહીં જ ગોંધી રાખવામાં આવશે. આ બધું કેવું અર્થહીન છે ! મારે આ વિશે શા માટે વિચારવું જોઈએ ? મારે જે કંઈ કરવું છે તે કરતાં આ સ્વપ્નો મને રોકી નહિ શકે. મારે તેને મળવું છે, મારે મળવું જ જોઈએ. ફરીથી એકવાર આ બધું પુનઃ બન્યું હતું તે પ્રમાણે જ બની રહ્યું છે. મને અઠવાડિયા સુધી જ્યારે ગોંધી રાખવામાં આવતો ત્યારે હું કેવો કંટાળી જતો ! અઠવાડિયા સુધી અહીં રહેવાનું અને શનિવારે ઘેર નહિ જવાનું તેનો શો અર્થ થાય તે આ જાડી ચામડીનાં પ્રાણીઓ નહિ સમજી શકે. અઠવાડિયાના અંતે ઘેર જવાની એકમાત્ર આશાએ તો અહીં જીવન જીવવાનું શક્ય હોય છે, પરંતુ બાને મળવા માટે હું શું કરી શકું તે ખૂબ જ જરૂરી છે. પરંતુ સાથે સાથે તે મને ભયભીત પણ બનાવે છે. તેની અંતિમક્રિયા યાદ રાખીને હું અત્યારે તેની સામે કેવી રીતે જઈ શકીશ અને વાત કરી શકીશ ? હવે મને સમજાય છે કે મને હંમેશાં શા માટે તેના પ્રત્યે આવી દયાની લાગણી થતી હતી. તે અનિષ્ટનો પૂર્વાભાસ હતો."

પોતાના વિચારોના વમળમાં ફસાયેલો ઑસોકિન લાંબા સમય સુધી ઊભો રહે છે.

"મારા ભેજામાં કંઈ ઊતરતું નથી," આજુબાજુ દૃષ્ટિ નાખતો તે કહે છે, "હું સમજવા માગું છું કે આ સ્વપ્ન છે કે વાસ્તવિકતા ?"

ભૂતકાળ

દૃશ્યપટલ ઉપર શાળાજીવનનાં હારબંધ દૃશ્યો દેખાય છે.

સવારમાં પાઠ શરૂ થાય તે પહેલાં ઉપ-આચાર્ય ગુસ્તાવ લૂકીચ ઑસોકિનને મળવા બોલાવે છે. ગુસ્તાવ લૂકીચ શરીરે જાડો છે. તે ઑસોકિનને લાંબું ભાષણ આપે છે. જે કંઈ બન્યું તે સમજાવવા ઑસોકિન પ્રયત્ન કરે છે પરંતુ લૂકીચ તે સાંભળતો નથી અને ઑસોકિનને બધા જ પ્રકારની સખત સજાઓ કરવાની ધમકી આપે છે. અંતે સવારે કરેલા બધા અપરાધો માટે ઑસોકિનને ત્રણ રવિવાર માટે ઘેર નહિ જવા દેવાની સજા કરવામાં આવે છે.

પાઠ શરૂ થાય છે. ઑસોકિનને તેની ખબર સુધ્ધાં પણ નથી કે તૈયારીરૂપે શું કરવાનું છે. ગ્રીકમાં તેને ઓછામાં ઓછા માર્ક્સ મળ્યા છે. બીજા પાઠો સમજાયા વગર પૂરા થાય છે. ઑસોકિનને કંઈ પણ પૂછવામાં આવતું નથી.

દરેક પાઠ દરમ્યાન ઑસોકિન બેસી રહે છે અને રિસેસ દરમ્યાન જાણે તંદ્રામાં હોય તેમ બહાર ચાલ્યો જાય છે. પોતાની જાતને પુખ્ત માણસ તરીકે અનુભવવો તે તેના માટે દુઃખદાયક છે, કારણ કે આ સ્થિતિમાં તે ઝિનૈડાના વિચારોમાં ગળાડૂબ રહે છે. પરંતુ પોતાની જાતને એક વિદ્યાર્થી તરીકે અનુભવવી તે પણ તેટલું જ દુઃખદાયક છે, કારણ કે આ સ્થિતિમાં તેને બાના અને તેના મૃત્યુના જ વિચારો સતાવે છે.

પાઠ પૂરો થયા પછી છાત્રો કપડાં બદલીને દાદરો ઊતરી જાય છે. તેઓ બહાર જતા નથી, કારણ કે હવામાન ખરાબ છે. ક્યારેક એવું બને છે કે પાનખર ઋતુમાં ત્રણ અઠવાડિયાં સુધી છાત્રો બહાર જતા જ નથી. શિક્ષકને વરસાદમાં ચાલવાનો અથવા કાદવમાં છાલક મારવાનો કેવો આનંદ આવતો હશે ? પાંચ શિક્ષકોને વારાફરતી દરરોજ ફરજ બજાવવાની આવતી અને તેમાંનો દરેક એવું વિચારતો કે છોકરાઓને કોઈ એક અન્ય શિક્ષક બહાર લઈ જતો હશે. અને આખરે છોકરાઓ એક કે બે દિવસ માટે સ્કૂલમાં રહે તો શું ફરક પડી જવાનો હતો ? આ રીતે અઠવાડિયાંનાં અઠવાડિયાં પસાર થઈ જતાં અને કોઈને કંઈ ફરક પણ ન પડતો અને આચાર્ય તથા ઉપ-આચાર્ય આ બાબત વિશે ઉપેક્ષા સેવવાનું જ પસંદ કરતા. તેઓ સાંજ સુધી સ્કૂલમાં આવતા જ નહિ.

સ્કૂલના મોટા મકાનમાં છોકરાઓ આમતેમ રમે છે. નાના છોકરાઓ મકાનની નીચે આવેલ વ્યાયામશાળા તરફ દોડી જાય છે.

ઑસોકિન પહેલા માળે બારીના સળિયા આગળ બેઠો છે અને રસ્તા તરફ તાકી રહે છે. બધું એનું એ જ છે. મૉસ્કોની કંટાળાજનક પાનખર ઋતુ. કાદવ અને વરસાદ તથા 'સોસ અને પનીર' અને બાજુમાંથી આવતી 'માંસ અને માછલી'ની વાસ. ઘોડાગાડીઓ અને વરસાદમાં થાકેલા ઘોડાઓ અને છત્રી ચઢાવેલી ઘોડાગાડીઓ પસાર થઈ રહી છે. ઑસોકિન બહુ જ દુ:ખી અને ખિન્ન છે. ઑસોકિન પોતાની જાતને પોતાના ઘેર બા પાસે બેસીને બા આગળ કંઈક મોટેથી વાંચતો હોય અથવા બા વાંચતી હોય અને પોતે સાંભળતો હોય તેવું ઇચ્છે છે. અથવા તો ક્યાંક બહાર જવાનું, વરસાદમાં શહેરની ગલીઓમાં રખડવાનું આવા સમયમાં ક્યારેક ખરેખર આનંદદાયક હોય છે. કદાચ તે ઝિનૈડાને મળી પણ શકે ! ફરીથી એના એ જ વિચારો !

"પરંતુ તો પછી છેવટે આ સ્વપ્ન છે કે વાસ્તવિકતા ?" તે પોતાની જાતને પ્રશ્ન પૂછે છે. આ સ્વપ્ન છે તે બાબત કોણ સાબિત કરી શકે ? અંગ્રેજી ? હા, કારણ કે આ પહેલાં મને અંગ્રેજી આવડતું ન

હતું. મેં પીટસબર્ગમાં પછીથી શીખવાનું શરૂ કર્યું હતું. આ વાર્તા કેવી રીતે શરૂ થાય છે ?

"The king of Duntrine had a daughter when he was old, and she was the fairest king's daughter between two seas..."

તે સ્ટીવન્સનની દંતકથાના શબ્દો છૂટાછવાયા યાદ કરે છે.

"હું બધું જ યાદ રાખી શકતો નથી," ઑસોકિન પોતાની જાતને કહે છે, "મારો સ્ટીવન્સન પર કાબૂ હોવો જ જોઈએ. પરંતુ આ બહુ જ વિચિત્ર છે – જો હું વિદ્યાર્થી હોઉં તો આ હું કેવી રીતે જાણતો હોઉં ? અને હું જાણું છું કે હું લંડનમાં હતો ત્યારે બ્રિટિશ મ્યુઝિયમની પાસે આવેલ વીશીમાં રહેતો હતો અને પેરિસના એકેએક ખૂણાથી હું પરિચિત છું. મૉન્ટમાંરત્રે અને ગાઉચે નદી પર હું ભમ્યો છું. ના, હું ડોળ કરવાનો પ્રયત્ન કરીશ કે હું ઊંઘતો નથી અને હું જે પ્રમાણે ઇચ્છતો હતો તે પ્રમાણે જાદૂગરે મને પાછો મોકલ્યો છે, કે જેથી હું મારું જીવન નવી રીતે ગોઠવી શકું. તો હવે મારે શું કરવું જોઈએ ? બધું જ જુદી રીતે બનવું જોઈએ. મારે સ્કૂલનો અભ્યાસ પૂરો કરવો જ જોઈએ, અને તે કરવા માટે મારે મહેનત કરવી જોઈએ અને આ સવારે બન્યાં તેવાં જોખમકારક કામો ટાળવાં જોઈએ. અલબત્ત શરૂઆતમાં મને તે મુશ્કેલભર્યું તો લાગશે જ, પરંતુ એકાદ બે દિવસમાં હું તેનાથી ટેવાઈ જઈશ. હું અત્યારે ચોથા ધોરણમાં છું. આનો અર્થ એ થયો કે હું જ્યારે અઢાર વર્ષનો થઈશ ત્યારે સ્કૂલ પૂરી કરીશ અને યુનિવર્સિટીમાં જઈશ. અને જ્યારે ઝિનૈડાને મળવાનો સમય આવશે ત્યારે મેં મારી ઉપાધિઓ પ્રાપ્ત કરી લીધી હશે. આનાથી ઘણો ફર્ક પડી જશે. પરંતુ આના માટે ઘણોબધો સમય લાગશે. અને અહીં કેટલું કંટાળાજનક છે – મૃત:પાય. હા, મને સંપૂર્ણપણે સમજાય છે કે હું શા માટે કામ ન કરી શક્યો અને શા માટે મેં સ્કૂલનો અભ્યાસ પૂરો ન કર્યો ? હું આ કંટાળાને કેવી રીતે સહન કરું ? મારે એ વિચારવું જોઈએ કે હું ઝિનૈડા સાથે ક્રિમિઆ કેવી રીતે જઈશ ? તે કેવું અદ્‌ભુત હશે ! ટ્રેનમાં લગોલગ બેસીને અમે સાંજના સમયે બહાર ખેતરોને પસાર થતાં નિહાળીશું – પછીથી

ઢોળાવો શરૂ થશે, અને પછીથી સફેદ પર્વતો, અને ફરીથી પાછા ઢોળાવો. કદાચ મારે તેને ખૂબ જ જલદીથી શોધી કાઢવી જોઈએ... મારે તેને અત્યારે જ મળવું જોઈએ. તે અત્યારે મૉસ્કોમાં જ છે. તેને તો ખબર પણ નહિ હોય, પરંતુ હું તેને વારંવાર મળીશ, પરંતુ તે મિનિત્સ્કી સાથે લગ્ન કરવા કેવી રીતે સંમત થઈ ? મારો જ વાંક હતો. તેણે ખરેખર એવું જ વિચાર્યું હશે કે હું એટલા માટે ન આવ્યો કે મને બીજા કોઈમાં રસ હતો, પરંતુ આ બધું હવે જુદી રીતે ઘટશે."

તેનો મિત્ર સૉકોલોફ તેને મળવા આવે છે, સૉકોલોફ ઑસોકિનથી ઉંમરમાં નાનો અને નીચેના ધોરણમાં છે. પરંતુ કંઈક કારણસર આ એક એવી વ્યક્તિ છે કે જેની સાથે ઑસોકિન બોલવાનું પસંદ કરતો.

"ઑસોકિન, તું કયાં સ્વપ્નોમાં રાચે છે ?"

"તું જાણે છે સૉકોલોફ કે તું વકીલ બનવાનો છે ?" ઑસોકિને કહ્યું.

"કેવી વાહિયાત વાત કરે છે ! હું તો એન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરું છું."

"તું એન્જિનિયર નહિ બને, તું કાયદાનો અભ્યાસ કરીશ અને હવે તું ધાર કે હું શું બનીશ ?"

"જો તું તારો સમય આજના દિવસની જેમ વિતાવીશ – ઓશીકાના ઘાથી વિલ્હેમના ચહેરાને ઈજા પહોંચાડવી અને દિવસનો દરરોજ એક માર્ક કપાવીશ તો તું જરૂર કોઈક રખડેલ કે બદમાશ પ્રકારનો વ્યક્તિ બનીશ. સારું, એક જૂની ઓળખાણને નાતે હું તને સિગ્નલમેનની નોકરી અપાવીશ."

"સારું, આપણે જોઈશું," ઑસોકિને કહ્યું.

"આમાં જોવા જેવું કંઈ નથી. દિવસના ઉજાસ જેટલી આ વાત સ્પષ્ટ છે કે તું ક્યારેય તારો સ્કૂલ-અભ્યાસ પૂરો નહિ કરી શકે."

"શા માટે તું આવું આત્મવિશ્વાસપૂર્વક બોલે છે ?"

"કારણ કે તું કંઈ જ કરતો નથી."

"અહીંનું વાતાવરણ અત્યંત કંટાળો ઉપજાવનારું છે," ઑસોકિને કહ્યું, "પરંતુ હવે મેં મહેનત કરવાનું નક્કી કરી નાખ્યું છે. હું એકના એક જ વર્ષમાં હવે નહિ પડ્યો રહું."

સૉકોલોફ હસે છે, "આવું મેં કેટલી વખત સાંભળ્યું છે ! બે મહિનાથી કામ શરૂ કરવા માટે તું તૈયારી કરી રહ્યો છે. સારું, મને કહે જોઈએ – ગ્રીકમાં તેં આવતી કાલ માટે શું તૈયારી કરી છે ?"

તું તારે કરને સખત મહેનત !" ઑસોકિન હસતાં હસતાં કહે છે, "અને શું તું જાણે છે કે તારે લાલ દાઢી હશે ?"

"સારું, તું તારે જૂઠાણું હાંકે રાખને. મારે લાલ દાઢી શા માટે હોવી જોઈએ – મારા વાળ તો કાળા છે."

"હા, તારે લાલ દાઢી હશે અને તું વકીલ બનીશ. મેં આ સ્વપ્નમાં જોયું છે."

"ચાલો નીચે જઈએ." સૉકોલોફ કહે છે.

તેઓ બંને જણા નીચે જાય છે.

થોડા દિવસો પછી સ્કૂલમાં સાંજની તૈયારીઓ થઈ રહી છે. પાટલીઓ હારબંધ ગોઠવેલી છે. ખુલ્લા બારણામાંથી નીચેના વર્ગના છોકરાઓનો વર્ગ જોઈ શકાય છે. દીવાઓનો પ્રકાશ ટમટમી રહ્યો છે. છોકરાઓ પાઠ તૈયાર કરી રહ્યા છે. મહેનત કરવાનું નક્કી કર્યા પછી ઑસોકિને પોતાના માટે તે મુજબનો કાર્યક્રમ ઘડી નાખ્યો છે અને તે મુજબ તે લૅટિન વ્યાકરણનું પુનરાવર્તન કરી રહ્યો છે. એક પાનું વાંચ્યા પછી તે પુસ્તક બંધ કરી દે છે અને સામે તાકી રહીને મનમાં ફરીવાર બોલે છે : "Cupio, desidero, oplo, volo, appelo....

ધત્ તેરીકી ! આ appeloનો શું અર્થ થાય ?"

તે વ્યાકરણનું પુસ્તક ખોલીને જુએ છે.

"અરે, હા... સારું, અને ત્યાર બાદ : Volo, nolo, appelo, expeclo, posso, postulo, imperlo, adipiscor, experior, praeslolor.... praeslolor...! અરે ફરીથી હું પાછો ભૂલી ગયો !"

તે પુસ્તકમાં જુએ છે અને આસપાસ નજર દોડાવતો બગાસું ખાય છે.

"આ તો ખૂબ જ કંટાળાજનક છે. હા, હવે મને સમજાય છે કે પહેલાં હું શા માટે મહેનત નહોતો કરી શક્યો. કોઈ બેવકૂફ ભેજાની પેદાશને કારણે અમારે આવું કંટાળાભર્યું વ્યાકરણ ગોખવું પડે છે. અને આમ છતાં આ જ લૅટિન, ખૂબ જ રસદાયક બની શકે છે. સૉરબોનમાં થયેલાં ભાષણો મને યાદ છે. હું ત્યાં મનોવિજ્ઞાનના અભ્યાસાર્થે ગયેલો અને લૅટિન કવિતાઓથી મુગ્ધ બની ગયેલો.... અને અત્યારે આ સ્કૂલમાં તે સમય કરતાં – લૅટિન ભાષા દસગણી વધારે કંટાળાજનક લાગે છે. સારું, મારે એ કહેવું જોઈએ કે હું જાતે જ સાણસામાં ફસાઈ ગયો છું. અને એના માટે હું જ જવાબદાર છું. પરંતુ તે કેટલું નફરત પેદા કરનારું કહેવાય કે મારે અહીં ત્રણ અઠવાડિયાં સુધી બેસી રહેવાનું ! મૉસ્કો જોવા જવાનું કેટલું મનોરંજનક લાગત ! વિચિત્ર વાત એ છે કે મને એ બાબત ન સમજાઈ કે અહીં રહેવું એ કેટલું નિરસ અને કંટાળો ઉપજાવનારું છે. છેવટે તો મને લાગે છે કે આ માટે હું કંઈ જ ન કરી શકું. અને તે વખતે પણ આ આટલું જ નિરસ અને કંટાળાજનક હતું કે પછી..."

(નીચલા ધોરણના વર્ગમાં જ્યાં શિક્ષક બેઠા હતા ત્યાંથી અવાજ આવવાનો શરૂ થયો; દરેકેદરેક ઊભો થઈ ગયો. પહેલી તૈયારી પૂરી થઈ. ઑસોકિનનાં બે મિત્રો ટેલેહોફ અને પોલે કે જે બ્રાહોવ્સ્કી નામે ઓળખાતો હતો, તેઓ તેને મળવા આવે છે.

"તે તારું ઘરકામ કર્યું ?" બ્રાહોવ્સ્કી હસતાં હસતાં પૂછે છે.

"હા."

"તું જૂઠું બોલે છે. હું છેલ્લા અડધા કલાકથી તને જોઈ રહ્યો છું.

અરે હું એ પણ નક્કી નથી કરી શક્યો કે તું શું કરી રહ્યો હતો. જો તું કંઈક વાંચતો હોત તો પણ હું કંઈક સમજી શક્યો હોત, પરંતુ તું તો માત્ર પુસ્તકની સામે તાકી રહ્યો હતો. તે બહુ સ્પષ્ટ છે કે તું કંઈ જ શીખતો ન હતો. તું ફક્ત બેસી રહીને એક જ જગ્યાએ તાકી રહ્યો હતો."

"સાંભળ બ્રાહોવ્સ્કી", ઑસોકિને કહ્યું, "શું તું પૉલ અને ખૉખોલ વિશેની વાર્તા જાણે છે ? પૉલેએ ખૉખોલને કહ્યું : "તું આળસુ માણસ છે. ત્રણ કલાકથી બેસીને હું જોઈ રહ્યો છું કે તે કંઈ જ કર્યું નથી !" અને ખૉખોલે કહ્યું :

"અને આ સમય દરમ્યાન તે શું કર્યું, સાલા પાજી ?"

ઑસોકિન સિવાય બધા ખડખડાટ હસી પડ્યા. ઑસોકિન કંઈક મૂંઝવણના ભાવ સાથે બાહોવ્સ્કી સામે તાકી રહે છે. જાણે કે તેના મસ્તિષ્કમાંથી કોઈ વિચારોનું તાજું વમળ ઉછાળા મારતું ન હોય ! બ્રાહોવ્સ્કી બાકીનું જે કહી રહ્યો હતો તે ઑસોકિન સાંભળતો ન હતો.

"મને તે બરાબર યાદ છે," તેણે પોતાની જાતને કહ્યું, "અમે અહીં આ પહેલાં ઊભા હતા, બસ આવી જ રીતે, અને બ્રાહોવ્સ્કી આ જ શબ્દો બોલેલો — કે તે એ બાબત સમજી શકતો ન હતો કે હું કેવી રીતે બેસી રહીને પુસ્તક સામે તાકી રહ્યો હતો, અને મેં તેને આ વાર્તા જ કહી હતી. ના, આ બધું બદલવું જ જોઈએ."

આ શબ્દો પૂરા થતાં જ તે થોભ્યો.

"મને એમ લાગે છે કે," તેણે સ્વગત કહ્યું, "એ વખતે પણ હું હંમેશાં મારી જાતને એ જ કહ્યા કરતો કે બધું જ બદલવું જોઈએ."

થોડા દિવસો બાદ ફરીથી સાંજની તૈયારી વખતે ઑસોકિન ખૂબ જ કંટાળેલો અને પોતાની જાતથી વિખૂટો પડી ગયેલો અનુભવે છે.

"મારે આમાંથી બહાર આવવું જોઈએ," તે પોતાની જાતને કહે છે, "છેવટે, દિવસમાં એવી કેટલીય ક્ષણો હોય છે કે એક વ્યક્તિ

સહજતાથી સ્કૂલની બહાર ચાલીને નીકળી શકે છે. શા માટે મેં આવું એક પણ વખત કર્યું નથી ? પાછા આવવાનો આ સમગ્ર વિચાર બેવકૂફીભરેલો છે. હું અહીં હવે વધારે રોકાઈ શકું તેમ નથી. આ સ્થિતિને હું સમજતો નથી અને હું તેમાં માનતો પણ નથી, પરંતુ જો મેં અહીં પાછા આવીને મૂર્ખામી પણ કરી હોય તો મારે જલદીથી કંઈક સારું પરિણામ લાવવાનું છે. જો ફેરફારની કોઈ શક્યતા હોય તો આ ફેરફાર ત્યારે જ શરૂ થાય કે જ્યારે કોઈપણ ભોગે હું સ્કૂલમાંથી ચાલ્યો જાઉં. મારે ફક્ત અહીંથી ભાગી જવું જોઈએ."

પરંતુ કઈ રીતે, આવું બધું બોલતી વખતે પણ, ઑસોકિન જાણે છે કે તે આવું કદાપિ નહિ કરે.

"જો આપણે આવી બાબતો કરી શકીએ તો તે ઘણું સરળ થઈ જાય."

ફરીથી તે પોતાની જાતને કહે છે, "આપણી અંદર એવું કંઈક છે કે જે આપણને આપણે જ્યાં છીએ ત્યાં જ રાખે છે. હું સમજું છું કે બધામાં આ બાબત અતિશય ભયંકર છે."

પરંતુ તે વિચારવા માગતો નથી. થોડા સમય માટે તે વિચારશૂન્ય બેસી રહે છે. ત્યાર બાદ, જેને માટે તેને ભૂતકાળમાં પણ ઘણાં તૈયાર કર્યા વગરનાં લેસનોને કારણે ઘણા ખરાબ માર્ક્સ મળ્યા હતા, તેવાં કાલ્પનિક સ્વપ્નાઓમાં તે સરી પડે છે. આ સ્વપ્નો મહાસાગરમાં યાત્રા નામે ઓળખાય છે. વાસ્તવિકતામાંથી ભાગી જવાની એની આ ખૂબ સરસ રીત છે.

પૅસિફિક સમુદ્રમાં ઑસોકિન સફર કરી રહ્યો છે. તોફાનમાં વહાણ ખડકને અથડાય છે અને ભાંગીને ભૂકો થઈ જાય છે. દરિયાનાં મોજાં દ્વારા અર્ધમૃત એવો ઑસોકિન કોઈક અજાણ્યા દેશના કિનારા પર ફેંકાઈ જાય છે. ભાનમાં આવેલો તે પોતાની જાતને એક અજાણ્યા ઘરમાં ને દેશના રહેવાસીઓની વચ્ચે મહેસૂસ કરે છે. તેઓ તેને ખવડાવી રહ્યા છે.

જ્યારે ઑસોકિન સંપૂર્ણપણે ભાનમાં આવે છે ત્યારે તેને આ

લોકોમાં ખૂબ જ રસ પડે છે. તેને તરત જ એ વાતનું ભાન થાય છે કે આ લોકો દુનિયાના લોકો જેવા નથી. આ લોકો ખૂબ જ સંસ્કારી અને શિષ્ટ છે. તેઓએ એક એવા આદર્શ નગરની સ્થાપના કરી છે કે જ્યાં ગરીબાઈ નથી, ગુનો નથી, કોઈ મૂર્ખતા નથી અને નિર્દયતા નથી. અહીં દરેકેદરેક સુખી છે, તેઓ બધા જીવન માણે છે : સૂર્યપ્રકાશ, કુદરત, કળા. અર્ધો ડઝન પુસ્તકો વાંચીને ઑસોકિને 'મહાસમુદ્રમાં યાત્રા' બનાવેલું છે પરંતુ મહાસમુદ્ર વિશે ઑસોકિનનો ખ્યાલ ખૂબ જ અંગત અને ઉત્તેજનાપૂર્ણ છે. તેને માટે ત્યાં ઘણી મનોરંજક બાબતો બને છે.

મહાસમુદ્રના એક અથવા બે રહેવાસીઓ – કેટલીક વાર કોઈ એક ખુશમિજાજી અને આનંદી ચહેરાવાળી છોકરી તેની માર્ગદર્શક તરીકે તે પ્રદેશની વિવિધ સંસ્થાઓ જોવા લઈ જાય છે અને ત્યાંનાં સામાજિક સંગઠન વિશેની સમજૂતી આપે છે. તેઓ ત્યાં નીચે જ્વાળામુખી પર્વતનું મુખ જોવા જાય છે, તેઓ બર્ફીલા પર્વતોની ટોચ પર ચઢી જાય છે, તેઓ આવાં ઘણાં વિસ્મય પમાડે તેવાં અણધાર્યાં સાહસો ખેડે છે. કેટલીક વાર જ્યારે ઑસોકિનના માર્ગદર્શક તરીકે આનંદી ચહેરાવાળી છોકરી હોય ત્યારે ઑસોકિન પોતે વિકટ પરિસ્થિતિમાં હોય તેવું મહેસૂસ કરે છે. ક્યારેક તેઓને કોઈ એકાંત આરામગૃહમાં એક જ રૂમમાં સાથે રાતવાસો ગાળવાનો આવે છે અથવા તો ક્યારેક ગાજવીજ અને વરસાદ હોય તેવા સંજોગોમાં પર્વતપ્રદેશમાં ગુફામાં આશરો લેવો પડે છે. તો ક્યારેક નદી ઓળંગતી વખતે હોડી નદીમાં ઊથલી પડતાં તેઓ નાના ટાપુ ઉપર જઈ ચઢે છે, જ્યાં તેઓને તેમનાં ભીનાં કપડાં તાપણાં આગળ સૂકવવાં પડે છે. આવા અનેક પ્રસંગોમાં ઑસોકિનની સાથીદાર તેની નજર સામે જ જરાય શરમ-સંકોચ વગર કપડાં કાઢી નાખતી અને પહેરતી અને આ સાહજિકતા અને સંકોચ વગરની સ્વતંત્રતા ખાસ કરીને ઑસોકિનને આહ્લાદક લાગતી અને તેની કલ્પનાને ઉત્તેજિત કરતી.

'મહાસમુદ્ર' સ્વપ્નમાં જ્યારે આવા પ્રકારનાં સાહસો ઑસોકિનના જીવનમાં આવતાં ત્યારે તેને પૃથ્વી ઉપરની કોઈપણ બાબતમાં રસ પડતો નહિ.

"હું શા માટે આવું મૂર્ખામીભર્યું ફરી ફરીને વિચારું છું ? તે પોતાની જાતને ખિજાઈને પૂછે છે, "કારણ કે બીજું કશું વિચારવા જેવું નથી", પોતાની જાતને પાછો જવાબ વાળતાં સ્વગત બોલે છે, "છેવટે બધું જ બેવકૂફી ભરેલું છે.

પરંત થોડા સમય બાદ કોઈ વિચિત્ર લાગણી સાથે તે પોતાના સ્વપ્નમાં થતા ચોક્કસ પ્રકારના ફેરફારની નોંધ લે છે. પોતે જાણે કે બે ભાગમાં વહેંચાઈ ગયો છે. તેનો એક ભાગ ક્યાંક ઘસડાઈ રહ્યો છે. આ ભાગ વધારે ને વધારે સાહસો ખોળી રહ્યો છે અને મહાસમુદ્રના રહેવાસીઓ સાથે વાતના નવા નવા વિષયો શોધી રહ્યો છે, જયારે ઑસોકિનનો બીજો ભાગ સ્વપ્નોનાં નિર્માણનું નિરીક્ષણ કરે છે અને તેને નિષ્કર્ષણ ભણી દોરી જાય છે. જોતજોતાંમાં સ્વપ્નો જાતે જ બદલાઈ જાય છે. શરૂઆતમાં મહાસમુદ્રની યુવતીઓ સાથેનાં સાહસો ઓછાં નિર્દોષ લાગે છે અને વ્યક્તિત્વમાં કંઈક ઉમેરાતું જણાય છે અને ત્યાર બાદ ઑસોકિન અનુભવે છે કે મહાસમુદ્ર અને તેના લોકો પ્રત્યેનું તેનું વલણ તદ્દન બદલાઈ ગયું છે.

પહેલાંના દિવસોમાં – અથવા તે પોતાની જાતને કહે છે તે મુજબ – તેનું વલણ કુતૂહલ અને વિસ્મયથી ભરેલું હતું જયારે અત્યારે તે વક્રોક્તિભર્યું, શંકાસ્પદ અને દલીલયુક્ત છે. ઑસોકિનને એ બાબતનું ભાન થાય છે કે તેણે આદર્શનગરમાં માનવાની અને માણવાની સમર્થતા માત્ર નથી ગુમાવી પરંતુ તેને ચોક્કસપણે તેમાં અવિશ્વાસ પડવા માંડ્યો છે. કોઈક એવી શંકા એને પડવા લાગી છે કે કોઈક ઇરાદાપૂર્વકનું આ જુઠ્ઠાણું છે – અથવા તો સત્યનું ગળું ટૂંપવામાં આવ્યું છે. તેમાં સ્વિટ્ઝર્લૅન્ડમાં, પેરિસમાં અને મૉસ્કોમાં રાજકીય પક્ષના લોકો સાથેના વાર્તાલાપો અને તેને લીધે જન્મેલી દુઃખદાયક લાગણીઓ અત્યારે મહાસમુદ્રમાં જે બને છે તેમાં ચોક્કસપણે પ્રતિબિંબિત થઈ છે.

જયારે ઑસોકિનને એવું ભાન થાય છે કે હવે મહાસમુદ્રના વતનીઓ આગળ પોતે એ બાબત સાબિત કરવાનો પ્રયત્ન કરે છે કે તેઓ જેવા દેખાવાનો ઢોંગ કરતા હતા તેવા તેઓ ન બની શકે ત્યારે તે

અનિચ્છાએ હસે છે.

"તમે દંભીઓ છો," તે તેઓને કહે છે, "તમે વાસ્તવિકતા સમક્ષ ટકી ન શકો. અરે કલ્પનામાં પણ તમારા વિશેનો વિચાર માત્ર અશક્ય પરિસ્થિતિઓમાં જ કરી શકાય."

"કોઈપણ દેશમાં અને બધા લોકો માટે જે શક્ય હોય તે જ અમે રજૂ કરીએ છીએ." 'મહાસમુદ્ર'ના જે વતની સાથે ઑસોકિન વાત કરી રહ્યો હતો તેણે પ્રત્યુત્તર વાળતાં કહ્યું.

"તું કોઈપણ દેશ માટે અથવા બધા જ લોકો માટે જે તદ્દન અશક્ય હોય તે દર્શાવે છે." ઑસોકિને કહ્યું, "પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તારે કુતર્ક અને કૃત્રિમ પરિસ્થિતિઓનો સહારો લેવો પડે છે જે વાસ્તવિક જીવનમાં નિર્માણ ન કરી શકાય. અને તમારા જેવા સામાજિક સંગઠનને અસ્તિત્વમાં આણવાનો કોઈપણ પ્રયત્ન ફક્ત સર્વનાશ અને કંગાલિયતમાં પરિણમશે."

એકાએક ઑસોકિન થોભી જાય છે અને તેના હાવભાવ બદલાઈ જાય છે.

"પરંતુ આ જ તો એ વાતની સાબિતી છે કે હું તદ્દન જુદા જ જીવનમાં પાછો આવ્યો છું," તે પોતાની જાતને કહે છે. "આ પહેલાં મેં આવું ક્યારેય વિચાર્યું ન હતું. સાચું કહું તો હું કલ્પનાના આદર્શ નગરમાં રાચતો હતો. હવે મને તેની જાણ થઈ ગઈ છે કે આ બધું બનાવટી અને ફક્ત બનાવટી છે. આ બહુ જ રસદાયક બાબત છે. હું પુરાવો શોધતો હતો. આ એક ચોક્કસ પુરાવો છે. આ અગાઉ હું આવું ક્યારેય વિચારી શક્યો ન હોત."

તૈયારી પૂરી થાય છે પોતાના નવા વિચારો અને તત્કાળ કરેલી શોધમાં રાચતો ઑસોકિન છોકરાઓના ઘોંઘાટભર્યા ટોળામાંથી પસાર થાય છે અને તે પોતાને વધારે ગમગીન મહેસૂસ કરે છે. મહાસમુદ્રનું સ્વપ્ન અગાઉ જેવું આકર્ષક નહિ રહે. સંભવતઃ તેના બીજાં સ્વપ્નો, કે જેમાં તે પોતાની જાતને એક પ્રખ્યાત લશ્કરી અમલદાર અથવા પ્રખ્યાત

કવિ અથવા મહાન ચિત્રકાર કલ્પતો, તેવું આ સ્વપ્ન પણ અદૃશ્ય થઈ જશે.

થોડા દિવસો બાદ એક રાત્રે છાત્રાલયના સામૂહિક શયનગૃહની એક સખત પથારીમાં લાલ ધાબળામાં વીંટળાયેલો ઑસોકિન સૂતેલો પડ્યો છે. શયનગૃહથી દૂર અર્ધ ઢળેલા લેમ્પમાંથી ઝાંખો પ્રકાશ પડી રહ્યો છે.

"હું કંઈ જ સમજતો નથી," ઑસોકિન સ્વગત કહે છે, "અત્યારે બધું જ વર્તમાન અને ભૂતકાળ – સ્વપ્ન જેવું જણાય છે. આ બંનેમાંથી જાગી જવું જોઈએ. મારી એવી ઇચ્છા છે કે હું ક્યાંક દક્ષિણમાં હોઉં કે જ્યાં દરિયો હોય, સૂર્યપ્રકાશ હોય અને સ્વતંત્રતા હોય. મારે કશાય વિશે વિચાર કરવો નથી, કશાયની અપેક્ષા નથી. અને કંઈ પણ કરવું નથી. પરંતુ કેવું વિચિત્ર ! જાદૂગરે કહ્યું હતું કે જ્યાં સુધી તું ભૂલી જવા નહિ ઇચ્છે ત્યાં સુધી તને બધું જ યાદ રહેશે અને હું બધું ભૂલી જવા માગું છું. મને એમ લાગે છે કે આ છેલ્લા દિવસો દરમ્યાન હું ઘણુંબધું ભૂલી ગયો છું. હું આ સહન કરી શકતો નથી. ઝિનૈડા વિશે વિચારવાનું મારે માટે પીડાકારક છે. શું આ સ્વપ્ન હોઈ શકે ? ના, તે સ્વપ્ન ન હોઈ શકે, તે ત્યારે વાસ્તવિકતા જ હતી... અત્યારે જે બની રહ્યું છે તે ત્યારે ભૂતકાળ હતો અને ત્યાં જ્યારે તે બન્યું તે અત્યારે ભૂતકાળ છે. મને અત્યંત નવાઈ પમાડે એવી બાબત એ છે કે હું આ ઘટનાને કોઈપણ જાતના આશ્ચર્ય વગર – જાણે કે બધું જ એ પ્રમાણે ઘટવું જોઈએ તેવી જ રીતે ઘટે છે તેમ સમજીને શાંત ભાવે જોઉં છું. પરંતુ હું કરીયે શું શકું ? કદાચ આપણે બધી અસામાન્ય બાબતોને આ રીતે જ સ્વીકારતા હોઈએ છીએ. આપણે ગમે તેટલા નવાઈ પામીએ તો પણ કંઈ જ બદલાતું નથી અને આપણે દંભ આચરતા થઈ જઈએ છીએ કે આપણને કંઈ જ નવાઈ પમાડે તેવું જણાતું નથી. જ્યારે મારાં દાદી મૃત્યુ પામ્યાં ત્યારે મેં વિચારેલું કે મૃત્યુ એ કેવી અસાધારણ અને ગૂઢ ઘટના છે ! પરંતુ દરેક વ્યક્તિ તેનો સ્વીકાર કરે જ છે અને તેઓ બીજું શું કરી શકે ? મને યાદ છે કે હું

અંતિમક્રિયા દરમ્યાન એવું વિચારતો હતો કે જો પૃથ્વી ઉપરથી બધા જ માણસો અચાનક અદૃશ્ય થઈ જાય અને માત્ર એક જ માણસ રહે તો તે એક દિવસ તેને ભયંકર અને અચંબા ભરેલો લાગે - પરંતુ બીજા જ દિવસે તે સંભવતઃ એવું જ વિચારે કે આ તદ્દન સામાન્ય અને ટાળી ન શકાય તેવી બાબત છે.

"મારું ફરીથી છાત્રાલય-શાળામાં આવવું કેટલું આશ્ચર્યજનક કહેવાય ! ઘડિયાળીની દુકાનની ઘડિયાળોનાં ટિક્ ટિક્ અવાજો જેવા એકબીજાથી અલગ એવા શ્વાસોશ્વાસના આ અવાજો મને યાદ આવે છે. મને તે યાદ છે કે ત્યારે પણ હું ઘણીવાર રાત્રે જાગતો પડ્યો રહેતો અને અવાજો સાંભળ્યા કરતો. આ બધાનો શો અર્થ હશે ? હું આ બધું સમજવા માગું છું !"

સ્વપ્ન

ઑસોકિનને એવું સ્વપ્ન આવે છે કે તે અને સૉકોલોફ એક યા બીજા વિષય ઉપર વાતો કરતાં કરતાં વ્યાયામશાળામાંથી ચાલતાં ચાલતાં પસાર થઈ રહ્યા છે ત્યારે તેને ઓચિંતો જ સ્વાગતખંડમાં બોલાવવામાં આવે છે. તેની બા આવા સમયે ક્યારેક તેને મળવા આવતી. આથી કંઈ પણ અસામાન્ય ઘટનાની અપેક્ષા રાખ્યા વગર પરસાળોમાંથી પસાર થતો તે પગથિયાં ચઢીને ઉપર જાય છે.

સ્વાગતખંડમાં ઑસોકિન સુંદર કપડાંમાં સજ્જ અજાણી યુવતીને જુએ છે કે જેને તે ક્યારેય મળ્યો નથી. પોતાના શાહીના ડાઘાથી ખરડાયેલ હૉલેન્ડનું ખમીશ, માથાના પાછળના ભાગમાંથી આગળ આવતી વાળની લટો સાથેના વિદ્યાર્થી હોવાનું ભાન થતાં તે મૂંઝાઈને ત્યાં જ ઊભો રહી જાય છે.

દેખીતી રીતે ઑસોકિનને ભૂલથી કોઈની જગ્યાએ ત્યાં આવી ચઢ્યો હોય એમ પ્રથમ લાગ્યું, પરંતુ તે યુવતી તેની સામે જોઈ રહીને મરક મરક હસે છે, અને આછા પીળા રંગનાં હાથમોજાં સાથેનો હાથ તેની તરફ લંબાવે છે.

“અરે, તું તો કેવડો મોટો થઈ ગયો છે !” યુવતીએ કહ્યું, “અને તું તો મને ઓળખતો જ નથી જાણે !”

ઑસોકિન તેની સામે જોઈ રહે છે અને તેને શું કહેવું તે સમજાતું

નથી. તે મોટી ચમકતી આંખોમાં ખૂબ જ આકર્ષક જણાતી હતી. તે અસમંજસ લાગણીનો અનુભવ કરે છે. તે કંઈક આનંદદાયક બોલવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ તેને એ વાતની ચોક્કસ ખાતરી છે કે તેણે આ યુવતીને પોતાના જીવનમાં પહેલી જ વાર જોઈ છે. કંઈક કારણસર તેને લાગે છે કે તે બહુ મોટો થઈ ગયો છે તેમ કહીને તેની મશ્કરી કરી રહી છે. જાણે કે તે તેને પહેલેથી જ ઓળખતી હોય. પરંતુ તે આવું કયા ઉદ્દેશથી કહે તે તેને સમજાતું નથી.

"સારું ત્યારે, તું મને નથી ઓળખતો ને ?" તે યુવતીએ ખૂબ જ સ્પષ્ટ અને આનંદના રણકાના અવાજ સાથે કહ્યું, "તું વિચાર તો કર, તને યાદ આવશે." ઑસોકિનની સામે જોઈને તે હસે છે.

એક ક્ષણ માટે, વીજળીના ઝબકારા કરતાંય વધારે ઝડપથી એક વિચાર ઝબકી જાય છે, હા, તે તેને ઓળખે છે. શા માટે તેને તરત કંઈ યાદ આવતું નથી ? પરંતુ તેણે તેને ક્યારે જોઈ હશે ?

જાદૂગરને મળવા ગયો તે ક્ષણથી માંડીને અત્યારની ક્ષણ સુધીની પોતાના સમગ્ર જીવનની યાદદાસ્ત ઑસોકિન ઝડપથી ફંફોળી નાખે છે અને તે ખાતરીપૂર્વક કહી શકે છે કે આ યુવતી તેના જીવનમાં આવી ન હતી.

"અરે, તું કેવો રમૂજી છે !" યુવતી કહે છે : "સારું ત્યારે, તું મને બિલકુલ ભૂલી ગયો એમ ને ? શું તને યાદ નથી કે આપણે ઝવેનીગોરોડમાં સાથે હતાં ? તને યાદ આવ્યું કે હું તારાં કરતાં મોટી હતી અને મારા વાળની ગૂંથેલી વેણીમાં લાલ રંગની રિબન હતી. શું તને એ યાદ નથી કે આપણે કેવી રીતે પવનચક્કી તરફ હંકારી જતાં અને બીજી વાર જોટ્કાને શોધવા ગયેલાં ?"

ઑસોકિનને યાદ આવે છે કે જ્યારે તે નાનો બાળક હતો ત્યારે તેનાં માતા-પિતા સાથે ઝવેનીગોરોડમાં રહેતો હતો. તેને જંગલમાં આવેલી પાણીની ચક્કી, લોટની ગંધ, હોડીમાંથી આવતી ડામરની વાસ, ટેકરી ઉપર આવેલો સફેદ રંગનો મઠવિહાર અને રસ્તાઓની બંને બાજુએ બરફ જેવા ઠંડા ઝરણાવાળું જંગલ વગેરેની યાદ આવે છે, અને જોટ્કા – એક નાનું કાળું કૂતરું જે એક વાર ક્યાંક ચાલ્યું ગયું અને

લાંબા સમય સુધી મળ્યું નહિ. પરંતુ ત્યાં કોઈ લાલ રિબનવાળી છોકરી ન હતી. આ વાતની તેને પાકી ખાતરી છે. તેને ફરી એવું લાગે છે કે યુવતી તેની મશ્કરી કરી રહી છે, પરંતુ શા માટે ? તે કોણ છે ? તેથી ઝવેનીગોરોડ અને જોટ્કાને કેવી રીતે ઓળખે છે ?

ઑસોકિન શાંત છે અને યુવતી તેનું અસરકારક હાસ્ય ચાલુ રાખે છે. તે ઑસોકિનનો હાથ પકડીને તેને પાસે બેસાડે છે. યુવતીએ લગાવેલા અત્તરની સુગંધ ઑસોકિન માણે છે. આ સુગંધ ઑસોકિનને મહત્ત્વની ઘણીબધી બાબતો કહી જાય છે. હા, તે યુવતીને અવશ્ય જાણે છે, પરંતુ તેણે તેને ક્યાં અને ક્યારે જોઈ છે ? શક્ય છે કે તે અન્ય સ્વપ્નનો કોઈ ભાગ હોય, તેને આ સંવેદનાનું ભાન થાય છે : જ્યારે સ્વપ્નમાં તે બીજું સ્વપ્ન જુએ છે તે યાદ આવે છે.

"તું કેમ આટલો બધો શાંત છે ?" તે કહે છે, "કંઈક તો બોલ. મને મળીને તને આનંદ થાય છે કે નહિ ?"

"મને ખૂબ આનંદ થયો," છાત્રાલયના છાત્રની લાગણીને રોકવા અસમર્થ એવો ઑસોકિન પીડાની લાગણી અનુભવે છે.

"તને કેમ ખૂબ આનંદ થયો ?" યુવતીએ પૂછ્યું.

"કારણ કે હું તને પ્રેમ કરું છું." આ કહેવાની હિંમત ક્યાંથી આવી તે જાણ્યા બાદ ઑસોકિન કહે છે અને તે જ સમયે તે એક છાત્ર તરીકેની શરમ અનુભવે છે, કારણ કે તેની સમક્ષ પુખ્ત ઉંમરની યુવતી છે.

તે હવે ખુલ્લેઆમ હસે છે, તેની આંખોમાં હાસ્યની ચમક જણાય છે અને હાસ્યથી તેના ગાલમાં ખંજન પડે છે.

"શું તું ત્યારનો હજુ પણ મને ચાહે છે ?" યુવતીએ પૂછ્યું.

"મેં તને હંમેશાં ચાહી છે," ઑસોકિને કહ્યું, "અરે જ્યારે તું ઝેવનીગોરોડમાં હતી ત્યારે પણ," અને કોઈક કારણસર તેને આ જુઠ્ઠાણું જરૂરી લાગ્યું.

તે તેની સામે એક પલકારો મારે છે અને તરત જ બંને વચ્ચે

કંઈક સમજાઈ જાય છે અને કશાકનો સ્વીકાર થઈ જાય છે. જાણે કે બંને સાથે મળીને કંઈક કરવા સંમત થઈ ગયાં હોય.

"બહુ સરસ," તેણે કહ્યું, "પરંતુ હવે આપણે શું કરીશું ? હું અહીં એટલા માટે આવી છું કે તું મને ક્યાંય ન મળ્યો."

ઑસોકિનને એટલી ખબર પડે છે કે એ તેની 'ત્યાં' શોધ કરી રહી હતી – પરંતુ 'ત્યાં' એટલે ક્યાં તે જાણી શકતો નથી. તે એટલું સમજે છે કે કંઈક કારણસર આ બાબતની વધારે સ્પષ્ટતા કરવાની કંઈ જરૂર જણાતી નથી.

"સારું ત્યારે" યુવતીએ કહ્યું, "તું અહીં જ રોકાવાનો છે ?"

"ના", ઑસોકિને આશ્ચર્યના ભાવ સાથે કહ્યું, "અહીં તો નહીં જ, આપણે ભાગી જઈશું. એટલે કે હું તારી સાથે ભાગી નીકળીશ. આપણે અહીંથી સાથે દાદરો ઊતરી જઈશું અને તું નીચેના ખંડમાં તારો સામાન મૂકી દેજે, તે દરમ્યાન હું બીજા કોઈનો કોટ પહેરીને આગળના દાદરા ઉપરથી બહાર ચાલ્યો જઈશ. ત્યાર બાદ આપણે વાહન ભાડે કરીને હંકારી જઈશું."

"સારું ત્યારે, ચાલો જઈએ," યુવતીએ એવી રીતે કહ્યું જાણે કે તેઓ બંનેની વચ્ચે ખૂબ લાંબા સમય પહેલાંથી જ નક્કી થઈ ગયેલું હોય.

એવું કંઈક છે કે જે ઑસોકિન સમજી શકે છે અને સાથે સાથે નથી પણ સમજતો અને નવી નવી અપેક્ષાઓથી તેનું સમગ્ર અસ્તિત્વ ભર્યું ભર્યું થઈ જાય છે. તે એવી આહ્‌લાદક આનંદની લાગણી અનુભવે છે કે એકીસાથે ઘણીબધી નવી બાબતો અને ઘણુંબધું અનઅપેક્ષિત તદ્દન બદલાઈ જાય છે. આગળ ફરીથી કંઈક નવીન ઘટના આકાર લઈ રહી છે જે અગાઉ ક્યારેય ઘટી નથી એવી વિવિધ રંગોથી ભરેલી કોઈક વિસ્મયકારક ઘટના !

તેઓ પરસાળમાં ચાલ્યાં આવે છે અને ત્યાંથી દાદરો ઊતરી નીચે આવી જાય છે. લાંબો અને અંધારિયો દાદરો કે જે હૉલમાં દોરી જાય છે.

"આપણે ખોટા દાદરાએ આવી ગયાં છીએ," ઑસોકિને કહ્યું.

"એનાથી કંઈ ફર્ક પડતો નથી," તેણે ધીમા મૃદુ અવાજે કહ્યું. "આ દાદરો સીધો જ આપણને બહાર દોરી જશે." અંધારામાં તે તેનો હાથ ઑસોકિનના ગળા ફરતો વીંટાળી દે છે અને મૃદુતાથી તેનું માથું પોતાના માથા સાથે દબાવે છે.

યુવતીના હાથના સ્પર્શથી સ્પંદિત થયેલો ઑસોકિન તેના ચહેરા ઉપર રેશમના સ્પર્શનો અનુભવ કરે છે. અત્તરની સુગંધ અને સુંવાળા તથા હૂંફાળા એક મૃદુ સંપર્કથી ઑસોકિન ઉત્તેજિત બની જાય છે. ઑસોકિન મનમાં આનાકાની કરતો આ યુવતીને પોતાના બાહુપાશમાં જકડી લે છે. ઑસોકિનને યુવતીના બ્લાઉઝ નીચેના કડક અને સુંવાળાં સ્તનોના સ્પર્શની આહ્‌લાદક અનુભૂતિ થાય છે. મધુર છતાંય કષ્ટદાયક એવી ધ્રુજારી તેના આખા શરીર પર કબજો લઈ લે છે. ઑસોકિન તેના હોઠો તેના ગાલ પર ચોંટાડી દે છે અને તેના ઝડપથી ચાલતા શ્વાસોશ્વાસનો અહેસાસ કરે છે. બંનેના હોઠોનું મધુર મિલન થાય છે. "શું આ વાસ્તવિકતા છે ?" ઑસોકિનની અંદરથી એક અવાજ ઊઠે છે. "હાસ્તો વળી", અંદરથી બીજો અવાજ પ્રત્યુત્તર વાળે છે. તેના સમગ્ર અસ્તિત્વમાં જબરદસ્ત આનંદની લાગણી અનુભવે છે. આ ક્ષણે તેને એમ લાગે છે કે તેઓ પૃથ્વીથી અલગ થઈ ગયાં છે અને આકાશમાં ઊડવા લાગ્યાં છે.

એકાએક દાદરા ઉપરથી કર્કશ અને અપ્રિય ઘંટ રણકી ઊઠે છે અને છાત્રોનો ઘોંઘાટ સંભળાય છે. દુઃખદાયક લાગણી ફરી એક વાર ઑસોકિનના હૃદય ઉપર મજબૂત પકડ જમાવે છે. હવે તે ચાલી જશે.

"આપણને બહુ મોડું થઈ ગયું છે," ઑસોકિનના બાહુપાશમાંથી પોતાના શરીરને મુક્ત કરતી યુવતીએ કહ્યું.

ઑસોકિન પણ એવી લાગણી અનુભવે છે કે તેણે તેને ગુમાવી છે, અત્યંત સુંદર, પ્રફુલ્લિત અને આનંદકારક એવું કંઈક પોતાનાથી છટકીને ભાગી રહ્યું છે.

"પ્રિય, સાંભળ ! મારે હવે ભાગવું જ પડશે, નહિતર બહુ મોડું થઈ જશે. પણ હું ફરીથી આવીશ. મારી રાહ જોજે, તું સાંભળે છે ?

મને ભૂલી ન જતો..."

હળવેથી દાદરો ઊતરતાં ઊતરતાં યુવતી બીજું પણ કંઈક કહે છે, પરંતુ મોટેથી વાગતા ઘંટના અવાજમાં તેનો અવાજ દબાઈ જાય છે અને ઑસોકિન તેને સાંભળી શકતો નથી. યુવતી દષ્ટિમર્યાદાની બહાર ચાલી જાય છે. ઑસોકિનને તેની પાછળ દોડી જવાની પ્રબળ ઈચ્છા થઈ આવે છે, તે ક્યાં જઈ રહી છે તે જોવાનો ઑસોકિન પ્રયત્ન કરે છે – અને તેની આંખો ખૂલી જાય છે.

તેની પથારીની તદ્દન પાસેથી એકધ્યાનથી ઘંટ વગાડતો છાત્રાલયનો નોકર – 'દેડકો' (પ્રોકૉફી) – પસાર થાય છે.

સવારનો સમય છે.

ઑસોકિન સંપૂર્ણ જાગે તે પહેલાં કેટલીક ક્ષણો પસાર થઈ જાય છે. સુખદ ચુંબનોમાંથી મળેલ વેદનાથી મિશ્રિત આનંદની યાદ તેને ભર્યો ભર્યો કરી નાખે છે.

તેને થયેલ અનુભવ, શયનખંડમાંથી આવતા છોકરાઓના અવાજો અને દીવાઓમાંથી આવતા ઝાંખા પ્રકાશથી તેને તદ્દન નિર્લેપ રાખે છે. હજુ તે અત્તરની સુગંધ, ગળે વીંટળાયેલ હાથનો સ્પર્શ તથા તેના ગાલને સ્પર્શેલા તેના સુંવાળા વાળનો અહેસાસ કરી રહ્યો છે.... જાણે આ બધું હજુ તેની પાસે જ છે. તેનું હૃદય ખૂબ ઝડપથી – ધબકી રહ્યું છે. એનું અંગેઅંગ એક પ્રકારના વિસ્મય અને આનંદથી સજાગ થઈ ગયું છે.

"તે કોણ છે ?" આખરે તેના મસ્તિષ્કમાં પહેલો વિચાર આ આવે છે. તેણે કહ્યું હતું કે તે ફરી પાછી આવશે, પરંતુ ક્યારે ? તેણે છેલ્લે છેલ્લે જે કહ્યું તે મેં શા માટે સાંભળ્યું નહિ ? અત્યારે હવે હું શું કરું ?"

તેનું સ્વપ્ન સરી જવાથી તે ખૂબ હતપ્રભ બની જાય છે. તેને એમ લાગે છે કે તે હજુ પણ તેને પોતાની પાસે પકડી રાખે અને પૂછે કે તે કોણ છે ? ક્યાંથી આવે છે, અને આ બધા રહસ્યનો શું અર્થ છે ?

અને જો આવું ખરેખર બન્યું હોય તો તેની આજુબાજુ બનતી

અત્યારની ઘટનાઓ તેને બિલકુલ બિનજરૂરી, મૂર્ખાઈભરેલી, અર્થવિહીન અને અકળાવનારી લાગે છે. બીજા દિવસનો ઉદય અને પાછું તેમાંથી ફરીથી પસાર થવાનું તેને ત્રાસદાયક લાગે છે અને સાથે સાથે તેને એવી પણ લાગણી થાય છે કે જે ઘટના ઘટી તે તો સારું જ થયું ને ! ભલેને સ્વપ્નમાં તો સ્વપ્નમાં ! તેનો અર્થ એ થયો કે આવું ફરી પણ બની શકે. સૂર્યનાં કેટલાંક સોનેરી કિરણો દૂર દૂર પ્રકાશી રહ્યાં છે જાણે કે સૂર્યનો નવીન ઉદય થઈ રહ્યો ન હોય !

"પરંતુ તે કોણ છે અને ક્યાંથી આવે છે ?" ફરીથી તે પોતાની જાતને પ્રશ્ન કરે છે, "મને તેનો ચહેરો યાદ આવતો નથી - અને છતાં હું તેને ઓળખું છું. શું હું તેને ખરેખર ઓળખું છું ?"

ધુમ્મસ જેવા અસ્પષ્ટ સ્વપ્નની અસર હેઠળ ઑસોકિન આખો દિવસ પસાર કરે છે. તેની યાદદાસ્તમાં આ બધું સંઘરી રાખવા અને સ્વપ્નને ફરી ફરીને જીવવા માંગે છે. તે એ સમજવા માંગે છે કે આ અજાણી છોકરી કોણ છે ? પરંતુ સ્વપ્ન ધીમે ધીમે ઝાંખું થતાં થતાં લુપ્ત થઈ સરી જાય છે - છતાં તેના અવશેષો તો રહે છે.

બપોરે ફરીથી સ્વપ્નને યાદ કરતાં કરતાં જીવનની ઘટનાઓ સાથે તેની સરખામણી કરતો ઑસોકિન એ જાણીને ચોંકી ઊઠે છે કે ઝિનૈડાની છાપ સાવ જ ઝાંખી અને ધૂંધળી થઈ ગઈ છે. કોઈપણ પ્રકારની વ્યથા વગર તે તેને યાદ કરી શકે છે. અરે, ગઈ કાલની જ વાત લો ને – ઝિનૈડા વિશેનો વિચાર માત્ર તેને તીવ્ર વ્યથા આપતો. જેવું તેને આનું ભાન થાય છે કે તરત જ તેના મગજમાં એક ઝબકારો થાય છે અને સેકન્ડના દશ હજારમા ભાગ જેટલા સમય માટે તેની માત્ર યાદ નહિ પણ યાદના પડછાયાના રૂપમાં લાલ રિબન બાંધેલી છોકરી ખડી થઈ જાય છે કે જેની સાથે તે ઝવેનીગોરોડ વિશે વાત કરતો હતો.

"અચ્છા, તો તે ત્યાંથી આવી હતી," તેણે પોતાની જાતને કહ્યું. પરંતુ આ ક્ષણે તે અનુભવે છે કે ફરીથી તે સર્વસ્વ ભૂલી ગયો છે. હવે તેને માત્ર એટલું જ ભાન છે કે ભૂતકાળમાં બનેલી – ઝિનૈડા સાથેની ઘટના જેવું જ કંઈક ઘટી ગયું છે. કદાચ તે પણ સ્વપ્ન હતું.

ફરીથી એકવાર તેનું મગજ વિચારનો તંતુ પકડી લે છે.

"હા, તો આનો અર્થ એ થયો કે," તેણે સ્વગત કહ્યું, "આ ઘટના પછીથી બની હશે ? પરંતુ પછી એટલે ક્યારે ? ઑસોકિન ગૂંગળાવા માંડ્યો.

ત્યાર બાદ તેનું મન એક તારણ પર આવે છે. તે પોતાની જાતને કહે છે – "આ ઘટના બની નથી પરંતુ આગળ ઉપર મારા જીવનમાં આ ઘટના બનવાની છે."

જોકે આ તારણને તે હજુ પણ સંપૂર્ણપણે સમજી શકતો નથી, પરંતુ આ યુવતીના આવવા બદલ તેનું સમગ્ર અસ્તિત્વ કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે.

આ ઘટનાને સમજવાનો આ છેલ્લો પ્રયત્ન કર્યા પછી તેનું મન વધારે સમજવાનો ઇન્કાર કરે છે. ઑસોકિનને લાગે છે કે તેનું સ્વપ્ન ઝડપથી ઝાંખું થતાં થતાં અદશ્ય થઈ રહ્યું છે અને તેનો શેષ પણ બાકી રહેશે નહિ. સાંજ સુધી તેના વિચારોમાં તે સ્વપ્નને વાગોળતો જ રહ્યો અને ઘણીવાર તેણે વિચાર કર્યો કે તેને અજાણી બાબતોની સમજના ઝબકારા થયા છે.

ઑસોકિન વિચારે છે : "ભૂતકાળ અને ભવિષ્યકાળ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ છે જ નહિ. આપણે જ ફક્ત તેને જુદાં જુદાં નામોથી ઓળખીએ છીએ – 'હતું' અને 'હશે'. વાસ્તવમાં આ બધું 'હતું' અને 'હશે' એકનું એક જ છે."

આખો દિવસ ઑસોકિનને સ્કૂલ અને તેની આજુબાજુનું વાતાવરણ કોઈ પારદર્શક પડછાયાઓ જેવું તદ્દન અવાસ્તવિક જણાય છે. ક્યારેક ઑસોકિનને એમ પણ લાગે છે કે જો એ પોતાની જાતને ઊંડા વિચારોમાં ગરકાવ કરી દે અને પછી આંખો ખોલીને આજુબાજુ જુએ તો બધું જ જુદું ભાસે અને કદાચ તેનું સ્વપ્ન ફરીથી પાછું શરૂ થઈ જાય.

શાળાનો વિદ્યાર્થી

શિયાળાની મોસમના રવિવારનો એક દિવસ. ચારે બાજુ બરફની વર્ષા થઈ રહી છે. શાળાના વિદ્યાર્થી જેવો લાગતો ઑસોકિન ચાંદીનાં બટનવાળા કાળા રંગનો ફરના કૉલરવાળો ભૂખરો ડગલો પહેરીને પ્રોક્રોવ્સ્કીના દરવાજા નજીકની એક નાની શેરીમાંથી પસાર થઈ રહ્યો છે. તેણે માથા પર ઘેરા ભૂખરા રંગની ટોપી પહેરી છે અને ટોપી ઉપર શાળાનો ચાંદીનો લોરલના પાનાના આકારનો બિલ્લો ટોપીની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યો છે. આજુબાજુ દૃષ્ટિ દોડાવતો ઑસોકિન શેરીના એક ખૂણા આગળ ઊભો રહી જાય છે.

"પહેલાં હતાં તેવા જ ઘરો અહીં ઊભાં છે," તેણે કહ્યું, "પરંતુ મને કેમ બદલાયેલાં લાગે છે ? નવાઈની બાબત એ છે કે બાર વર્ષોમાં કેટલા બધા ફેરફારો થઈ જતા હોય છે. ચાલ ત્યારે હું આજુબાજુમાં એક આંટો મારી લઉં. ક્રૂટિત્સ્કીનું નવું ઘર અહીં તો જણાતું નથી, તેઓ તો ક્યાંક આટલામાં જ રહે છે. જો મને ઝિનૈડા જોવા મળે તો ! પરંતુ આ કેવું વિચિત્ર કહેવાય ? મને તે જોવા મળે તો પણ હું તેનું શું કરીશ ? હું અત્યારે શાળાનો એક વિદ્યાર્થી છું જ્યારે તે એક નાની બાળા છે, અને છતાં રમૂજી બાબત એ છે કે તે વખતે પણ હું અહીંતહીં મૉસ્કોની શેરીઓ અને સાંકડી ગલીઓમાં અને મોટેભાગે તો અહીં જ કોઈકને શોધવાની અને મળવાની આશા સાથે ભટક્યા કરતો હતો. પરંતુ પહેલેથી જ આમ નાસીપાસ થઈ જવાનો કોઈ અર્થ નથી.

ઝિનૈડાને મળતાં પહેલા મારે તેના ભાઈને શોધી કાઢીને તેની મૈત્રી કરવાનું જ યોગ્ય રહેશે. તે લશ્કરી તાલીમમાં હોવો જોઈએ પરંતુ મને એ ખબર નથી કે તે લશ્કરના કયા જૂથમાં છે. આ બાબત મારા મસ્તિષ્કમાંથી બિલકુલ નીકળી ગઈ છે. મને યાદ છે કે લશ્કરી તાલીમ વિશેની તેણે મને ઘણી વાતો કરેલી. અત્યારે હું એ બધું જ ભૂલી ગયો છું. અલબત્ત, મારે તેને શોધી કાઢવો જોઈએ, નહિતર પછીથી અમે એકબીજાને ક્યારેય મળી નહિ શકીએ. મને એમ લાગે છે કે આ વખતે મારે લશ્કરી શાળામાં જવાને બદલે યુનિવર્સિટીમાં જવું જોઈએ. અને જ્યારે અમે લશ્કરી શાળામાં હતા ત્યારે ઝિનૈડા તો અગાઉથી જ પરદેશ જતી રહી હતી. આ વખતે અમારે ઝડપથી મળવું જોઈએ."

"કેવું વિચિત્ર લાગે છે આ બધું ! કેટલીક વાર એવું જણાય છે કે જાણે મારું અગાઉનું જીવન, ચમત્કારિક પુરુષ અને ઝિનૈડા, આ બધું 'મહાસમુદ્રની યાત્રાઓ'ના સ્વપ્ન જેવું જણાય છે. સારું, જોઈએ તો ખરા કે આગળ ઉપર શું થાય છે.

ઑસોકિન એક ઘર આગળ આવીને ઊભો રહે છે અને દરવાજા પર લગાવેલી નામની તકતી વાંચે છે.

"આ એ જ ઘર છે, હવે ?"

તે વરંડામાં નજર નાખે છે.

"આ આગળનું દ્વાર છે. ઘણું કરીને તેઓ અહીં જ રહે છે."

વરંડામાં દરવાન આવતો જણાય છે, તે જોઈને ઑસોકિન ત્યાંથી ચાલ્યો જાય છે અને ચાલતો ચાલતો શેરીમાં આગળ વધે છે.

"મારે આટલામાં જ આંટાફેરા મારતા રહેવું પડશે," તેણે પોતાની જાતને કહ્યું, "કદાચ કોઈ બહાર નીકળે પણ ખરું ! જો ક્રૂટિત્સ્કી બહાર નીકળે તો મજા આવી જાય. હું તેની સાથે તુરત જ વાત કરીશ. અરે હા, મને યાદ આવ્યું – તે પિટસબર્ગમાં અથવા કોઈક પ્રાન્તીય લશ્કરી દળમાં જ હતો. પરંતુ જો તે સાચું હોય તો પણ હું અત્યારે ઝિનૈડાને કેવી રીતે શોધી શકવાનો છું ?"

ઑસોકિન શેરીના પાછળના ભાગમાં ચાલ્યો જાય છે, એક બરફગાડી તેની બાજુમાંથી પસાર થાય છે અને કૂટિત્સિકીના ઘરના દરવાજા આગળ આવીને ઊભી રહે છે. એક નાની છોકરી ફરની ટોપી પહેરેલી અને એક સ્ત્રી બરફગાડીમાંથી બહાર આવે છે. જયારે સ્ત્રી ડ્રાઈવર સાથે વાતચીત કરી રહી હતી તે દરમ્યાન ઑસોકિન થોડો આગળ વધીને નાની છોકરી સામે જોઈ રહે છે.

"આ ઝિનૈડા છે કે બીજું કોઈ ? મને આ ઝિનૈડા નથી લાગતી. બેશક, હું તેને ઓળખતો હોવો જોઈએ. કદાચ તે એ જ છે. ગમે તે હોય આ નાની છોકરી તેના જેવી જ છે.

તે ફરીવાર તેની સામે ધારીને જુએ છે. ફરની ટોપી પહેરેલ સ્ત્રી આની નોંધ લે છે અને ઑસોકિન સામે આશ્ચર્યથી જોઈ રહે છે. ઑસોકિન પાછળ જોયા સિવાય ત્યાંથી ઝડપથી પાછો ચાલ્યો જાય છે.

"ધત્ તેરી કી ! કેવું મૂર્ખામીભર્યું કહેવાય ! શાળાનો એક વિદ્યાર્થી એક નાની બાળા તરફ તાકી રહ્યો છે. વળી તે ઝિનૈડા ન પણ હોય. અને તે સ્ત્રીએ મારી સામે આવી વિસ્મિત અને સૂચક નજરે શા માટે જોવું જોઈએ ? કેવું વાહિયાત કહેવાય આ ! લોકો હંમેશાં વસ્તુઓને મૂર્ખામીથી જ લેતા હોય છે, હું તેને જોઈ રહ્યો હતો તેની તે મહિલાને કેવી રીતે ખબર પડી ? કેવું વિચિત્ર લાગે છે ! હજુ હું સમજી શકતો નથી કે તેઓ કોણ હતાં ? મેં મહિલાને બરાબર જોઈ ન હતી તે વાતનું મને દુઃખ છે. કદાચ તે ઝિનૈડાની બા હશે. પરંતુ હું નથી માનતો કે આવું હોય."

તે શેરીના એક ખૂણા આગળ ઊભો રહે છે.

"હવે મારે શું કરવું જોઈએ ? અત્યાર સુધી હું એક શાળાના સામાન્ય વિદ્યાર્થી જેવી સામાન્ય હરકતો કરી રહ્યો છું અને બીજું શું કરવું તે વિચારી શકતો નથી. આવી ખાલી ખાલી શેરીમાં આમતેમ ભટકવું એ મૂર્ખતા જ કહેવાય અને ઠંડી પણ વધી રહી છે. અને વધુમાં જો તેઓ મને જોઈ જાય તો બહુ ખરાબ લાગે. તેઓ પાછળથી એવું પણ કહે કે :

"અમે તને પહેલાં પણ જોયો છે. તું હંમેશાં અમારી શેરીમાં આમતેમ આંટા મારતો હતો. શા માટે ? ના, મારે અહીંથી ચાલ્યા જવું જોઈએ. ગમે તેમ મને એટલી તો ખબર પડીને કે તેઓ ક્યાં રહે છે. પરંતુ મને એ વાતનો અફસોસ છે કે હું ક્રૂટિત્સ્કિને મળી શક્યો નહિ."

ઓસોકિન ત્યાંથી ચાલ્યો જાય છે.

બા

રવિવારની એક સાંજે પોતાના ઘરમાં ઑસોકિન અને તેની બા ચાના ટેબલ આગળ બેઠાં છે. ઑસોકિનની બા કંઈક વાંચી રહી છે અને ઑસોકિન તેની સામે જોઈ રહીને એવું વિચારે છે કે તેની બા થોડા સમય બાદ મૃત્યુ પામવાની છે. તેની અંતિમક્રિયાનાં દૃશ્યો તેની સમક્ષ વિવિધ રીતે ખડાં થાય છે. ઑસોકિન ઠંડો પડી જાય છે અને આ વિચાર માત્રથી દુ:ખી દુ:ખી થઈ જાય છે. તે ખૂબ જ ગભરાયેલો છે અને તેની બા પ્રત્યે ખૂબ જ દુ:ખની લાગણી અનુભવે છે.

ઑસોકિનની બા પુસ્તક નીચે મૂકીને તેની સામે જુએ છે.

'વાન્યા, તે તારું ગૃહકામ કર્યું ?'

વિચારમગ્ન ઑસોકિનને આ પ્રશ્નએ જાણે ઊંઘમાંથી ઉઠાડ્યો. તેણે ગૃહકાર્ય કરવાનું બાકી હતું, તે તદ્દન ભૂલી ગયો હતો. તેને આવતા વિચારોએ તેને સ્કૂલને લગતી બધી બાબતોથી ખૂબ જ દૂર રાખ્યો હતો. તેની બાએ પૂછેલો પ્રશ્ન તેને ખૂબ જ કંટાળાજનક, ક્ષુદ્ર અને અકળાવનારો જણાય છે.

"અરે, બા," તેણે કહ્યું, "તુંય શું આખો વખત ભણવાની જ વાતો કર્યે રાખે છે. હજી તો ઘણોય સમય છે. હું કંઈક જુદું જ વિચારી રહ્યો હતો."

તે હસે છે. "મને ખબર છે કે તું કંઈક જુદું જ વિચારી રહ્યો

હતો. પરંતુ આવતી કાલે તું ગૃહકાર્ય કર્યા વગર શાળાએ જઈશ, તો તને ખૂબ તકલીફ પડશે. તું રાત્રે મોડે સુધી લખવા બેસીશ તો સવારે વહેલો ઊઠી નહિ શકે."

ઑસોકિનને લાગ્યું કે તે સાચી છે. પરંતુ તે પોતાના ખિન્ન વિચારોમાંથી બહાર આવી શકતો નથી. આ વિચારોથી ઑસોકિન મૂર્છિત બનતો જાય છે, જયારે તેની બાના શબ્દો તેને રોજ-બ-રોજની સામાન્ય અને ભૌતિક જગતની યાદ અપાવી રહ્યા છે. તદુપરાંત તે એ ભૂલી જવા માગે છે કે તે વિદ્યાર્થી છે અને તેની આજુબાજુ પાઠ્ય-પુસ્તકો, ગૃહકાર્ય અને સ્કૂલ છે. તે એવું ઇચ્છે કે તેની બા તેના વિચારોને સમજી શકે, તે એવું સમજી શકે કે તેના માટે તેને કેટલું બધું દુઃખ થઈ રહ્યું છે, તે પોતાની બાને કેટલો બધો પ્રેમ કરે છે અને તેને એ વાતની નવાઈ લાગે છે કે હવે પછીથી હંમેશને માટે તે બાનાં મૃત્યુને શાંત ચિત્તે સ્વીકારી લેશે. તેને એમ લાગે છે કે તે બાને કંઈ જ નહિ કહી શકે કે આ બધું વિચિત્ર અને કાલ્પનિક છે અને તેને પોતાને સુધ્ધાં આ તેનાં સામાન્ય દિવાસ્વપ્નોમાંનું એક દિવાસ્વપ્ન જ જણાય છે.

તે બાને ચમત્કારિક પુરુષ વિશે અને જે અગાઉની જિંદગીમાંથી પાછો આવ્યો છે તે વિષે કેવી રીતે કહી શકે ? ખરેખર તે બાને કેવી રીતે સમજાવે કે તેને જોવા માત્રથી તેની અંદર કેવી રીતે તીવ્ર દુઃખ અને પીડાની લાગણી ઊઠે છે ? આડકતરી રીતે પણ બાને આ વાત કેવી રીતે કહેવી, તે રીત શોધવાનો તે પ્રયત્ન કરે છે. પરંતુ તેની બાના શબ્દો તેને આ બોલતો અટકાવે છે અને જે તે ભૂલવા ઇચ્છે છે તેના વિશે વિચાર કરતો કરી મૂકે છે.

"અરે, બા," તેણે કહ્યું, "તું હંમેશાં આવું જ કંઈક કહ્યા કરતી હોય છે. સારું, ધારો કે મને ગૃહકાર્યની કંઈ જ ખબર નથી, ધારો કે હું શાળાએ જતો નથી, તો પછી આ બધું બોલવાનો કંઈ અર્થ ખરો ?"

ઑસોકિન છંછેડાઈ જાય છે અને અગાઉના જે જીવનમાંથી વર્તમાન જીવન જોઈ રહ્યો છે તેની સંવેદના ગુમાવતો જાય છે. તેને શું

સતાવે છે તે તેની બાને કહેવાનું તેને માટે વધારે ને વધારે મુશ્કેલ બનતું જાય છે, અને તેની પ્રત્યેનો ગુસ્સો ભભૂકી ઊઠે છે અને કંઈક અજુગતું કહેવાની ઇચ્છા થઈ જાય છે. જોકે આ જ વખતે તેના પ્રત્યેની દયાની લાગણીને કારણે તે શારીરિક પીડાનો અનુભવ કરે છે.

"હું આવતી કાલે શાળાએ જવાનો નથી," તેણે કહ્યું.

"કેમ નથી જવાનો ?" ગભરાટ અને અચંબાના ભાવ સાથે બાએ કહ્યું.

"મને કંઈ જ ખબર નથી. મારું માથું દુખે છે." સ્કૂલના વિદ્યાર્થીની ટેવ મુજબનું કાયમનું બહાનું કાઢતાં તેણે કહ્યું, "હું ફક્ત ઘેર રોકાઈને વિચારવા માગું છું. આ બધા તદ્દન મૂર્ખાઓ વચ્ચે આટલો બધો લાંબો સમય હું રહી ન શકું. જો તેઓએ આવી બેવકૂફીભરી સજાઓ ન કરી હોત તો અત્યારે હું ઘેર રોકાયો ન હોત. હું હવે આવું ચલાવી લેવાનો નથી. તેઓ ફરીથી મને બે-ત્રણ અઠવાડિયાં માટે ગોંધી રાખશે."

"તને જે ગમે તે તું કર," તેની બાએ કહ્યું, "પરંતુ હું તને સચેત કરું છું કે શાળામાં તારી પરિસ્થિતિ વધારે વિકટ બનશે. જો તું કાલે શાળાએ નહિ જાય તો તેઓ તારી આ બાબતને તારા પડકાર તરીકે લેશે – પરંતુ તારા માટેનો નિર્ણય તારે જ કરવો રહ્યો. તને ખબર છે કે તારી બાબતોમાં હું ક્યારેય માથું મારતી નથી."

ઑસોકિન જાણે છે કે તેની બા સાચી છે અને આ બાબત તેને વધારે ગુસ્સે કરે છે. જીવનની આ નીરસ વાસ્તવિકતા અને તેના વિશે વિચારવાની જરૂરિયાત ઑસોકિનને તેના ખિન્ન વિચારોમાંથી બહાર કાઢી દૂર ખેંચી જાય છે, બંને જીવનની વિચિત્ર સંવેદના, સતત પીડા આપતી ભૂતકાળ અને ભવિષ્યકાળની યાદગીરીઓ તેને ખિન્ન બનાવે છે. તે વર્તમાન વિશે વિચારવાનું ઇચ્છતો જ નથી, તે વર્તમાનમાંથી છટકી જવા ઇચ્છે છે.

"હું આવતી કાલે જવાનો નથી," તે નર્યા દુરાગ્રહથી આ બોલી

ઊઠે છે, જોકે તે એવી લાગણી અનુભવે છે કે આ બાબત તેની બા માટે કેટલી દુઃખદાયક છે, અને તેને સાથે સાથે એ પણ ભાન થાય છે કે જીવનને નવી રીતે ગોઠવવાના તેના સઘળા નિર્ણયોની વિરુદ્ધ તે જઈ રહ્યો છે.

"સારું, કાલના દિવસ પૂરતી છેલ્લી વાર મને રજા પાડવા દે," તેણે પોતાની જાતને કહ્યું. "આવતી કાલે હું બધી બાબતોને ફરીથી વિચારી જોઈશ. મારે એક દિવસ તો ઘેર રહેવું જ છે. સ્કૂલ ક્યાંય નાસી જવાની નથી. ત્યાર બાદ હું મારા કામમાં ગોઠવાઈ જઈશ."

ફરીથી ઑસોકિન પોતાના વિચારોમાં ચાલ્યો જવા માગે છે.

"બા, શું તને એ વાતની ખબર છે," તેણે કહ્યું, "કે મને એવું લાગે છે કે આ પૃથ્વી ઉપર આ પહેલાં હું જીવન જીવી ગયો છું. તું પહેલાં હતી એવી જ અત્યારે છે અને હું પહેલાં જેવો હતો તેવો જ અત્યારે છું અને આ સિવાય પણ ઘણીબધી ઘટનાઓ હતી. મને ઘણીવાર એવું થાય છે કે આ બધું યાદ કરી કરીને તને કહી સંભળાવું."

"...અને તું એ વખતે પણ મને અત્યારે કરે છે એવો જ પ્રેમ કરતો હતો. અને મને સંતોષ થાય એવું જ બધું કરતો હતો," તેની બાએ કહ્યું.

સૌ પ્રથમ તો ઑસોકિન, તે શું કહે છે તે સમજતો નથી અને બા સાથે આશ્ચર્યથી જોઈ રહે છે – પોતે જે લાગણી અનુભવી રહ્યો છે તેનાથી તેના શબ્દો તદ્દન જુદા છે. થોડીવાર પછી તેને એ વાત સમજાય છે કે તેણે ગૃહકાર્ય કર્યું નથી અને શાળાએ જવા ઇચ્છતો નથી એટલે બાને માઠું લાગ્યું છે. આ બાબતનો વાંધો ઉઠાવવો તેને અર્થ વગરનો અને કંટાળાજનક લાગે છે. તેને લાગે છે કે આ ક્ષણે આ જીવનમાં તેની બા સમગ્રપણે તેની પાસે છે અને તેને એ બાબતની સમજ નથી પડતી કે અગાઉના જીવનની સંવેદના તે તેને કેવી રીતે સમજાવી શકે. બા પોતાને સમજી શકતી નથી તે જોઈને ઑસોકિન વધુ ને વધુ નિરાશ થતો જાય છે.

"બા, તું એની એ વાતો ફરીથી દોહરાવે રાખે છે," તેણે કહ્યું, "હું શાળાએ જઈશ, બસ !"

તે આવું એટલા માટે કહે છે, કેમ કે તેના મનમાં એ નિશ્ચિત જ છે કે તે જવાનો નથી. શાળાએ નહિ જવાનો વિચાર હંમેશાં એટલો પ્રબળ આવતો કે એક ક્ષણ માટે પણ જો તે આ વિચારને મનમાં પ્રવેશ કરવા દેતો તો તે તેના સમગ્ર મનનો કબજો લઈ લેતો.

"અલબત્ત હું ઇચ્છું છું કે તું જા," તેણે કહ્યું. "તું જાણે છે કે તારી શાળાની ગેરહાજરીને તેઓ કેવી રીતે લે છે. ઉપ-આચાર્યએ મને ક્યારનુંય કહેવડાવ્યું છે કે તેઓ તારી વર્તણૂકને સહન કરી શકતા નથી."

"તેઓએ આ સંદેશ તને પણ જણાવ્યો છે ?"

"હા, હા વળી."

આનો શું જવાબ આપવો તેની સમજ ન પડતાં ઑસોકિન શાંત થઈ જાય છે. હવે તેને સમજ પડી કે બા તેને શા માટે કાલે શાળાએ મોકલવાનો આગ્રહ રાખે છે, પરંતુ તે જવા ઇચ્છતો નથી, અને તે આ વાત પહેલેથી જ જાણે છે કે તે જવાનો નથી. તે ક્યારેક કોઈ બહાનું કે સમર્થન શોધવાનો પ્રયત્ન કરે છે પરંતુ આ બધાં વિશે વિચારવાનું તેને કંટાળાજનક અને દુઃખદાયક લાગે છે. તેના પોતાના જ તદ્દન ભિન્ન વિચારો તેને ક્ષુબ્ધ કરે છે. મારા વિશેના સમાચાર બાને પહોંચાડવાની તેઓની પાસે શું બીજી કોઈ જ રીત ન હતી ? તે બહુ જરૂરી છે અને એટલું જ અગત્યનું છે કે બા આ સમજે.

ઑસોકિન બા સામે એકીટશે જોઈને બેસી રહે છે. તેના મનમાં ખૂબ ગડમથલો ચાલી રહી છે. પોતાની બાને ચિંતાગ્રસ્ત અને ભયગ્રસ્ત બનેલી જોઈને ઑસોકિન ખળભળી ઊઠે છે. અને આ બાબત ચમત્કારિક પુરુષને મળવા ગયો ત્યારથી માંડીને અત્યારની ક્ષણ સુધીની જીવનની બધી જ યાદો ધીમે ધીમે લુપ્ત થતી જતી હોય તેમ લાગે છે અને માત્ર કાલ્પનિક જણાય છે. તેના પરદેશના દિવસો, ઝિનૈડા,

અરબાત ખાતેનું તેનું મકાન, જયાં તે એક મહિના કરતાંય ઓછા સમય અગાઉ રહેતો હતો – તે બધું જ અત્યારે સ્વપ્નવત્ બની ગયું છે. સૌથી વધારે મહત્ત્વનું તે છે કે તે એ માનવા જ માગતો નથી કે તેની બા મરી જાય. અને તેને બાની અંતિમક્રિયા યાદ આવે છે. અહીં આ રૂમમાં અને તેની હાજરીમાં આ વિશે વિચારવું ઑસોકિનને કોઈ ઉપજાવી કાઢેલા અવાસ્તવિક બિહામણા સ્વપ્ન જેવું લાગે છે.

તે ભૂતકાળ વિશે નહિ વિચારવાનો પ્રયત્ન કરે છે. તેને ભૂલી જવાનો પ્રયાસ કરે છે. અંદરખાને એ જાણે છે કે આ ખરેખર બન્યું જ છે પરંતુ આ વિશે વિચારવાથી તેનું આ જીવન સંપૂર્ણપણે અસહ્ય બને છે. ત્રણ અઠવાડિયાંનું તેનું શાળાનું આ જીવન તેની અને ચમત્કારિક પુરુષને મળવા ગયેલ ઑસોકિન વચ્ચે ઊંડી ખીણ બનાવે છે અને અત્યારે આવી જ ઊંડી ખીણ તેની અને તેની બાની વચ્ચે પડી ગઈ છે.

સતત ચકરાવે ચઢેલા તેના વિચારો કોઈક ચોક્કસ બિંદુએ આવીને અટકી જાય છે.

“હું એ માનવા તૈયાર જ નથી કે બા આટલી જલદી મરી જાય”, તેની સામે જોતાં જોતાં તે વિચારે છે. “હજુ તો તે ઉંમરમાં નાની છે. અને જો આ ઘટના અગાઉ ઘટી જ ગઈ છે ત્યારે અત્યારે તેનું પુનરાવર્તન થવું શું જરૂરી છે ? આ વખતે બધું જ અલગ રીતે બનવું જોઈએ. હું આ હેતુ માટે તો અહીં ફરી પાછો આવ્યો છું. અલબત્ત કેટલીક બાબતો એવી છે કે જે મારા ઉપર આધારિત નથી, પરંતુ કદાચ મારા પોતાના જીવનમાં પરિવર્તન લાવીને હું તેનું જીવન પણ બદલી નાખીશ. છેવટે તો મારા જ ત્રાસ અને પજવણીઓની અસરને કારણે તે હૃદયરોગથી મૃત્યુ પામી હતી. આ વખતે આવું કશું જ નહિ બને.”

તે તેની બાને એવું કહેવા ઇચ્છે કે આ વખતે તે જુદા જ પ્રકારનો વ્યક્તિ બનશે. તે પોતાની બાની ખાતર સમગ્ર જીવન બદલી નાખશે અને તે માટે પરિશ્રમ કરશે કે જેથી તે જીવી જાય. તે એવું ઇચ્છે કે આ શક્ય છે અને ખરેખર આવું જ બનશે. તે તેની બાને આવી ખાતરી કરાવવાની કોઈ રીત શોધવાનો પ્રયત્ન કરે છે પરંતુ તેને શબ્દો જડતા

નથી. તે જાણતો નથી કે આ બાબતને કેવી રીતે સમજવી, તેની અને એની બા વચ્ચે પડેલી ગેરસમજણની ખાઈને કારણે વ્યથિત થઈ જાય છે. એવી ખાઈ કે જ સંભવતઃ પુરાઈ ન શકે.

ફરીથી તેના વિચારો તેની બા પાસેથી ભટકતાં ભટકતાં ઝિનૈડા પર ચાલ્યા જાય છે. હવે તે કોઈપણ કડવાશ વગર તેના વિશે વિચારી શકે છે. તે મિનિત્સ્કીને પરણવાની છે તે સમાચારમાં હવે કંઈ દમ નથી. યાદદાસ્તમાં ફક્ત સારી બાબતો રહી છે જેવી કે – તેઓની મુલાકાતો, નદીએ ફરવા જવું, તેઓના વાર્તાલાપો, સાથે એકલા બેસીને ગાળેલી સાંજ – આ બધું જ ફરીથી અને વધારે સારી રીતે બનશે. તેઓની નવી મુલાકાત માટેની તે તૈયારી કરશે. તે અસહ્ય અવસ્થામાં નહિ રહે. તે તેને ગુમાવશે નહિ અને તેની બા પણ જીવતી રહેશે. મારી બાને ઝિનૈડા ચોક્કસ જોવા મળશે. તેને એમ લાગે છે કે તેઓ એકબીજાને જરૂર પસંદ કરશે.

ખાસ કરીને, આ વિચાર ઑસોકિનને અસ્વસ્થ બનાવે છે. મનમાં તદ્દન સ્પષ્ટ ચિત્ર ઊપસી આવે છે કે તે કેવી રીતે ઝિનૈડાને તેની બાને મળવા લઈ આવે છે. થોડી મિનિટો માટે તે માનસિક દબાણ અને તાણની હળવી લાગણી અનુભવે છે કે પછીથી જાણે કે તેઓ એકબીજાને ભવોભવથી ઓળખતાં હોય તેવી સંવાદિતા અને આત્મવિશ્વાસની અદ્ભુત લાગણીમાં ફેરવાઈ જાય છે. ઑસોકિન હંમેશ મુજબ ઘટનાઓ કેવી રીતે ઘટશે તેની આબેહૂબ કલ્પના કરે છે. જ્યારે એ ઝિનૈડાને પોતાના ઘેર લઈને આવશે ત્યારે – પોતાની સામું જોતી હસતી હસતી ઝિનૈડા કહેશે, તારી બા કેટલી સારી છે !"

'મેં કહ્યું જ હતું ને કે તે બહુ ભલી છે,' હળવેથી હાથ દબાવીને પોતે પ્રત્યુત્તર આપશે અને તેનો પણ તેને સારો એવો પ્રતિભાવ મળશે.

"તને વધારે ચા આપું ?" તેની બા પૂછે છે.

બાના પ્રશ્નથી ઑસોકિન ચમકી જાય છે અને તેની સામે આશ્ચર્યથી તાકી રહે છે.

થોડી ક્ષણો માટે પોતાનાં વેવલાં સ્વપ્નો માટે ઑસોકિન શરમની લાગણી અનુભવે છે, કારણ કે તે સ્પષ્ટપણે જાણે છે કે ઝિનૈડા અને પોતાની બામાંથી કોઈપણ આ સ્વપ્નોમાં ભાગીદાર થવાનાં નથી. બીજી જ ક્ષણે તે ખિન્ન થઈ જાય છે. તેઓ ક્યારેય તેની લાગણીને સમજી શકવાનાં નથી. જ્યારે તે તેઓને પોતાનાં અંતરનાં ઊંડાણમાં જે પડેલું છે તે આપવાની મથામણ કરી રહ્યો છે અને તેઓ બંને નજીવી દુન્યવી વસ્તુઓની માગણી કરી રહ્યા છે.

"હા, થોડી આપને," પોતાના વિચારોના તૂટેલા તારને ફરીથી જોડવાનો પ્રયત્ન કરતો યાંત્રિકતાથી ઑસોકિન કહે છે.

અને આમ સાંજ પસાર થઈ જાય છે.

તેની બાને ઑસોકિન અસ્વાભાવિક, સ્વપ્નવત્, શાંત અને પોતાનામાં જ ગરકાવ જણાય છે. તેની બાને તે ટૂંકાટચ જવાબો આપે છે. મોટેભાગે તો તે બાનું કહેલું સાંભળતો જ નથી. બધો જ સમય તે કંઈક બીજું જ વિચારતો હોય છે. તેની સાથેના વ્યવહારમાં તે અસ્વસ્થતા અને દુ:ખની લાગણી અનુભવે છે અને તેને ઑસોકિનની ખૂબ ચિંતા રહ્યા કરે છે.

પ્રકરણ : ૧૨

સોમવાર

સવારે સાડા સાત વાગે ઘરની કામવાળી ઑસોકિનને ઉઠાડે છે. કંઈક નિર્ણય લેવાનો બાકી હોય તેવા અસ્વસ્થ ભાવ સાથે ઑસોકિન જાગે છે.

"હું આજે શાળાએ જઉં કે ન જઉં ?" ગઈકાલે એણે પુસ્તકો ખોલ્યાં સુધ્ધાં ન હતાં. ગૃહકાર્ય તૈયાર કર્યા વગર જવું અશક્ય છે. તેના કરતાં એક-બે દિવસ ઘેર રહી જવું વધારે સારું. પોતાના મનમાં તો તેણે ગઈકાલ સવારથી જ નક્કી કરી રાખેલું કે તે શાળાએ નહિ જાય, પરંતુ તેણે કોઈક બહાનું શોધી કાઢવું પડશે. તેને એવી લાગણી થાય છે કે પોતે શાળાએ જશે એવું બાને કહીને ખોટી બલા ઊભી કરી છે.

લાંબા સમય સુધી ઊઠવાને બદલે તે પથારીમાં પડ્યો રહે છે. તેની ઘડિયાળ ઓશીકા આગળ મૂકે છે અને કાંટાની ગતિને જોયા કરે છે. કામવાળી વારંવાર રૂમમાં આંટો લગાવી જાય છે. છેવટે શાળાએ જવાના સમયે સાડા આઠ વાગ્યે ઑસોકિન પથારીમાંથી ઊઠે છે. ઘેર રહેવા બદલ પોતાની જાત પર ગુસ્સે થાય છે પરંતુ તેને લાગે છે કે શાળાએ જવા માટે પ્રેરે તેવું ત્યાં કંઈ જ નથી. આજે એ તેને ગમે તેવું કંઈક વિચારવાનું ઇચ્છે છે અને ના ગમે તેવી મૂંઝવણભરેલી અને કંટાળજનક બધી જ બાબતો તે આવતી કાલ પછીના દિવસ માટે મુલતવી રાખવાનું ઇચ્છે છે. આજે તે આખો દિવસ સોફા પર પડ્યો પડ્યો વાંચ્યા કરશે અને બસ વિચાર્યા જ કરશે... પરંતુ તેને હૃદયમાં

કંઈક ડંખતું જણાય છે; પરંતુ પોતાના અંતરાત્મામાંથી ઊઠતી આશંકાઓ અને પોતાના વિશેની અસ્વસ્થ લાગણીમાંથી છુટકારો મેળવી શકતો નથી.

"આ બધું ખોટું છે," તે પોતાની જાતને કહે છે. "જો હું ખરેખર અહીં બધું નવેસરથી કરવા આવ્યો છું તો શા માટે હું બધું જ એની એ જૂની રીતે કરું છું ? ના, મારે દૃઢતાપૂર્વક એ નક્કી કરવું જ પડશે કે કઈ રીતે કોઈક ક્ષણથી બધું જ બદલાઈ જાય. છેવટે તો કદાચ હું ઘેર રોકાયો છું તે સારું જ થયું છે. ઓછામાં ઓછી બાબતોને હું શાંતિથી વિચારી તો શકું છું. પરંતુ હું શા માટે મારી જાતને કંગાળ અનુભવું છું ? હવે હું જ્યારે ઘેર રહ્યો જ છું ત્યારે મારે આનંદમાં રહેવું જોઈએ, નહિતર અહીં ઘેર રહેવાથી કે શાળાએ જવાથી કંઈ ફર્ક પડતો નથી.

આ ક્ષણે પોતે બાનો કેવી રીતે સામનો કરશે એ વિચાર આવતાં તે નિરાશ થઈ જાય છે. મોટે ભાગે તો તે મૌન રહેશે. ના, પરંતુ જો તેઓ એકવાર અરસપરસ ચર્ચા કરીને એકબીજાનાં દૃષ્ટિબિંદુઓ સમજવાનો પ્રયત્ન કરે તો વધારે સારું કદાચ, ત્યાર બાદ તેની સાથે વાત કરતાં તેને એ સમજાવવાની રીત મળી આવે કે તે શું જાણે છે અને શેના વિશે વિચાર્યા કરે છે. કમનસીબે, આવું થઈ શકશે નહિ. તે કશું જ નહિ બોલે અને બધી બાબતોમાં ન ગમે તેવી આ એક જ બાબત છે.

ઑસોકિન પોતાની જાત પ્રત્યે અસંતોષની અને સમગ્ર જગત પ્રત્યે નફરતની લાગણી અનુભવે છે.

"હવે મને એ યાદ છે કે આવી જ એક સવારે હું શાળાએ ગયો ન હતો," પોતાની જાતને કહે છે. "મને તે યાદ છે કે આ બાબતે મને ખૂબ તકલીફમાં મૂકેલો, અને છેવટે શાળામાં મારી સ્થિતિ ખૂબ જ અસહ્ય બની ગઈ હતી. ના, આ બધું બદલાવું જ જોઈએ. હું આજથી કામ કરવાની શરૂઆત કરીશ. હું કોઈ વ્યક્તિને શાળાએ મોકલીશ અને ત્યાંથી કોઈકને પૂછીને લખી લાવવાનું કહીશ કે શું તૈયારીઓ કરવાની છે. ત્યાર પછી મારે બા સાથે એ વાત પણ કરવાની છે કે હું

છાત્રાલયમાં છાત્ર તરીકે રહી શકું તેમ નથી. તેણે મારા માટે ફક્ત દિવસે જવાનું રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

ઝડપથી પોતાની કલ્પનામાં એવું ચિત્ર જુએ છે કે સાંજે બા પાસે બેસીને પોતાનું ગૃહકાર્ય કરી રહ્યો છે. હૂંફાળી અને આનંદદાયક લાગણીથી તે ગદ્ગદિત થઈ જાય છે અને આવા જ ખુશમિજાજ સાથે રૂમ બહાર નીકળી જાય છે.

ઑસોકિન બા સાથે સવારનો નાસ્તો કરી રહ્યો છે. બાને ખોટું લાગ્યું હોવાથી શાંત રહે છે. ઑસોકિન અસ્વસ્થ છે, કારણ કે તેણે ગંભીરતાથી કામ શરૂ કરવાનું વિચાર્યું છે તે બાબતની બાને જાણ ન હોવાથી તે હજુ પણ તેના આજે શાળાએ નહિ જવાની વાતને જ મહત્ત્વ આપ્યા કરે છે. ગુસ્સે ભરાયેલો ઑસોકિન શાંત રહે છે. તેની બા એક પણ શબ્દ બોલ્યા વગર ભોજનખંડ છોડી ચાલી જાય છે. આથી ઑસોકિનને લાગી આવે છે. તે બાને ઘણીબધી વાતો કહેવા માંગે છે. પરંતુ બા કોણ જાણે બંને વચ્ચે અડચણો ઊભી કરી રહી છે. ઑસોકિન દુઃખની લાગણી અનુભવે છે. જ્યારે તે શાળા વિશે વિચારે છે ત્યારે તેને એક બાબતની તો જાણ છે જ કે તેની આજની ગેરહાજરી કોઈની જાણ બહાર નહિ જાય. હવે તેને કંઈ પણ શરૂ કરવાની સહેજેય ઇચ્છા થતી નથી. તેને વાંચવાની કે વિચારવાની તો ઠીક પરંતુ પોતાના પાઠો તૈયાર કરવાની પણ ઇચ્છા થતી નથી.

તે થોડીવાર માટે બારી આગળ ઊભો રહે છે અને પછી દૃઢતાપૂર્વક ડગલાં ભરતો બારણા તરફ આગળ વધે છે.

"હું થોડું ચાલવા જઈશ," સ્વગત કહે છે. "અને પછી પરત આવીને કામ કરવા બેસીશ."

અત્યારે મૉસ્કોની શેરીઓ નિહાળવાનું તેના માટે અસાધારણ રીતે ઉત્તેજના જગાવનારું બની રહે છે. પહેલાં તો, અઠવાડિયાના ચાલુ દિવસે – તેના માટે આ સમય અજુગતો છે – બધું જ જુદું લાગે છે અને વધુમાં મોટાભાગની પરિચિત જગ્યા અત્યારે તેને અતીતની યાદ અપાવે છે કે તે સમયે શું બન્યું હતું. આ બધી યાદગીરીઓ વિચિત્ર

સંવેદનાઓથી ભરેલી છે.

ઑસોકિન બપોરના ખાણા માટે ઘેર પાછો આવે છે.

"શાળાએથી શિક્ષક ઘેર આવ્યા હતા," કામવાળીએ તેને કહ્યું, "તેણે બા સાથે વાત કરી હતી અને તે ઘણો ગુસ્સો ભરાયેલો હતો."

ઑસોકિનનું હૃદય બેસી જાય છે.

"હું આ વાત કેવી રીતે ભૂલી ગયો હોઈશ ?" સ્વગત બોલતાં તેણે કહ્યું, "ઉપ-આચાર્યએ ચોક્કસ એકાદ શિક્ષકને મોકલ્યો જ હશે." અને અલબત્ત એણે મને ઘેર નહિ જ જોયો હોય મને યાદ છે કે આવું જ અગાઉ બન્યું હતું. હવે તકલીફ શરૂ થશે. બાએ તેને શું કહ્યું હશે તે તો એ જ જાણે !" તેની બા રૂમમાં દાખલ થાય છે, બેચેન જણાય છે.

"વાન્યા, હમણાં જ તારી શાળામાંથી શિક્ષક આવ્યા હતા તે કહે છે, અને મને તો એ પણ ખબર ન હતી કે તું બહાર ગયો હતો. મારે તેને શું કહેવું તે પણ સમજાયું નહિ. મેં કંઈક બહાનું બતાવવાનો પ્રયત્ન કર્યો કે તને આખી રાત દાંતનો દુઃખાવો હતો તેથી તું ડેન્ટિસ્ટ પાસે ગયો છે. પરંતુ આ બધું ખૂબ વિચિત્ર લાગતું હતું. તેણે એવું કહ્યું હતું કે તું જેવો ઘેર આવે કે તરત જે ડેન્ટિસ્ટનું પ્રમાણપત્ર લઈને તારે સ્કૂલમાં જવાનું છે. નહિતર તેઓ જાતે કોઈકને અહીં મોકલશે. આ બધું મને ગમતું નથી. મને ખોટું બોલતાં આવડતું નથી. આ શિક્ષકે જાસૂસની જેમ મારી ઊલટતપાસ કરી અને તું સૂવા ક્યારે ગયો, ક્યારે ઊઠ્યો, તું કયા ડેન્ટિસ્ટ પાસે ગયો હતો તેવા પ્રશ્નો પૂછ્યા. તેં શા માટે મને આવી સ્થિતિમાં મૂકી? હવે પછી તું શું કરવાનો છે ?"

ઑસોકિન બા પ્રત્યે દિલગીરીની લાગણી અનુભવે છે. તેને પોતાના કૃત્ય પર પસ્તાવો થાય છે અને શરમ અનુભવે છે અને વિશેષ કરીને વાસ્તવિકતાની ઝાંખી થતાં થથરી ઊઠે છે, કે આ બધું જ પહેલાં જેવી રીતે બન્યું હતું તેવી જ રીતે શરૂ થઈ રહ્યું છે, જાણે કે કોઈ જબરદસ્ત યંત્રનું ચક્ર હળવેકથી ફરી રહ્યું છે, એવું ચક્ર કે જેનાથી તે બંધાયેલો છે, જેને તે રોકી પણ નથી શકતો અને પાછું પણ ફેરવી

શકતો નથી. હા, આ બધું જ અગાઉ બની ગયું છે. તે નાનામાં નાની દરેક બાબતને યાદ કરે છે – તેની બાના શબ્દો, તેના ચહેરા પરનો ભાવ, ઠરી ગયેલા બારીના કાચ – અને તેને શું ઉત્તર આપવો તે સમજાતું નથી.

"બા, મારે તને એક વાત કહેવી છે," હૃદયમાં ગભરાટના ભાવ સાથે આખરે તેણે કહ્યું. અગાઉ કરેલ પુનરુક્તિના ભાન સાથે તે કહે છે, "હું છાત્ર તરીકે રહી શકું તેમ નથી, અને આજે હું શાળાએ જવાનો નથી. તારે શાળાએ જઈને આ વાત આચાર્યને કહેવી જ પડશે કે તેઓ મને દિવસના વિદ્યાર્થી તરીકે રહેવાની મંજૂરી આપે. મને ત્રણ રવિવાર માટે ગોંધી રાખવામાં આવ્યો છે. અને આ બધો વખત હું ક્યાંય બહાર ગયો નથી. શિક્ષકો એટલા આળસુ છે કે હવામાન ખરાબ હોવાનું બહાનું કાઢીને છાત્રોને બહાર ફરવા લઈ જતા નથી. દરેકેદરેક ફક્ત પોતાનું જ વિચારે છે અને કોઈને આ વાતની જાણ જ નથી કે બધા શિક્ષકો આવું જ ઠરે છે. આ વાત તું આચાર્યને જણાવજે. આ છેતરપિંડી કહેવાય. હું વધારે સહન કરી શકું એમ નથી."

"વાન્યા, તું જાણે છે કે મેં પોતે હંમેશાં એવું ઈચ્છ્યું છે કે તું મારી પાસે ઘેર જ રહે." તેની બા કહે છે, "પરંતુ તું એ સમજે છે કે જો તું છાત્ર તરીકે અભ્યાસ ચાલુ નહિ રાખે તો સરકારના વિના મૂલ્ય શિક્ષણનો હક્ક તારે ગુમાવવો પડશે. ત્યાર બાદ ફરીથી તું તેના માટે હક દાવો નહિ કરી શકે. તું એ વિચાર કે હું ઓચિંતી મૃત્યુ પામું તો તારું શું થાય. હું એવું ઈચ્છું છું કે તું હજુ વધારે એક-બે વર્ષ માટે છાત્ર તરીકે ચાલુ રહે."

"તું મૃત્યુ પામવાની છે એવું હું વિચારવા માગતો નથી." ઑસોકિન કહે છે. "તું મૃત્યુ પામવાની નથી. શા માટે આવું વિચારવું જોઈએ ? કદાચ હું તારા પહેલાં મરી જાઉં. શાળામાં હું વધારે સમય જીવી નહિ શકું. ત્યાં ટકી નહિ શકું. એના કરતાં તો આ સરકારની શિષ્યવૃત્તિ ગુમાવવી સારી."

તેઓ લાંબા સમયગાળા સુધી વાતો કરતાં રહે છે અને ત્યાર બાદ

તેની બા બહાર આવી ચાલી જાય છે. ઑસોકિન એકલો પડે છે.

"આ ભયાનક છે," પોતાની જાતને તે કહે છે. "શું ચમત્કારિક પુરુષ સાચો હોય તેવું શક્ય છે ? શું તે સાચું છે કે હું કંઈ જ ફેરફાર ન કરી શકું? અત્યાર સુધી બધું ઘડિયાળની જેમ યંત્રવત્ જ બન્યું છે. આ ભય પમાડે તેવું થતું જાય છે. પરંતુ આવું ન બનવું જોઈએ. હું શાળામાં ભણતો વિદ્યાર્થી નથી. હું મોટો માણસ છું. તો પછી શા માટે હું શાળાના વિદ્યાર્થીને લગતી બાબતો અને શાળાજીવન સાથે કામ પાડી શકતો નથી. આ બહુ બેવકૂફીભરેલું છે. મારે મારી જાતને હાથમાં લેવી પડશે અને જાતને કામે લગાડીને ભવિષ્ય અંગે વિચારવું જ પડશે. જોકે અત્યાર સુધી બધું સારા માટે જ થયું છે. હું દિવસના વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરીશ. મને ખબર છે કે આ બાબત ગોઠવાઈ જશે. પછીથી બધું વધારે સરળ બનશે. હું વાંચીશ, લખીશ અને ચિત્રો દોરીશ. મારે કંઈ પણ નહિ ભૂલવાનો પ્રયત્ન કરવો જોઈએ. મારું અંગ્રેજી કેવું છે ?"

લાંબા સમય સુધી તે વિચારમગ્ન રહે છે.

"એવી ઘણીબધી બાબતો છે કે હું યાદ રાખી શકતો નથી. હું બાને કહીશ કે હું અંગ્રેજીનાં કેટલાંક પાઠ્યપુસ્તકો ખરીદીને અંગ્રેજી શીખવાનો પ્રયત્ન કરીશ, મને એ વાતની ખાત્રી છે કે હું હજુ પણ અંગ્રેજી વાંચી શકીશ. પરંતુ મુખ્ય બાબત મારું શાળાનું કામ કરવાની છે. કોઈપણ ભોગે હું તેના તે જ ધોરણમાં બીજું વર્ષ નહિ રહું. જો હું તેના તે જ ધોરણમાં બીજી વાર ન રહું તો તેનો અર્થ એ થાય કે હું શાળાનો અભ્યાસ પૂરો કરીશ. જ્યારે હું પાંચમું ધોરણ પાસ કરીશ ત્યારે તે મેં બધી બાબતોમાં સારું પરિવર્તન આણવાનું શરૂ કર્યું છે તેનું ચિહ્ન હશે. મને યાદ છે કે અગાઉ હું ચોથા ધોરણમાં બીજી વાર રહ્યો હતો.

પ્રકરણ : ૧૩

વાસ્તવિકતા અને પરીકથા

એક વર્ષ પછી શાળાની વ્યાયામશાળા આગળ બપોરના ખાણા પહેલાં ઑસોકિન અને સોકોલોફ બારી પાસે ઊભા છે અને ચોગાન તરફ બહાર દષ્ટિપાત કરતાં જોવા મળે છે. ઑસોકિન હવે દિવસનો વિદ્યાર્થી છે, પરંતુ તે ચોથા ધોરણમાં જ રહ્યો છે. અને સોકોલોફ તેની સાથે થઈ ગયો છે.

"તારી અને ટુર્નીપ વચ્ચેની આ નવી તકલીફ શી છે ?" સોકોલોફ પૂછે છે, પણ તે મને સમજાતું નથી.

"આમ તો ખાસ કંઈ છે નહિ. તેઓ બધા તદ્દન મૂર્ખાઓ છે. તું ભૂગોળના પાઠ વખતે ત્યાં ન હતો. હું વૉલ્ગાના કિનારે આવેલાં શહેરો બાબતે જવાબ આપી રહ્યો હતો. ઉપરથી શરૂઆત કરીને હું નીચે સુધી આવ્યો અને મેં કહ્યું કે આ એ શહેર છે જયાં વોલ્ગા ઓકા નદીમાં ભળી જાય છે.

સૌ પ્રથમ તે કંઈ સમજ્યો નહિ અને પછીથી કૂદકો મારતો મારી તરફ બરાડ્યો : 'તું શું કહે છે એની તને ગતાગમ નથી. તું એમ કહેવા માંગે છે કે ઓકા નદી વોલ્ગામાં ભળે છે ?'

"ના," મેં કહ્યું, "મેં જે કહ્યું તે જ કહેવા માગું છું – જયારે વોલ્ગા નદી ઓકામાં ભળે છે."

તે બરાડી ઊઠ્યો, "તું ગાંડો થઈ ગયો છે ?"

"ના," મેં કહ્યું, "હું બિલકુલ ગાંડો નથી."

"તો પછી તું શું કહેવા માંગે છે."

"હું એ કહેવા માગું છું કે આપણા ભૂગોળનાં પાઠ્યપુસ્તકોમાં ભૂલ છે, કારણ કે ઓકા નદી વોલ્ગામાં ભળતી નથી પરંતુ વોલ્ગા નદી ઓકામાં ભળે છે."

"તને ખબર છે, પછી તે માત્ર મોં વકાસીને કંઈ પણ બોલ્યા વગર ઊભો રહી ગયો."

"તને એ કેવી રીતે ખબર પડી ?" છેવટે તેણે પૂછ્યું.

"અરે મેં આ જાતે જઈને જોયું છે," મેં કહ્યું. "જ્યારે તમે ઓકાના તટ પર ઊભા રહીને જુઓ, તો તમને દેખાય કે આ જગ્યાએ ઓકા વૉલ્ગા કરતાં મોટી છે. અને વોલ્ગા પોતાના બે તટમાંથી વહેતી તેમાં પડે છે અને અહીંથી ઓકા પોતાના પટમાં વહેતી આગળ વધે છે."

તે સાવ જ પાગલ થઈ ગયો. તેણે ગુસ્તાવને બોલાવવા મોકલ્યો અને પછીથી આચાર્ય ઝ્યૂશને, પરંતુ આચાર્ય ઝ્યૂશ આવ્યા ન હતા. મને લાગે છે કે તે હજુ બપોરનું ખાણું લેવા રોકાયા હતા.

"તેઓ તને શાળામાંથી કાઢી પણ મૂકે."

"અરે, બહુ સહેલાઈથી. તું કલ્પના પણ નહિ કરી શકે કે આ બધાથી હું કેવો થાકી ગયો છું. આ બધા છોકરાઓ અને આ બધા મૂર્ખાઓથી હું થાકી ગયો છું."

સોકોલોફ તેના ખભા ઉછાળે છે.

"મને તું સમજાતો નથી," તે કહે છે. "તું દિવસનો વિદ્યાર્થી બનવા માંગતો હતો. હવે તું દિવસનો વિદ્યાર્થી છે, તારે બીજું વધારે શું જોઈએ છે? ઓકા નદી વોલ્ગામાં ભળે કે વોલ્ગા નદી ઓકામાં ભળે તેનાંથી તને શું ફર્ક પડે છે ? તને લાગુ ન પડતી હોય તેવી બધી બાબતોમાં જ તું રસ લે છે. એક દિવસ તેઓએ તારું મેજ છાપાંઓથી

ભરેલું જોયું. શું આપણે રાજકારણમાં રસ લેવાનો છે ? બીજા દિવસે તેઓએ એવાં પુસ્તકો શોધી કાઢ્યાં કે જેમાં પંડિતોને પણ ખબર ના પડે કે કઈ બાજુથી શોધ કરવી. કેવો ભારે રમૂજી છે તું ! તારા ઘેર તને ગમે તે તું કર, પરંતુ શા માટે આ બધું શાળામાં ઘસડી લાવે છે ? અને તારે અહીં જે કરવું જોઈએ તે કંઈ કરતો નથી. તું ગયા ઉનાળામાં અંગ્રેજી શીખેલો પરંતુ બે વર્ષથી ગ્રીકમાં તારો દેખાવ અસંતોષકારક રહ્યો છે."

"પરંતુ શું તું એ જાણતો નથી કે મને ગ્રીકમાં ખૂબ કંટાળો આવે છે ?" ઑસોકિન કહે છે," "ગ્રીકની મારે અત્યારે શી જરૂર છે ? મને કહે તો ખરો, શેના માટે ? મારે જયારે ભવિષ્યમાં તેની જરૂર પડશે ત્યારે હું તે શીખી લઈશ, પરંતુ અત્યારે શા માટે ?"

"અત્યારે ? એટલા માટે કે જેથી તું અભ્યાસ પૂરો કરીને યુનિવર્સિટીમાં જઈ શકે," સોકોલોફે કહ્યું. "જે બાબતોને સરળતાથી લેવી જોઈએ તેમાં તું તત્ત્વજ્ઞાન લડાવી રહ્યો છે."

"અરે, તું તો બહુ સંવેદનશીલ છે. છેવટે તું નાપાસ થઈશ ત્યારે હું રાજી થઈશ."

"હું નાપાસ નહિ થાઉં."

"આગળ આપણે જોઈશું." સોકોલોફ સામે જોઈને ઑસોકિન હસે છે. તેને વારંવાર રમૂજ પડે છે, કારણ કે શું બનવાનું છે તે એ જાણે છે.

ઉપ-આચાર્ય તેઓની પાસે આવે છે.

"ઑસોકિન, મુખ્ય ખંડમાં આચાર્ય તને બોલાવે છે," તે કહે છે.

"તેઓને તારી ખબર પડી ગઈ છે. આવજે. આપણે ફરીથી એકબીજાને મળીશું નહિ," સોકોલૉફ હસે છે.

ઑસોકિન પણ હસે છે, પરંતુ કેટલેક અંશે છોભીલું. શાળાના અધિકારીઓના આ ખુલાસાઓ હંમેશાં ન ગમે તેવા જ રહેતા અને તેની વિરુદ્ધમાં ઘણા ગુનાઓ વધતા જ જાય છે.

દશ મિનિટ પછી વર્ગ-ખંડના બારણા આગળ ઊભેલા સોકોલૉફને મળવા ઑસોકિન દોડી જાય છે.

"શું, હજુ તું જીવે છે ?"

"હા, બુઢ્ઢો ટુર્નીપ હારી ગયો. ઝ્યૂશ આજે વધારે સારા મૂડમાં હતા. ચોક્કસપણે એણે બપોરનું ભોજન પણ સારું લીધું હોવું જોઈએ. જ્યારે મેં તેને એમ કહ્યું કે વોલ્ગા ઓકામાં ભળે છે ત્યારે તે મગરની જેમ મોં ફાડીને હસવા લાગ્યો અને બોલ્યો કે તેને આ બાબતની ખબર જ ન હતી અને તે હંમેશાં કાસ્પીઅન સમુદ્ર વિશે આમ માનતો હતો. ઊલટાનો આજે તે વધારે ઉદાર અને તદ્દન રમૂજી જણાતો હતો.

"સારું મને શાળામાં પાંચ વાગ્યા સુધી રોકવામાં આવશે. અલબત્ત આ 'છેલ્લી વાર માટે' અને એવું બધું, બીજી વાર તે મારી સાથે વાત સુધ્ધાં નહિ કરે એવું કંઈક કહ્યું."

"તેણે આવું કહ્યું ?"

"હા, હા, આવું જ બોલેલો – સાલો જાડિયો ભૂંડ !"

"એટલે કે તને વર્ગ-ખંડમાં રાખવામાં આવશે, એમ ને ! તને ખબર છે કે કેળવણી નિરીક્ષક આવવાના છે. તેઓ તને તેની સમક્ષ એક નમૂનાના વિદ્યાર્થી તરીકે રજૂ કરશે – એવો વિદ્યાર્થી કે જે અંગ્રેજી જાણે છે, જે શોપનહોર વાંચે છે અને એટલો બધો કર્તવ્યનિષ્ઠ છે કે સાંજના છ વાગ્યા સુધી શાળા છોડીને ઘેર પણ જવા માગતો નથી."

"તો પછી સંભવતઃ તે ચાલુ વર્ગ દરમ્યાન આવશે."

"ના, તેઓ તો કહેતા હતા કે પછીથી આવશે."

"સારું, ગમે ત્યારે આવે, નહિ તો જાય જહન્નમમાં !"

ઑસોકિન પોતાની જગ્યાએ જઈને બેસી જાય છે.

બીજો ઘંટ વાગે છે. ફ્રેંચ-શિક્ષક વર્ગમાં પ્રવેશે છે. ઑસોકિનના મનગમતા પાઠમાંનો આ એક પાઠ છે. તે મનમાં મોકળાશ અનુભવે છે કારણ કે તેને ફ્રેંચ ભાષા સારી એવી આવડે છે અને તેણે ધ્યાન

આપવાની તેને કંઈ જરૂર નથી અને તે પોતાના વિચારોમાં રાચી શકે છે. ફ્રેંચ શિક્ષકને ઑસોકિનની કોઈ જ ચિંતા નથી અને ફક્ત પ્રસંગોપાત્ત જ હકીકતમાં જોઈએ તો ભાગ્યે જ તે ઑસોકિનને પોતાની પાસે બોલાવે છે. તેની સાથે થોડી મિનિટે માટે ફ્રેંચમાં વાતો કરે છે અને પૂરા માર્ક્સ આપે છે. આ ફ્રેંચ જ એક માત્ર એવો શિક્ષક છે કે જે ઑસોકિન સાથે એક પુખ્ત વ્યક્તિ તરીકે વાત કરે છે અને ઑસોકિન હંમેશાં અંદરખાનેથી તેના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. જ્યારે જ્યારે તેઓ શેરીમાં મળતા ત્યારે આ ફ્રેંચ હંમેશાં તેની સાથે હાથ મિલાવવા ઊભા રહેતા અને તેની સાથે વાતચીત કરતા. "આ એક જ માણસ છે જે ભલો છે," તેની સામે જોઈને ઑસોકિન વિચારે છે.

ઑસોકિન પ્રખ્યાત એવું 'માર્ગોટ' ખોલે છે – એવું ફ્રેંચ પાઠ્યપુસ્તક કે જેને જોઈને રશિયન બાળકોની પેઢીઓ ભૂલી જતી કે શાળાએ જતાં પહેલાં તેમને કેટલું ઓછું ફ્રેંચ આવડતું હતું – અને તે પોતાના વિચારોમાં ખૂંપી જાય છે.

"હું બધું જ ખૂબ ઓછું સમજતો જાઉં છું," તે પોતાની જાતને કહે છે. "જો હું અહીં બીજા જીવનમાંથી પાછો આવ્યો હોઉં, અને હું અહીં જોઉં છું તે બધું સાચું હોય તો પછી ઝિનૈડા ક્યાં છે, બીજા બધા ક્યાં છે? કેટલાક અહીં છે, પરંતુ શું એનો અર્થ એ થાય કે તેઓ આ જ સમયે ત્યાં પણ જીવી રહ્યાં હશે ? જો આવું હોય તો તેનો અર્થ એ થાય કે આપણે ફક્ત એક જ સ્થળે અને એક જ સમયે જીવતા નથી પરંતુ આપણે જુદા જુદા સમયમાં અને જુદા જુદા સ્થળમાં બધાં સાથે જીવતા હોઈએ છીએ. આ એક જ બાબત વ્યક્તિને પાગલ બનાવવા પૂરતી છે. કોઈ વ્યક્તિ સત્ય કેવી રીતે જાણી શકે? આ બન્યું છે કે નથી બન્યું ? ના, ના, આના વિશે કંઈ પણ નહિ વિચારવું વધારે સારું. હું વાંચીશ. વાંચ્યા વગર હું કેવી રીતે જીવી શકું ? વિચારોના વમળમાંથી છૂટવાનો બસ આ એક જ ઉપાય છે."

તે મેજ નીચે સંતાડી રાખેલું અંગ્રેજી પુસ્તક ખોલે છે. સ્ટીવન્સનની વાર્તાઓનું પુસ્તક તે વાંચે છે.

"હા, આ એ જ વાર્તા છે." તે પોતાની જાતને કહે છે, 'આવતી કાલનું ગીત' મથાળાનો અનુવાદ કેવી રીતે થઈ શકે ? છેવટે વિચારોમાંથી તો છુટકારો થવાનો નથી એટલે લાવને ઓછામાં ઓછું આ વાર્તામાંથી કંઈક અર્થ શોધવાનો પ્રયત્ન તો કરું."

ઑસોકિન લાંબા સમય સુધી સ્ટીવન્સનની આ અદ્ભુત કાલ્પનિક બોધકથાનો અર્થ પામવા માટે વાંચતો રહે છે. છેવટે પુસ્તક બંધ કરીને શૂન્યમનસ્ક, અવકાશમાં તાકતો બેસી રહે છે. આ વાર્તામાં એક ગૂઢાર્થ છુપાયેલો છે જેનાથી તે અસ્પષ્ટ છે... તેની સાથે ઘણીબધી આશ્ચર્યભરેલી અને અગમ્ય યાદગીરીઓ સંકળાયેલી છે.

સજા પામેલો

પાઠ પતી ગયા પછીનો એ જ દિવસ. ખાલી વર્ગ-ખંડમાં ઑસોકિન બારી પાસેની પાટલી આગળ પુસ્તક લઈને બેઠો છે. અંધારું થઈ રહ્યું છે.

ઑસોકિન પુસ્તક બંધ કરીને થોડા સમય માટે તેની બરાબર સામેની દિશામાં તાકી રહે છે અને ત્યાર બાદ લેમ્પ પર દૃષ્ટિપાત કરે છે.

"એ બાબત સ્પષ્ટ છે કે તેઓ મને અજવાળાની વ્યવસ્થા પણ નહિ કરી આપે," તે વિચારે છે. "બહુ સારું, મારે અંધારામાં બેસી રહેવું પડશે, પરંતુ આ બધું કેવું બેવકૂફીભરેલું છે ! હે પ્રભુ, કેવું જડ છે બધું ! અને જો હું કંઈ જ બદલી શકવાનો ન હોઉં તો પછી આવા જીવનનો ખરેખર કંઈ અર્થ ખરો ? આ જીવન એક ચાવી ચડાવેલું ઘડિયાળ માત્ર જ છે. તો પછી કશાયનો કંઈ અર્થ ખરો ? તો પછી અહીં શાળામાં બેસી રહેવાનો અને આ જીવનનોય શો અર્થ ? અલબત્ત, મારી જાતને શાળાના વિદ્યાર્થી તરીકે રહેવાનું દબાણ તો ન જ કરી શકું. માણસો વિનાના જીવનથી હું ખૂબ જ કંટાળી ગયો છું. આજુબાજુના વાતાવરણમાં ખોવાઈ ન જવાય એટલા માટે જ હું પુસ્તકોને વળગેલો રહું છું. મને લાગે છે કે આ છોકરાઓની સાથે રહીને હું પણ છોકરો બની જાઉં છું. હું મારી પોતાની નજરમાં જ હાસ્યાસ્પદ બનતો જાઉં છું. હું એક એવા માણસ જેવો છું કે જે દૂરના

કોઈ અંતરિયાળ ગામડામાં રહે છે અને પોતે ગામડિયો ન થઈ જાય તે માટે અંદરખાનેથી પાટનગર સાથે જોડાણ રાખવાનો પ્રયત્ન કરે છે. જે લવાજમો ભરીને દૈનિકપત્રો અને માસિકો મંગાવી વાંચે છે, જે ખરેખર તદ્દન બિનઉપયોગી છે, એટલું જ નહિ પણ ત્યાંના ગ્રામ્ય જીવન માટે તો હાસ્યાસ્પદ જ ગણાય. તેને એવી બાબતો વિશે વિચારવાનું ગમે છે કે જેનો મૉસ્કો અથવા પિટસબર્ગમાં કોઈ અર્થ કદાચ હોય પરંતુ તે જ્યાં છે તેનો તો કંઈ અર્થ જ નથી. ગમે તેમ પણ આ બધું વધારે હાસ્યાસ્પદ છે. મને દૈનિકપત્રો વાંચવાનો ખાસ રસ એટલા માટે છે કારણ કે શું બનવાનું છે તેની મને ખબર છે. માત્ર અફસોસની વાત એ છે કે હું ઘણુંબધું ભૂલી ગયો છું. ચમત્કારિક પુરુષ છેવટે તો સાચો જ હતો. હું કંઈ જ બદલી શકતો નથી. એટલું જ નહિ, પણ હું મોટાભાગનું ભૂલતો જાઉં છું અને આશ્ચર્યજનક છે કે મારી યાદદાસ્તમાંથી કેટલીય છાપો ઝડપથી અદશ્ય થતી જાય છે. સતત પુનરાવર્તન દ્વારા જ માત્ર આ યાદગીરીઓ સચવાઈ રહી છે. જો પુનરાવર્તન અટકી જાય તો તેઓ અદશ્ય થઈ જાય. મારી યાદદાસ્તમાં સતત બદલાતા રહેતા પ્રસંગો અને ચહેરાઓ ઊભરાય છે, પરંતુ હું લગભગ બધાં જ નામો ભૂલી ગયો છું. મેં ઝિનૈડાને શોધવાનો પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ ગયો. તેમના ઘર પાસેથી પસાર થયા કરવું વિચિત્ર બાબત છે. અત્યારે તે જ્યાં હોવી જોઈએ એવી કન્યાશાળા મેં શોધી કાઢી. મેં ત્યાં બે શનિવાર સુધી રાહ જોઈ પરંતુ હું તેને કેવી રીતે ઓળખી શકું ? છોકરીઓ ટોળામાં સાથે મળીને આવતી અને હસતી અને બેશક હું ત્યાં જાણે કે રખડું છોકરાની જેમ મૂર્ખા જેવો ઊભેલો લાગતો હોઈશ. જોકે મને બે છોકરીઓ ગમતી હતી, બેમાંથી કોઈપણ ઝિનૈડા ન હતી. ઝિનૈડાથી તેઓ બંને મોટી હતી. ક્રૂટિત્સકી અહીંની કોઈ લશ્કરી તાલીમમાં નથી. તેનો અર્થ એ થાય કે તે મૉસ્કોમાં નથી અને હું તેને માત્ર લશ્કરી શાળામાં જ મળી શકું. પરંતુ તો પછી ઝિનૈડા તો ક્યારનીય પરદેશ ચાલી ગઈ હશે અને છ-સાત વર્ષો સુધી પાછી નહિ ફરે. સારું ત્યારે, આ બધું જ અનિવાર્ય છે. મારે કાં તો તેને પરદેશ જઈને મળવું જોઈએ. અથવા અહીં જ રાહ જોવી જોઈએ. પરંતુ હું જ્યારે તેને મળું ત્યારે હું આવી નિઃસહાય સ્થિતિમાં તો ન જ હોવો

જોઈએ. આ સમય દરમ્યાન તો મેં યુનિવર્સિટીની ડિગ્રી પણ મેળવી લીધી હશે. લશ્કરી શાળામાં જવાની કોઈ જરૂર જ નહિ રહે અને સઘળું તદ્દન જુદું જ બનશે. ભયાનક બાબત એ છે કે આ મેળવવા માટે હું કંઈ કરતો નથી... મારે એકના એક જ ધોરણમાં બીજું વર્ષ વિતાવવાનું બન્યું જ કેવી રીતે હશે ? એક વર્ષ ગુમાવવું એટલે ! આ દીવાલોની વચ્ચે વધુ સાડા ચાર વર્ષ રહેવાનું કેવી રીતે એ મને ખબર નથી, પરંતુ એમ લાગે છે કે હું આવું કદાપિ ચલાવી નહિ લઉં. હવે મુખ્ય બાબત એ છે કે મેં પ્રત્યેક ધ્યેય ગુમાવી દીધું છે અને હું જે કંઈ જાણું છું તે જાણકારીથી તદ્દન કંટાળી ગયો છું. અને વધારે ખરાબ બાબત એ છે કે હું શાળામાં હતો તે પહેલાં આટલો જ કંટાળેલો હતો, કારણ કે ત્યારે પણ હું બધું જ જાણતો હતો. આ વિચાર ખૂબ જ ખરાબ છે. મને એમ લાગે છે કે બધું આપમેળે ફરી ફરી થઈ રહ્યું છે, એક કે બે વાર નહિ પરંતુ વારંવાર - ઑર્ગન પર વારંવાર વગાડાતી 'બ્લ્યુ ડાન્યુબ'ની જેમ, અને આ બધું મને મોઢે થઈ ગયું છે.

"અને ક્યારેક હું આનાથી તદ્દન વિરુદ્ધ વિચારું છું કે પહેલાં કંઈ જ બન્યું નથી, મેં બધું કલ્પનામાં જ જોયું છે. કોઈ ચમત્કારિક પુરુષ નહતો કે નહોતી ઝિનૈડા કે નહોતું કોઈ જીવન. પરંતુ આ બધું આવ્યું ક્યાંથી ? આ અને બીજી બધી બાબતો – તેની મને ખબર નથી. આ બધી બાબતોમાં ફક્ત એક બાબત ચોક્કસ છે અને તે એ કે હું તદ્દન કંટાળી ગયો છું અને મારું માથું વારંવાર દીવાલ ઉપર અથડાવવા માગું છું !"

કંટાળો

ઑસોકિન પાટલી પરથી ઊભો થાય છે અને અર્ધ-ઉજાસવાળા વર્ગ-ખંડમાં આમતેમ આંટા મારે છે. ત્યાર બાદ પરસાળ ભણી દોરી જતાં કાચનાં મોટા બારણા આગળ આવી, હેન્ડલથી તે ખોલવા પ્રયત્ન કરે છે. બારણાંને તાળું વાસેલું ન હતું.

"તેઓ તાળું વાસવાનું ભૂલી ગયા છે ?" તેણે સ્વગત કહ્યું, "શું હું કંઈ ન કરી શકું ? આ અત્યંત કંટાળાજનક છે. મારે હજુ અહીં આખો એક કલાક બેસી રહેવાનું છે."

તે પગલાંનો અવાજ સાંભળે છે અને આ અવાજ પરસાળ તરફ ઝડપથી જતો જણાય છે. સંભવતઃ તેઓ કોઈ મોટા માણસના આવવાની અપેક્ષા રાખતા હશે અથવા કદાચ તે આવી પહોંચ્યા છે." ઑસોકિન પોતાની જાતને કહે છે. તે થોડું બારણું ખોલીને બહાર જોઈ લે છે - "અરે, ત્યાં તો કોઈ નથી. ચાલને, હું જાતે જઈને તપાસ કરી લઉં !"

તે ધીમા પગલે પરસાળમાં આવે છે. બધે સ્તબ્ધતા છવાયેલી છે. કાચના બારણામાંથી ખાલી વર્ગ-ખંડમાં દૃષ્ટિ નાખતો તથા આગળ વધતો ઑસોકિન દીવાનખંડમાં આવે છે જ્યાં તેણે સ્વપ્નમાં કોઈ અજાણી યુવતી જોઈ હતી. દીવાનખંડ પ્રકાશથી ઝગમગતો હતો. તે બારણા તરફ સાવચેતીથી જુએ છે. ત્યાં કોઈ નથી.

"ધત્ તેરી કી !" તે સ્વગત કહે છે. "કેળવણી નિરીક્ષક સાહેબ

તો અહીંથી જ નીકળશે. શું હું આ દીવાલ પર કંઈક લખું ? એક-બે ભૂલો સાથે "પધારો મોટા સાહેબ" – લખ્યું હોય તો કેવું ? આ વિચાર સારો રહેશે. અફસોસની વાત એ છે કે એકેય ચૉક નથી."

તે વિચારે છે.

"પરંતુ આથી પણ સારું હજુ હું કંઈક કરી શકું તેમ છું." પોતાના ખિસ્સામાંથી ભૂખરા રંગનાં કાચનાં ચશ્માં બહાર કાઢે છે. તેની બરાબર સામે મુખ્ય ખંડના બારણાની છાજલી પર પ્લાસ્ટર ઑફ પેરિસનું અર્ધા કદનું જુલિયસ સિઝરનું પૂતળું નજરે પડે છે.

"જુલિયસ સિઝરના આ પૂતળાને હું ભૂખરા કાચનાં ચશ્માં પહેરાવીશ. આની તો નોંધ લેવાશે જ."

ઑસોકિન પગનાં આંગળાંઓ ઉપર ચૂપકીદીથી લાઇબ્રેરીના બીજા છેડે દોડીને જાય છે. ત્યાંથી ખુરશી લઈ આવે છે અને ખુરશી પર ચઢીને સિઝરના નાકના ટેરવે ચશ્માં પહેરાવી દે છે. ભૂખરા કાચના ચશ્માં સરસ રીતે બંધબેસતાં આવે છે. સિઝરનો ચહેરો વિદ્વત્તાભર્યો લાગે છે.

ઑસોકિન ખુરશી તેની મૂળ જગ્યાએ પાછી મૂકીને પરસાળમાં દોડી જાય છે. હવે તે ખાલી વર્ગ-ખંડમાં પાછા જવાનું ઇચ્છતો નથી, તે કોઈક બીજી યુક્તિ લડાવવાનું ઇચ્છે છે. તે પરસાળમાં ચાલતો ચાલતો વારાફરતી વર્ગ-ખંડોનાં બારણાં ખોલી જોવાનો પ્રયત્ન કરે છે. એક વર્ગ-ખંડનું બારણું તાળું વાસ્યા વગરનું ખુલ્લું હતું. આજુબાજુ નજર દોડાવતો ઑસોકિન વર્ગ-ખંડમાં સરકી જાય છે. અને બ્લેક-બોર્ડની પાછળથી ચોકનો ટુકડો ફંફોસીને શોધી કાઢે છે. તે પાછો લાઇબ્રેરીમાં દોડી જાય છે અને દીવાલ પરની નામાંકિત વિદ્યાર્થીઓનાં નામવાળી 'સુવર્ણ-તકતી'ની બરાબર નીચે સ્પષ્ટ મોટા અક્ષરોમાં બધા શબ્દોમાં જોડણીની ભૂલો સાથે કે જેથી પોતાના અક્ષરો ઓળખાય નહિ તેમ તે લખે છે. પધારો મોટા સાહેબ ! ત્યાર બાદ ચકળ-વકળ આંખોનાં ભાવવાળા મોં વકાસી જોઈ રહેલા કદરૂપા ચહેરાનું ચિત્ર દોરે છે. ત્યાર બાદ ખડખડાટ હસતો પોતાના વર્ગ-ખંડમાં ચાલ્યો જાય છે.

ઑસોકિન ત્યાં બારીના સળિયા આગળ બેસીને શેરી તરફ જોઈ રહે છે જ્યાં દિવાઓ ક્યારનાય પ્રકાશિત કરવામાં આવેલા હતા.

"કયો શેતાન આ બધી બેવકૂફીભરી હરકતો મારી પાસે કરાવે છે?" તે પોતાની જાતને પૂછે છે." "હવે તેઓ તપાસ શરૂ કરશે અને તેઓ મારું નામ અવશ્ય પહેલું જ વિચારશે. અફસોસની વાત તો એ છે કે તે મને બરાબર યાદ છે કે પહેલાં મેં બરાબર આવું જ કરેલું અને તે બદલ મને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. અત્યારે મેં શા માટે આ કર્યું ? અલબત્ત અહીંનું વાતાવરણ નીરસ છે, પરંતુ શાળામાં તો આવું જ હોય ને? શું આ મૂર્ખાઓ આ રમૂજને સમજી શકવાના છે ? તેઓને માટે તો હું આ શાળાનો એક સામાન્ય વિદ્યાર્થી છું. તેઓ અવશ્ય ધારી લેશે કે આ મેં કર્યું છે. જો હું મારી જાતને કોઈક રીતે વર્ગ-ખંડમાં પૂરી દઉં તો..."

તે બારણા આગળ જાય છે અને હેન્ડલ વાસવાનો પ્રયત્ન કરે છે. ત્યાર બાદ તેની ઘડિયાળમાં જુએ છે. "હજુ અર્ધો કલાક રાહ જોવાની છે. જો હું અહીંથી છટકી જઈ શકું તો ?"

આમ તેમ આંટા મારતો ઑસોકિન પાંચ મિનિટ પછી ફરીથી બારી આગળ આવીને ઊભો રહી જાય છે અને શેરીમાં જોઈ રહે છે.

"જોકે ચશ્માંનો તો તેઓ કંઈ વાંધો નહિ લે," તે કહે છે, "પરંતુ તેઓ જોડણીની ભૂલ – 'મોટા સાહેબ' – માટે અને દીવાલ પરના દોરેલા ચિત્ર માટે મને માફ નહિ કરે. જોકે ચશ્માં પહેરાવવા માટે પણ તેઓ માફ નહિ કરે. આ અને આવું બધું અપમાનજક જ ગણાય. સારું, હું કહી દઈશ કે આમાંનું હું કંઈ જાણતો નથી. હું હું નથી, ઘોડો મારો નથી, અને હું અસવાર પણ નથી... પરંતુ કમનસીબે ઉપ-આચાર્ય પાસે મને પકડી પાડવાનો રસ્તો હોય છે જ. મોટેભાગે મને લાગતુંવળગતું ન હોય તે કહેશે. ઑસોકિનને બોલાવો. અને બસ પછી આવી બન્યું સમજો, હવે એવું જ બનશે – જ્યારે એવી ખબર પડશે કે હું વર્ગ-ખંડ નજીક બેઠો હતો ત્યારે મને બોલાવવાની જરૂર નહિ રહે : સમગ્ર ઘટના બિલકુલ સ્પષ્ટ થઈ જશે. મારે જઈને બધું ભૂંસી નાખવું જોઈએ. ના, એ

બરાબર જણાતું નથી. હું વધારે ફસાઈ જાઉં એવું પણ બને.”

તે ઘડિયાળમાં જુએ છે.

“હજુ પંદર મિનિટનો સમય છે. શું હું મને વર્ગ-ખંડમાં પૂરી શકીશ ?”

તે ફરીથી બારણા આગળ જાય છે અને તાળું તપાસે છે. પરસાળ તરફથી કોઈનાં પગલાંનો અવાજ સંભળાય છે, ફરીથી પાછો ઑસોકિન કૂદકો મારતો બારણાથી બારી આગળ દોડી જાય છે. સમય ધીમેથી પસાર થઈ રહ્યો છે. દરેક મિનિટે તે ઘડિયાળમાં જોતો રહે છે.

આખરે પટાવાળો ઉર્ફે ‘વંદો’ હાથમાં ચાવીના ઝૂડા સાથે બારણા આગળ આવી પહોંચે છે. તે ચાવી શોધવા માટે લાંબા સમય સુધી ઝૂડો ફંફોસતો રહે છે અને તાળું ખોલવાનો પ્રયત્ન કરે છે અને માથું હલાવતો બીજી ચાવી દ્વારા ખોલવાનો પ્રયત્ન કરે છે. છેવટે તે બારણાને એક હળવો ધક્કો મારે છે અને બારણું ખૂલી જાય છે.

“અરે, આ શું ?” તેણે પૂછ્યું, “શું બારણું ખુલ્લું જ હતું ?”

“ના, ના, વાસેલું જ હતું,” ઑસોકિને પ્રત્યુત્તર વાળતાં કહ્યું, “તેં હમણાં જ તેને પ્રથમ ચાવીથી તો ખોલ્યું છે.”

“સારું, તું જઈ શકે છે,” વંદાએ કહ્યું. “ફ્રેનિચે મને તને જવા દેવાનું કહ્યું છે.”

“સારું, વંદા,” ઑસોકિને કહ્યું. “લે આ વીસ કૉપેક, જા મજા કર.” વંદા ખુશ થઈ ગયો અને મિત્રભાવે ઑસોકિનનો ખભો થબડે છે.

“વંદો મારી તરફેણમાં બોલશે,” તે પોતાની જાતને કહે છે, “પરંતુ નાટક હવે તરત જ શરૂ થશે, જાતને બચાવવાનો અત્યારે જ સમય છે.”

કેળવણી-નિરીક્ષકના આગમનની તૈયારી રૂપે વ્યાયામશાળાથી મુખ્ય ખંડ સુધીના અસામાન્ય પ્રકાશથી ઝળહળતા રસ્તા ઉપર દોડતો તે નીચે ઊતરી જાય છે.

આચાર્ય ઝ્યૂશ

શાળામાં બીજા દિવસની સવાર. શાળામાં પ્રવેશતાંની ક્ષણે જ ઑસોકિનને અમંગળનાં એંધાણ વર્તાય છે. બધા છોકરાઓ ટોળામાં ઊભા ઊભા ગુસપૂસ કરી રહ્યા છે. પરસાળમાં ઊભેલા સોફોલૉક પાસે ઑસોકિન ધસી જાય છે.

"બહુ સારું કર્યું ભાઈ," સોકોલૉફે કહ્યું, "જો આ બધું તેં જ કર્યું હોય, તો બસ હવે આવી બન્યું ! પરંતુ આ વખતે તો બધું પૂરું થઈ જશે."

"તું શું કહેવા માગે છે ?"

"બસ બહુ થયું, અજાણ્યા બનવાનો ઢોંગ ના કર. તું બધું સારી રીતે જાણે છે."

"હું કંઈ નથી જાણતો," ઑસોકિને કહ્યું, "હું જેવો અહીં આવ્યો કે મને ખબર પડી કે કંઈક બન્યું છે, પરંતુ થયું છે શું ?"

"સારું ત્યારે, વાત જાણે આમ છે, ગઈ કાલે કેળવણી-નિરીક્ષક આવવાના હતા. તને ખબર હશે કે કે તેમને અને ઝ્યૂશને ખૂબ લાંબા સમયથી ખટરાગ છે. કેળવણી-નિરીક્ષક પાંચ વાગ્યા પછી આવ્યા અને જોયું કે કોઈએ જુલિયસ સિઝરના પૂતળાને ચશ્માં પહેરાવેલાં હતાં અને દીવાલ પર 'મોટા સાહેબ મૂરખ છે' એવું કંઈક સ્વાગત-ખંડ આગળ લખેલું હતું. હું શરત મારીને કહું છું કે અમારામાંના કોઈ પણ કરતાં તું

આ વિશે વધારે જાણકારી ધરાવે છે. ત્યાં ઘણો શોરબકોર થઈ ગયો હતો. કેળવણી-નિરીક્ષક ધૂંઆપૂંઆ થઈ ગયેલા – અથવા એમ માનો ને કે એવા જણાતા હતા. તે ઝ્યૂશ પર ફિટકાર વરસાવતો કહી રહ્યો હતો કે તે શાળામાં શિસ્ત જાળવી શકતો નથી અને ત્યાર બાદ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો હતો. અત્યારે તેની તપાસ ચાલી રહી છે. ઝ્યૂશે ફરજ પર હાજર રહેલા બધા જ નોકરોની હકાલપટ્ટીના આદેશો કરી દીધા છે. જે પૈકી તે વખતે ફરજ પર રહેલા વંદો તથા વૅસ્સીલી અને કૉસેકનો સમાવેશ થાય છે. તેઓએ બધાએ દોષનો ટોપલો તારી ઉપર નાખ્યો છે. તે વખતે વર્ગ-ખંડમાં તું એકલો જ બેઠેલો હતો અને કેળવણી-નિરીક્ષકના આવ્યાના થોડા સમય પહેલાં જ તું ત્યાંથી જતો રહેલો. જો, તેઓ તને જ બોલાવતા લાગે છે."

"ઑસોકિનને આચાર્ય બોલાવે છે, ઑસોકિન ! ઑસોકિન !" પરસાળમાંથી બૂમના અવાજો સાંભળી શકાય છે.

ઑસોકિન શાળાના છોકરાઓના ટોળામાંથી પસાર થતો જાય છે. તેઓ બધા તેની સામે કુતૂહલથી જોઈ રહે છે. તે પરસાળ આગળ થઈને જ્યાં સિઝરનું પૂતળું રાખેલું હતું તે લાઇબ્રેરીમાં થઈને મુખ્ય ખંડમાં જાય છે.

વિશાળ ખંડમાં દૂરના છેડે ઝારના કદનું ચિત્ર મઢેલી સુવર્ણની વજનદાર ફ્રેઇમ રાખેલી છે. તેની બાજુમાં લીલા રંગની ચાદર પાથરેલું એક લાંબું ટેબલ છે. ટેબલની આસપાસ રાખેલી ખુરશીઓમાં આચાર્ય ઝ્યૂશ, ઉપ-આચાર્ય ગુસ્તોવ લૂકિચ અને કેટલાક શિક્ષકો બેઠેલા છે. તેઓની આસપાસ નજીકમાં જ ત્રણ નોકરો, બે મદદનીશ શિક્ષકો અને એક દિવસ અગાઉ ફરજ પર રહેલો શિક્ષક ફ્રેનિચ ઉર્ફે તૂર્નિપ ઊભા છે.

ઑસોકિન ટેબલ આગળ જાય છે. આચાર્ય ખૂબ જ ગુસ્સે થયેલા છે. ઑસોકિન નોકરો તરફ દૃષ્ટિપાત કરે છે. તેમાંના બે નોકરો, અને તેમાંય ખાસ કરીને વંદો તેની તરફ શંકાભરી નજર નાખે છે. તેનો ખાસ મિત્ર વૅસિલી તેની સામે નજર નહિ માંડવાનો પ્રયત્ન કરે છે.

ગુસ્સાના આવેશમાં આચાર્ય શરૂઆતમાં કંઈ બોલી શકતા નથી અને તેથી માત્ર સુસવાટા કરે છે – અને આખરે પોતાના શ્વાસને કાબૂમાં રાખીને ઑસોકિનની સામે જોયા સિવાય બોલવાનું શરૂ કરે છે. ઑસોકિનને એમ લાગે છે કે ઝ્યૂશ ગઈકાલના વૉલ્ગા અને ઓકા વિષય પર તે હસેલો એટલે તે નાખુશ છે એમ માને છે.

"ગઈ કાલે પાઠ પતી ગયા પછી તને પાંચ વાગ્યા સુધી વર્ગ-ખંડમાં રાખવામાં આવ્યો હતો ?"

"હા." ઑસોકિને કહ્યું.

"તું વર્ગ છોડીને બહાર ગયેલો ?"

"ના."

"તું લાઈબ્રેરીમાં ગયો હતો કે નહિ ?"

"ના."

"તું જૂઠું બોલે છે, હરામખોર !" ગુસ્સાથી આચાર્યનો ચહેરો લાલચોળ થઈ જાય છે અને ટેબલ પર મુઠ્ઠી પછાડે છે.

ઑસોકિનના ચહેરા પર લોહી ધસી આવે છે અને આચાર્ય તરફ એક ડગલું આગળ વધે છે. એકબીજાની આંખો મળે છે. ઑસોકિનના ચહેરા પરનો કોઈ ભયાનક ભાવ જોઈને આચાર્ય તેમની નજર હટાવી લે છે.

આચાર્યની અપમાનજનક ભાષા અને પોતાને શાળામાં વેઠવી પડેલી મુશ્કેલીઓના પ્રત્યુત્તરમાં ઑસોકિન જોસથી કંઈક અણઘટ અવાજમાં ઘાંટો પાડીને તેનું અપમાન કરવા ઇચ્છે છે. સમજણના અભાવને કારણે આવતો બધો જ કંટાળો તે આચાર્ય પર ઉતારવા માગે છે, પરંતુ તેનો અવાજ બેસી જાય છે, તેનો નીચલો હોઠ ધ્રૂજે છે અને થોડી સેકન્ડો માટે તે અવાક બની જાય છે.

પોતાનો શ્વાસ હેઠો બેસતાં, ઑસોકિનની સાથે નજર માંડ્યા સિવાય આચાર્ય કહે છે :

"કઈ વ્યક્તિ ફરજ પર હતી ?"

"ઈવાનૉફ", ઉપ-આચાર્યએ કહ્યું અને વંદો સાવધ થઈ જાય છે.

"ઑસોકિન જે વર્ગ-ખંડમાં હતો તેના બારણાને તાળું તેં વાસેલું ?"

"સાહેબ, કોણે તાળું વાસ્યું તે મને ખબર નથી. હું તો બગીચામાં હતો." વંદાએ કહ્યું. "જ્યારે હું ખોલવા આવ્યો ત્યારે તાળું વાસેલું ન હતું. તાળું એણે ખોલી નાખ્યું હોવું જોઈએ."

વંદો કિન્નાખોર નજરે ઑસોકિન તરફ જુએ છે. આવી નજરથી ઑસોકિન અસ્વસ્થતાની લાગણી અનુભવે છે. તે વંદા અને બીજી બે વ્યક્તિઓ માટે સહાનુભૂતિની લાગણી અનુભવે છે, પરંતુ તેની સાથે ભૂતકાળમાં મિત્રભાવે હસીને રમૂજ કરતાં કરતાં તે વાતચીત કરી શકતો તે વિચાર આવતાં તેને ઘૃણા ઉત્પન્ન થાય છે.

"એની મેળે ખૂલી ગયું એટલે તું શું કહેવા માંગે છે ?" આચાર્યએ પૂછ્યું.

"સાહેબ, કોઈકે તાળું તોડી નાખ્યું હોવું જોઈએ કેમ કે જ્યારે હું તાળું ખોલવા આવ્યો ત્યારે તેમાં ચાવી ફરતી જ ન હતી. મેં જેવું બારણું ખોલ્યું કે તે તરત જ ખૂલી ગયું. મેં તેને પૂછેલું, 'ઑસોકિન, આ તાળું તો ખુલ્લું છે.' અને તેણે કહેલું, 'જો, તાળું વાસેલું જ છે. તારે તાળું ખુલ્લું જ છે તે કોઈને કહેવાનું નહિ.' અને આ વાત નહિ કહેવા માટે તેણે મને વીસ કૉપેક આપેલા. જુઓ આ રહ્યા."

માનસિક તણાવને લીધે પરસેવાથી રેબઝેબ થયેલા વંદાએ ખિસ્સામાંથી વીસ કૉપેક કાઢીને બતાવ્યા.

દરેક જણ સિક્કાની સામે અને ઑસોકિનની સામે જોઈ રહ્યા.

ઑસોકિન રમૂજ અને ઘૃણાનો મિશ્ર ભાવ અનુભવે છે.

ઑસોકિનને એ વાતનું ભાન થાય છે કે વીસ કૉપેકનો આ સિક્કો તેની વિરુદ્ધનો સશક્ત પુરાવો છે અને આમ છતાં એ જાણે છે કે જે

કંઈ બન્યું એ તો તદ્દન જુદું જ હતું. તે એવી લાગણી અનુભવે છે કે પોતાનો બચાવ કરવાનો કોઈ અર્થ નથી. શાળાના વિદ્યાર્થી તરીકે આવો બચાવ કરવાની તેને સારી એવી તાલીમ મળેલી હતી. પોતાને નિર્દોષ પુરવાર કરવાનો પ્રયત્ન કરવો અને તે માટે જરૂર જણાય તો જૂઠું સુધ્ધાં બોલવાની બાબતને માન્ય ગણવામાં આવે છે, પરંતુ ત્યારે જ, જયારે પોતાની પર આરોપ મૂકનારને મૂર્ખ બનાવવામાં સફળતા મળવાની તક જણાતી હોય તો. જો આવી કોઈ શક્યતા જણાતી ન હોય તો શાળાના વિદ્યાર્થીના નીતિ-નિયમ પ્રમાણે મૂકવામાં આવેલ આરોપ ન્યાયી છે કે અન્યાયી તેની દરકાર કર્યા વગર સમભાવે શાંત રહેવું.

આવા વખતે ઑસોકિનને હસવાની ઇચ્છા થાય છે. એકાએક તે આ બધાથી ખૂબ જ દૂર હોય એવી લાગણી અનુભવે છે. તેને પોતે પુખ્ત માણસ હોવાનું ભાન થાય છે. તે અનુભવે છે કે જે કંઈ અહીં થાય છે તેની સાથે તેને કંઈ લેવાદેવા નથી. તેનો પુણ્યપ્રકોપ સંપૂર્ણપણે અદશ્ય થઈ જાય છે અને એક પ્રેક્ષકની માફક ઠંડે કલેજે ગતિવિધિ નિહાળી રહે છે.

"શું તાળું ખરેખર તૂટેલું છે ?" આચાર્ય ઉપ-આચાર્યને પૂછે છે.

"તાળું કામમાં આવે એવું નથી," ઉપ-આચાર્યએ કહ્યું, "તાળામાં કંઈક ભરાઈ ગયું છે.

"બસ, આટલું પૂરતું છે !" આચાર્યએ કહ્યું. તેમણે ફરીથી ક્રોધમાં સુસવાટો કર્યો.

"સારું ત્યારે," અંતે ઑસોકિનને સંબોધતાં તેણે કહ્યું. "તું તારી યુક્તિઓ ક્યાંક બીજે લડાવી શકે છે. અહીં અમારે તારા જેવા જૂઠા, તાળું તોડનારા હરામખોરની કોઈ જરૂર નથી. "તમે બીજા માણસોને રોકજો," તેણે ઉપ-આચાર્યને કાનમાં કહ્યું, "આના કારણે બીજાનો ભોગ લેવાવો જોઈએ નહિ."

"હું માનું છું કે સલાહમસલત માટે આપણે અહીં પૂરતા છીએ," આજુબાજુ જોઈને તે કહે છે.

ત્યાર પછી મદદનીશ શિક્ષકોમાંના એકને સંબોધીને તે કહે છે, "તેને સ્વાગત-ખંડમાં લઈ જાઓ અને તેની સાથે રહીને મારા બોલાવવાની રાહ જુઓ. જ્યારે હું બોલાવું ત્યારે એને મારી પાસે લઈને અહીં આવજો."

'વાયોલિન'ના નામે ઓળખાતો મદદનીશ શિક્ષક ઑસોકિનને સ્વાગત-ખંડ ભણી લઈ જાય છે. રસ્તામાં જ્યારે ઑસોકિન જુએ છે કે પેલો 'વંદો' પોતાની ખુલ્લી હથેળીમાં વીસ કૉપેકનો સિક્કો રાખીને હજુ ઊભો રહ્યો છે. આ રમૂજ જોઈને તે પોતાની જાતને ખડખડાટ હસતી મહાપ્રયત્ને રોકી રાખે છે. તેઓ સ્વાગત-ખંડમાં આવીને રાહ જોતાં બેસી રહે છે. ઑસોકિનનું મગજ કંઈક અંશે સુસ્ત થઈ ગયું છે અને તે હવે કંઈ પણ બાબત પર વિચારવા માંગતો નથી.

પાંચ-દશ મિનિટ પછી 'પેગંબર-ઇલિઆસ'ના નામથી ઓળખાતો એક બીજો લાલ દાઢીવાળો મદદનીશ શિક્ષક મુખ્ય ખંડનું બારણું ખોલીને ઇશારાથી 'વાયોલિનને' બોલાવે છે.

તેઓ સ્વાગત-ખંડમાં જાય છે.

આચાર્ય ટેબલમાંથી એક લાંબો કાગળ કાઢીને તેમાં અધિકારીની રૂએ દૃષ્ટિ નાખે છે. બે વખત ખોંખારો ખાઈને ઑસોકિનની સામે જોયા વગર મોટેથી વાંચે છે.

"શિક્ષકોની સલાહમસલત બાદ લેવાયેલ નિર્ણય અનુસાર ચોથા ધોરણના વિદ્યાર્થી ઈવાન ઑસોકિનને શિસ્તભંગના પગલા તરીકે મૉસ્કોની વ્યાયામશાળા નંબર–૨માંથી હાંકી કાઢવામાં આવે છે."

આચાર્ય કાગળને ટેબલ પર રાખે છે. ત્યાર બાદ ઊભા થઈને પાટલી આગળ આવે છે, અને સત્તાના ભાવ સાથે નોંધપોથી ઉપાડે છે.

ઑસોકિન સમજી જાય છે કે તેના માટે અહીં બધું પૂરું થઈ ગયું છે. એક ક્ષણ માટે પોતાનું નસીબ નક્કી કરનારા આ મૂર્ખાઓ ઉપર આવતા ગુસ્સાથી તે ફરી જકડાઈ જાય છે, પરંતુ તેને બદલે જાણે કે તેના પ્રતિભાવરૂપે ઠંડી સંવેદના અનુભવે છે : આ બધું પહેલાં બની

ગયું છે અને બરાબર આ જ રીતે બની ગયું છે. પોતાની જાતને આ સંવેદનામાં ઓગળી જવાની લાગણી તે અનુભવે છે. તે ત્યાં નથી. તે અસ્તિત્વ ધરાવતો નથી. તેની આજુબાજુ કંઈક બની રહ્યું છે, પરંતુ તેની સાથે કંઈ જ બની રહ્યું નથી અને આથી આ બધા સાથે સંપૂર્ણપણે તેને કંઈ જ લેવાદેવા નથી. રોમન ઇતિહાસમાં બનતી કોઈક ઘટનાની જેમ આ ઘટના તેને જરા પણ વ્યથિત ન કરી શકે.

આ બધા લોકો, આચાર્ય અને 'વંદો' એવું વિચારે છે કે અત્યારે આ ખરેખર બની રહ્યું છે. તેઓને એ વાતની ખબર નથી કે બધું જ અગાઉ બની ચૂક્યું છે અને તેથી જે બની રહ્યું છે તેનું અસ્તિત્વ જ નથી.

શા માટે આનું અસ્તિત્વ નથી તે ઑસોકિન પોતાની જાતને સમજાવી શકતો નથી. જો આ પહેલાં બની ગયું હોય તો એનો અર્થ એ થયો કે તે અત્યારે અસ્તિત્વ ધરાવતું નથી. ઑસોકિન જાણે કંઈ જ બન્યું નથી એવી લાગણી અનુભવે છે અને તેને લાગે છે કે જે બની રહ્યું છે તેની સાથે તેને કોઈ જ સંબંધ નથી.

શાળાની ઇસ્પિતાલ

'વાયોલિને' ઑસોકિનના ખભા પર હાથ રાખેલ છે અને તેઓ બંને સભાખંડમાંથી બહાર આવે છે.

"હવે, મારું શું થશે ?" સ્મિત સાથે ઑસોકિન પૂછે છે, "હું ઘેર જઈ શકું ?"

"ના" સહાયક શિક્ષકે પ્રત્યુત્તર આપતાં કહ્યું, "તારી બાને અહીં બોલાવવામાં આવશે અને તે તને અહીંથી લઈ જશે."

ઑસોકિનની સાથે ચાલતો, બધી જ પરસાળો અને દાદરાઓ પસાર કરતો તે શાળાની ઇસ્પિતાલમાં આવે છે.

ત્રણ ઓરડાઓ ધરાવતી શાળાની ઇસ્પિતાલ ભોંયતળિયે આવેલી છે, જેનું પ્રવેશદ્વાર ચોગાનમાં પડે છે. વાદળી યુનિફોર્મ પહેરેલા પહેલા ધોરણના બે છોકરાઓ ત્યાં જોવા મળે છે અને સાતમા ધોરણનો ચશ્માં પહેરેલો જાડિયો છોકરો પણ ત્યાં છે જે ઑસોકિનને ગમતો નથી. છોકરાઓને શંકા છે કે તેને સિફિલિસ થયેલ છે અને તે તેનો લગભગ બધો જ સમય ઇસ્પિતાલમાં પસાર કરે છે.

સહાયક શિક્ષક ઑસોકિનને ત્યાં મૂકીને જતો રહે છે.

ઑસોકિન બારી આગળ બેસીને ગલીમાં બહાર જોઈ રહે છે.

પોતાની જાત તથા દુનિયાની બીજી બધી વસ્તુઓ સાથેનો

અલિપ્તતાનો ભાવ અદશ્ય થઈ જાય છે. તે શાળાનો વિદ્યાર્થી હોવાની લાગણી અનુભવે છે કે જેની પર આચાર્ય બૂમ-બરાડા પાડી રહ્યા છે. શાળાનો એવો વિદ્યાર્થી કે જેને હમણાં જ શાળામાંથી બરતરફ કરવામાં આવ્યો છે.

"ઑસોકિન, અત્યાર સુધી તું ક્યાં હતો ?" ચશ્માંવાળો છોકરો પૂછે છે.

"કોઈ ખાસ જગ્યાએ ન હતો," ત્યાંથી જતાં જતાં ઑસોકિને કહ્યું. શું કહેવું તેની સમજ ન પડતાં છોકરો ત્યાં ઊભો રહે છે અને ત્યાર બાદ બીજા રૂમમાં જતો રહે છે.

સમય ધીમે ધીમે પસાર થઈ રહ્યો છે. બાજુની રૂમમાં પહેલા ધોરણના છોકરાઓ સોગઠાંની બાજી રમી રહ્યા છે. ઑસોકિન બારી બહાર જોતો બેસી રહે છે ને હૃદયમાં અસ્વસ્થતાની એવી લાગણી અનુભવે છે કે તે કંઈક વિચારતાં પણ ગભરાય છે.

"આનો શું અર્થ થાય ?" તે પોતાની જાતને કહે છે. "હું જાણું છું કે મારી ઇચ્છા પ્રમાણેનું બધું જ હું કરી શકું તે માટે સ્કૂલનો અભ્યાસ પૂરો કરવાનું મારે માટે જરૂરી હતું. પરંતુ તેનું શું થયું ? ફરીથી તેનું તે જ થયું. અત્યારે મને ખબર છે કે ત્યારે પણ હું બારી આગળ આ જ રીતે બેઠો હતો અને બરાબર આ જ રીતે વિચારતો હતો જે હું આ ક્ષણે વિચારી રહ્યો છું. અહીં અત્યારે હું સ્કૂલમાંથી બરતરફ થયેલો છું. તેથી આનો અર્થ એ થયો કે બધું જ તેની મેળે કોઈ ફેરફાર વગર પુનરાવર્તિત થયા કરે છે. તો પછી પાછા આવવાનો શો અર્થ ? તેનો એ અર્થ કે હું સરળતાથી યુનિવર્સિટીમાં જઈ શકીશ નહિ. બિચારી બા ! તેની તો આ એકમાત્ર ઇચ્છા હતી. તેની શું દશા થશે ? તેનું હૃદય બહુ મજબૂત નથી. હવે તેઓ તેને અહીં ખેંચી લાવશે અને તેને મારા વિશેની આઘાત પહોંચાડે તેવી બધી બાબતો કહેશે અને તે મારું લગભગ પતન થયું છે તેવી લાગણી અનુભવશે. ગમે તે હોય પણ આ બધી બાબતો તેને ભારે નુકસાન પહોંચાડશે. પછીથી જોકે બધી બાબતો કોઈક રીતે થાળે પડી જશે. હું મેટ્રિક્યુલેશનમાં જવા માટે મહેનત

કરીશ. આનો અર્થ એવો તો નથી જ થતો કે મારે મિલિટરી શાળામાં જ જવું પડશે. પરંતુ અત્યારની, હાલની પરિસ્થિતિ બહુ ખરાબ છે. બિચારી બા ! આ મૂઢ માણસો તેને રિબાવી રિબાવીને મારી નાખશે. હું એ સમજી શકતો નથી કે મેં આ શા માટે કર્યું, મને આ સિઝર અને ચશ્માંની હરકત સંપૂર્ણપણે યાદ છે. મારી જાત સાથે પ્રમાણિક રહીને વાત કરું તો, શરૂઆતથી અંત સુધી હું બધું જ જાણતો હતો, મને ખબર હતી કે હું પકડાઈ જવાનો છું – અને છતાં મેં પહેલાં જે પ્રમાણે કર્યું હતું તે જ પ્રમાણે ફરીથી કર્યું. શા માટે શેતાને મને સિઝર સાથે અથવા નિરીક્ષણ-અધિકારી સાથે રમત રમવાનું સૂઝાડ્યું ? આ બધામાં નવાઈ પમાડે એવી બાબત એ છે કે તે સમયે અને બીજી વખતે પણ હું બધું જ જાણતો હતો અને ત્યાર બાદ અત્યારની જેમ અહીં બેઠો બેઠો, શું પરિણામ આવવાનું છે તે જાણતો હોવા છતાં કૃત્ય કરીને જાતને દોષિત ઠરાવતો હતો. અત્યારે આ મને બિલકુલ સ્પષ્ટ યાદ છે. આગળ શું થશે ? શું એ શક્ય છે કે બધું જ અગાઉની માફક જ ફરીથી ઘટશે ? ના, આ બાબત તો કમકમાટી ઉપજાવનારી છે ! આ માનવું અશક્ય છે. પરિસ્થિતિ પર કાબૂ જમાવવાનો માર્ગ મારે કોઈ પણ રીતે શોધી કાઢવો જોઈએ. પરિસ્થિતિ આ રીતે ચાલુ રાખી શકાય નહિ. મારે આ વિચારોના તાબે ન જ થવું જોઈએ. હા, આ બધું જ ખરાબ ઘટી રહ્યું છે, વધારે ખરાબ ઘટી રહ્યું છે પરંતુ છેવટે આમાંથી બહાર નીકળવાનો કોઈક તો રસ્તો હોવો જ જોઈએ. દેખીતી રીતે હું શાળામાં કંઈ જ બદલી શક્યો ન હતો. ઘણું કરીને બધું અગાઉથી જ બગડી ચૂક્યું હતું. અહીં મારા હાથ બંધાયેલા હતા પરંતુ હવેથી હું મુક્ત બનીશ. હું મહેનત કરીશ, હું ભણીશ. છેવટે તો આ વધારે જ સારું થયું છે. હું મેટ્રિક્યુલેશન માટે અહીં કરતાં ઘેર વધારે ઝડપથી તૈયારી કરીશ. બે વર્ષોમાં હું યુનિવર્સિટીમાં જઈ શકીશ. મારે ફક્ત બાને વધારે નિરાશ ન થઈ જવા માટે સમજાવવાની રહેશે. મારે તેના મનમાં એ ઠસાવવાનું રહેશે કે શાળા એ મારા વિકાસમાં ફક્ત વિઘ્નરૂપ જ હતી. સંભવતઃ આ જ એક એવું કારણ છે કે જે બને તે સારા માટે જ બનતું હોય છે. હવેથી હું મારા જીવનની કોરી સ્લેટમાં મને જે ગમે તેવું લખવાની શરૂઆત કરી શકું છું.”

કોઈ પણ પ્રકારનું હલનચલન કર્યા વગર બારી આગળ બેઠેલો ઑસોકિન ઠંડો પડતો જાય છે. તેને ભૂખ લાગી છે. દૂરથી આવતા અવાજો સંભળાય છે.

"બીજો વિરામ લાગે છે," ઑસોકિન વિચારે છે.

ત્યાર બાદ અવાજ શમી જાય છે, પિરિયડો શરૂ થઈ ગયા છે. માની ન શકાય તે રીતે ધીમે ધીમે સમય ઘસડાઈ રહ્યો છે. છેવટે બપોરનું ખાણું ઈસ્તિપાલમાં લાવવામાં આવે છે. ભોજન લઈ આવનાર ભોજન-ખંડનું ધ્યાન રાખનાર અનુચર ઈસ્પિતાલનું ધ્યાન રાખનાર અનુચર સાથે વાતચીત કરે છે. સાતમા ધોરણનો ચશ્માંવાળો છોકરો તેઓની પાસે જાય છે. અને ઑસોકિન તેના વિશે થતી વાતચીત સાંભળી શકે છે. બધા ઉપર ક્રોધ અને ઘૃણાનું મોજું ઝપાટાભેર તેની ઉપરથી પસાર થઈ જાય છે. તેને અહીં બેસવાનો થાક લાગે છે, તે કંટાળી ગયો છે અને ઉત્સાહ વિનાનો થઈ ગયો છે. તેને કંઈક ખાવાની ઈચ્છા છે અને તેને સિગારેટ પીવાની ઈચ્છા થાય છે. પરંતુ સાથે સાથે તેની બા અહીં આવી પહોંચે તે પહેલાં તે આ બધું પતાવવા માગે છે.

ખાવાનું પૂરું થયું છે. થાળીઓનો ખણખણ અવાજ સંભળાય છે. તાસકો સાફ થઈ ગયા છે. ઉપરના માળે ફરીથી અવાજ શરૂ થયા છે. લાંબો વિરામ... અવિરતપણે સમય ઢસડાયે જાય છે. ફરીથી એક વાર છેવટે બધું શાંત પડી જાય છે. ઑસોકિન આશા રાખે છે કે તેની બા ત્યાં નહિ આવે. તેનાથી બધું વધારે સરળ બનશે. તેને સહાયક શિક્ષક સાથે ઘેર મોકલી દેવામાં આવશે.

"પરંતુ ચોથા પિરિયડ પછી હું સ્કૂલના છોકરાઓ સાથે બહાર ભાગી જવાનો પ્રયત્ન કરીશ," તે વિચારે છે. "જોકે મને બહાર નહિ જવા દેવા માટે દરવાનોને સૂચના આપી જ છે, પરંતુ ભાગી છૂટવાનું ત્યારે જ શક્ય બનશે."

ઑસોકિન બીજા રૂમમાં જાય છે. અનુચર ત્યાં નથી. બહાર ચાલ્યા જવાનું શક્ય છે, પરંતુ તે રિસેસ સુધી રાહ જોશે. તે ફરીથી

બારી આગળ બેસી રહે છે.

અત્યારે તેને સ્કૂલ વિશે વિચારવાની અને સ્કૂલમાંથી બરતરફ થઈ જવા અંગે વિચારવાની જરાય ઇચ્છા નથી. તેના વિચારો દૂર દૂર વધારે આનંદદાયક વિષયો તરફ વિચારી રહ્યા છે. ઑસોકિન ઉનાળાની ઋતુમાં કેવી રીતે બંદૂક ખરીદશે અને શૂટિંગ માટે નીકળી પડશે તે વિશેનો વિચાર કરે છે. એક પછી એક દશ્ય તેની આગળથી આવીને પસાર થઈ જાય છે. ઘનિષ્ઠ જંગલથી ઘેરાયેલું સરોવર, રૂપેરી ડાળીઓવાળું જંગલ... ત્યાર બાદ તે આજુબાજુ નજર ફેરવે છે અને અત્યંત વિસ્મય અનુભવે છે કે સ્કૂલમાંથી કાઢી મૂકવાની બાબતને તે કેવા ઠંડે કલેજે લે છે.

"હું માનું છું કે હું ખરેખર આ બનવાનું હતું તે જાણતો હતો અને તેથી જ મને આની નવાઈ લાગતી નથી," તે સ્વગત બોલે છે.

છેવટે, ઑસોકિનને જ્યારે જરાય અપેક્ષા ન હતી ત્યારે બાજુના રૂમના બારણાંને ખખડાવવાનો અવાજ આવે છે. મદદનીશ શિક્ષક ઑસોકિનની બા સાથે રૂમમાં પ્રવેશ કરે છે. પહેલા ધોરણના છોકરાઓ બારણા આગળ ઊભા રહે છે. અને તેની તરફ આતુરતાથી તાકી રહે છે. જાડિયો છાત્ર તેનું બારણું ઉઘાડે છે અને તે પણ આતુરતાપૂર્વક જોઈ રહે છે.

ઑસોકિન જુએ છે કે તેની બા અત્યંત દુઃખી છે અને આ જોઈને તેનું હૃદય બેસી જાય છે. એક ક્ષણ પહેલા જે શાંતિના અનુભવથી તે અત્યંત ખુશ હતો અત્યારે તે નર્યું લાગણી વિનાનું આપમતલબીભર્યું જણાય છે. મેટ્રિક્યુલેશન અને યુનિવર્સિટીમાં જવા માટેની તેની યોજનાઓ ભાંગીને ભોંય પર પડે છે અને તેને સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે તેવા બિહામણા અને નગ્ન સત્ય સિવાય કંઈ જ રહેતું નથી. અને તે જાણે છે કે બાને માટે આનો શું અર્થ થાય છે.

"વાન્યા, આ બધું શું છે ?" તે પૂછે છે.

તે કંઈ જ જવાબ આપ્યા સિવાય મદદનીશ શિક્ષકની સામે ત્રાંસી આંખે જોઈ રહે છે.

"શા માટે તું આ વાંદરા જેવા પ્રાણી સમક્ષ આવું બધું પૂછે છે ? હું શું કહું ?" તેના મનમાં તે આ કહે છે. પરંતુ ખરેખર જાણે કે તે શાંત છે, કારણ કે તે શરમ અનુભવે છે.

"ચાલો, આપણે જઈએ," તે મોટેથી બોલે છે, "હું તને બધી જ વાત કરીશ. વાત તદ્દન જુદી જ હતી."

તેઓ ગૅલેરીમાંથી પસાર થતાં અને ખાલી વ્યાયામશાળા આગળ થઈને મુખ્ય ખંડ તરફ આગળ વધતાં ઈસ્તિપાલ છોડી બહાર આવે છે. એકાએક ઑસોકિન એવી લાગણી અનુભવે છે કે છેવટે તો તેને શાળામાં રહેવાનો જ શોખ છે અને હવે કદી પાછા નહિ અવાય એવું શાળા છોડવાનું દુઃખ થઈ રહ્યું છે. પોતાને શાળામાંથી હાંકી કઢાયાનું ભાન તેને સંતાપભરેલું અને મૂર્ખાઈભરેલું લાગે છે. તે જુએ છે કે તેની બા ખૂબ જ ભાંગી પડી છે અને તે ખૂબ જ અસ્વસ્થતાની લાગણી અનુભવે છે.

મુખ્ય ખંડમાં તેની બા ગભરાયેલી છે. લાંબા સમય સુધી તે તેનાં હાથમોજાંઓ શોધી કાઢી શકતી નથી. તેનું પર્સ શોધવા તે ફાંફા મારે છે અને દરવાનને જરૂરિયાત કરતાં વધુ મોટી બક્ષિસ આપે છે.

ઑસોકિન તેની આ સ્થિતિ માટે અત્યંત દુઃખી છે સાથે સાથે તેના અહીં આવવા બદલ ગુસ્સે ભરાયેલો છે. આના કરતાં આ બધાંમાંથી બહાર આવવા માટે તેને એકલો મૂકવામાં આવ્યો હોત તો વધારે સારું થાત.

તેઓ એક શેરીમાં પ્રવેશ કરે છે.

"વાન્યા, તેં મારું શું કરવા ધાર્યું છે ?" તે કહે છે, "તું શા માટે મને આવી બધી બાબતોમાં હલકી પાડે છે, અને તું તારું શું કરવા ઈચ્છે છે ?" તેનો અવાજ નબળો પડતો જાય છે. ઑસોકિનને લાગે છે કે તેની બા જોસથી રડી પડશે.

"ચાલ, બા, આપણે ઘેર જઈએ," તે કહે છે. "ત્યાં હું તને બધી જ વાત કરીશ." તે એવું કહેવા ઈચ્છે કે બધાં સારાં વાનાં થઈ જશે,

પરંતુ તેની બાના ચહેરા પરનો એક દૃષ્ટિપાત તેને શાંત કરી દે છે.

તેઓ બરફ-ગાડીમાં બેસીને ઘર ભણી હંકારી જાય છે. ઘર તરફ જતાં રસ્તામાં ઑસોકિન બોલતો નથી અને પ્રસંગોપાત્ત બા તરફ દૃષ્ટિમાત્ર નાખે છે. બા પણ શાંત છે.

"મને એક વાત જાણવાની ઇચ્છા છે," ઑસોકિન વિચારે છે, "શું બનવાનું છે તે બધું જ જાણતો હોવા છતાં શા માટે મેં એની એ જ ભૂમિકા બજાવી ? શા માટે હું અલગ રીતે ન વર્ત્યો ? અને, જો હું આ નથી કરી શક્યો તો શા માટે વારંવાર એવું લાગે છે કે બધું સમગ્રપણે મારા પર જ આધારિત છે ?"

"જ્યારે સાપ સસલાની સામે જુએ છે ત્યારે મારી જેમ આવી જ રીતે વર્તે છે," તે પોતાની જાતને કહે છે, "તે શા માટે ભાગી જતું નથી ?" તે ભાગી જવા માટે તદ્દન મુક્ત હોય છે, અને નહિતર શું બનવાનું છે તેની તેને ખબર હોય છે, પરંતુ ભાગી જવાને બદલે તે સાપની વધારે ને વધારે નજીક સરકે છે. તેને સંભવતઃ એ વાતનું આશ્ચર્ય છે કે તે શા માટે એવું કરે છે ! પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે દરેક વખતે શું અંત આવવાનો છે તે જાણવા છતાં સસલું શા માટે આવું જ કરે છે ? કદાચ સસલું એવું વિચારતું હોવું જોઈએ કે હજુ પણ છટકી જવાની શક્યતા મળી રહેશે.

"શું આ બધાંનો અર્થ એ થાય છે કે હું હારી ગયો છું તે મારે સ્વીકારી લેવું જોઈએ ? ના, હું હાર્યો નથી. હવે હું ઝિનૈડાને શોધવાનો પ્રયત્ન કરીશ."

આ સમય દરમ્યાન ઑસોકિને પોતાના વિચારોનું નિરીક્ષણ કરવાની અને પોતાની જાતને બહાર રહીને જોવાની ટેવ વિકસાવી હતી અને તેને શંકા જાય છે કે ઝિનૈડાને શોધવાનો પ્રયત્ન એ ઘરમાં નહિ રહેવાનું બહાનું જ માત્ર હશે. એટલે કે કોઈ જ કામ નહિ કરવાનું – અને અંતે તેના મનસૂબાઓ ફળશે નહિ. તે તેની જાત પ્રત્યે સંપૂર્ણ અણગમાની લાગણી અનુભવે છે.

જો તે એકલો હોત તો, ઑસોકિન પોતાની આ માનસિક દશાને કોઈક આનંદદાયક સ્વપ્નમાં સહેલાઈથી પાછી લાવી શક્યો હોત. પરંતુ તેની બાની હાજરી એક જીવંત સ્મરણ અપાવનાર અને એક એવી જીવંત બાબત છે કે તેને બધો જ વખત જીવનની સત્ય હકીકત અને તેમાંથી ઊપજનારાં પરિણામો જોવા મજબૂર કરે છે. આ જ સમયે આવું ઝીણું ઝીણું વિચારીને તે થાકી ગયો છે અને તેના વિચારો આપમેળે આનંદદાયક દિશાઓમાં વિહરવા વ્યાકુળ છે. લાંબા સમય સુધી આવા ગમગીનીભર્યા મૂડમાં રહેવાનું તેને ગમતું નથી.

પોતાના ઘરમાં

ઑસોકિન અને તેની બા પોતાના ઘરના ઓરડામાં બેઠાં છે.

"આ બધું શું છે ?" તેણે પૂછ્યું. "તેં કયું તાળું તોડ્યું હતું, અને એવું તો તેં બીજું શું શું કર્યું છે ? આચાર્ય તારા વિશે એવું બોલતા હતા કે જાણે તું કોઈ મોટો ગુનેગાર હોય. અરે, મારી વિનંતીથી તેઓએ મને તને લઈ જવાની સંમતિ ન આપી કે જેથી તું બીજી કોઈ સ્કૂલમાં જઈ શકે. હવે તું બીજી સ્કૂલમાં જઈ નહિ શકે, કારણ કે તને સ્કૂલના મંત્રીસભામંડળના નિર્ણય બાદ સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે." પોતાની ભીની આંખ તે હાથ-રૂમાલ વડે લૂછે છે. "મને એ ખબર નથી કે હવે તું શું કરીશ ?"

"આ બધું વાહિયાત છે, બા," ઑસોકિને કહ્યું, "મેં કોઈ જ તાળું તોડ્યું નથી. પિરિયડો પતી ગયા પછી મને ખાલી ક્લાસ-રૂમમાં ગોંધી રાખવામાં આવેલો, રૂમમાં લાઇટ પણ ન હતી. અને મને ભયંકર કંટાળો આવતો હતો. તું એની કલ્પના પણ નહિ કરી શકે કે તે કેટલું કંટાળાજનક હતું. મેં બારણાને સહેજ હડસેલો માર્યો અને તે ખુલ્લું જ હતું. કદાચ, તાળું ખરેખર તૂટેલું જ હતું. મને કંઈ જ ખબર નથી. હું પરસાળમાંથી ચાલતો પ્રતીક્ષાલયમાં આવ્યો, જ્યાં એક મોટું પુસ્તકાલય પણ છે. બીજા દિવસે શિક્ષણ-નિરીક્ષક આવવાના હતા. ત્યાર બાદ..." ઑસોકિન અટકી જાય છે. "બા, તને ખબર છે કે ત્યાં સિઝરનું એક પૂતળું રાખેલું છે. બસ મેં તે પૂતળાને ભૂખરા ચશ્માં પહેરાવ્યાં."

"કયા ભૂખરા ચશ્મા ?"

"સાવ સાદાં ચશ્માં. હું એક વખત આ ચશ્માંની જોડ સૉકહારેવ્કાથી ખરીદી લાવેલો. મને ખબર નથી કે મેં આવું શા માટે કર્યું. બસ, મેં ચશ્માં સિઝરને પહેરાવી દીધાં. ચશ્માને લીધે તેનો દેખાવ અત્યંત રમૂજી લાગતો હતો – એક જર્મન પ્રોફેસર જેવો. અને પછી દીવાલ પર ચોકથી લખેલું, 'પધારો મોટા સાહેબ !' આ લખાણમાં પણ ચાર-પાંચ ભૂલો જાણી જોઈને રાખેલી."

"બસ, આટલું જ ?"

"બસ, આટલું જ. મેં દીવાલ પર એક કદરૂપો ચહેરો પણ દોરેલો."

ઑસોકિનની બાને હસવું આવે છે, પરંતુ આ જ સમયે તે ખૂબ જ હતાશાની લાગણી અનુભવે છે. જેની તેને ખૂબ જ દહેશત હતી તે થઈને જ રહ્યું. વાન્યા શિક્ષણ મેળવ્યા વગરનો રહી જશે. તેનું ભાવિ ખૂબ જ અંધકારમાં જણાય છે. અને આ બધું ખૂબ જ અણધાર્યું જ બની ગયું. તેને છેલ્લે એવું લાગતું હતું કે ઑસોકિન સ્કૂલથી વધારે ને વધારે ટેવાતો જતો હતો. તે ઑસોકિનથી ચિડાયેલી હતી. પરંતુ તેને વધારે ચીડ તો સ્કૂલ-અધિકારીઓ તરફ આવતી હતી. તે પોતાના પુત્ર તરફ જુએ છે. તે સતતપણે કંઈક વિચારી રહ્યો છે અને દેખીતી રીતે દુઃખી પણ જણાતો હતો. તે અંદરથી દુભાયેલી છે અને તેના માટે દુઃખની લાગણી અનુભવે છે. તે તેના માટે દિલગીર છે, સાથે સાથે પોતાની બધી આશાઓ ભાંગીને ભૂકો થઈ જવા બદલ ખિન્ન છે. આમ છતાં તેના ઊજળા ભવિષ્ય અંગેની બાબત માનવા ઉત્સુક છે. ગમે તેમ પણ તેણે કંઈ ખરાબ તો નથી કર્યું – કદાચ મૂર્ખામીભર્યું, પણ ખરેખર કંઈ ખરાબ તો નથી જ કર્યું. તેને એ બાબતની ખાતરી છે કે આવું કરવા માટે તે અમસર્થ છે. અને આ વિચાર સાથે તેના માથા પરથી મોટો ભાર ઊતરી જાય છે.

"હવે તું શું કરવા માંગે છે ?"

"અરે, બા," ઑસોકિન કહે છે, "હવે જે થશે તે બધું વધારે સારું થશે. હવે હું મેટ્રિક્યુલેશન માટે તૈયારી કરીશ અને સ્કૂલમાં રહીને અભ્યાસ ચાલુ રાખ્યો હોત તેના કરતાં વધારે ઝડપથી યુનિવર્સિટી જઈશ. તે જોયું ને મેં કેવી રીતે અંગ્રેજી શીખી લીધું ! બસ, આવી જ રીતે સૌ સારાં વાનાં થઈ રહેશે. તું જોજે ને ! સ્કૂલમાં તો હું માત્ર સમય જ વેડફતો હતો."

ઑસોકિનની બા ફરીથી ગમગીન થઈ જાય છે.

"તને મદદ માટે ખાનગી શિક્ષકની જરૂર રહેશે," તેણે કહ્યું.

ઑસોકિન ચોંકી જાય છે. તેણે ત્યારે પણ આ જ કહ્યું હતું, બરાબર આવા જ અવાજમાં, આવા જ અસલામતી અને નિઃસહાયતાના ભાવ સાથે. તેને તે યાદ આવે છે.

"બા, હું મહેનત કરીશ, ચોક્કસ કરીશ," તે કહે છે, "જે બન્યું છે તે બદલ મને માફ કર. હું બધું જ કરીશ. તું જોજે ને !"

પ્રકરણ : ૧૯

તનેષ્કા

અઢાર મહિના બાદ. ઑસોકિનની બા મૃત્યુ પામી છે. મધ્ય રશિયામાં તેના કાકા જે એક પૈસાદાર જમીનદાર છે તેમની સાથે એક મોટા મકાનમાં રહે છે.

વરંડો બગીચામાં ખૂલે છે. લીંબુનાં વૃક્ષોની એક લાંબી હારમાળા, ઊંચા બૂટ, ચામડાના પટ્ટા સાથેનું રશિયન સફેદ શર્ટ અને સફેદ ટોપી પરિધાન કરેલો ઑસોકિન તેના કાંડામાં ઝૂલતી કૉસેક ચાબુક સાથે આમતેમ આંટા મારી રહ્યો છે. તે તેના ઘોડાની રાહ જુએ છે.

"બહારથી તો બધું જ બરાબર બની રહ્યું છે," ઑસોકિન અટકી જઈને બગીચાની સામે જોતો જોતો પોતાની જાતને કહે છે, "પરંતુ હર સમયે મને કશુંક અકળાવી રહ્યું છે. બા મૃત્યુ પામી છે એ વિચાર સાથે હું સમાધાન સાધી શકતો નથી અને સાધવા માગતો પણ નથી. એ વાતને અત્યારે છ મહિના વીતી ગયા છે પણ મને તો એ હજુ ગઈકાલ જેવું જ લાગે છે. મને ખબર છે કે મને હંમેશાં તેવું જ લાગશે. અને મને એ પણ ખબર છે કે આ બધો મારો જ વાંક છે. મને સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવ્યો એના પછી તરત જ મા માંદી પડી હતી અને તે ક્યારેય સંપૂર્ણ સાજી થઈ નહિ. હું આ જાણું છું. અને આ બધાંમાં સૌથી ખરાબ વાત એ છે કે હું પહેલેથી જ આ બધું જાણતો હતો."

તે વિચાર કરતો ઊભો રહી જાય છે.

"પેલું જાદૂગરને મળવું અને એના વિશેનું બધું સ્વપ્ન હતું કે કેમ તે હું જાણતો નથી," તે પોતાની જાતને કહે છે. "પણ મારા માટે જે ભવિષ્ય છે તેમાં ભૂતકાળનો સ્વાદ છે. હું એ જાણું છું કે મારી સાથે જે કાંઈ બનશે તે અગાઉ પણ પહેલેથી જ બની ચૂક્યું છે અને તેથી મને ભવિષ્યમાં કંઈ પણ રસ નથી. મને એમ લાગે છે તે છટકાંઓ અને ખાડાઓ સિવાય કંઈ જ મહત્ત્વ ધરાવતું નથી. મને એમ લાગે છે કે હું બધાંને પહેલેથી જ જોઈ શકું છું, પણ હવે જ્યારે બા મૃત્યુ પામી છે ત્યારે હું કશી જ ફિકર કરતો નથી. હું મારા પોતાના માટે પણ કશું જ સારું ઈચ્છતો નથી."

તે વરંડાની નજીક ફરીથી આમતેમ આંટા મારે છે.

"મને અહીં થોડુંક અસુખ જેવું લાગે છે," આમતેમ જોઈને તે બોલે છે. કાકા સરસ મજાના માણસ છે અને મારા પ્રત્યે ખરેખર તેમને સારો ભાવ પણ છે, પણ મને ભવિષ્ય ઉપર કશો ભરોસો નથી. મને એમ લાગે છે કે અમારા બેની વચ્ચે કશીક મુશ્કેલી ઊભી થવાની છે. હું સતત સાવચેત રહું છું. સતત કશાકની ધારણા રાખું છું. અને આ અસુખની લાગણીના કારણે તેમજ હું જાણતો નથી એવા કશાક અગમ્ય કારણથી હું કાંઈ જ કરતો નથી. મેં સ્કૂલ છોડ્યાને અઢાર મહિના થઈ ગયા છે અને હું હજુ પણ કામ શરૂ કરવા વિશે વિચારી રહ્યો છું. આ સમય દરમિયાન મેં ઘણી ચોપડીઓ વાંચી નાખી છે; મેં ઇટાલિયન ભાષા શીખી લીધી છે. હું દાન્તેને વાંચી શકું છું – મેં ગણિતનો પણ થોડોક અભ્યાસ કર્યો છે, પણ લૅટિન ગ્રીક – હું માનું છું કે ગ્રીક કેવી રીતે વાંચવું તે હું ભૂલી ગયો છું. હવે હું શરૂઆત કરવા માટે મારી જાત પર દબાણ લાવી શકતો નથી. મારે નવી સ્કૂલમાં જ મારી પરીક્ષા આપવી પડશે. અને એ પણ પાછું નાની નાની બાબતોને કારણે ઘણું મુશ્કેલ છે. અભ્યાસક્રમમાં નિરસ – કંટાળાજનક અને બિનજરૂરી હોય એવું ઘણુંબધું છે – દિવ્યતા, ભૂગોળ અને એવું બધું. અને આ પરીક્ષા આપ્યા પછી પણ લૅટિન અને ગ્રીક વગર હું યુનિવર્સિટીમાં જઈ શકીશ નહિ, પણ હું જાણું છું કે જો હું પરીક્ષા પસાર કરીશ તો કાકા મારું અભ્યાસાર્થે પરદેશ જવું શક્ય બનાવશે. છતાં પણ હું અત્યારે એટલો

બધો ઉદાસીન બની ગયો છું કે હું તેમ કરવા ઇચ્છું છું કે નહિ તે પણ હું જાણતો નથી.

તનેષ્કા, તેના કાકાની પાલ્ય તેમજ ઘર સાચવનાર, વરંડામાં બહાર આવે છે. તે એક રશિયન પ્રકારની ઊંચી, ગુલાબી ગાલ અને મોટી કાળી આંખોવાળી દેખાવડી છોકરી છે. તે વીસની આસપાસની છે. તે પ્રાન્તીય શહેરની કન્યાશાળામાં ભણી છે અને તેને રશિયન ગામડી પોશાક પહેરવો અને ખુલ્લા પગે ચાલવું પસંદ છે.

તનેષ્કા ચૂપકીદીથી ઑસોકિન સુધી આવીને તેના માથા પર બન્ને હાથથી તાળી પાડે છે, ઑસોકિન ઝડપથી પાછળ ફરે છે અને તેના બન્ને હાથથી પકડી લે છે.

"ઓહ તનેષ્કા, તેં તો મને બીવડાવી જ મૂક્યો."

"મને જવા દે, બદમાશ ! તું મારો હાથ ભાંગી નાખીશ."

"હું તને નહિ જવા દઉં."

ઑસોકિન તને પોતાની વધુ નજીક ખેંચે છે. તેનો ચહેરો હવે એના ચહેરાની એકદમ પાસે જ છે. તે એની આંખોમાં જુએ છે અને તે એના આછા અધખૂલા હોઠ અને નાના નાના દાંતની હારમાળા પોતાની તદ્દન નજીક જુએ છે. તે એના વક્ષ:સ્થળ એના ખભા અને સમગ્ર શરીરનો સંસ્પર્શ અનુભવે છે. અચાનક જ એક ક્ષણ માટે તનેષ્કા પ્રતિકાર કરવાનું છોડી દે છે. અને એનું શરીર નરમ અને મુલાયમ બની જાય છે. તેની હસતી આંખો બિડાઈ જાય છે અને એના સ્ટ્રોબેરીની સુગંધવાળા મોટા અને મજબૂત હોઠ ઑસોકિનના હોઠ સાથે ભિડાઈ જાય છે. ઑસોકિનના દેહમાંથી વિદ્યુતના હજારો તણખાઓ પસાર થઈ જાય છે. તે તનેષ્કા પ્રત્યેના અદ્વિતીય ઉમળકા અને આનંદ સાથેના આશ્ચર્ય હેઠળ દબાઈ જાય છે. તે એને પોતાની વધુ નજીક ખેંચવા ઇચ્છે છે, તેને ચૂમવા ઇચ્છે છે અને તેને પૂછવા ઇચ્છે છે કે એ ક્યારે અને કેવી રીતે આવી બની ગઈ ? પણ તનેષ્કા તો ક્યારની તેની બાંહોમાથી છટકી ગઈ છે અને વંરડાની પેલે પાર ઊભી છે.

"જુઓ, તે લોકો વ્હાઇટ લેગ્સને લાવી રહ્યા છે," તનેષ્કા જાણે કંઈ જ બન્યું ન હોય તેમ કહે છે. તે ઑસોકિન સામે જુએ છે અને સ્મિત કરે છે અને તેની આંખોમાં એક નવો જ ભાવ છે.

અશ્વપાલ એક પલાણેલો ઘોડો વરંડા સુધી લઈને આવે છે. તે એક સફેદ પગ, ટૂંકી ગરદન અને જીવંત આંખોવાળી મજબૂત ઘોડી છે. ઘોડી ઊંચા કોસેક જીન અને ચાંદીની પેંગડા સાથે ખૂબ જ સુંદર લાગે છે.

ઑસોકિનને જવું ગમતું નથી. તનેષ્કા હજુય વરંડામાં જ દાદરના કઠેડાને ટેકવીને ઊભી છે. ઑસોકિનને એવી લાગણી થાય છે કે જો તે ફરીથી એની ફરતે બાહુઓ વીંટાળીને પોતાની પાસે જકડી લે તો ફરીથી તેનું શરીર નરમ અને તાબેદાર બની જાય. આ સંવેદના તેને હેરાન કરે છે અને એની નજીક તેને ખેંચી જાય છે.

તનેષ્કા નિર્દોષતાનો ભાવ ધારણ કરીને પૂછે છે, "શું તમે બહુ દૂર જઈ રહ્યા છો, ઈવાન પેટ્રોવિચ ?"

"હું છાપાંઓ માટે ઓરેહોવો તરફ જઈ રહ્યો છું. તાતાન્યા નિકનોરોવના," ઑસોકિન એવા જ અંદાજમાં સહેજ ગરદન ઝુકાવીને કહે છે.

તનેષ્કા જાણે કે તેને મારવું હોય તેમ હાથ ઊંચા કરે છે અને પછી પાછળ ફરી જઈને વરંડામાંથી ઘરમાં જતી રહે છે.

"ભોજન માટે સમયસર આવી જજો," તે બૂમ પાડીને કહે છે, "મેં ઘણીબધી સ્ટ્રોબેરી ચૂંટી રાખી છે."

ઑસોકિન વરંડાનાં પગથિયાં ઝડપથી ઊતરી જાય છે, જીનની સફાઈ ચકાસે છે અને ઘોડીને મોઢા પર નસકોરાં સુધી પસવારે છે. વ્હાઇટ લેગ્સ પગ નચાવે છે અને એનું માથું ઑસોકિનના ખભા સાથે ઘસે છે, પછીથી તે લગામ હાથમાં પકડે છે, જીનના આગળના ભાગ પર પોતાનો હાથ મૂકે છે. પેંગડામાં પોતાનો પગ મૂકે છે અને હળવાશથી ઊંચકાઈને પોતાની જાતને જીનમાં ગોઠવે છે.

"આવજો," તનેષ્કા ઉપરના માળની બારીએથી બૂમ પાડે છે, "મને ભૂલતા નહિ, બરાબર ને !"

અશ્વપાલ મોકળું સ્મિત કરે છે. ઑસોકિન વ્હાઇટ લેગ્સને ઝડપથી ફેરવે છે અને પોતાના પગ પાછળ રાખીને પેંગડામાં લગભગ ઊભો રહીને જ ઘોડીની ઝડપી ચાલે ગલીમાં નીકળી જાય છે.

ઘોડીની મજબૂત અને રેવાલ ગતિ, ફૂલોથી લચી પડેલાં લીંબુનાં વૃક્ષોની સોડમ ધરાવતો હૂંફાળો પવન અને તેના સમગ્ર દેહમાંની તનેષ્કાની સંવેદના ઑસોકિનને બધા વિચારોથી દૂર રાખે છે.

વૃક્ષો ઝડપથી પાછળ રહી જાય છે અને નરમ રસ્તા પર ખરીની ધબડાટી અદ્‌ભુત રીતે આનંદદાયક લાગે છે. વ્હાઇટ લેગ્સ એની ગરદન લંબાવે છે. લગામ ખેંચાતાં વધુ ને વધુ ઝડપથી રેવાલ ચાલે દોડતી જાય છે. ઑસોકિન પેંગડામાં તેનો પગ વધારે મજબૂતાઈથી દબાવે છે અને હૃદયમાં આનંદના ભાવ સાથે ઘોડીની ગતિ સાથે તાલ મિલાવે છે.

"પ્રિયે !" વ્હાઇટ લેગ્સની ગરદન પંપાળતાં એ કહે છે – તનેષ્કા કે વ્હાઇટ લેગ્સ એ બેમાંથી 'પ્રિય' કોણ તેની જાણ વગર જ. તનેષ્કાના હોઠ ફરીથી એની તદ્દન પાસે જ છે અને સફેદ પહેરણ હેઠળના ઊંચા, હૂંફાળા અને મજબૂત સ્તન નાજુકાઈથી, અને વિશ્વાસથી તેની સાથે દબાયેલાં છે. તેને થોડીક તંદ્રા જેવું પણ લાગે છે અને તે લગામ પરની પકડ સખત કરે છે.

"વહાલી તનેષ્કા," તે કહે છે, "આ બધું કેટલું અદ્‌ભુત રીતે સરસ છે ! પણ એનો અર્થ એ થયો કે તેને પણ મારા જેવી જ લાગણી થઈ હશે. શું એ ખરેખર સાચું હોઈ શકે ? હા, હા, એ એમ જ હોવું ઘટે. એટલે જ એ આટલી બધી..." આ ક્ષણે જ તેના ઊંડાણમાંથી કોઈક જગામાંથી એક કાળું વાદળ ચડી આવે છે.

"શા માટે ?" તે પૂછે છે, "શા માટે આ બધું જ એક બાજુથી આટલું બધું સુંદર અને બીજી બાજુએથી આટલું બધું ભયાવહ છે ? શા માટે બા અહીં નથી ? જો હું જાણું કે તે જીવતી હોત તો મને આ

બધાંમાં કેટલી મજા પડત ! આ રસ્તો, આ જંગલ અને વ્હાઇટ લેગ્સ અને તનેષ્કા. હવે હું કશું જ ઇચ્છતો નથી. ગઈકાલે મને એક રમૂજી વાત યાદ આવી. મને તે વાત માને કરવાનું કેટલું બધું મન હતું. એ એક માત્ર એવી વ્યક્તિ હતી જે તે વાત બરાબર સમજી શકી હોત. પણ એ અત્યારે અહીં નથી અને મને એ વાતની પણ ખબર નથી કે એ શા માટે અહીં નથી અગર તો તે ક્યાં છે અને આ બધાંનો શો અર્થ છે ? જો શક્ય હોય તો મને એક જ વાત પસંદ પડે : ગયો ઉનાળો પાછો લાવવો. એ શા માટે શક્ય નથી ?

તેને એ સમજાતું નથી કે આ વિચાર શાથી તેને ઠંડોગાર અને બીધેલો બનાવી મૂકે છે, જાણે કે ન અડવાનું નક્કી કર્યું હોય તેવા જ કોઈક પીડાદાયક મર્મસ્થાનને તેનાથી અડકી જવાયું હોય, અથવા તો તેના આત્માને ચારેકોરથી ઘેરી વળે તેવી ભૂતાવળને તેણે જગાડી મૂકી હોય. અને, પોતાની જાતમાંથી જ છૂટવા માટે તે વ્હાઇટ લેગ્સને માત્ર કોસેક ઘોડાઓ જ દોડી શકે તેવી તીવ્ર ગતિએ ટેકરી નીચે ઊતરવા દે છે. પછીથી, પેંગડામાં ઊભા ઊભા તે નાનકડો પુલ પસાર કરે છે જે ઘોડાની ખરીથી થોડોક ધ્રૂજે છે અને પછી જીનમાં આગળ નમીને ઝડપથી ટેકરી ચઢી જાય છે. તે પછી જાણે કોઈ પાછળ પડ્યું હોય તેમ જૂના અવરજવર વિનાના, સો વાર પહોળા અને બન્ને ધાર પર ઊંચાં રૂપેરી વૃક્ષોવાળા રસ્તા પરથી ધૂળની ડમરીઓ ઉડાડતો છલાંગો મારતી ગતિએ પસાર થઈ જાય છે.

દોઢેક કલાક પછી ઑસોકિન પરસેવે રેબઝેબ ઘોડા સાથે ચાલતી ગતિએ પાછો આવે છે. વિચારમાં ખોવાયેલો અને જીનમાં એક બાજુ નમીને બેઠેલો તે જંગલમાંથી એક ખુલ્લું મેદાન જ્યાંથી બગીચાની ઝાડી શરૂ થાય છે ત્યાં બહાર આવે છે.

અત્યારે તે તનેષ્કા સિવાય બીજા કશાનો વિચાર કરતો નથી. બીજું બધું જ પશ્ચાદ્‌ભૂમાં સરકી ગયું છે. એના ઘાટીલા પગ ઉપરથી ઊંચકાઈ ગયેલા સ્કર્ટ અને લાલ બૂટ સાથેની તનેષ્કા, એક વહેલી સવારે તેણે જોયેલી ખુલ્લા ખભા અને અર્ધઢાંકેલાં વક્ષસ્થળ સાથે બહાર ઝૂકેલી અને

કોયલનો અવાજ ગણતી તનેષ્કા; અને ફરીથી એના મજબૂત હોઠ અને તેની બાંહોમાં નરમ અને મુલાયમ બનતો જતો એનો દેહ.

"તનેષ્કા લાડકી છે," તે પોતાની જાતને કહે છે, "પણ હું બધું જ બગાડી ન નાખું એ માટે મારે સાવધાની રાખવી પડશે. લોકો કાકા અને તનેષ્કા વિશે જે વાતો કરે છે એ બધું બુદ્ધિ વગરનું છે, તેમ છતાં, મને એમ લાગે છે કે તનેષ્કાના કારણે કાકા સાથેના મારા સંબંધો વણસી શકે. જો એમના ધ્યાને કંઈક આવશે તો તેઓ તનેષ્કાને મારાથી રક્ષવી એ પોતાની ફરજ માનશે, અને આમેય વાત મૂર્ખતાભરી છે. હું કશું જ ઇચ્છતો નથી. તનેષ્કા એ પ્રકૃતિનો જ એક ભાગ છે – આ ખેતર અથવા તો આ જંગલ અથવા તો આ નદીની જેમ જ. મેં ક્યારેય કલ્પ્યું નહોતું કે સ્ત્રીની સંવેદના એ આટલી હદે પ્રકૃતિની સંવેદના જેવી હશે. પણ માટે મારી જાતને સંયમમાં રાખવી જ પડશે."

ચાબુક અડાડીને તે તેના ઘોડાને આગળ વધવા પ્રેરે છે અને મેદાન વટાવીને ઝાડીમાંથી પસાર થતો ઘર તરફ જાય છે.

તનેષ્કા જામ માટે સ્ટ્રોબેરી ફોલતી વરંડામાં બેઠી છે અને જ્યારે ઑસોકિનની નજર એના ઉપર પડે છે ત્યારે અકથ્ય આનંદની લાગણી તેનો કબજો જમાવી લે છે. તે એની સાથે વાતો કરવા, તેને હસાવવા અને રાજી કરવા ઇચ્છે છે. જો તેને તેના કાકાની બીક ન લાગતી હોત તો તે વરંડામાં જ અસવારી કરીને પોતાને અને વ્હાઇટ લેગ્સને તનેષ્કા પાસે આગલા પગે ઝુકાવત. મુખ્ય અશ્વપાલે તેને થોડાક સમય પહેલાં જ કહ્યું હતું કે વ્હાઇટ લેગ્સને ખાસ રીતે તાલીમ આપવામાં આવી છે અને તે થોડાક સરકસના દાવપેચ પણ જાણે છે.

"તનેષ્કા, મેં કેટલાં બધાં મશરૂમ જોયાં," ઑસોકિન ઘોડાના જીનમાંથી ઠેકડો મારીને નીચે ઊતરતાં બરાડે છે.

"ક્યાં, ક્યાં ?"

તનેષ્કા વરંડાના થાંભલા સુધી દોડી આવે છે.

"મોટા ભાગે ઝેવો કળણ પાસે. જમ્યા પછી આપણે ત્યાં જઈશું.

હું તને બતાવીશ."

તનેષ્કા તેનો ચોટલો પાછળ વીંઝે છે અને વિચાર કરે છે.

"બરાબર", તે કહે છે, "પણ વરસાદ તો નહિ પડે ને ?"

"એવું લાગતું તો નથી."

"ઘણું સારું. અને હવે જમવાનું તૈયાર છે. ઝડપથી આવો."

ઑસોકિન અને તનેષ્કા જંગલમાં ચાલી રહ્યાં છે. તેમની જોડે પોલકાન નામનો મોટો કાળો કૂતરો છે. ઑસોકિન મશરૂમ ભરેલી બે બાલદી ઊંચકીને ચાલી રહ્યો છે. તેઓ એક છીછરા જંગલી ઝરણા પાસે પહોંચે છે. ઝરણાના કિનારા પર લીલી ઝાડી અને ચોતરફ જૂનાં પાઈન વૃક્ષો છે.

તેમણે ઘર છોડ્યાં લગભગ ચાર કલાક થવા આવ્યા છે અને ઑસોકિન તનેષ્કાના પ્રેમમાં પૂરેપૂરો ગળાડૂબ છે. એ લોકોએ અટક્યા વગર જ વાતો કર્યા કરી છે. ઑસોકિને તનેષ્કાને બધા જ શિક્ષકોની નકલ કરીને સ્કૂલ વિશે કહ્યું છે અને મોસ્કોમાંની ફ્રેન્ચ પરીક્ષા વિશે વાત કરી છે અને પેરિસ વિશે કહ્યું છે – એ ક્યારેય ત્યાં ગયો નથી પણ એ એવી કલ્પના કરે છે કે તે ત્યાં ગયો છે, કારણ કે તે પોતાના મનમાં તેને સ્પષ્ટ જોઈ શકે છે. તનેષ્કાએ તેને જિલ્લામાંના નગરમાંના પોતાના આશિકો વિશે કહ્યું છે, અને તે જયાં બે વાર ગઈ હતી તે થિયેટર વિશે કહ્યું છે. અને બધો જ વખત ઑસોકિને તેના પ્રત્યે નવું જ આકર્ષણ અનુભવ્યું છે. જયારે તેણે એને નીલા ચશ્માવાળા સીઝર વિશે કહ્યું ત્યારે તે એટલું બધું અસર કરી જાય તેવું હસી પડી. તેની સૂર્યમાં તપેલી ગોળ ગરદન છે, રેશમી પાંપણો છે અને જાડી ભ્રમરો છે. તે લચીલી અને મજબૂત છે – સરસ નાની બિલાડી જેવી." ઑસોકિન પોતાની જાત સાથે વિચારે છે. તે એની સામે વધારે પડતું જોઈ રહેવામાં ડરે છે અને વારંવાર બીજે નજર ફેરવી લે છે. તેને એવું લાગે છે કે તેની પોતાની દૃષ્ટિ તે પોતે શું વિચારે છે અને અનુભવે છે તે બધું જ એને જણાવી દેશે. તે પોતાના વિચારોથી જ ઉત્તેજના

અનુભવે છે. તનેષ્કા વારંવાર તેની સામે જુએ છે અને તેને એમ લાગ્યું કે એકાદ બે વાર એણે તેની સામે સહેજ આશ્ચર્યથી જોયું – જાણે કે એણે તેની પાસેથી બીજી કશાકની અપેક્ષા રાખી હોય.

"આપણે સામે પાર જવું પડશે," તનેષ્કાએ ઝરણાની નીચે તરફ દોડતાં દોડતાં બૂમ પાડી, "ચાલો, આપણે છીછરો ભાગ શોધી કાઢીએ."

તે પાણીની બાજુમાં ઘાસ પર બેસી જાય છે અને ઝડપથી તેના બૂટ અને ધૂળિયા રંગનાં મોજાં કાઢી નાખે છે.

જ્યારે ઑસોકિન એની પાસે જાય છે ત્યારે એ રેતી પર એના ગાઉનનું સ્કર્ટ ઊંચું લઈ રહી છે અને ઑસોકિન એના નાના પગ અને પાતળી એડી સાથેના ગોળ ઘાટીલા શ્વેત પગ જુએ છે, અને તેને એ વાતથી આનંદ થાય છે કે તનેષ્કા તેના તરફ જરા પણ ધ્યાન આપતી નથી. એક હાથથી પોશાક પકડીને અને બીજા હાથથી સમતોલન જાળવતી એ પાણીમાં સંભાળપૂર્વક ચાલે છે.

"ઓહ, કેવા તીણા પથ્થર છે !" તે બૂમ પાડી ઊઠે છે, "પરંતુ પાણી કેટલું બધું હૂંફાળું છે ! હું નહાવાની છું, માત્ર તમે મારી સામે જોવાની હિંમત કરતા નહિ. ત્યાં પાછળ જતા રહો અને હું બૂમ પાડીને બોલાવું નહિ ત્યાં સુધી આવતા નહિ."

ઑસોકિન ટેકરી પર ચઢી જાય છે અને ફરી પાછો ઝરણું જ્યાંથી વળાંક લે છે ત્યાં આવી પહોંચે છે.

તેનું હૃદય જોરજોરથી ધડકી રહ્યું છે અને એ અસાધારણ આનંદદાયક ઉત્તેજનાથી સભાન છે. જાણે કે ઠંડા પાણીમાં એ પગ મૂકતો હોય એવું એક લખલખું તેના સમગ્રી શરીરમાંથી પસાર થઈ જાય છે, તે ઉલ્લાસ અનુભવે છે અને હસવા ઇચ્છે છે.

તે ઝરણા પાસે પીઠસરસો આડો પડે છે અને સિગારેટ સળગાવે છે.

"હલ્લો !" તનેષ્કાનો અવાજ તેના સુધી પહોંચે છે. "વાન્યા ! વાનેટ્ચ્કા ! ઈવાન પેટ્રોવીચ, તમે ક્યાં છો ? હલ્લો !"

"હલ્લો !" ઑસોકિન કૂદકો મારતો ઊભો થતો બરાડે છે.

"તમે આટલે બધે આઘે કેમ જતા રહ્યા ?" તનેષ્કા બૂમ પાડે છે. "નજીક આવો."

ઑસોકિન ઝાડી આમતેમ વટાવતો કિનારા પાસે ચાલે છે. તે એમ વિચારે છે કે એ હજુ થોડી દૂર છે ત્યાં અચાનક જ ઝાડી છૂટી પડે છે અને તે માત્ર ઘૂંટણભર પાણીમાં તદ્દન નગ્નાવસ્થામાં ઊભેલી અનપેક્ષિત રેખાઓ અને વળાંકો ધરાવતી, ઘેરી લીલી પશ્ચાદ્ભૂ સામે, શ્વેત-ધવલ અને પાણીથી ચમકતી તનેષ્કાને જુએ છે.

તેને જોઈને તનેષ્કા જોરથી હસે છે, પાણીમાં સરકી જાય છે અને એના હાથથી પાણીમાં છબછબિયાં કરતી ચોતરફ ફુવારો ઉડાડે છે.

"બહુ આઘે જતા નહિ," તે બૂમ પાડે છે, "મને જંગલમાં એકલાં રહેતાં બીક લાગે છે."

એક ક્ષણ માટે એ પાણીમાંથી ફરીથી ઊભી થાય છે, ઉશ્કેરતી અને પડકારતી અને સીધું જ ઑસોકિન સામે જુએ છે. તેમની આંખો મળે છે અને આ ક્ષણે તેને એમ લાગે છે તે બન્ને એવું કાંઈક જાણે છે, જે બીજું કોઈ જાણતું નથી.

આનંદની ઉત્તેજનાથી ઑસોકિનનો શ્વાસ થંભી જાય છે. તનેષ્કા હસે છે અને તેની સામે જીભ કાઢે છે અને ઝાડી હેઠળના ઊંડા પાણીમાં ડૂબકી મારે છે.

"તમે કેમ શરમાયા ?" તે પાણીમાંથી, પોતાના બન્ને હાથ વડે સ્તન સંતાડતી બૂમ પાડે છે, "તમે મારા વાળ ભીના કરાવ્યા છે. તમે તો હું તમારાથી ડરું છું એના કરતાં મારાથી વધારે ડરો છો. ઝાડીમાં જતા રહો. હવે હું કપડાં પહેરવાની છું."

ઑસોકિન તેના હૃદયની ધડકન સાંભળતો ધીરે ધીરે ટેકરી ચઢે છે અને ઘાસ પર બેસે છે. આ બધું જ સ્વપ્નવત્ છે. દૂર આઘે આઘે જંગલી કબૂતરો ઘૂ ઘૂ કરી રહ્યાં છે. એક દૂરના વૃક્ષ પરથી એક મોટો કરોળિયો ચમકતા તાર પરથી ધીરે ધીરે નીચે ઊતરે છે...

થોડીક ક્ષણો પછી, ઑસોકિન ઊભો થાય છે અને તનેષ્કાને મળવા માટે ચાલતો ચાલતો ઝરણાના બીજા છેડે જાય છે. એણે કપડાં પહેરી લીધાં છે પણ હજુ પગ ખુલ્લા છે. તેને એમ લાગે છે કે તે એની નજીક ગયો ત્યારે એ થોડી શરમાઈ, પણ એ તેની સામે એવી જ ઉશ્કેરણી કરતી અને પડકારભરી નજરે જુએ છે કે જેવી રીતે એ પાણીમાં હતી ત્યારે તેણે જોયું હતું.

"આપણે હવે ઘેર જવું જોઈએ," તનેષ્કા કહે છે. જાણે કે કશું જ અસાધારણ બન્યું નથી. પણ એ જ વખતે એ ઑસોકિન સામે ફરીથી સહેજ મૂંઝવણભરી અને પ્રશ્નાર્થભરી નજરે જુએ છે.

ઑસોકિન કંઈક કહેવા માગે છે પણ તેને શબ્દો જડતા નથી. થોડીક મિનિટો તેઓ બન્ને ચૂપકીદીથી ચાલે છે. તનેષ્કા ઘાસનું તણખલું ચાવે છે અને પ્રસંગોપાત્ત તેની સામે નજર નાખે છે.

ઑસોકિન એની સામે જુએ છે ત્યારે પોતાની લાગણીઓ સમજી શકતો નથી. ગઈકાલે જ તે એની સાથે લીલું લાકડું લેવા માટે ઝપાઝપી કરી શક્યો હતો. તે સવારે જ એને કમરથી પકડીને સાવ જ સરળતાથી અને સહેલાઈથી પોતાની સાથે જકડી શક્યો હતો. હવે તનેષ્કા બદલાઈ ગઈ છે. હવે તેને એનામાં એક જબરદસ્ત રહસ્ય જણાય છે. અને આ રહસ્ય તેને બીવરાવે છે અને હેરાન કરે છે અને એની આસપાસ એક જાદૂઈ વર્તુળ ખડું કરે છે જેના પર તે કદમ મૂકી શકતો નથી.

ઑસોકિન ગંભીર થવાની તેની ઇચ્છા તનેષ્કાને જણાવવા ઇચ્છે છે, પણ એવો પ્રયત્ન કરવો એ મૂર્ખામી હશે તેમ તેને લાગે છે. તે એવું લાગશે જાણે કે એ જ તેને મનામણાં કરતી હોય અને તે પોતે જ ઇન્કાર કરતો હોય – અને એને પાણીમાં જોવી તે – તે ખૂબ જ સુંદર હતું ! શા માટે એણે પેલા નાના ઝાડ કરતાં તેની સામે વધારે શરમાવું જોઈએ ?

"તમે કેટલા બધા સાલસ બની ગયા છો," તનેષ્કા કહે છે, "આજે સવારે તમે તદ્દન જુદા જ હતા. તમને શું થયું છે ? શું તમારું માથું દુઃખે છે ? બિચ્ચારા !" તે એનો હાથ ઝડપથી ઑસોકિનના માથા પર ફેરવે છે તેની કેપ તેની આંખો પર લાવી દઈને હસતી હસતી

કૂદકો મારીને આઘી જાય છે.

"અને તને કયો ઑસોકિન ગમશે ?" ઑસોકિન તેની કેપ સીધી ગોઠવતાં કહે છે. તેને એમ લાગે છે કે ગંભીર બનવાના તેના પ્રયાસની આકરી કસોટી થઈ રહી છે.

"અત્યારે તમે જેવા છો તેવા જ અલબત્ત," તનેષ્કા લહેકાથી બોલે છે, અત્યારે તમે મૉસ્કોના છાત્રાલયમાંના ધોરણસરના જુવાન છાત્ર છો, તે કોઈ પણ વ્યક્તિ પહેલી નજરે જ તે સમજી જાય." અને ફરીથી તેની કેપ તેની આંખો પર ખેંચી લે છે અને હસતી હસતી દૂર કૂદકો મારે છે.

ઑસોકિન મશરૂમની બાલદીઓ નીચે પછાડે છે, તનેષ્કાને પકડે છે, એને એને પાતળી લચીલી કમરથી જકડે છે, અને એના તાજા ગુલાબી ગાલ પર તેના હોઠ ભીડી દે છે. તનેષ્કા તેનાથી છૂટવા મથામણ કરે છે. અને ઉશ્કેરણીજનક રીતે હસે છે અને ઑસોકિનનાં ચુંબનો એની ગરદન, એના લમણાં અને એના ગળા પર પડે છે.

છેવટે એ પોતાની જાતને તેની બાંહોમાંથી છોડાવે છે અને બૂમ પાડે છે :

"જુઓ, તમે મશરૂમને અસ્તવ્યસ્ત કરી નાખ્યાં છે. મારાં મશરૂમ ! ઓહ, તમે ત્રાસદાયક માણસ !" એ એનો હાથ જાણે કે ઑસોકિનને મારવું હોય તેમ ઉગામે છે. "પોલકાન, તેમને ખાઈ જા."

પોલકાન તેમની આજુબાજુ કૂદકા મારે છે અને ભસે છે.

તનેષ્કા મશરૂમ ભેગાં કરે છે, ઑસોકિન પણ તેમને ભેગાં કરે છે, પછીથી હાથ વડે તનેષ્કાને તેની નજીક ખેંચી લઈને એની આંખો પર, એના હાથ પર, એના ગાલો પર ચૂમીઓ કરે છે. તનેષ્કા પ્રતિકાર કરતી નથી. ઊલટાનું, એનો ચહેરો ઑસોકિન સામે ધરે છે અને ગંભીર ભાવ અને નમેલી નજરો સામે તેની ચૂમીઓ પોતાની અંદર સાંભળતી હોય તેમ જણાય છે.

પછીથી તેઓ જંગલની લીલી પગદંડી પર ચાલે છે અને

વખતોવખત તનેષ્કા ઑસોકિન તરફ નજર ફેંકી લે છે અને હસે છે.

બીજા દિવસની વહેલી સવારે, ઑસોકિન ભોંયતળિયે દાદરાની પાસે આવેલા તેના શયનકક્ષનું બારણું ધીરેથી થોડુંક ઉઘાડે છે અને લાંબી પરસાળમાં નજર નાખે છે. ત્યાં આજુબાજુમાં કોઈ નથી. તે બારણું ઉઘાડે છે અને તનેષ્કા ચૂપકીદીથી બહાર નીકળી જાય છે. એણે લાંબો પીળો ગાઉન પહેર્યો છે અને ખભા ઉપર શાલ વીંટાળી છે. દરવાજામાં એ પાછી ફરે છે, ઑસોકિનની ગરદન આસપાસ બન્ને હાથ વીંટાળી દે છે અને તેના હોઠ પર એક સુદીર્ઘ ચુંબનથી તેને ગૂંગળાવી નાખે છે. ત્યાર બાદ એક પણ શબ્દ બોલ્યા વગર એ એનું માથું શાલથી ઢાંકી દઈને નીરવપણે દાદરો ચડી જાય છે.

ઑસોકિન એને જતી જોઈ રહે છે, અને જ્યારે એ દાદરના વળાંક પાસે દેખાતી બંધ થાય છે ત્યારે તે તેના રૂમમાં પાછો જાય છે.

આછા સ્મિત સાથે, તે ચોળાયેલી પથારી સામે નજર નાખે છે. બારી પાસે જાય છે, તેને જોરથી ઉઘાડે છે, અને બહાર બગીચા તરફ ઝૂકે છે. બહારની, લીલાં પર્ણોના સળવળાટ અને જાગી ગયેલાં પક્ષીઓના કલરવથી ભરેલી ઠંડી, ભેજવાળી સુગંધિત હવા, વૃક્ષોની ટોચ પરથી આવતા સૂર્યપ્રકાશથી તે ઘેરાઈ જાય છે. તે પોતાની છાતી ફૂલતી હોય તેવું મહેસૂસ કરે છે. આખોય બગીચો એકશ્વાસે અંદર ભરી લેવા માગે છે.

તે બારીના કઠેડા પર બેસે છે, તેના પગ બહાર ઝુલાવે છે, અને બગીચામાં કૂદકો મારે છે.

બગીચો ભેજનાં ચમકતાં બિંદુઓથી ભીનો છે. હવા લીંબુની સુગંધથી તરબતર છે. કાળો પોલકાન કૂતરો અચાનક હાંફતો હાંફતો અને આનંદથી પૂંછડી પટપટાવતો ક્યાંકથી પ્રગટ થાય છે, તે ભસે છે અને કૂદકો મારીને ઑસોકિનની છાતી પર તેના ભીના પગ મૂકે છે.

"પોલકાન, ચાલ આપણે તળાવ બાજુ જઈએ," ઑસોકિન કહે છે, "હવે પથારીમાં કોઈ કેવી રીતે જાય ?"

પોલકાન જાણે સમજતો હોય તેમ પૂંછડી હલાવે છે અને ગલી તરફ ધસી જાય છે.

ઘરેથી થોડેક દૂર, તળાવ પાસે, ઑસોકિન કિનારાના ઉપરના ભાગે કેટલાંક તાજાં ફરનાં વૃક્ષો હેઠળ બેસે છે. તે તેનો હાથ તેના ખોળામાં સૂતેલા પોલકાનના ભીના માથા પર મૂકે છે. અને એક આછેરા સ્મિત સાથે વિચારમાં ગરકાવ થઈ જાય છે. સૂર્ય વાદળોની આરપારથી ઝઝૂમે છે અને આખા તળાવ પર પ્રકાશનો ધોધ વહાવે છે.

"કેવું વિચિત્ર છે આ બધું !" ઑસોકિન બોલે છે. "અને વિચાર કરો કે એની મેળે જ આવી હતી. ટૉલ્સ્ટૉય પણ કેવો મૂરખ છે ! ધી ક્રુઈઝનર સોનાટામાં તેણે કેવી મૂર્ખામીભરી વાતો લખી છે ! આ બધાંમાં એવી ગલીચતા કે બરછટપણું ક્યાં છે ? વહાલી તનેષ્કા ! હવે હું એને કેટલી બધી સમજું છું ! હા, આ જ સાચી વસ્તુ, છે અને આખી દુનિયામાંની એકમાત્ર સાચી વસ્તુ. સત્ય તો એ છે કે આ બધું માત્ર સ્ત્રી જ ધરાવે છે અને એકમાત્ર સ્ત્રીને જ એ વિશે નિર્ણય કરવાનો અધિકાર છે. આ બાબત સમજી લેવી જ પડે અને ત્યાર પછી બીજું બધું તદ્દન બદલાઈ જાય છે. પણ લોકો કેમ સમજતા નથી ? એમણે આની આજુબાજુ આટલી બધી મૂર્ખતા અને મલિનતા કેમ સરજી છે ? અને શા માટે એ લોકો આ બધો અવિશ્વાસ અને ભય હેઠળ આનો સાચો અર્થ એમના પોતાનાથી જ છુપાવે છે ?

તળાવની સામે જોતો જોતો અને પોલકાનનું માથું થપથપાવતો એ લાંબા સમય સુધી બેસી રહે છે. થોડાક સમય પહેલાં જે બન્યું તે પુન પુનઃ એની સામેથી પસાર થઈ જાય છે. એના એ શબ્દોમાં પુનરાર્વિતત થતું હૃદયના એના એ જ ફફડાટ અને એની એ જ ભયમિશ્રિત આનંદની ઊર્મિઓ જગાડતું. અચાનક જ એક પડદો પડી ગયો છે અને જિંદગી હજારો દીવાઓ સાથે ઝળાંહળાં થઈ ગઈ છે. જયારે પ્રેમને ભયપ્રદ બનાવી મૂકતાં અંધકારમય બદનક્ષીઓ અને જુઠાણાંઓ એક વાદળાની જેમ ક્યાંક પસાર થઈ ગયાં છે.

ટેકરીની પેલે પાર આવેલા ગામમાં એક ગોવાળ તેની વાંસળી

વગાડી રહ્યો છે અને સોનેરી દોરાની જેમ કંતાતા આવતા લાંબા કંપનભર્યા સૂરો તેના હૃદયને પીડામિશ્રિત આનંદની સંવેદનાઓ સાથે સ્પર્શે છે. હા, હા, તનેષ્કા ! એ એની પોતાની મેળે જ આવી હતી. તે કેટલું બધું સુંદર હતું ! એ આવી, અને હસવા લાગી, અને તેને ચીડવવા લાગી અને તે એને ચુંબનો કરવા લાગ્યો, અને એ હસી, અને બોલી કે એને તેની બીક લાગે છે. તનેષ્કા આટલી બધી અનુભવી હશે એવું તે કલ્પી પણ શક્યો ન હતો.

"પરંતુ શું એ સાચી નથી, અને એને ગમતું હોય એવું એણે શા માટે ન કરવું જોઈએ ? અલબત્ત, એ સાચી છે, અને અલબત્ત એણે એમ કરવું જ જોઈએ. એ વધુ સારું શા માટે હોય જો એ કોઈક ગામડિયાને અગર તો કોઈક મોટા પેટવાળા દુકાનદારના છોકરાને પરણી હોત ? એમ કરવાને બદલે એણે લગ્નની રાહ જોયા વગર જ પોતાના માટે પ્રિયતમને શોધી લીધો. કાકાને ખરેખર કશી ખબર નથી પણ અત્યારેય તનેષ્કા જેઓઝર્યેના યુવાન જંગલ ઇન્સ્પેક્ટરને ઘણીવાર મળે જ છે ને ! અને તેય એનો પહેલો પ્રેમી તો નથી જ. પરંતુ કોણ એનો વાંક કાઢી શકે તેમ છે ? એ છે જ એટલી અદ્‌ભુત. એને લગતું બધું જ કેટલું બધું મધુર અને કુદરતી છે ! એ કેટલું મૃદુતાથી હસી, જ્યારે એણે મને એનાં કપડાં ઉતારવાં દીધાં અને એને ચૂમવા દીધી. એના હોઠ કેટલા બધા હૂંફાળા છે અને કેટલું બધું સંવેદનશીલ શરીર – એના સ્તન, ખભાઓ, પગ. એ અદ્વિતીય છે, અને અદ્‌ભુત છે. લોકો જેમ કરતા હોય છે એમ, પ્રેમની નિંદા કેવી રીતે કરી શકે, અને પ્રેમને દુર્ગુણ અને અપરાધ કેવી રીતે બનાવી શકે ? આ બધા જુગુપ્સાપ્રેરક શબ્દો, અધમ અભિવ્યક્તિઓ... બધા વૈદકીય અને શરીરવિજ્ઞાનના શબ્દો, જાણે કે પ્રેમમાં એના જેવું કાંઈ પણ હોય. આ તો વાયોલિનના રાસાયણિક પૃથક્કરણ જેવું થયું. ના, તે એવું નથી જ. એ તો પેલી વાંસળીના સૂર જેવો જ છે – તેના માટે કોઈ શબ્દો નથી.

પોલી વાંસળીના સૂરો નજીક આવી રહ્યા છે અને ઑસોકિનના આત્માના ઊંડાણમાં, ઘણાબધા ભુલાઈ ગયેલા વિચારો સળવળી ઊઠે છે – પીડાદાયક, પણ ઘણાબધા પરિચિત. કશુંક સ્મૃતિમાં પાછું આવે છે,

કશુંક અંધકારભર્યા ઊંડાણમાંથી સપાટી પર તરી આવે છે.

હવે ઑસોકિન એની સમક્ષ સૂર્યપ્રકાશથી ઝળહળી ઊઠેલું તળાવ અને સોનેરી કિનારવાળાં શ્વેત વાદળો અને મૃદુતાથી ઘસાતાં લીલાં સરુઓ જુએ છે.

"આ બધું માન્યામાં ન આવે એવું, કેટલું બધું સુંદર છે," તે બોલે છે. "પરંતુ, મૃત્યુ શા માટે અસ્તિત્વ ધરાવે છે ? કે કદાચ મૃત્યુ જેવું કંઈ નથી ? એક ક્ષણ માટે હું તે સમજી શકું તેમ છું. કશું જ મરતું નથી. બધું જ હંમેશ માટે અસ્તિત્વ ધરાવે છે. આપણે જ એનાથી દૂર જતા રહીએ છીએ અને એને જોતાં બંધ થઈ જઈએ છીએ. ગઈકાલનું અસ્તિત્વ છે. તનેષ્કા પાણીમાં હતી અને હું તેની સામે જોવાથી ડરતો હતો. આ મરણ પામ્યું નથી અને એ મૃત્યુ પામી શકે નહિ. હું હંમેશાં એ તરફ પાછો જઈ શકું. પરંતુ એમાં રહસ્ય જેવું કંઈ નથી. રહસ્ય, જેને આપણે મૃત્યુ કહીએ છીએ. છતાં હકીકતમાં તો મૃત્યુ એ માત્ર આપણી કશુંક સમજવાની નિષ્ફળતા જ છે. અત્યારે હું આનો અનુભવ કરી શકું છું. હંમેશાં આનો અનુભવ શા માટે નહિ કરી શકાતો હોય ? તો પછી આપણે કશાથી ડરવું જોઈએ નહિ... અને એ તનેષ્કા છે જેણે મને આ આપ્યું છે. છેવટે હું સમજું છું કે જીવનની માત્ર સૌથી શ્રેષ્ઠ વસ્તુ જ નહિ પરંતુ સૌથી મહત્ત્વની વસ્તુ, સૌથી અનિવાર્ય વસ્તુ પણ આ જ છે. જ્યારે આ આવે ત્યારે બીજું બધું જ શાંત મૌન થઈ જવું જોઈએ અને તેને મારગ આપવો જોઈએ. કોઈ વ્યક્તિ આના સંદર્ભમાં 'સમજુ' કેવી રીતે બની શકે ? પેલા બે કલાકો વિશ્વમાં બીજા કશાયથી વધારે ચડિયાતા છે. જો હું જાણતો હોઉં કે આજે આના માટે મારો શિરચ્છેદ થવાનો છે તો પણ મેં તનેષ્કાને એ રીતે જ ચુંબન કર્યું હોત... અને હવે હું આ તળાવ પર મારાં સ્વપ્નોમાં ઊડું છું તેવી જ રીતે ઊડવા માગું છું.

કાકા

થોડાક દિવસ પછી. તનેષ્કા વરંડામાં બેઠી બેઠી કશુંક સાંધે છે. ઑસોકિન બગીચામાંથી અંદર આવે છે.

"હું જમ્યા પછી ઝેવો કળણ ભણી જવાની છું. કોઈ મારી સાથે આવવા માગે છે ?" તનેષ્કા માથું ઊંચું કર્યા વગર લુચ્ચું સ્મિત કરતી ગણગણતી હોય તેમ બોલે છે.

"હું આવીશ, વહાલી તનેષ્કા !" ઑસોકિન એની નજીક આવે છે અને કહે છે, "પણ, તને ખબર છે, આપણે થોડીક વધુ સંભાળ રાખવી પડશે. છેલ્લા થોડા દિવસોથી આપણે આખો વખત સાથે ને સાથે જ રહ્યાં છીએ અને એ ઝટ નજરે પડી જાય તેવું છે."

"વારુ, તેથી શું થયું ?" તનેષ્કા દોરો તોડતી અને એની સામે જોતી જોતી બોલે છે.

"મને એમ લાગે છે કે આનો અંત બહુ ખરાબ આવશે. મને એવું લાગે છે કે કાકા બહુ શંકાશીલ નજરે આપણું ધ્યાન રાખી રહ્યા છે, અને નોકરો તો આપસમાં વાતો કરી જ રહ્યા છે."

"ડરપોક, બાયલો !" તનેષ્કા તિરસ્કારપૂર્વક કહે છે, "એક સામાન્ય યુવાન સ્ત્રી – બધાથી બીતી. ભલે એ બધા જુએ, ભલે એ બધા વાતો કરે. હું કશાથી ડરતી નથી." એ એનું માથું પડકાર ફેંકતી હોય તેમ ઉલાળે છે.

"વહાલી તનેષ્કા, ગુસ્સે ન થઈશ," ઑસોકિન કહે છે, "અત્યારે તું વ્હાઇટ લેગ્સ તોફાન કરતી હોય ત્યારે જેવી લાગે તેવી જ દેખાય છે."

"તું કાયમ મારી મશ્કરી જ કરતો હોય છે," તનેષ્કા મોં મચકોડીને કહે છે, "કાં તો હું વ્હાઇટ લેગ્સ જેવી દેખાઉં છું અથવા તો ભગવાન જાણે..."

"ડાર્લિંગ, ગુસ્સે ન થા."

"તું મશરૂમ લેવા સાથે આવે છે ?"

"મને ચુંબન કર અને હું આવીશ."

"ઓહ, તું વધારે પડતી માગણી કરે છે."

"વારુ, મને તારી ગરદન ચૂમવા દે."

"એક નાની આંગળી જ... ઓત્તારીની ! હું ભૂલી જ ગઈ હતી, એ લોકો ટેબલ સજાવી રહ્યા છે. માટે ઝેકોવ્સ્કાનું ધ્યાન રાખવા જવું પડશે."

તનેષ્કા દોડી જાય છે.

"એ કેટલી વહાલી છે !" ઑસોકિન પોતાની જાતને કહે છે, "પણ અમે લોકો બહુ જ નાજુક દોર ઉપર ચાલી રહ્યાં છીએ અને તે ગમે ત્યારે તૂટી પડશે. આ બધું કેટલું બધું અચાનક જ બની ગયું છે !"

તે તનેષ્કાની પાછળ પાછળ જાય છે. જમણખંડમાં તનેષ્કા ટેબલ પર વાંકી વળીને સસલા માટે રાઈની કચુંબરનો મસાલો ફીણી રહી છે. ઑસોકિન ચૂપકીદીથી તેની પાછળ જાય છે અને એની ગરદન પર ચૂમી લે છે. તનેષ્કા ચીસ પાડે છે અને તેને નેપ્કિનથી ઝપટ મારે છે. ઑસોકિન એને કેડેથી જકડી લે છે, એનું સમગ્ર શરીર પોતાના શરીર સાથે જડી દે છે અને એને મોં પર ચુંબન કરે છે. તનેષ્કા નબળો પ્રતિકાર કરે છે ને પછીથી ઑસોકિનની બાંહોમાં સમાઈ જઈને તેને એક પછી બીજો ગાલ પછી કાન પછી ગરદન ચુંબન

કરવા માટે ધરે છે.

એ જ ક્ષણે, બારણું ઊઘડે છે અને ઑસોકિનના કાકા પ્રગટ થાય છે અને ઉંબરા પર અટકી જાય છે. તનેષ્કા કૂદકો મારીને ઑસોકિનથી અળગી થઈ જાય છે.

"હવે આ," ઑસોકિન વિચારે છે, "મને ખબર હતી આમ જ બનવાનું છે." તેને સંતાપ થાય છે અને શરમ આવે છે અને તેનું હૃદય જોર જોરથી થડકી રહ્યું છે.

પોતાની મૂંઝવણ નહિ સંતાડી શકવાને કારણે તેને ખિજવાટ થાય છે. પણ એની સાથે સાથે તે દંગ રહી ગયો છે – આ બધું જ બરાબર તેણે ધાર્યા મુજબ જ બન્યું છે.

તેના કાકા તેમની બન્નેની સામે જુએ છે અને પછી એક પણ શબ્દ બોલ્યા વગર ટેબલ પાસે જાય છે. ઑસોકિન બઘવાઈ ગયો છે. આ બધાંમાં સૌથી ખરાબ વાત પાછી એ છે કે તેને ટેબલ પાસે બેસવું પડે છે અને જાણે કાંઈ જ બન્યું નથી એવો ડોળ કરવો પડે છે. તનેષ્કા, ગૂંચવાયેલી અને શરમાતી સૂપ પીરસે છે અને ઑસોકિન અગર તેના કાકાની સામે ન જોવાઈ જાય તેવો પ્રયત્ન કરે છે. કાકા દેખીતી રીતે જ ક્રોધે ભરાયેલા છે, પણ કંઈ જ બોલતા નથી. ઑસોકિનની એક ઇચ્છા ત્યાંથી છુટકારો મેળવવાની છે.

તેના કાકા અનિચ્છાએ અણગમાથી વોડકાનો ગ્લાસ ગટગટાવી જાય છે અને ઝેકોવ્સ્કાને અડ્યા વગર જ સૂપ પીવાનું શરૂ કરે છે.

શાંતિ વજનદાર બનતી જાય છે. "તું ક્યાં ગયો હતો ?" તેના કાકા ઑસોકિનને સદ્ભાવના વિનાના અવાજમાં પૂછે છે.

"પત્રો અને છાપાંઓ લેવા માટે ઓવરહો તરફ," ઑસોકિન જવાબ આપે છે.

"નોકરને મોકલી શકાયો હોત."

"એના દ્વારા એ શું કહેવા માગે છે ?" ઑસોકિન વિચારે છે,

"કદાચ હું કાંઈ કરતો નથી એમ કહેવા માગતા હશે."

"તું માત્ર આમતેમ ભટક્યા કરે છે," કાકા જાણે તેને જવાબ આપતા હોય એમ કહે છે. ત્યાર બાદ, લાંબા વિરામ પછી ઉમેરે છે, "મારે તારી સાથે વાત કરવી છે. મારા ઓરડામાં ચાર વાગ્યે આવ."

આખરે જમણ પૂરું થાય છે. ઑસોકિન બગીચામાં જાય છે અને ઘર ફરતો આંટો મારે છે. તનેષ્કા ક્યાંય દેખાતી નથી.

ઑસોકિનને કશીક અસુખની લાગણી થાય છે – જે કાંઈ બન્યું છે એ બધા પ્રત્યેની એક પ્રકારની ઘૃણા. પરંતુ સાથે સાથે તેને એ વાતનો પણ અચંબો થાય છે, કે તેના હૃદયમાં તદ્દન શાંતિ – સવારે હતી તેના કરતાં ઘણી વધારે શાંતિ છે. જાણે કે જે બનવાનું હતું તે જ બન્યું છે અને હવે તે વધારે હળવોફૂલ થઈ ગયો છે, કારણ કે કશું જ તેના પર આધાર રાખતું નથી. "જે થવાનું છે, તે થશે." તે વિચારવા ઇચ્છતો નથી.

"બધું સરખું છે," તે પોતાની જાતને કહે છે ! મને ખબર જ હતી કે આમ બનશે પણ હું કશું જ જુદી રીતે કરી શક્યો નહિ. જો આ બધાંનું પુનરાવર્તન થાય તો પણ ફરીથી હું આનું આ જ કરું. નિઃશંકપણે તનેષ્કાને જમણખંડમાં ચૂમવી એ મૂર્ખામી જ હતી પણ વહેલાં કે મોડાં અમે પકડાઈ જવાનાં જ હતાં. બુઢ્ઢો શું કહેવાનો છે તે હું જાણતો નથી, પરંતુ ગમે તે થાય હું જાણું છું કે હું તનેષ્કાને છોડી શક્યો ન હોત.

ઑસોકિન બગીચાના છેડે આવેલી ઝાડી તરફ જાય છે, તેને પસાર કરે છે અને ખુલ્લા મેદાનમાં આવે છે. તે જંગલના છેવાડે બેસે છે અને લગભગ વિચારશૂન્ય સ્થિતિમાં લાંબા સમય સુધી ત્યાં જ રહે છે. ત્યાર પછી ઘેર પાછો આવે છે. હજુ માત્ર ત્રણ જ વાગ્યા છે.

"જુવાન શેઠાણી ક્યાં છે ?" ખુલ્લા ચોકમાંથી દોડી જતી એક દાસીને તે પૂછે છે.

"પોલિવાનોવોથી બાનુ હમણાં જ આવી ગયાં, જુવાન બાઈ તેની

સાથે જ આપણા ઘોડા પર ગઈ. એ લોકો એમના ઘોડા અહીં જ આરામ કરવા માટે રાખી ગયાં છે."

"પોલિવાનોવો ત્રીસેક માઈલ દૂર આવેલું છે. તનેષ્કા ત્યાં ગઈ જ શું કામ હશે ?" ઑસોકિન વિચારે છે. "એનો અર્થ એ કે એ આવતી કાલે રાત સુધી આવશે નહિ. મોટા ભાગે તો મારા કાકાએ જ એને મોકલી દીધી હશે. તેના મનમાં શું હશે ?"

ઑસોકિનને કંટાળો આવે છે અને ગમગીની અનુભવે છે. તે બગીચા તરફ પાછો જાય છે અને સફરજનના એક ઝાડ નીચે ધુમાડા કાઢતો બેસી રહે છે.

ચાર વાગ્યે તે તેના કાકાના ખંડમાં જાય છે. તેના કાકા એક મોટા ટેબલની સામે પડેલી ચામડાની આરામ-ખુરશીમાં બેઠા છે. ટેબલ ઉપર એક સીલબંધ પત્ર પડ્યો છે.

"બેસ," તેના કાકા તેની સામે જોયા વિના જ કહે છે. સ્પષ્ટપણે જ તેમને ઑસોકિન સાથે બોલવું પડે છે તે ગમતું નથી અને શક્ય તેટલું જલદી બધું આટોપી લેવા માગે છે.

તેના કાકાના અત્યારના મિજાજમાં અને તેઓ જ કાંઈ કહેવાના છે તેમાં ઑસોકિનને પેલી મુરબ્બીઓની નિરસ અને ગંભીર દુનિયાનું કોઈક તત્ત્વ જણાય છે — એ દુનિયા જે હંમેશાં તેની વેરી રહી છે અને જે તેની ચુંબનોની, દિવાસ્વપ્નોની તનેષ્કાના ખુલ્લા ખભાની તળાવ પરના સૂર્યોદયની અને જંગલના માર્ગો પરની એકલી સવારીની દુનિયાથી તદ્દન અલગ છે. અને બન્ને દુનિયાઓ વચ્ચેની ઘેરી ગહન આંતરિક શત્રુતાથી તે તીવ્રપણે સભાન છે.

"તારી બાએ એના મરણના થોડા સમય પહેલાં મારી સાથે વાત કરી હતી," તેના કાકા કહે છે, "અને મેં એમને તારી દેખભાળ રાખવાનું વચન આપ્યું હતું."

ઑસોકિન ટેબલ પર પડેલા ચાંદીના ખડિયા સામે જુએ છે. જો બે ખડિયા વચ્ચે નાનકડો ગોળાકાર પુલ બનાવી શકાય તો તે બરાબર

સોકોલ્નીકી પાસેના તળાવ જેવો જ દેખાય. તેના કાકા શું કહી રહ્યા છે ?

"હવે હું જોઉં છું કે તું અહીં માત્ર નવરોધૂપ પડ્યો રહે છે અને કશું કરતો નથી. મેં તને પિટસબર્ગ મોકલવાનું નક્કી કર્યું છે. પરદેશની યુનિવર્સિટીઓ વિશે વિચાર કર્યા કરવાનો અર્થ નથી, તને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે એનો અર્થ એ જ થશે કે તું ત્યાં કાંઈ નહિ ઉકાળે. વચ્ચે ના બોલ. હું જે કહેવા માગું છું તે આ છે : તું કેવી રીતે કામ કરે છે તે મેં જોયું છે. આનાથી કશું નહિ વળે. એટલે મેં તને મિલિટરી સ્કૂલમાં મોકલવાનો નિર્ણય લઈ લીધો છે. જો તું પરિશ્રમ કરીશ તો ઑફિસર બની શકીશ. તારે પિટસબર્ગ જવાનું છે. કર્નલ યર્મિલોફ પર લખેલો પત્ર આ રહ્યો. તેઓ મિલિટરી સ્કૂલની પરીક્ષા માટે છોકરાઓને તૈયાર કરે છે. તારે એમના ઘરમાં રહેવાનું છે. પ્રવાસ માટેનાં નાણાં આ રહ્યાં. તારાં કપડાં અને બીજી ચીજવસ્તુઓ માટેનો ખર્ચ યર્મિલોફ ઉપાડશે. તારો સામાન ગોઠવી લે. ગોરેલોવોથી ગાડી સાડા આઠ વાગ્યે ઊપડે છે. જો તું સાત વાગ્યે નીકળી જાય તો સમયસર પહોંચી જઈશ !"

તેના કાકા ઊભા થાય છે.

"હું નગર ભણી જાઉં છું," તેઓ કહે છે. પછીથી ઑસોકિન સામે જોયા વગર પોતાનો હાથ લંબાવે છે અને એક ઉતાવળું આછુંપાતળું હસ્તધૂનન કરીને બહાર નીકળી જાય છે.

ઑસોકિન પોતાના ખંડમાં જાય છે. તે પીડિત અને વ્યથિત છે અને તેના ગળે ડૂમો ભરાયો છે. એની સાથે સાથે જ તે આશ્ચર્ય સાથે અનુભવે છે કે તે લગભગ રાજી છે. શેના માટે ? તે પોતે જ જવાબ આપી શકે તેમ નથી. પરંતુ આગળ ઉપર કંઈક નવું અને અણજાણ્યું જ રહેલું છે. આ નવું તેને આકર્ષે છે. તે ક્યારેય પિટસબર્ગ ગયો નથી અને કાયમ એના વિશે સ્વપ્નો સેવ્યાં છે. પણ તો પછી તનેષ્કાનું શું ? આ વાત તેને ઉદાસ બનાવી મૂકે છે અને તેના હૃદયમાં પીડા જન્માવે છે. એની સાથે સાથે જ તેનામાં તેના કાકા પ્રત્યે વધુ ને વધુ

અણગમાની લાગણી ઊભરાય છે. હવે તેને તેના કાકા ગમવા માંડ્યા હતા એ વાત પોતાની સમક્ષ જ સ્વીકારવાની શરમ આવે છે.

"જો તેઓ મારી સાથે આ રીતે વર્તી શકે," ઑસોકિન વિચારે છે, "તો પછી મને એ વાતનો આનંદ છે કે આમ બન્યું. જો તેમની ઇચ્છા હોત તો તેઓ બીજા હજારો ઉપાયો શોધી શક્યા હોત. અમારો નિકાલ કરવાનો તેમને અધિકાર છે તેવું તેઓ શાથી વિચારે છે? અલબત્ત, હવેથી હું તેમને કશું જ જોવા દઈશ નહિ. પરંતુ જો તેઓ એમ વિચારતા હોય કે તનેષ્કાને મારાથી છોડાવી શકશે તો તેઓ મોટી ભૂલ કરી રહ્યા છે."

ઑસોકિનના મનમાં જુદી જુદી અનેક યોજનાઓ આકાર લઈ રહી છે. પિટસબર્ગમાંની કોઈક મિલિટરી સ્કૂલ માટે તે તૈયારી કરવાનો નથી. તે પત્રકારત્વને લગતું કોઈક કામ અગર તો અંગ્રેજી અને ઇટાલિયનમાંથી ભાષાંતર કરવાનું કામ શોધી લેશે. તે યુનિવર્સિટીની પરીક્ષા માટે તૈયારી કરશે અને તનેષ્કાને બોલાવી લેશે.

પણ હવે તેણે તનેષ્કાને આના વિશે સંદેશો લખી જણાવવો પડશે જેથી એ તેની રાહ જુએ. એને એમ ન થવું જોઈએ કે તે પોતે પણ એના બીજા પ્રેમીઓની જેમ જ એને ભૂલી જશે.

તે કાગળ કાઢે છે અને લખવાનું શરૂ કરે છે :

"વહાલી તનેષ્કા,

કાકા મને મિલિટરી સ્કૂલની તૈયારી કરવા માટે પિટસબર્ગ મોકલી રહ્યા છે. પણ હું તો યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેની તૈયારીઓ કરવાનો છું. મને ભૂલી ન જતી. આપણે તરત જ મળીશું. ક્યારે અને કેવી રીતે એ હું તને નહિ કહું. પણ મારા એક પત્રની રાહ જોજે. હું તને બોલાવવા માટે તે પત્ર ગોરેલોવો મોકલીશ. જ્યારે તે પત્ર ત્યાં આવે ત્યારે એ લોકો તને ખબર આપશે. હું તને તે વખતે તળાવ પાસે કરી હતી એટલી બધી વાર ચુંબન કરું છું. તને યાદ છે ?

તારો જ, ઇ.ઑ."

તે કાગળ સીલ કરે છે અને ઘડિયાળ તરફ જુએ છે. પાંચ વાગ્યા ઉપરનો સમય છે. તે એક અવનવી લાગણી અનુભવે છે : કાકા સાથે વાત થયાને એક કલાક ઉપર વીતી ગયો છે પણ ઑસોકિનને એવું લાગે છે કે તે પોતે અહીં નથી. બધું જ દૂર-સુદૂરનું બની ગયું છે. એક પ્રકારની અધીરાઈની અને આ બધામાંથી જેમ બને તેમ જલદી બહાર નીકળી જવાની પ્રબળ લાગણી તેને થાય છે.

"હું આ કાગળ મિશ્કાને આપીશ," ઑસોકિન વિચારે છે, "અને આ કાગળ તનેષ્કાને ઘરમાં નહિ પણ બગીચામાં આપવાનું એને કહીશ. તે આ બધું બરાબર ગોઠવી દેશે."

"સરસ" તે પોતાની જાતને કહે છે, "હવે જોઈએ, પણ મારે સામાન ગોઠવવો પડશે. હા, હવે મને સમજાય છે કે હું અહીંથી જતો રહું છું એ વાત જાણવી શાથી આનંદદાયક છે. બધો જ વખત મને એ વાતની ચીડ હતી કે મારું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે – કારણ કે હું કામ કરતો નથી, કારણ કે હું ઘણીવાર ઘોડેસવારી માટે નીકળી પડું છું અને પછી તનેષ્કા... ગમે તે રીતે હું અહીં લાંબા સમય સુધી રહી શક્યો ન હોત. મારી ઇચ્છા હું જે કરવા માગતો હોઉં તે કરવાનો અધિકાર મેળવવાની છે – નહિ કે બીજું કોઈ વિચારે કે મારા માટે શું સારું અને જરૂરી છે. હું ક્યારેય કશાના તાબે થયો નથી અને ક્યારેય થઈશ પણ નહિ."

બે કલાક પછી ઑસોકિનને એક ઘંટડીઓ જોડેલી બગીમાં તેની બેગ સાથે સ્ટેશન તરફ હંકારી જવામાં આવી રહ્યો છે. વચ્ચેના ઘોડાની જમણી બાજુ વ્હાઇટ લેગ્સ દોડી રહી છે. ઑસોકિનનું હૃદય ભરાઈ આવ્યું છે અને તેના મનમાં ઉદાસ વિચારો આવી રહ્યા છે. તે તેની બા વિશે વારંવાર વિચારી રહ્યાં છે. અને એ જીવતી હતી ત્યારે એના માટે જે કાંઈ તે કરવા માગતો હતો તે તેણે કેવી રીતે ક્યારેય ન કર્યું તેના વિશે વિચાર કરે છે.

"આ બધું એ વખતે અગત્યનું હતું," તે પોતાની જાતને કહે છે. "પણ હવે કશાનો અર્થ નથી. મારે કશું જોઈતું નથી અને હું કશાની

દરકાર કરતો નથી."

કશાક કારણથી તેના મનમાં જાદૂગરના ખંડની અને તેમની છેલ્લી વાતચીતની સ્મૃતિ ઊભરાય છે : બધું જ તેને ફરીથી યાદ આવે છે. તે ઘણું જ વાસ્તવિક લાગે છે અને તેની સાથે જ એક સ્વપ્ન જેવું પણ – વાસ્તવથી પણ વધુ વાસ્તવિક એવું વિચિત્ર સ્વપ્ન જેની સરખામણીમાં બધી જ વાસ્તવિકતાઓ એક સ્વપ્ન જેવી બની જાય.

ખરીઓના કોલાહલ સાથે બગી ધીરે ધીરે પુલ પસાર કરે છે. વ્હાઇટ લેગ્સ નદીથી થોડીક બીએ છે અને સહેજ થનગનાટ સાથે વચ્ચેના ઘોડાને દબાય છે. ઘંટડીઓ ધીરે ધીરે રણકે છે. ઑસોકિનનું હૃદય અકથ્ય પીડાથી થડકી રહ્યું છે. ગઈ કાલે સવારે જ તે અહીં તનેષ્કા સાથે ચાલ્યો હતો. અને વધારામાં ઘણાં લાંબા સમય પહેલાં બધું આવું જ હતું – તે વખતે પણ આ જ બગી હતી, આ જ નદી હતી અને તેના હૃદયમાં આવી જ શૂળ ભોંકાતી હોય તેવું દર્દ હતું. આ બધું જ પહેલાં હતું. ઑસોકિનને અકથ્ય પીડાનો અનુભવ થાય છે અને તે રડવા ઇચ્છે છે.

એ જ વખતે રહસ્યમય આવતીકાલમાં કશુંક ફરકી રહ્યું છે. કશુંક ઈશારાથી ઈજન આપી રહ્યું છે. કશુંક અનિવાર્ય અને મોહક અનુભવાઈ રહ્યું છે.

શેતાનની યંત્રરચના

સાડા ત્રણ વર્ષ પછી ઑસોકિન મૉસ્કોની એક મિલિટરી સ્કૂલમાં બીજા વર્ષમાં 'ઠોઠ' વિદ્યાર્થી છે. તે લગભગ વીસ વર્ષનો છે. છ માસમાં તેનો અભ્યાસક્રમ પૂરો થશે અને તેને ઑફિસર તરીકે બઢતી આપવામાં આવશે.

રવિવારની સવાર. મિલિટરી સ્કૂલનો કાળો કોટ અને સોનેરી કિનારવાળી લાલ ખભા પરની પટ્ટીઓમાં શોભતા સીધા પહોળા ખભા, કાળો ચામડાનો પટ્ટો પહોળી સુરવાલ, અને ઊંચા બૂટમાં તાલીમબદ્ધ લાગતો ઑસોકિન એના એક જૂના સ્કૂલમિત્ર લીઓન્ટીફના જૂના ફ્લૅટમાં પાર્ટીમાં ભાગ લઈ રહ્યો છે. લીઓન્ટીફ અત્યારે ટેક્નિકલ હાઈસ્કૂલનો વિદ્યાર્થી છે. મહેમાનોમાં થોડાક જુવાનિયા, એક ઘોડેસવાર પલટનનો ઑફિસર, એક વૃદ્ધ અભિનેતા, બે ફ્રેન્ચ છોકરીઓ અને બે સંગીત હૉલની અભિનેત્રીઓ છે. તે બધાં પત્તાનો જુગાર રમી રહ્યાં છે.

ઑસોકિન એક બાજુ ઝેકોવ્સ્કા ટેબલ પાસે શરાબની પ્યાલી સાથે સિગારેટ પીતો બેઠો છે અને રમનારાઓને જોઈ રહ્યો છે. પેલી બે ફ્રેન્ચ છોકરીઓ અને અભિનેત્રીઓમાંની એક ખૂબ સુંદર, વધારે પડતી ઠઠારાવાળી, વધારે પડતું અત્તર નાખેલી અને ખૂબ પાઉડર છાંટેલી છે. એ લોકો હસી રહ્યાં છે અને બૂમો પાડી રહ્યાં છે. તેમનામાં ખટકે તેવું કે અણગમો થાય તેવું કશું નથી પણ એ સાથે જ તે બધીઓ જુદી જ ભાતની મહિલાઓ છે. તેનું ધ્યાન વધારે તો, વિચિત્ર રીતે વિચારમગ્ન

જણાતી પાછળ ગરદનના ભાગે ચોરસ કાપવાળો કાળો પોશાક પહેરેલી પેલી ચોથી મહિલા તરફ આકર્ષાયું છે. એ જલદીથી નજર માંડતી નથી પણ ખરેખર તો ચારેયમાંથી સૌથી સુંદર સ્ત્રી માત્ર એ જ છે. તેના ચહેરાની એક બાજુની રૂપરેખા સુંદર છે અને પાંપણો લાંબી અને કાળી છે અને તેની રીતભાત નોંધપાત્ર રીતે શાંત, જાજરમાન સરળ અને પ્રગલ્ભ છે. લોકો બીજા બધા સાથે કરતા હોય તેવી રીતે એની સાથે વાતો કરતા નથી. એ સારા ઉમદા કુટુંબમાંથી આવી હોય તેવી છાપ ઊભી કરે છે. એ ગમે તે હોય, એ જાણે છે કે શું કહેવું અને કેવી રીતે કહેવું.

તેની સાથે સાથે જ એનામાં એવું કાંઈક છે – જે પેલી ત્રણમાં એકસાથે મળીને પણ નથી – જે શેમ્પેઇનની જેમ સીધું જ મદહોશ બનાવે. આપણને લાગે કે એ જો જુદી બનવા માગે તો તરત જ બની જઈ શકે. ઑસોકિન એના કોણી સુધી ખુલ્લા ભૂરી નસોવાળા શ્વેત હાથ સામે જોઈ રહ્યો છે અને એનામાં રહેલી સ્ત્રીથી અત્યંત પ્રબળપણે અને સ્પષ્ટપણે સભાન છે.

એ લોકો અત્યારે ત્રીજી વાર મળી રહ્યાં છે અને તેને એવું લાગે છે કે તેમના બન્ને વચ્ચે ટૂંકી અને બિનમહત્ત્વની વાતચીત દરમિયાન બીજી વાતચીત પણ ચાલી રહી છે. એની સાથે વાતચીત કરવી આનંદદાયક છે, એ બધું જ જાણે છે અને બધાંમાં એને રસ છે.

એ એનો ગ્લાસ પકડે છે અને ઑસોકિન તરફ ફરે છે, "આવો, મને મદદ કરો," એ કહે છે, "હું દર વખતે પૈસા ગુમાવું છું."

ઑસોકિન ટેબલ નજીક જાય છે.

"મારે તરત જ નીકળવાનું છે," તે કહે છે, "શરૂ કરવાનો કોઈ અર્થ જ નથી."

"ફક્ત પ્રયત્ન કરો ! મારા માટે રમો."

એના પોશાકમાં, એના જેવી જ આછેરી, પરાણે અનુભવ કરી શકાય તેવી સુગંધ છે અને જ્યારે ઑસોકિન એનાં પત્તાં જોવા નીચે

નમે છે ત્યારે તે એનાં વસ્ત્રોના પોલાણમાંથી એના વક્ષઃસ્થળનો વળાંક જુએ છે. તેને સુખ અને આનંદની લાગણી થાય છે. તે એની બાજુમાં બેસી જાય છે અને તેની ખુરશી એની ખુરશીની બાજુમાં જ મૂકે છે. એ સ્મિત કરે છે, અને ઑસોકિન પોતે જેનાથી ચિરપરિચિત છે એવી ખાસ લાગણીથી જકડાઈ જાય છે : "હવે પછી બધું જ એની ઇચ્છા મુજબ જ બનશે પણ પછીથી તેણે તે માટે ભારે કિંમત ચૂકવવી પડશે."

"વારુ, ભલે તેમ થાય !" છોકરીના દેહમાંથી આવતી હૂંફથી સભાન ઑસોકિન મનમાં બોલે છે.

પત્તાં વહેંચાય છે.

ઑસોકિન એના પત્તાં ઉઠાવે છે. કેટલાક લોકો પત્તાં ખેંચે છે. ઑસોકિન પાસે સાતનું પત્તું છે.

"એક પાનું" તે બોલે છે.

તેને એક પાનું આપવામાં આવે છે. આ દુડી છે.

"આઠ" ખેલાડીઓમાંનો એક કહે છે.

"નવ" ઑસોકિન કહે છે અને તેની બાજુમાં બેઠેલી છોકરી તરફ સોના-ચાંદીનો મોટો ઢગલો ખસેડે છે.

"શાબાશ, શાબાશ !" એ બરાડી ઊઠે છે, "ના, તમારે જવાનું નથી. હું તમને નહિ જવા દઉં. હું સાતના પાનાંથી રમી જ શકી ન હોત."

"ક્યારેક આવું કરવું પડે," ઑસોકિન કહે છે, "પરંતુ ક્યારેક જ."

"અને આપણને ખબર કેવી રીતે પડે ?"

"એ તો અનુભવવું જ પડે કે ક્યારે જરૂરી છે અને ક્યારે જરૂરી નથી."

"ભલે. મહેરબાની કરીને આજની રાત મારા માટે 'અનુભવ' કરો."

"અફસોસ ! હું આ લાગણીના આધારે માત્ર અડધો કલાક જ રમી શકું એમ છું. મને અર્ધરાત્રિ સુધીની રજા આપવામાં આવી છે. અને એટલે બારમાં પાંચ મિનિટ પહેલાં મારે સ્કૂલે પાછા જવું પડશે."

"અને જો તમે મોડા પડો તો તે લોકો તમને ખૂણામાં ઊભા રાખશે ?"

"એથીય ખરાબ ! હું માર્ક્સ ગુમાવીશ અને તો પછી હું પ્રથમ શ્રેણીમાં નહિ જઈ શકું અને એનો અર્થ એ થયો કે હું સારી રેજિમેન્ટ પસંદ કરી શકીશ નહિ. આમેય એ લોકો મારું ધ્યાન રાખી રહ્યા છે અને જો હું ફરીથી મોડો પડીશ તો મને કાઢી મૂકવામાં આવશે."

"એ લોકો તમને એવા નાના કારણસર કાઢી મૂકી શકે ?"

"એકદમ સહેલાઈથી. તમે સમજો, એ લોકો અમને શિસ્ત શીખવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેથી દરેક બાબતને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. અર્ધરાત્રિ સુધીની જ છુટ્ટી હોય છે અને એનો અર્થ એ થાય કે ભલે હું મરી જાઉં પણ મારે સ્કૂલે અર્ધરાત્રિ પહેલાં પહોંચી જ જવું પડે. પણ આ તો કાંઈ જ નથી. આનાથીય બદતર બીજી બાબતો છે. દાખલા તરીકે, અમને સામો જવાબ આપવાનો હક્ક નથી. પછી ભલેને અમને ગમે તે કહેવામાં આવે. આ બાબત સૌથી વધુ મુશ્કેલ છે. કલ્પના કરો, તમને કંઈક ગેરવાજબી કહેવામાં આવે, એવું કંઈક કે જે ક્યારેય બન્યું નથી, તમે કંઈ જ જાણતા નથી એવી બાબત અંગે તમારા પર કોઈક આરોપ મૂકવામાં આવે. અને તમારે શાંત રહેવું પડે."

"હું તો ક્યારેય એમ કરી શકું એમ નથી," ઑસોકિનની પડોશણ ભારપૂર્વક એલાન કરે છે.

"તો પછી તમને મિલિટરી સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવે."

રમત ફરી પાછી શરૂ થાય છે. ઑસોકિન જીતે છે. શેમ્પેઇનની પ્યાલી લાવવામાં આવે છે. લિઓન્ટીફ ઑસોકિન અને તેની ભાગીદાર પાસે આવે છે.

“વાન્યા, શું તું હારી ગયો ?” તે કહે છે.

“ના રે ના ! ઊલટાનું મને તો એમ લાગે છે કે હું જીતવાનો છું. મેં મારી પોતાની આગળ તો આ ભવિષ્ય ભાખ્યું જ છે.”

“શું તમે ભવિષ્યની આગાહી કરી શકો છો ?” પેલી સ્ત્રી પૂછે છે.

“હા. મને બધી જ વાતની પહેલેથી ખબર પડી જાય છે.” ઑસોકિન કહે છે, “ફક્ત બધા માટે નહિ.”

“શું તમે મારા માટે કોઈ આગાહી કરી શકો ?”

“તમારા માટે, મને ખબર નથી, કદાચ ન કરી શકું. પણ હું ઘણીવાર મારી પોતાની જાત માટે આગાહીઓ કરતો હોઉં છું અને કેટલીકવાર એ આગાહીઓ સ્પષ્ટપણે અણગમતી હોય છે. તમે સમજો, મને ઘણીવાર પહેલેથી જ ખબર હોય છે કે મારી સાથે શું બનવાનું છે, પણ હું કશું જ બદલી શકતો નથી. એ એવું છે કે જાણે કે હું કોઈક માયાવી ઇન્દ્રજાળ હેઠળ હોઉં.”

“વારુ, અત્યારે તું શું જાણે છે ?”

ઑસોકિન હસે છે. “હું જાણું છું કે જો હું અત્યારે જ અહીંથી નહિ જાઉં તો મને સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવશે. ખરેખર, મારે જવું જ પડશે.”

“ઓહ ! કેવી લાચારી ! હું તમારા વગર બધું જ ફરીથી ગુમાવી દઈશ. તમે કોઈક રીતે રોકાઈ જવાની વ્યવસ્થા ન કરી શકો ?”

“હં, હું કરી શકું,” ઑસોકિન કહે છે, “પણ એ બધું ઘણું ગૂંચવાડાભરેલું હશે. મારે માંદા પડવું પડશે અને એ માટે ડૉક્ટરનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી બનશે.”

રમત આગળ ચાલે છે અને ઑસોકિન ફરીથી જીતે છે.

“મને ખબર છે કે મારે આવું કરવું જોઈએ નહિ,” તે કહે છે, “આ માત્ર તમારા માટે જ છે. જો હું હારી જઈશ તો હું જતો રહીશ.

બરાબર ?"

ઑસોકિન જીતે છે. રમત ચાલુ રહે છે. "હં, એમ લાગે છે કે જાણે કે હું માંદો જ છું," ઑસોકિન એક નિસાસા સાથે તેની પડોશણ તરફ પૈસા સરકાવતો અને મૃદુતાથી એની આંગળીઓ દબાવતો કહે છે. "અને હું જાણું છું કે આનું શું પરિણામ આવશે. તમને કલ્પના પણ નહિ આવે કે ક્યારેક ક્યારેક બધી જ બાબતો પહેલેથી જાણવાનો મને કેટલો થાક લાગે છે."

"તમે આટલા બધા નિશ્ચિત કેવી રીતે હોઈ શકો ?"

"ઓહ ! હું ચોક્કસપણે જાણું છું કે કશુંક અત્યંત દુઃખદાયક બનવાનું છે," ઑસોકિન કહે છે, "પણ મને કશી ફિકર નથી. ક્યારેક હું એવા મૂડમાં હોઉં છું કે હું સામાન્ય સમજની વિરુદ્ધનું જ બધું કરવા માગતો હોઉં છું – થવાનું હોય તે થાય."

"અને તમે માત્ર એટલું જ જાણો છો કે કશુંક દુઃખદાયક બનવાનું છે – એથી વિશેષ કંઈ જ નહિ ?" પેલી સ્ત્રી ત્રાંસી નજરે ઑસોકિન સામે જોતી જોતી, અને સ્મિત કરતી પૂછે છે.

ઑસોકિનને અચાનક જ સમજાઈ જાય છે કે તેમની બન્નેની વચ્ચે કશુંક નક્કી થઈ ગયું છે. અને સ્કૂલે પાછા ફરવાનું વિચારવાની તેની પોતાની ડફોળાઈથી તેને અચંબો થાય છે. ચોક્કસપણે તે એને ઘેર મૂકવા જશે... રમત ચાલુ રહે છે. ટેબલ પર બેઠેલા બીજા બધાય કરતાં તે વધુ જીતે છે અને તેના ભાગીદાર સાથે છેડછાડ કરે છે.

મહેમાનો વહેલી સવારે છૂટા પડે છે અને ઑસોકિન પેલી મહિલા સાથે જાય છે.

"હું અહીં પાછો આવીશ," તે લિઓન્ટીફને એક બાજુ લઈ જઈને કહે છે.

"તારે એમ કહેવું જોઈએ, 'કે જો મને છૂટ હોય તો.' આ મિલિટરી સ્કૂલ નથી મારા મિત્ર ! અહીં શિસ્ત તોડવાનો પ્રયત્ન કરવો નકામો છે."

ત્રણ અઠવાડિયાં પછી, અત્યંત દૂબળો-પાતળો થઈ ગયેલો ઑસોકિન લિઓન્ટીફના ફ્લૅટ પર છે. તેને મિલિટરી સ્કૂલમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે અને તેની નોકરીનો સમય પૂરો કરવા માટે તેને લશ્કરી દળમાં ફરજિયાત ભરતી કરીને મોકલી દેવામાં આવ્યો છે.

"હવે વાન્યા મને કહે છે કે આ બધું કેવી રીતે બન્યું ?" લિઓન્ટીફ પૂછે છે.

"હું, પહેલાં તો હું એની... સાથે ગયો. તું જાણે છે ને ?"

"હા. અન્ના સ્ટેપાનોવ્ના."

"હું એની સાથે રહ્યો. એ અદ્ભુત છે, પણ મુખ્ય મુદ્દો એ નથી. મારે દિવસના ભાગમાં જ જવું પડે તેમ હતું. સાંજ સુધી મને ત્યાં રાખવામાં એને અગવડ પડે તેમ હતી. હું મકાનની બહાર નીકળ્યો અને પહેલાં જ વળાંક પર મને એક કર્નલ ભટકાઈ ગયો. સ્વાભાવિક રીતે જ તેણે મારો પરવાનો લઈ લીધો અને તરત જ મને ફરજ પરના અધિકારી સમક્ષ હાજર થવા મોકલી દીધો. મારી તરત જ ધરપકડ કરવામાં આવી. મારા જૂના અપરાધો પણ યાદ કરવામાં આવ્યા, અને તે લોકોએ મને ત્રણ અઠવાડિયાં માટે ગોંધી રાખ્યો. હું તને ખાતરીપૂર્વક કહી શકું કે તે કંઈ બહુ સારી આગતાસ્વાગતા નથી. તેથી ટૂંકમાં સાર આટલો : મને કાઢી મૂકવામાં આવ્યો છે અને નીચલી સૈનિકની પાયરીએ ઉતારી મૂકવામાં આવ્યો છે, અને હવે મારે પાયદળમાં ધરતીના છેડાની પાછળ સેન્ટ્રલ એશિયામાં પર્શિયન સરહદ પર જવાનું છે. ભગવાનનો પાડ કે મને ત્રણ દિવસની છુટ્ટી આપવામાં આવી છે અને મારા પોતાના ખર્ચે જવાની પરવાનગી આપવામાં આવી છે."

"આ તો બહુ સરસ ધંધો છે. તું એક ડૂબેલા માણસ જેટલો જ નસીબદાર છે."

"બરાબર એમ જ, જોકે મને એ નથી સમજાતું કે ડૂબેલા માણસને નસીબદાર કેમ ગણવામાં આવે છે."

"અન્ના સ્ટેપાનોવ્ના તારા વિશે પૂછતાછ કરતી હતી. એને જવું જ

પડે તેમ હતું, પણ તારા વિશે સમાચાર ન મળે ત્યાં સુધી એ જવા માગતી ન હતી. ક્રૂટિપ્સ્કી મારફત અમે એ જાણવાનો પ્રયત્ન કર્યો કે તું જીવે છે કે મરી ગયો છે. અમને કહેવામાં આવ્યું છે કે તું જીવતો છે, પરંતુ કેદમાં છે."

"શું એ પિટસબર્ગ ગઈ છે ?"

"હા, હવે તું શું કરવાનો છે ?"

"હું શું કરી શકું ? માત્ર એક જ વસ્તુ – રેજિમેન્ટમાં જોડાઈ જવું. એ પછી આપણે જોઈશું. પરંતુ જરા વિચાર કે એ કેવું સંતાપજનક છે કે આ બધુંય હું પહેલેથી જાણતો હતો."

"જો તું જાણતો હતો તો પછી તે આમ શા માટે કર્યું ?"

"હાઆ....! તું પોતે આમ ન કરવાનો પ્રયત્ન કરી જો. સાલા મશ્કરી કરે છે ! દેખીતી રીતે જ તને એ વાતની ખબર જ નથી કે શેતાનની આ કેવા પ્રકારની માયાજાળ છે. આખી યુક્તિ આ મુજબની છે : કશું જ એકસાથે બનતું નથી; બધું જ એક પછી એક બનતું જાય છે. મેં માત્ર આટલું સમજવાની જ શરૂઆત કરી છે. અને વ્યક્તિ કરી શકે – ભગવાન જાણે શું – પણ થોડે થોડે. તારા પોતાના ધ્યાનમાં આ વાત નહિ આવે જ્યાં સુધી બધું જે પ્રમાણે બનવું જોઈએ એ પ્રમાણે જ નહિ બને. અને દૂરથી તમે બધું જ જોઈ શકો પણ જયારે તમે વસ્તુઓની નજીક આવો ત્યારે તમને સમગ્ર દેખાતું બંધ થાય. તમે માત્ર છૂટાછવાયા ભાગો જ અને નાની નાની વિગતો જુઓ જેનો કશો જ અર્થ થાય નહિ. ના, ના, મારા વહાલા માણસ, આ તો એક એવા પ્રકારનું છટકું છે કે જેમાં શેતાનનો પગ પણ ભાંગે આમ, ફરી એક વાર, મારી પાસે કશું જ નથી. પણ તને એ વાતનું ભાન છે કે હું જરા પણ દિલગીર નથી ? હું નથી ધારતો કે તમારાનું કોઈ પણ આ વાત સમજી શકે !"

"તો પછી અમારે બધાએ તને સરસ વિદાય આપવી પડશે."

"હા, બીજું કશું બાકી રહેતું નથી, જો તું આપવા માગે તો આપી શકે."

"પણ છેવટે તું શું કરવાનો છે ?"

"હું શું કરી શકું ? હું એક સૈનિક બનીશ. બીજું કશું જ નહિ. એ લોકો કદાચ મને જલદીથી જવા પણ દે અને હું જ્યારે નવરો પડું ત્યારે આપણે જોઈશું. હું નથી ધારતો કે મારા કાકા મારા વિશે કંઈ પણ જાણવા રાજી હોય. હું તેમને કાગળ પણ લખવાનો નથી. આથી અત્યારે હું શું કહી શકું ? મને એવું લાગે છે કે કશુંક પરિવર્તન અવશ્ય આવશે. પણ હું જાણતો નથી કે એ ક્યાંથી આવશે."

પેરિસ

ચાર વર્ષ પછી. ઑસોકિન પેરિસમાં એક વિદ્યાર્થી છે. તે એની મિલિટરીની સેવા પૂરી કરવાની અણી ઉપર હતો ત્યારે જ એની માસી મરણ પામી અને તેના માટે નાનકડો વારસો છોડતી ગઈ, જેનાથી તે પરદેશ જઈ શક્યો. શરૂઆતમાં તો એ ઠેર ઠેર ફર્યો – સ્વિટ્ઝર્લૅન્ડ ગયો. ઈંગ્લૅન્ડમાં એક વર્ષ માટે રહ્યો અને પછી પેરિસ આવ્યો અને છેલ્લાં બે વર્ષથી અહીં જ રહી પડ્યો છે. હાલમાં તે જુદા જુદા પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં હાજરી આપે છે પણ હજુય તે કોઈ એક ચોક્કસ વિદ્યાશાખાની પસંદગી કરી શકતો નથી.

નદી પર આછા ધુમ્મસ સાથેનો, પાનખરનો, એક સુંદર આછા તડકાવાળો દિવસ.

ઑસોકિન અને વલેરી ડેલ - એક અંગ્રેજ વિદ્યાર્થિની સિન નદીના કિનારા પર ચોપડીઓની દુકાનોની બાજુમાંથી ચાલી રહ્યાં છે. એ એક ઊંચી, ગોરી, પાનખરના પર્ણો જેવા રંગના વાળ, સુંદર ચહેરો અને ઘેરી વિચારશીલ આંખો ધરાવતી છોકરી છે. એ એક ધનવાન અંગ્રેજ કુટુંબમાંથી આવે છે અને સુંદર વસ્ત્રો પહેરે છે. પેરિસમાં પણ લોકો હંમેશાં વળી વળીને એની સામું જુએ છે.

"પણ ખરેખર એ એક ખૂબ જ હોશિયાર છોકરી છે," ઑસોકિન પોતાની જાતને કહે છે.

એસોરેલ સ્કૂલની સૌથી શ્રેષ્ઠ વિદ્યાર્થિની છે. એ મધ્યકાલીન ઇતિહાસ અને કળાનો અભ્યાસ કરી રહી છે અને એણે "દેવળોના શિલ્પીઓ પર ખૂબ જ રસપ્રદ નિબંધ લખ્યો છે.

"એને આવા બધા વિચારો ક્યાંથી આવે છે ?" ઑસોકિન વિચારે છે. સોરેલમાં એના જેવું કોઈ બીજું ક્યારેય ન હતું. અને એ વાત કેવી રીતે અદ્વિતીય છે કે એ રશિયન ભાષા, રશિયન સાહિત્ય અને ઇતિહાસ પણ જાણે છે.

એક દિવસ તેઓ બન્ને વચ્ચે પુશ્કિન અને રશિયન કડિયાઓ વિશે લાંબો વાર્તાલાપ થયો હતો. એણે તેને કહ્યું હતું કે એણે રશિયન ભાષાથી શરૂઆત કરી હતી અને રશિયા જવાનો ઇરાદો પણ ધરાવતી હતી પણ પછીથી એને ગોથિક કળા અને તે સમયગાળામાં ખૂબ રસ પડવા માંડ્યો.

ઑસોકિન વલેરી સામે જુએ છે. એણે અત્યારે સ્પષ્ટપણે જ ખૂબ જ મોંઘો જણાતો ઝીણી રૂવાંટીવાળો કાળો કોટ અને શાહમૃગના પીંછાંવાળી પહોળી કિનારવાળી હેટ પહેર્યાં છે. એના ઊંચી એડીવાળા ચુસ્ત પેરિસ બૂટમાંના પગ પ્રત્યે ઑસોકિનને હંમેશ માટે માન રહ્યું છે.

લુવ્રમાં તેઓ હતાં ત્યારે શરૂ કરેલી વાતચીત તેઓ ચાલુ રાખે છે.

"હું નિયતિમાં માનું છું," ઑસોકિન કહે છે. "હું જાણું છું કે આપણું ભવિષ્ય ક્યાંક લખાયેલું હોય છે, અને આપણે તો માત્ર એક પછી એક પાનું જ વાંચતા હોઈએ છીએ. આ ઉપરાંત હું નાનો હતો ત્યારે મને ઘણીબધી વિચિત્ર કલ્પનાઓ થતી. મને એમ લાગતું કે હું આ પહેલાં પણ જીવ્યો હતો, દાખલા તરીકે, હું પેરિસ વિશે જાણતો હતો. અલબત્ત હું ક્યારેય ત્યાં ગયો ન હતો. અત્યારે પણ ઘણીવાર મને એમ લાગે છે કે હું આ પહેલાં પેરિસમાં રહેતો હતો. જ્યારે હું નિત્શેના શાશ્વત પુનરાવતારના વિચારોના સંપર્કમાં આવ્યો ત્યારે મેં આ બધી કલ્પનાઓ યાદ કરી, અને અત્યારે મને ખાતરી છે કે બધું જ પોતાની મેળે પુનરાવર્તિત થાય છે."

"તમે સ્ટીવન્સના - રોબર્ટ લુઈ સ્ટીવન્સનના 'સૉગ ઑફ ધ મોરો' વિશે જાણો છો ?" તેની સાથીદાર પૂછે છે.

ઑસોકીન ચમકે છે અને એની સામે જુએ છે.

"કેમ, શું થયું ?" એ પૂછે છે.

"કેવું આશ્ચર્યજનક ! હું કેવી રીતે તે ભૂલી જઈ શકું ? અવશ્યપણે હું જાણું છું તેની શરૂઆત કેવી રીતે થાય છે ?"

"The king of Duntrine had a daugter when he was old," છોકરી ધીરે ધીરે શરૂઆત કરે છે, "and she was the fairest king's dauhter between two seas..."

ઑસોકિન મંત્રમુગ્ધ થઈ ગયો હોય તેમ આ શબ્દો સાંભળે છે. તે ભાગ્યે જ માની શકે એવાં દશ્યો તેના મનમાંથી એક પછી એક ક્રમવાર પસાર થતાં જાય છે. સ્કૂલમાંની સવાર, જયારે તેણે, પોતે અગાઉ જીવતો હતો તે સાબિત કરવા આ વાર્તાનો પ્રારંભ મનોમન દોહરાવ્યો હતો. જાદૂગરની સાથે સંકળાયેલા બધા જ સરકણા વિચારો અને ગહન સંવેદનાઓ અને તે સાથે જ – જે તેને સ્કૂલમાં હતો ત્યારે ભૂતકાળ લાગતો હતો અને અત્યારે અહીં પેરિસમાં – જે અત્યંત કાલ્પનિક અને અશક્ય એવું ભવિષ્ય જણાય છે. આ બધાનો શો અર્થ થાય ? અને ફરી એક વખત આ વાર્તા... ઑસોકિનને એમ લાગે છે કે જો તે માત્ર એક ક્ષણ માટે તેના વિચારો અટકાવી દઈ શકે તો તેને બધું જ સમજાઈ જશે. પરંતુ તેના વિચારો એટલા બધા ધસમસતા પસાર થઈ જાય છે કે તે કશું જ પકડી શકતો નથી. તેની પાસે માત્ર એટલી સામાન્ય છાપ જ બચે છે કે બધું જ ઉપરતળે થઈ રહ્યું છે, ભૂતકાળ ભવિષ્ય બની રહ્યો છે અને ભવિષ્ય એ ભૂતકાળ બની રહ્યું છે. એક ક્ષણ માટે તેને એવું લાગે છે કે જો એ ભવિષ્ય એટલે એવું કંઈક જે પહેલાં હતું એ રીતે વિચારી શકે અથવા તો વિચારવાની હિંમત કરે, તો તે ગઈકાલને જેમ સ્પષ્ટપણે જુએ છે તેવી જ રીતે ભવિષ્યને પણ જોશે.

તે જ વખતે પેલી જૂની ચિરપરિચિત સંવેદનાથી ઘેરાઈ વળે છે – જે પહેલાં વારંવાર થતી હતી પણ હવે ભાગ્યે જ થાય છે – કે તેની

આસપાસનું બધું જ પહેલાં પણ હતું. નદી પહેલાં આ રીતે જ વહેતી હતી, નદી ઉપર આ ધુમ્મસ જ ઝળુંબતું હતું, પેરિસનું લીલેરું આકાશ આ રીતે જ આછું સ્મિત ફરકાવતું હતું અને વૃક્ષો પરથી છેલ્લાં પર્ણો ઊડતાં હતાં. આ રીતે જ છોકરીના સોનેરી વાંકડિયાં ઝૂલ્ફાં હેટમાંથી બહાર દેખાતાં હતાં અને એ રીતે જ એનો અવાજ રણકતો હતો...

"તમને અંતની ખબર છે, આ વાર્તાના અંતની ?" ઑસોકિન પૂછે છે.

"હા, હું જાણું છું," અને ધીરે ધીરે એ વાર્તાનો અંત બોલી જાય છે :

"અને ડેનટ્રાઈનના રાજાની કુંવરી કિનારાના એ ભાગમાં ગઈ જ્યાં પુરાણા સમયમાં વિચિત્ર ઘટનાઓ બની હતી, અને ત્યાં એ બેસી ગઈ. દરિયાનાં મોજાં એના પગ સુધી ધસી આવ્યાં, અને સુકાઈ ગયેલાં પાંદડાંઓ એની પીઠ પાછળ ઘુમરાયાં અને પવનના ઝપાટાથી એનો બુરખો ઊડી ગયો. અને જ્યારે એણે એની નજર ઊંચી કરી રાજાની એક કુંવરી કિનારા પર ચાલતી ચાલતી આવતી હતી. એના વાળ કાંતેલા સોના જેવા હતા અને આંખો નદીમાંના શાંત ઘેરા ભાગ જેવી હતી, અને એને આવતીકાલની કશી ફિકર નહોતી અને એક સામાન્ય માણસની જેમ સમય પર કશો અંકુશ ન હતો."

"આ તો નવાઈ પમાડે તેવું છે," ઑસોકિન પોતાની જાતને કહે છે, "આ બધા શબ્દો શા માટે મારામાં આટલી બધી સ્મૃતિઓ જગાડે છે ? મને એમ લાગે છે કે આ સ્મૃતિઓ તેમના અર્થ વગર સીધેસીધી શબ્દોમાંથી જ આવે છે જાણે કે હું તેમના વિશે કંઈક જાણું છું, પરંતુ દર વર્ષે વધુ ને વધુ ભૂલતો જાઉં છું."

"આ નોંધપાત્ર છે – પેલી વાર્તા," તે મોટેથી કહે છે. "તમે ટોપો પહેરેલા માણસ વિશે શું સમજો છો ? તે કોણ છે અથવા તો શું છે ?"

"હું જાણતી નથી," છોકરી ધીમેથી જવાબ આપે છે, "અને મને એમ લાગે છે કે સમજવાનો પ્રયત્ન કરવાની પણ જરૂર નથી. આવી બધી બાબતોની તો અનુભૂતિ જ કરવાની હોય. હું સંગીતની જેમ જ

આનો પણ અનુભવ કરું છું અને સંગીતનું અર્થઘટન મને હંમેશાં હાસ્યાસ્પદ જણાયું છે."

તેઓ સેઈન્ટ મિશેલના સ્થળ સુધી પહોંચે છે. અને એ વાહન કરી લે છે. ઑસોકિન એને 'આવજો' કહે છે.

"તમે સાંજે મારા ભાઈને ત્યાં આવશો ?" એ પૂછે છે.

"કદાચ, પણ અત્યારે મને કંઈ ખબર નથી."

"તેને સંદેશો આપજો કે હું આવતીકાલે તેની રાહ જોવાની છું."

ઑસોકિન સિટે તરફ પુલ ઓળંગીને જાય છે.

"હું ત્યાં જઉં કે નહિ ?" તે એકલો પડે ત્યારે પૂછે છે, "ગંભીરતાથી વાત કરું તો મારે જવું જોઈએ નહિ. બૉબ પોતે અને તેના મિત્રો ખૂબ જ પૈસાદાર છે. વલૅરી અને એનો ભાઈ તદ્દન સરળ સ્વભાવનાં છે અને અહીંના બધા પ્રકારના લોકો સાથે હળેમળે છે, પણ એ લોકો ઇંગ્લૅન્ડમાં ખાનદાન કુટુંબમાંથી આવે છે. વલૅરી રસપ્રદ છોકરી છે. આ સાચું છે અને જીવનમાંની અમારી ભિન્ન સ્થિતિઓને લીધે ભલે ગમે તે લાગતું હોય પણ હું જાણું છું કે જો હું વાતને આગળ વધારું તો અનઅપેક્ષિત પરિણામો મળી શકે. અત્યારે પણ મને તો એમ જ લાગે છે કે અમારી મિત્રતામાં કશુંક જાણે કે અપૂર્વ અસાધારણ છે. જાણે કે અમારા બન્ને વચ્ચે વખતોવખત તણખા ઝરે છે."

"અને છતાંય હું જાણું છું કે અમારા બે વચ્ચે ક્યારેય બને નહિ. પહેલાં તો આ બધા લાખોના હિસાબે નાણાં, અને તે પછી હું ધારું છું કે વલેરી મારા માટે વધારે પડતી સદ્‌ગુણી છે, એ હંમેશાં સંયત મિજાજની, મોહક અને ડાહી રહેવાની છે. મને ખાતરી છે કે આવી સ્ત્રીથી હું જેમ બને તેમ જલદી ભાગી છૂટું, અને પછી એને સહન કરવાનું આવે. એ તુર્ગનેવની નાયિકાઓ જેવી છે. એ નિશ્ચિતપણે મારા માટે વધારે પડતી સારી છોકરી છે. પણ જો લૉઉલૉને એના વિશે ખબર પડે તો એ તો મારી આંખો જ ખેંચી કાઢે."

"લૉઉલો એ મૂર્તિમંત વિચિત્રતા છે. પણ સૌથી વધુ મનમોહક

વિચિત્રતા. કોઈને ક્યારેય ખબર ન પડે કે એની પાસેથી શી અપેક્ષા રાખવી. એ દરરોજ જુદી જ હોય છે. હું સતત એક લૉઉલોથી છૂટો પડું છું અને બીજી લૉઉલોને મળતો હોઉં છું. ગઈકાલે એણે ઝઘડો કર્યો, કારણ કે શેરીમાં એ મારી પાછળ પાછળ ચાલતી હતી તેનાથી હું સભાન ન હતો. એણે મને દૂરથી જ જોયો, મારી સાથે થઈ ગઈ, મારી પાછળ પાછળ ચાલી - અને મને આ વાતની જરા પણ ખબર જ ન પડી. એનો અર્થ એ થાય કે હું એને પ્રેમ કરતો નથી. “હું મારા રશિયા ભણી પાછો જઉં અને એ એના માર્સેલ્સ ભણી જતી રહે” અને એવું બધું અને ગયા અઠવાડિયે – હે ભગવાન ! એને એવું સ્વપ્ન આવ્યું કે મેં એનો નાનકડો ગેકિનિઝ કૂતરો બારીમાંથી બહાર ફેંકી દીધો અને એટલે એણે મને ત્રણ દિવસ સુધી એના રૂમમાં આવવા દીધો નહિ. એણે બરાડા પાડીને કહ્યું કે હું જંગલી હતો, કે એ મને ક્યારેય માફ નહિ કરે, કે એને મારી બીક લાગતી હતી – અને ભગવાન જાણે બીજું શું શું કર્યું ! ક્યારેક તો મને એને આવી બધી વિચિત્રતાઓ બદલ ચાબુકથી ફટકારવાનું મન થાય છે, પણ એ એક ખરેખર સ્ત્રી છે, હા, હું તેના માટે પેલી પીળાં નંગ જડેલી પીન ખરીદીશ અને ઘણું કરીને તે માટે હું જઈને પેલા લખપતિઓના કુંવરો સાથે રુલેટ (જુગાર) પણ રમીશ. જોકે મારે કહેવું જોઈએ કે મારે તેમ કરવું જોઈએ નહિ. ત્યાં લાખોના હિસાબે નાણાંની રેલમછેલ હોય છે. અને એ મારા માટે સારી વાત નથી. ચાલો, એટલું નક્કી કરીએ : આ છેલ્લી વારનું હશે. હું કદાચ ન પણ જઉં. પણ મને સખત કંટાળો આવે છે. લૉઉલો એકદમ વહાલી છે, પણ મેં ગઈકાલે આખો દિવસ અને સાંજ એની સાથે જ વિતાવ્યાં છે અને અમે રોજ ન મળીએ તે અમારા બન્ને માટે સારું છે. પ્રમાણ વધી જાય છે ત્યારે અમે બન્ને એકબીજાની નસો ખેંચીએ છીએ. ઉપરાંત લૉઉલો એટલી બધી અણઘડ છે કે એની સાથે આખા દિવસો પસાર કરી શકાય નહિ. પણ તો પછી મારે એકલા એકલા શું કરવું ? ઘેર બેસી રહેવું અને વાંચવું, અગર તો કોઈ કાફેમાં જવું અગર તો જઈને ‘કોમરેડ’ને સાંભળવા – ના, ના આ તો મૂર્ખામી જ છે... પણ એક વિચિત્ર વાત છે, મને એવું લાગવા માંડ્યું છે કે જિંદગી અહીં બહુ જ આંચકારહિત પસાર થતી જાય છે, જિંદગી વધુ પડતી સહેલી બની

ગઈ છે – 'લગભગ મધ્યમવર્ગમાં જિંદગી – હકીકતમાં નિયમિત "પગમાં ચપ્પલ અને ઉપર ઝભ્ભોવાળું અસ્તિત્વ – મારી શૈલીને અનુરૂપ જરાય નહિ – અને મને એનો કંટાળો આવે છે.

થોડાક કલાકો પછી. ઑસોકિન બૉબ ડેલના મોંઘા ફ્લૅટ પર છે. ટેબલ પર રુલેટનું ચક્કર છે. ઓરડામાં કેટલાક અમેરિકન અને અંગ્રેજ વિદ્યાર્થીઓ, થોડાક ચિત્રકારો અને જેને હમણાં જ દલ્લો મળ્યો છે એવો એક રશિયન રાજકુમાર છે. એ બધા ધૂમ્રપાન કરી રહ્યા છે અને વ્હીસ્કી, સોડા અને શૅમ્પેઇન પી રહ્યા છે અને બધા જ રુલેટ ટેબલને ફરતે ટોળે વળીને ઊભા છે. બહુ ઊંચા દાવ લગાવવામાં આવ્યા છે. પેલા રાજકુમારે એક લાખ ફ્રાન્ક કરતાંય વધુ ગુમાવ્યા છે અને આખું ટેબલ સોનાથી અને બૅન્કની નોટથી ચિક્કાર ભરેલું છે. ઑસોકિન દર વખતે નંબરો ઉપર વીસ ફ્રાન્ક મૂકે છે અને ગુમાવે છે. અને તેની છેલ્લી સોનામહોર ગુમાવ્યા પછી એ ટેબલ છોડીને જતો રહે છે. રાજકુમાર મોટો દલ્લો જીતે છે અને બધી રકમ એના ભણી સરકાવવામાં આવે છે.

ઑસોકિન વ્હીસ્કી અને સોડાના બે પ્યાલા ગટગટાવી જાય છે. તે પોતાની જાત ઉપર જ ખિજવાયો છે.

"એ લોકોનું સત્યાનાશ જાય", તે વિચારે છે, "એ લોકો તો હજારો ફ્રાન્ક આમ જ ફેંકી દઈ શકે તેમ છે, પણ મારા માટે તો પાંચસો ફ્રાન્ક પણ બહુ મોટી રકમ છે. આમેય આટલી ઓછી રકમ લઈને આવવું એ મૂર્ખામી જ હતી. સાંજ પડતી જશે એમ નસીબ પલટાવવાનું જ છે અને મારાં નાણાં પાછાં જીતવાના મને અનેક મોકા મળી શકશે."

"તું અહીં એકલો કેમ બેઠો છે ?" બોબ એની પાસે આવીને કહે છે. "આ શૅમ્પેઇન ચાખ, આ રાજા એડવર્ડની પ્રિય જાતનો છે. મનેય હવે તે ગમવા માંડ્યો છે."

"હું હારવા માંડ્યો છું," ઑસોકિન કહે છે, "શું હું સો ફ્રાન્કનો એક એવા ચેક દાવમાં મૂકી શકું ?"

"પણ એટલા બધા ચેક લખવાની મહેનત શું કામ કરે છે ? હું તને જોઈએ એટલાં નાણાં રોકડા આપીશ," એક આછા પીળા રંગના લીસા વાળવાળો, સફાચટ ચહેરાવાળો, ખુશમિજાજી, ઊંચો અમેરિકન યુવાન કહે છે. તે પોતાના માટે ખાંડ ભેળવીને કડવું પીણું તૈયાર કરી રહ્યો છે. "તારે કેટલા જોઈએ ?"

તેના પાટલૂનના ખિસ્સામાંથી મુઠ્ઠીભર સોનામહોર અને ચલણી નોટો કાઢે છે અને ગણે છે.

"મારી પાસે અંગ્રેજી ચલણ છે," તે કહે છે, "બે, ત્રણ, પાંચસો પાઉન્ડ ચાલશે ?"

"આ તો વધારે પડતા છે," ઑસોકિન હસે છે. "મને માત્ર સો પાઉન્ડ આપો. એ બે હજાર અને પાંચચો ફ્રાન્ક બરાબર થશે."

તે એક ચેક લખે છે અને અમેરિકનને આપે છે.

અમેરિકન બાકીના પૈસા અને ચેક એના ગજવામાં ઠૂંસી દે છે, એના મિશ્રણમાંથી એક ચુસ્કી ભરે છે અને હાથમાં પ્યાલો લઈને રુલેટ ટેબલ ભણી ડોલતો ડોલતો જાય છે. ઑસોકિન પણ ઊભો થાય છે અને તેને અનુસરે છે.

પા કલાક પછી, ઑસોકિન પાસે કશું જ બચ્યું નથી. તેણે માત્ર પોતાના એકસો પાઉન્ડ જ નહિ પણ આ પહેલાં પણ એક્સો ફ્રેન્કના લખેલા ચેક પણ હારી ગયો છે.

"મેં તને કહ્યું જ હતું કે આટલા પૂરતા નહિ થાય. તારે થોડા વધારે જોઈએ છે ?" પેલો પીળા વાળવાળો અમેરિકન તેની પાસે બેસીને સાલસ રીતે પૂછે છે. "ચાલો, આપણે શેમ્પેઇન પીએ."

"મને બીજા એક હજાર ફ્રાન્ક આપો," ઑસોકિન કહે છે. "મારે હું જે કંઈ હાર્યો છું તે પાછું જીતવું જ પડશે."

તે બીજો એક ચેક લખી આપે છે. તેના અંતરના ઊંડાણમાં તેને લાગે છે કે તે મૂર્ખામી કરી રહ્યો છે. તેણે એટલા બધા પૈસા ગુમાવ્યા

છે કે પોતાની જાત સમક્ષ પણ તેનો એકરાર કરી શકે તેમ નથી. આ રીતે રમ્યા કરવું એ ગાંડપણ જ છે. તે જાણે છે કે તેણે ઊભા થઈ જવું જોઈએ અને જવું જોઈએ પણ તેને બદલે તે શૅમ્પેઇનના બે પ્યાલા પીએ છે અને રુલેટ ટેબલ તરફ પાછો જાય છે.

તે લાલ ઉપર એકસો ફ્રાન્ક મૂકે છે અને જીતે છે. તે કાળા ઉપર બીજા એક્સો ફ્રાન્ક મૂકે છે અને ફરીથી જીતે છે. આનાથી તે પ્રોત્સાહિત થાય છે.

"મારે ફરી પાછા આંકડાઓ સાથે રમવું પડશે," તે પોતાની જાતને કહે છે, "જો હું જે કાંઈ હાર્યો છું તે પાછું જીતી શકું તો હું બધા જ પૈસા મારા ડાબી બાજુના ગજવામાં મૂકી દઈશ અને પછી તેમને હાથ પણ નહિ અડાડું. હું જે જીતું તેનાથી જ રમીશ."

તે દર વખતે જુદા જુદા આંકડા પર એક્સો ફ્રાન્કનો દાવ લગાડે છે અને દર વખતે હારે છે. દસ મિનિટ પછી ફરીથી તેની પાસે બિલકુલ પૈસા નથી.

"મારે જવું પડશે," તે સ્વગત બોલે છે. તે બહાર ખુલ્લી તાજગીભરી હવામાં જવા ઇચ્છે છે. તેને હવે આ રમતનો થાક લાગ્યો છે. શૅમ્પેઇન, વ્હીસ્કી, અને સિગારેટના ધુમાડાએ તેને બેબાકળો બનાવી મૂક્યો છે. પણ આટલું બધું હારી જવાથી તે છંછેડાયો છે અને તેને એમ લાગે છે કે તે જઈ શકશે નહિ અને જશે પણ નહિ.

ફરી એક વાર તે એક ચેક લખે છે, રોકડા મેળવે છે અને રમવા બેસી જાય છે. એક ક્ષણ તે જીતે છે, ફરી પાછો હારે છે અને પૈસા ખૂટી જાય છે. પછી તે ફરી પાછો જીતે છે. ત્યાર પછી બાજી બગડતી જાય છે અને તે વધુ ને વધુ ઊંચો દાવ ખેલે છે. આખરે કેટલીક વાર સળંગ હાર્યા પછી તે ઊભો થાય છે અને ટેબલ છોડી દે છે.

"મારી પાસે કેટલા વધ્યા તે માટે જોવું પડશે," તે પોતાની જાતને કહે છે, "મને લાગે છે કે હું બહુ આઘે નીકળી ગયો છું."

તે તેની ચેકબુક બહાર કાઢે છે અને તેણે સહી કરેલા ચેકોની

રકમનો સરવાળો કરે છે. જેમ જેમ તે ગણતો જાય છે તેમ તે ઠંડોગાર અને બીધેલો બની જાય છે. જોકે તે બધો જ વખત જાણે છે કે આ આમ જ હશે.

"એમ !" તે સ્વગત બોલે છે. "શું આ ખરેખર સત્ય છે ?" અને હવે તે જાણે છે કે તેને આ બધું બરાબર આમ જ હશે તેવો પૂર્વાભાસ હતો જ.

તેની ચેક બુક દર્શાવે છે કે તેની પાસે ફક્ત ત્રણસો ફ્રાન્ક જ બચ્યા છે. તેણે ત્રીસ હજાર ફ્રાન્કથી વધુ ગુમાવ્યા છે - તેને મળેલા વારસામાંથી વધેલા બધા જ તે ત્રણસો ફ્રાન્કનો ચેક લખે છે અને ટેબલ તરફ જાય છે.

"પચીસ," તે કહે છે.

દડો ગોળ ગોળ ફરે છે.

"છવ્વીસ," રાજકુમાર કહે છે, જેની પાસે બૅન્ક છે, "કોણે છવ્વીસ દાવ લગાવ્યો છે ?"

ઑસોકિન ટેબલથી દૂર ચાલ્યો જાય છે. બધા જ રમતમાં મગશૂલ છે. કોઈનું ધ્યાન તેની તરફ ખેંચાતું નથી. તે તેની હેટ શોધી લે છે અને ચાલ્યો જાય છે.

ઑસોકિન દાદરો ઊતરી જાય છે અને શેરીમાં બહાર આવે છે. કશુંક વિકરાળ રીતે વિચિત્ર બની ગયું છે અને ફરીથી તેની જિંદગીને એક જ ધક્કે બદલી નાખી છે. તે એમાં માનવા માગતો નથી. તે સાથે જ તે જાણે છે કે આ સત્ય છે - જુગુપ્સાપ્રેરક, બિહામણું સત્ય, જેનો તેને તેની જિંદગીમાં અગાઉ ઘણી વાર ભેટો થઈ ગયો છે. આનો હજુ અનુભવ થયો નથી – બધું હજુ તેમનું તેમ જ છે, શેરી, ઘરો બધું જ. પણ આનો આવતી કાલે અનુભવ થશે. પોતાની જિંદગીમાં બધા પ્રકારની તકલીફો અને આશ્ચર્યમાંથી પસાર થઈ ચૂક્યો હોય તેવી વ્યક્તિની સહજસ્ફુરણા સાથે ઑસોકિન જાણે છે કે આ સત્યને પહેચાનવાનું મુલતવી રાખવા કરતાં કે પોતાની જાતને છેતરવા કરતાં

સીધેસીધો જ સામનો કરવો બહેતર છે.

"હું જાણતો હતો કે આમ જ બનશે," તે પોતાની જાતને કહે છે. "પણ હવે જ્યારે એ બની જ ગયું છે તો પછી કશી નબળાઈ ન હોવી જોઈએ. કશી દિલગીરી નહિ કે કશો પસ્તાવો નહિ. તે જ મુખ્ય બાબત છે. નહિતર તો વ્યક્તિ પાગલ જ થઈ જાય, હું બધા જ પ્રકારની દુર્ઘટનામાંથી ઊગરી જવાની શક્તિ ધરાવતો હતો. ચાલો, જોઈએ કે આમાંથી કેવી રીતે ઊગરી જવાય છે. આ બધું મેં મારી જાતે જ કર્યું છે. હું પોતે જ દોષિત છું અને મારે જ આમાંથી છુટકારો મેળવવાનો છે. બીજું કોઈ જ આના વિશે જાણશે પણ નહિ. બૉબના ઘરે પણ કોઈનુંય ધ્યાન નહોતું ગયું કે હું આટલા બધા પૈસા હારી ગયો છું. એ લોકો માટે ત્રીસ ફ્રાન્ક શી વિસાતમાં જ્યારે ટેબલ ઉપર જ પાંચ લાખ પડ્યા હોય ? વારુ, લૉઉલો માટે આ કેવી સરસ પીન છે ! હવે મારે વિચારવું પડશે. મુદ્દાની વાત એ છે કે મારો અભ્યાસ પૂરો થાય ત્યાં લગીનું મારી પાસે જે કાંઈ હતું તે મેં ગુમાવી દીધું છે. દેખીતી રીતે જ મારે ચાલ્યા જવું જોઈએ. અહીં મારી જીવવાની શૈલી બદલવી અને વધારે વખત રહેવું અશક્ય છે. અને હું શું કમાઈ શકું ? ના, હું કાં તો અમેરિકા અથવા તો રશિયા જઈશ. બિચ્ચારી લૉઉલો ! એ ક્યારેય નહિ સમજે કે શું બની ગયું છે. અને જો કહું તો માનશે પણ નહિ કે મેં ત્રીસ હજાર ફ્રાન્ક ગુમાવ્યા છે. એ માત્ર એટલું જ વિચારશે કે હું એનાથી છુટકારો મેળવવા માગું છું. તેનાથી એની લાગણીને ઠેસ પહોંચશે. એને ઘણી પીડા થશે અને મને તેમ કરવાનો કશો અધિકાર નથી. મારે એને કહેવા માટે કશુંક જુઠ્ઠાણું શોધી કાઢવું પડશે અને હું જેટલી જલદી ચાલ્યો જાઉં તેટલું બહેતર થશે."

ઑસોકિન ઘેર પહોંચે છે અને તેની વસ્તુઓ વ્યવસ્થિત કરવામાં આખી રાત ગાળે છે. પત્રો ફાડી નાખવા, સામાન ગોઠવવો અને પત્રો લખવા.

સવાર સુધીમાં બધું જ તૈયાર છે. તદ્દન થાકી ગયેલો તે કપડાં કાઢ્યા વગર જ સોફામાં લંબાવે છે અને ઘસઘસાટ ઊંઘી જાય છે.

ત્રણેક કલાક પછી તે જાગે છે અને તરત જ સોફા પર બેઠો થઈ

જાય છે. તે બધું જ યાદ કરે છે, તે એ પણ યાદ કરે છે તેણે પોતાની જાત પર કાબૂ રાખવો પડશે અને જાગૃતિની પેલી ભીષણ ક્ષણનો સ્વીકાર કરવાનો નથી કે જ્યારે અનઅપેક્ષિત હોનારત પછી એક નબળો માણસ પોતાની જાતને પૂછતો હોય છે. "પણ કદાચ આ સાચું નથી, કદાચ આમ ક્યારેય બન્યું જ નથી ?"

"હા," તે ગઈકાલે રાત્રે પોતાની જાત સાથે શરૂ કરેલી વાતચીત આગળ ધપાવતો હોય તેમ સ્વગત કહે છે, "મારે આજે જવું જ પડશે. જો હું આવતી કાલ સુધી રોકાઈશ તો મારી જાતને ગોળી મારી બેસીશ. બિચારી લૉઉલો ! પણ એને પીળા નંગવાળી પીન છેવટે તો મળશે જ. હું કેટલો નસીબદાર છું કે ઘરે બે હજાર ફ્રાન્ક પડ્યા છે ! હવે તો એ મોટો ખજાનો લાગે છે. હું મૉસ્કો જઈશ અને પછી હું જોઈશ... એ કેવું વિચિત્ર છે કે મને જરાય લાગી આવતું નથી ! ગઈ રાત્રે મને પથારીમાં પડતાંય બીક લાગતી હતી, હું એમ વિચારતો હતો કે હું જ્યારે જાગીશ અને બધું યાદ કરીશ ત્યારે ગાંડો થઈ જઈશ. પણ હવે અને એમ લાગે છે કે આ બધું થવાનું જ હતું. જોકે એક વાત છે મારે અહીંથી જેમ બને તેમ જલદી ભાગી છૂટવું જોઈએ. વિલંબ કરવો તો બહુ જ દર્દનાક હશે. જો મારે જવું પડે તેમ હોય તો જવું જ પડે ! દેખીતી રીતે જ આ નસીબ છે. અને હવે હું જાણું છું કે મને આનો પૂર્વાભાસ હતો અને પહેલેથી આના વિશે જાણતો પણ હતો. એનો અર્થ એ કે હવે પછી હું વલેરીને વધારે વખત મળીશ નહિ. કેવું વિચિત્ર ! હવે હું લગભગ દિલગીર છું ! મને એમ લાગે છે કે અમારે કશોક સંબંધ વિકસાવવો જોઈતો હતો. એને મળવાનું હંમેશાં આનંદદાયક હતું અને અમારે એકબીજાને કહેવા જેવુંય ઘણુંબધું હતું. હું એની હાંસી ઉડાવતો હતો. પણ હકીકતમાં મને ખબર પડે તેના કરતાં પણ મને એનામાં વધારે રસ હતો. અને કદાચ હું એના પ્રત્યે અન્યાયી હતો. એ હંમેશાં ઘણીબધી ઉષ્માવિહીન લાગતી હતી પણ એનું કારણ એ પણ હોય કે એ પોતે જ જાણતી ન હતી અને એને ફક્ત ઢંઢોળવાની જરૂર હતી.

"વારુ, કાંઈ વાંધો નહિ, એ બધું જ હવે પુરાતન ઇતિહાસ છે. વલેરી, લૉઉલો અને પેરિસનું બધું જ હવે તદ્દન અવાસ્તવિક બની ગયું

છે. મને એમ લાગે છે જાણે કે મેં તેના વિશે સ્વપ્ન જોયું હતું અને હવે જ્યારે હું જાગી ગયો છું ત્યારે તેનું કોઈ અસ્તિત્વ નથી. પણ એના બદલે બીજાં સ્વપ્નો આવી રહ્યાં છે. હું ફરીથી જાદૂગરને જોઉં છું અને યાદ કરું છું કે અમે કેવી વાતો કરી અને હવે તે વધુ વાસ્તવિક જણાય છે – ગઈ કાલે જે બન્યું તેના કરતાં પણ વધુ વાસ્તવિક – હવે તત્ત્વજ્ઞાન બસ થયું ! મારે નક્કી કરવું પડશે કે હવે શું કરવું. પહેલાં તો, શું લૉઉલોને જઈને મળવાની મારામાં હિંમત છે કે પછી મારે એને પત્ર લખવો ? ના, મારે જવું જોઈએ. હું આમ કહીશ : "મને એક તાર મળ્યો છે. મારા કાકા મરણપથારીએ છે. મારે તરત જ જવું પડશે." હા, જ્યારે હું લૉઉલો વિશે વિચારું ત્યારે મને ઘણી અસુખની લાગણી થવા માંડે છે. મારી એવી ઇચ્છા છે જાણે કે હું ટ્રેનમાં બેસી જ ગયો હોઉં. હું મારી જાત પરની શસ્ત્રક્રિયા કરતો ક્યારે બંધ થઈશ ? હું નથી માનતો કે મારા જેવું બીજું કોઈ હોય જેણે પોતાની જિંદગીને આમ સાવ જ ઊલટસૂલટ કરી નાખી હોય. પણ કેવું વિચિત્ર ! ફરી પાછી મને એવી સંવેદના થાય છે કે આ બધું જ પહેલાં બની ચૂક્યું છે. અને હવે જ્યારે હું મૉસ્કો વિશે વિચારું છું તો મને લાગે છે જાણે કે કશુંક નવું અને અણજાણ્યું મને ત્યાં ખેંચવા માંડ્યું હોય. ગઈકાલે જ્યારે હું વલેરીથી છૂટો પડ્યો ત્યારે કોઈક કારણસર મેં મારી જાતને જ પૂછ્યું કે જો હું વલેરીને છેલ્લી વાર મળતો હોઉં તો મારે શું કહેવું જોઈએ. દેખીતી રીતે જ મારા પોતાના અંતરાલમાં હું જાણતો હતો કે ફરી પાછો હું બધાંનો નાશ કરીશ... અને હું બૉબને ત્યાં જવા ઇચ્છતો પણ ન હતો પણ તે સાથે હું મારું નસીબ અજમાવવા પણ ઇચ્છતો હતો. છેલ્લાં થોડાંક વર્ષોથી બધું જ એટલું બધું સરળ એકધારું ચાલ્યા કરતું હતું કે હું કંટાળવા માંડ્યો હતો. હવે મેં અજમાવી લીધું છે. હવે મારે બધાનો ફરી પાછો શરૂઆતથી જ પ્રારંભ કરવો પડશે, અને હું એ પણ જાણતો નથી કે પ્રારંભ ક્યાંથી કરવો. વારુ, હું મૉસ્કોની ટિકિટ અને લૉઉલો માટેની પીનથી શરૂઆત કરીશ."

તે સોફામાંથી ઊભો થાય છે અને ચારે બાજુએ જુએ છે. ત્યાર પછી તે પોતાનો કોટ પહેરે છે અને બહાર જાય છે.

ઝિનૈડા

અઢાર મહિના પછી. ઑસોકિન મૉસ્કોમાં રહે છે. પહેલાં તો તેણે થોડા પૈસા કમાવા અને પેરિસ પાછા ફરવું એમ ધાર્યું હતું પણ બધા પાસા સવળા પડ્યા નહિ. અને આખરે તેણે ક્યારેય કશુંક પરિવર્તન એની મેળે આવશે એવી અપેક્ષા રાખતાં રાખતાં, અને ક્યારેક કોઈ પણ જાતની અપેક્ષા રાખવાનું બંધ કરી દઈને, રોજ-બ-રોજના ધોરણે જીવવાનું શરૂ કરી દીધું છે. તેણે ફ્રેન્ચ પાઠો શીખવાનો પ્રયત્ન કરી જોયો, પછીથી તેણે ભાષાંતર કરવાનું કામ શોધી કાઢ્યું, ત્યાર પછી તેને યાદ આવ્યું કે પેરિસમાંની પટાબાજીની એક પ્રસિદ્ધ સ્કૂલમાં તેને ખૂબ જ આશાસ્પદ વિદ્યાર્થી ગણવામાં આવતો હતો. અને તેણે પટાબાજીના દાવપેચ શીખવવાનું શરૂ કરી દીધું.

તે કવિતાઓ પણ લખે છે પરંતુ તેમને પ્રકાશિત કરવા માગતો નથી. મોટા ભાગે તો તે ઑસ્ટ્રેલિયા કે ન્યૂઝીલેન્ડ જેવા કોઈક દૂર દૂરના સ્થળે જતા રહેવાના અને નવેસરથી જિંદગી શરૂ કરવાનાં સ્વપ્નો જુએ છે.

એક દિવસ તે તેના મિલિટરી સ્કૂલમાંના મિત્ર ક્રૂટિસ્કીને શેરીમાં મળે છે. ક્રૂટિસ્કી પોતે ઉનાળા દરમિયાન જ્યાં રહે છે તે ગામડાના ઘરે, આવવાનું તેને આમંત્રણ આપે છે. ક્રૂટિસ્કી અત્યારે મિલિટરી એકેડેમી માટે અભ્યાસ કરતો ઑફિસર છે. તેનું લગ્નજીવન સફળ છે. તેના ઘરે ઑસોકિનનો પરિચય ઇટાલીમાં સાત વર્ષથી રહેતી અને હમણાં જ

પાછી ફરેલી તેની બહેન સાથે કરાવવામાં આવે છે.

ક્રૂટિસ્કીને ત્યાં જતાં પહેલાં જ ઑસોકિન જાણે છે કે તે પોતે ત્યાં ઝિનૈડા ક્રૂટિસ્કીને મળશે અને કોઈક કારણસર આ મુલાકાત સંબંધે તે ઘણીબધી અપેક્ષાઓ પણ રાખે છે. તેણે એના વિશે મિલિટરી સ્કૂલમાં ઘણુંબધું સાંભળ્યું છે અને ફોટોગ્રાફના આધારે એને સારી રીતે ઓળખે પણ છે.

પરંતુ વાસ્તવમાં તો બધું જ તદ્દન સામાન્ય ઢંગથી બને છે. તેઓ ક્ષુલ્લક બાબતો વિશે વાતો કરે છે અને ઑસોકિન ઉપર કશી ખાસ છાપ પડતી નથી. ઝિનૈડા તેને એક સામાન્ય પ્રકારની સામાજિક છોકરી લાગે છે. જેની નિયતિ એક સારું પરિણીત જીવન છે અને જે પોતાની જાતને ઑસોકિનને જેમાં કંઈ જે સમજણ પડતી નથી એવા કૃત્રિમ વિષયોમાં વ્યસ્ત રાખે છે. એ વિષયો છે, દાન માટે નાટકના અવેતન ખેલ અથવા તો કોઈક પ્રસિદ્ધ સંગીતકારનો ખાનગી જલસો. એનો ચહેરો પણ તેને ખાસ આકર્ષિત કરતો નથી, એ ચહેરો તેને ભાવહીન અને કંટાળાજનક લાગે છે.

"કેવું વિચિત્ર !" ઑસોકિન ઘેર જતી વખતે પોતાની જાતને કહે છે. "હું જ્યારે મિલિટરી સ્કૂલમાં હતો, ત્યારે ક્રૂટિસ્કીની બહેન વિશે જે કાંઈ સાંભળવા મળેલ તેનાથી હું ખૂબ જ ઉત્તેજિત થઈ જતો. મને હંમેશાં એવું લાગતું કે હું ભૂતકાળમાં એને ઓળખતો હતો. મેં એના વિશે જે કાંઈ સાંભળ્યું અને એના ફોટાઓને આધારે હું લગભગ એના પ્રેમમાં હતા. આ બધું જ જાદૂગર અને મારા પૂર્વજીવન વિશેની મારી કલ્પનાઓ સાથે સંકળાયેલું હતું. ઝિનૈડાને મળવા અંગે સ્વપ્નો જોવાં મને ગમતાં હતાં, અને હવે જ્યારે હું એને મળ્યો છું ત્યારે મને એમ લાગે છે કે અમારા બન્નેની વચ્ચે કશું જ એકસમાન નથી. મારા જીવન વિશેનું એ કશું જ નહિ સમજે. તે લોકો એટલાં બધાં સુંવાળાં લોકો છે - ખાસ કરીને ક્રૂટિસ્કી અને તેની પત્ની... અને ખરેખર તો આ મુલાકાતથી મેં બીજી કશાની અપેક્ષા રાખી તે જ વિચિત્ર છે. અમે એકબીજાથી તદ્દન દૂરનાં વિશ્વોમાં જીવી રહ્યાં છીએ. ના, મારે

ચોક્કસપણે જ નિર્ણય લેવો પડશે. હું છ મહિના કામ કરીશ અને પૈસા બચાવીશ, ત્યાર પછી હું જતો રહીશ. અહીં મારે કરવા જેવું કંઈ જ નથી."

એક અઠવાડિયા પછી. ઑસોકિન શહેરમાં એકલા એકલા કંટાળી જવાના લીધે ક્રૂટિસ્કીને ત્યાં ફરી વાર જાય છે. ઝિનૈડા વરંડામાં ફ્રેન્ચ નવલકથા સાથે બેઠી છે અને એ પણ તેને જોઈને સ્પષ્ટપણે જ આનંદ અનુભવે છે. પરંતુ વાતચીત લંબાય છે અને કશાક ભારની અનુભૂતિ થાય છે. ઝિનૈડા સાથે બરાબર રીતે પેશ ના આવી શકવાના કારણે ઑસોકિન ધૂંધવાય છે. તેઓ જે વિષય ઉપર વાત કરવાનું શરૂ કરે તે ત્રીજા જ વાક્યે પોતાની મેળે જ તૂટી પડે છે.

"ચાલો, આપણે ફરવા જઈએ," ઝિનૈડા તેમની વચ્ચેની વાતચીતમાંના એક લાંબા વિરામ બાદ કહે છે. "આ ઘર અને બગીચો મને ઘેન ચડાવે છે."

આજે ઝિનૈડા ઑસોકિનને તદ્દન જુદી જ જણાય છે તો પણ તે એને હજુ સમજી શકતો નથી. એ ઘણા અંશે એક સ્ત્રી છે. પણ એ સાથે જ એનામાં કોઈક પ્રકારની દૂરીનો અનુભવ થાય છે. એ હોય એના કરતાં ઉંમરમાં મોટી લાગે છે. એનો ચહેરો ફિક્કો છે અને પહેલી નજરે એની રૂપરેખા સ્પષ્ટ રીતે ન દોરાઈ હોય એવો લાગે છે. પણ કોઈ વ્યક્તિ જયારે વધુ લાંબો સમય સુધી જોઈ રહે ત્યારે એમાંના સૂક્ષ્મ અને સ્પષ્ટ ભાગો એક પરદાની આરપાર ડોકાતા હોય તેમ દષ્ટિગોચર થાય છે. એનું હલનચલન ધીમું, આળસભર્યું છે. એનામાં એવું કશુંક છે જે ઑસોકિનને એક પૌર્વાત્ય સ્ત્રીની યાદ અપાવે. 'તાર્તાર કુટુંબ.' એનામાં સૌથી અદ્ભુત ચીજ એની આંખો છે. એની આંખો બહુ મોટી નથી. પણ ક્યારેક ઘેરી, તો ક્યારેક મખમલી, તો વળી, ક્યારેક નિર્મળ. એમાંની અભિવ્યક્તિઓ સતત બદલાતી રહે છે, ક્યારેક સેંકડો તણખા વેરતી તો પછી તરત જ ઊંઘરેટી. ઑસોકિન એવું વિચારવા માંડે છે કે આ આંખોમાં આનાથીય વધુ બીજી અભિવ્યક્તિઓ હશે અને એની જિજ્ઞાસા પ્રદીપ્ત થઈ ઊઠી છે.

નાનાં પાઈન જંગલો પાસેથી તેઓ ચાલે છે, ઑસોકિન ઝીનૈડાને લગતું બધું જ નીરખ્યા કરે છે.

એણે પોતાની આગવી શૈલીનાં વસ્ત્રો - ચાઈનીઝ રેશમના અનેક દોરાઓવાળાં ખૂલતાં કપડાં અને મોતીનાં બટન સાથેના કાંસાના જોડા ધારણ કર્યાં છે. એ પોતાની સાથે છાંયા માટે આડશ લાવી છે અને એ પોતાનો ચહેરો પીળા રૂમાલથી ઢાંકે છે. એ કોઈ પ્રકારનું અત્તર વાપરતી નથી.

એનો ચહેરો, એની આંખો અને ખાસ તો એનું મોં ઑસોકિનની નજરને વધુ ને વધુ આકર્ષિત કરે છે.

તેઓ નદી અને હોડીઓ પાસે આવે છે. ઑસોકિન ઝિનૈડાને એમાંની એક હોડીમાં બેસવામાં મદદ કરે છે અને ત્યાર પછી નદીમાં હલેસાં મારતો વૃક્ષોના છાંયડા સુધી હોડીને લઈ જાય છે.

"શું તમે જાણો છો ?" ઑસોકિન એની મેળે કશી પૂર્વઅપેક્ષા વગર જ બોલે છે, "હું મિલટરી સ્કૂલમાં હતો ત્યારથી તમારા પ્રેમમાં છું, પણ મેં તમને તદ્દન જુદાં જ ધાર્યાં હતાં."

"આ તો બહુ રસપ્રદ થતું જાય છે." એ હસતી હસતી કહે છે, "એ વખતે તમે મારા વિશે શી કલ્પના કરી હતી ?"

"હું નથી જાણતો – ચોક્કસ કહેવું અઘરું છે – પણ કોઈક રીતે, જુદાં જ. મને એવું પણ લાગ્યું હતું કે હું તમને પહેલેથી, તમારા ભાઈના ઘરે તમારા ફોટાઓ જોયા એના પણ ઘણા સમય પહેલાંથી ઓળખું છું. આ બધું મારી અગાઉની જિંદગી વિશેનાં મારાં અટપટાં સ્વપ્નો અને કલ્પનાઓ સાથે સંકળાયેલું હતું, એક જાદૂગર વિશે કે જેના વિશે મેં સ્વપ્ન જોયું તેમ હું માનું છું – અને જેણે મારું ભવિષ્ય ભાખ્યું હતું. કોઈક રીતે તમે પોતે આ બધાં સાથે સંકળાયેલાં હતાં. હું એમ કહેવા માગું છું કે મેં જ્યારે તમારો ફોટો જોયો ત્યારે જ મને ખાતરી થઈ ગઈ હતી કે એ તમારો જ એટલે કે જાદૂગરે જેના વિશે વાત કરી હતી એનો જ હતો."

"પણ એમણે ખરેખર શું કહ્યું હતું ?"

"તમે માનશો, હું ભૂલી ગયો છું ! મને જે કાંઈ બનશે તે બધું પહેલાં હતું એટલું જ યાદ છે."

ઝિનૈડા પૂછે છે, જાદૂગરો આવી બધી ન સમજાય તેવી વાતો શા માટે કરતા હશે ? અને તે કેવા પ્રકારના જાદૂગર હતા ? તમે કહો છો કે તમે તેમને સ્વપ્નમાં જોયા ?"

"કદાચ તે સ્વપ્ન હતું, કદાચ હકીકત, કદાચ મેં તેમનું સર્જન કર્યું. હું નથી જાણતો." ઑસોકિન કહે છે.

"એમ, અલબત્ત, તમે કવિ છો. અને મેં સાંભળ્યું છે તમે કેટલીક સુંદર કવિતાઓ લખી છે. તમે છેલ્લે આવ્યા ત્યારે એમાંની એક પણ કવિતા વાંચી કેમ નહિ ?"

"હું જાહેરમાં કવિતા વાંચતો નથી. એટલે કે હું જેમને જાણતો ન હોઉં એવા લોકો સમક્ષ નથી વાંચતો. જો એક વ્યક્તિ પણ મારી કવિતાઓ સાથે સંવાદ ન સાધે અગર તો સંવાદ નથી સાધતી એવું જણાય – તો એ મારા માટે કવિતાનો પાઠ કરવો અશક્ય બનાવી દેવા પૂરતું છે. એમ કરવાનો કશો અર્થ પણ નથી, કારણ કે બધું જ વેડફાઈ જાય છે."

"અને તમને છેલ્લે કોણે ખલેલ પહોંચાડી હતી ? કદાચ મેં ?"

"ના, તમે તો નહિ જ," ઑસોકિન હસતાં હસતાં કહે છે. અને જ્યારે તે એની સામે જુએ છે ત્યારે નોંધે છે કે કેવી રીતે એની આંખો અને એનો આખો ચહેરો બદલાઈ રહ્યાં છે. "ખરી મુશ્કેલી એ હતી કે ત્યાં હતા તેમાંના કેટલાક લોકો તો પરગ્રહના રહેવાસી લાગતા હતા. તમારા ભાઈને જ એક ઉદાહરણ તરીકે લો ને. મને એ ઘણો જ ગમે છે પણ તે તો પ્રામાણિકપણે જ માને છે કે આ બધી 'પેલે પારની છાપો' એક પ્રકારનો દંભી બકવાસ છે. જ્યારે હકીકત એ છે કે મારી કવિતાઓ માટે દુનિયાનું અસ્તિત્વ જરાય જરૂરી નથી. પણ જો હું આ બધું એને કહું તો તે એમ જ વિચારશે કે હું મૌલિક દેખાવા માટે થઈને

જાણી જોઈને બકવાસ કરું છું."

"હા, કદાચ તે એમ જ વિચારે," ઝિનૈડા કહે છે, "મને તમારા ચારિત્ર્યની તાકાતની ઈર્ષ્યા આવે છે. મને પોતાને પણ ઘણીવાર લાગે છે કે વ્યક્તિ દરેકની સાથે બધી જ બાબતો વિશે વાતો ન કરી શકે, પણ હું દરેક વખતે મારી જાતને રોકી શકતી નથી... તમે મારી આગળ તમારી કવિતાઓ વાંચશો ?"

"થોડાક સમય પછી કદાચ," ઑસોકિન કહે છે, "મારી કવિતાઓમાં મારા વિશેનું ઘણુંબધું હોય છે અને તેથી જ તમારે પહેલાં મને જાણવો પડશે. હું એમ માનું છું કે એ આમ જ હોવું ઘટે. મને એક પંક્તિની કવિતાઓ ઘણી ગમે છે – કોઈક રોમન કવિએ તે લખી છે – પણ જે વ્યક્તિએ કવિતાઓ લખી છે તેને જાણ્યા વગર આ કવિતાઓ સમજવી અઘરી છે."

કેટલોક સમય ઑસોકિન ચૂપ રહીને હલેસાં મારે છે.

"હું પણ તમને લાંબા સમયથી ઓળખું છું," ઝિનૈડા કહે છે, "ઓછામાં ઓછું મેં તમારા વિશે સાંભળ્યું તો છે."

"તમે મારા વિશે શું સાંભળ્યું છે ?"

"મેં સાભળ્યું છે કે મિલિટરી સ્કૂલમાં તમે હતા ત્યારે તમે કશુંક રસપ્રદ પરાક્રમ કર્યું હતું, જેના પરિણામે તમને અસ્કાબાદમાં ક્યાંક મોકલી દેવામાં આવ્યા હતા. શું તે સાચું છે ?"

"તદ્દન સાચું, ફક્ત એટલું જ કે મને તેથી પણ દૂર મોકલવામાં આવ્યો હતો," ઑસોકિન હસતાં હસતાં કહે છે, "પણ એ તો ઘણા લાંબા સમય પહેલાંની વાત છે."

"વારુ, તેથી શું થયું ? જે અગાઉ હતું તે ફરીથી હશે."

"હું નથી ધારતો કે જાદૂગર તેમ કહેવા માગતા હતા," ઑસોકિન ફરી પાછો હસતાં હસતાં કહે છે.

"તો પછી તેઓ શું કહેવા માગતા હતા ?"

"હું વિચારું છું કે તેઓ એમ કહેવા માગતા હતા કે ભવિષ્ય પહેલેથી જ હોય છે. અને કશાનું ખરેખર અસ્તિત્વ હોતું નથી અને બધું જ એક સ્વપ્ન અને એક મૃગજળ હોય છે. કેટલીક વાર હું આ બધું જ સ્પષ્ટ રીતે જ સમજું છું. શું તમને આ બધાની અવાસ્તવિકતાનો અનુભવ નથી થતો ?" ઑસોકિન હાથ વીંઝતો કહે છે, "આ જંગલ, આ પાણી, આ આકાશ – આમાંના કશાનું અસ્તિત્વ નથી. એવા દિવસો પણ હતા કે જ્યારે મેં આ બધાંને એમ કહો ને કે, પારદર્શક બની જતા અનુભવ્યાં છે જે ગમે તે ક્ષણે અદશ્ય થઈ જાય. બરાબર આમ જ : તમે તમારી ચારેકોર બધું જુઓ છો, તમે વિચારો છો કે તેનું અસ્તિત્વ છે. તમે તમારી આંખો બંધ કરો છો, ત્યાર પછી તેમને ઉઘાડો છો અને ત્યાં કશું જ નથી."

"પેરિસમાં મારા આગમન પછી તરત જ એકવાર હું નોટ્રેદામ ગયો હતો અને જ્યાં જાહેર જનતાને સામાન્ય રીતે પ્રવેશ આપવામાં આવતો નથી તે દક્ષિણ ટાવર પર ચડી ગયો હતો, અને ત્યાં ટોચ ઉપર, આખો દિવસ, તદ્દન એકલા ગાળ્યો હતો. બધો જ વખત હું મારી કવિતાઓ મઠારી રહ્યો હતો અને ક્યારેક હું તેમને લખતો હતો. આ કવિતાઓમાં મેં એવી કલ્પના કરી હતી કે લોકો અદશ્ય થઈ ગયા છે... ઘણાંબધાં વર્ષો પસાર થઈ ગયાં છે અને હું નોટ્રેદામના ટાવર પરથી નીચે ખાલીખમ પેરિસ ભણી જોઈ રહ્યો છું અને મારી સાથે પેલી ઘધૂડા માટેની શિલ્પાકૃતિઓ પણ નીચે જોઈ રહી છે.. તમે સમજો, લોકો બચ્યા જ નથી, તેઓ ઘણા સમય પહેલાં, દેખાતા બંધ થઈ ગયા છે. પુલો ઉપર ઘાસ ઊગી નીકળ્યું છે અને કેટલાક ભાગો તૂટવાની શરૂઆત થઈ ગઈ છે. પાળાઓ તૂટી રહ્યા છે. ડામરમાં તિરાડો પડી રહી છે અને એ તિરાડોમાં લીલાં ઝાડવાં ઊગી રહ્યાં છે. બારીઓની કિનાર પવન દ્વારા તૂટી ગઈ છે અગર તો બહાર નીકળી ગઈ છે અને નોટ્રેદામ એકલું ઊભું છે; અને પેરિસનો ભૂતકાળ વાગોળે છે. શિલ્પાકૃતિઓ પણ તેમણે અગાઉ જોયેલી હવે જે ક્યારેય જોવા નહિ મળે તેવી વસ્તુઓ વિશે આપસમાં વાતો કરે છે; અને અચાનક જ તેમને સમજાઈ જાય છે કે કશુંય ક્યારેય હતું જ નહિ, કે તેમનું પોતાનું

પણ કશું અસ્તિત્વ નથી, કે કશાનું પણ અસ્તિત્વ નથી. જે ક્ષણે તેઓ આ સમજે છે તે જ ક્ષણે તેઓ, લોકો અને તેમનું જીવન પહેલાંની જેમ જ જુએ છે, અને પેરિસ ફરી એકવાર પેલું જ સામાન્ય પેરિસ બની રહે છે. પણ હવે તેમની સમક્ષ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે લોકો કે તેમનું જીવન કે દેવળ કે શિલ્પાકૃતિઓ પોતે ખરેખર અસ્તિત્વ ધરાવતાં નથી... મેં આ બધી કવિતાઓ લખી, પણ પાછળથી મેં તે ખોઈ નાખી અને એટલે અત્યારે તેમનું પણ અસ્તિત્વ નથી."

ઝિનૈડા ઠંડી પડી ગઈ હોય તેમ ધ્રૂજે છે. "તમે મને એવો અનુભવ કરાવી રહ્યા છો કે કશાનું અસ્તિત્વ હોતું નથી," એ કહે છે, "પણ તમે પેલી કવિતાઓ કેવી રીતે ખોઈ નાખી શકો ? શું તમને તે યાદ નથી ?"

"મને કશું યાદ નથી. મને ફક્ત એટલું જ યાદ છે કે ઘણા લાંબા સમય સુધી શિલ્પાકૃતિઓમાંની એકે કંઈ પણ બોલવાનો ઇન્કાર કર્યો અને તે પછી કશુંક વિચિત્ર અને ન સમજાય તેવું અગડંબગડં બોલી."

"પણ તમે તો ખરેખર જાણો છો જ કે આ શિલ્પાકૃતિઓ વાસ્તવિક નથી ? તેમણે એસ્મેરેલ્ડાને ક્યારેય જોઈ નથી."

"એવું લોકો કહે છે પણ મને તેથી કશો ફરક પડતો નથી. આખરે કોઈપણ ચોક્કસ રીતે જાણતું નથી. અંગત રીતે હું પોતે એમ માનું છું કે અઢારમી સદીમાં આવી શિલ્પાકૃતિઓ બની હોઈ શકે નહિ."

એ લોકો થોડાક વખત માટે મૌન રહે છે. ત્યાર પછી ઝિનૈડા ઇટાલી વિશે વાત કરવાનું શરૂ કરે છે.

ઓસોકિન સાંભળે છે. અચાનક તેના મનમાંથી એક વિચાર ઝબકી જાય છે. એમણે તરત જ પાછાં ફરવું પડશે, અને તેને હૃદયમાં એક અજબ સણકાનો અનુભવ થાય છે. તે એવું ઇચ્છે છે કે આનો ક્યારેય અંત ન આવે, નદીની અંદરની ધીમી ગતિ, નાવનું ડોલન, પાણીની છાલકો, એક પછી બીજા વિષય તરફ પસાર થતી રહેતી

વાતચીત. તેને અનિચ્છાએ પણ એવું લાગે છે કે બીજા લોકોની વચ્ચે અને બીજા કોઈક પરિસરમાં ઝિનૈડા પણ જુદી જ હશે, ફરીથી એક અણજાણ વ્યક્તિ બની જશે – જયારે અત્યારે એ અદ્‌ભુત રીતે તેની નજીક છે. નદીમાં વૃક્ષોની છાંયમાં અત્યારે અહીં બધું ખૂબ જ આનંદદાયક છે. તે એ પોતાના વિશે વાતો કરે તેવું ઇચ્છે છે.

"અને શું પરદેશમાં તમારા ઘણાબધા પ્રશંસકો હતા ?"

"ઘણાબધા," એ હસતી હસતી જવાબ આપે છે.

"પણ એમાંના બધા બનાવટી હતા."

"અને વાસ્તવિક તેમ જ બનાવટી પ્રશંસકો શો તફાવત હોય છે ?"

"સાચા પ્રશંસકો એ છે જેમનો હું પોતે આદર કરું છું, અથવા તો જેમની સાથે રહેવું મને ગમે છે અને માત્ર એવા જ પ્રશંસકો નહિ જેઓ મારાં વખાણ કરે છે અને મારી સાથે રહેવા માગે છે. તમે સમજો છો ને ?"

"કદાચ એટલે તમે જેમની સાથે રહેવા માગતા ન હો તેવા પ્રશંસકો બનાવટી છે. એમાં એટલી બધી શી ખરાબી છે ?"

"હા, ચોક્કસપણે જો તમે સ્ત્રી હો તો તમને ખબર પડે કે તમારી આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકવામાં આવે તેનો શો અર્થ થાય. એ અત્યંત અકળાવનારું છે. પુરુષ આ લાગણી જાણતો નથી. ઘણી છોકરીઓને આ લાગણી ગમતી હોય છે પણ મને નથી ગમતી. તમે સમજો, તમે કોઈક પુરુષ પ્રત્યે મૈત્રીભાવ ભર્યા હો અને તેની વિરુદ્ધ તમારા મનમાં કાંઈ જ ન હોય. તમે તેની સાથે ઘોડેસવારી કરવા જાઓ, તેની સાથે નૃત્ય કરો, સહેજસાજ છેડછાડ પણ કરો... પણ આ બધાંમાંથી તે પોતાનાં જ તારણો કાઢે છે અને એ તમને જરાય ગમતાં નથી. ત્યાર પછી એક સરસ દિવસે તમારા ધ્યાનમાં આવે છે તેણે તમારા વિશે કશીક યોજનાઓ ઘડી કાઢી છે અને માત્ર તેમને પ્રગટ કરવા માટે કશીક તકની જ તે રાહ જોઈ રહ્યો છે. ત્યાર પછી તમારી અને તેની વચ્ચે ખેંચતાણ શરૂ થાય છે. તેની યોજનાઓ તમારી આગળ પ્રગટ ન કરે તે

માટે તમે બધું જ કરી છૂટો છો. ક્યારેક આ બધું ખૂબ જ રમૂજી બની રહે છે... ખેંચતાણ ચાલુ જ રહે છે. દરેક પુરુષમાં એટલી આત્મશ્રદ્ધા કે આત્મવિશ્વાસ હોતાં નથી કે તે તમારી કશી નોંધ જ ન લે અને સીધેસીધો જ આગળ વધે. મોટા ભાગના પુરુષોને લાગણીવશતાના મૂડમાં આવવું પડે છે. એ સિવાય તેઓ બોલી શકતા નથી. તેથી તમે સંભાળપૂર્વક આવા લાગણીવશતાના મૂડને ટાળતા રહો છો, અને થોડાક સમય પૂરતા સફળ પણ થાઓ છો, કેટલીક વાર, વાતચીતમાં યોગ્ય રણકો લાવીને પણ તમે ભયને ખાળી શકો છો. પરંતુ વહેલા કે મોડા, કોઈક અભાગી ક્ષણે, તમે પકડાઈ જાઓ છો અને તેના તમારા વિશેના ભવ્ય મનસૂબાઓ અને યોજનાઓ વિશે તમને જાણ કરવામાં આવે છે. એ પછી સૌથી વધુ અકળાવનારો ભાગ આવે છે. સૌ પ્રથમ તો, કેટલાક પુરુષોને તમને તેમની યોજનાઓ નાપસંદ છે એ બાબતે ખરેખર ઊંડા આશ્ચર્યની લાગણી થાય છે, તે લોકો સમજી જ શકતા નથી, કે આમ શાથી છે. તેમને એવું લાગે છે કે ક્યાંક કશીક ગેરસમજ છે જે જ્યારે તેઓ તેમના વિચારો તમને વધુ સ્પષ્ટપણે સમજાવશે તે સાથે જ દૂર થઈ જશે. તેથી તેઓ તેમની યોજનાઓ તમને સમજાવવા માંડે છે. તેઓ પ્રામાણિકપણે એવું માને છે કે તેમણે કેટલું સુંદર રીતે અને માન થાય તેવી રીતે આ બધું વિચારી રાખ્યું છે તે તમે સમજ્યા જ નથી. આખરે, જો તમે હજુય તેમની ભવ્ય યોજનાઓનો સાભાર અસ્વીકાર કરો, તો તેઓ તમે એવા કેટલાક શબ્દો યાદ કરાવશે જે તમે તદ્દન ભૂલી ગયા હો છો અને જ્યારે તમે તે ઉચ્ચાર્યા હતા ત્યારે તેનો અર્થ તદ્દન જુદો જ હતો, અને તેઓ ભારપૂર્વક કહે છે કે આ વિચાર ખરેખર તમારો હતો કે તમે પોતે જ આનું સૂચન કર્યું હતું અને એવું બધું ના, આ બધું ખરેખર ત્રાસદાયક છે."

"એવું લાગે છે કે તમને ઘણોબધો મહાવરો છે. અને તમે, તમે પોતે હંમેશાં આવા ઉષ્માવિહીન જ હતા ?"

"અને તમને એ વાતમાં કેમ રસ છે ?"

"કારણ કે હું એક વાત સમજું છું જે બહુ ઓછા લોકો સમજે છે."

"એ શું છે ?"

"હું સમજું છું કે એક ચાલાક અને રસિક છોકરી માટે પોતે જેના પ્રેમમાં પડી શકે અને જેના પ્રેમમાં પડવામાં ભલીવાર હોય તેવા પુરુષના સંપર્કમાં આવવું કેટલું મુશ્કેલ છે. મારા અભિપ્રાય મુજબ રસ પડે તેવા પુરુષો કરતાં રસ પડે તેવી સ્ત્રીઓની સંખ્યા વધુ છે, અને હું ઘણી વાર વિચારું છું કે, જો હું સ્ત્રી હોઉં તો મને રસ પડે તેવો પુરુષ શોધવામાં મને તકલીફ પડે."

"એમ શા માટે ?"

"હું નથી જાણતો, પણ મને આવી લાગણી થાય છે. હું જેટલા પુરુષોને ઓળખું છું એમાંનો એકેય એવો નથી, જેનામાં મને જો હું સ્ત્રી હોઉં, તો જરા પણ રસ પડે. હું એમ પણ વિચારું છું કે જો મારે બહેન હોત તો મેં એને, મારા મિત્રોમાંના કોઈકની સાથે, અથવા તો હું જે લોકોને મળું છું એમાંના કોઈકની સાથે, પરણવા ન દીધી હોત."

"એ કેવું અપૂર્વ છે," એ હસતી હસતી કહે છે, "પુરુષને તેમના ચડિયાતાપણા વિશે ખાતરી હોય છે."

"પણ મને નથી. હું એમ વિચારું છું કે પુરુષો કરતાં સ્ત્રીની જાતિ ઊંચી છે. અને એમ શાથી છે તે સમજવું સહેલું છે. હજારો વર્ષથી સ્ત્રીઓ વિશેષ સ્થાન ભોગવતી આવી છે."

"વિશેષ સ્થાન ! મારા બે અંગ્રેજ મિત્રો આના વિશે શું કહેશે તે હું કલ્પી શકું છું. તેમને તો ગહન ખાતરી થઈ ચૂકી છે સ્ત્રીઓને પુરુષો દ્વારા ગુલામ બનાવવામાં આવી છે અને સ્ત્રીઓએ તાજેતરમાં જ તેમનું સ્વાતંત્ર્ય જીતવાની શરૂઆત કરી છે."

"હા, તમારા મિત્રો શું કહેશે તે હું કલ્પી શકું છું, પણ હજુય હું મારા મુદ્દા પર ભાર મૂકીશ. સ્ત્રીઓ જીવનમાં વિશેષ સ્થાન ભોગવે છે. આના દ્વારા હું ઓછાવત્તા અંશે સુધરેલા દેશોની ભણેલા વર્ગની સ્ત્રીઓની વાત કરી રહ્યો છું. એક જ વાત લો. હજારો વર્ષોથી સ્ત્રીઓએ યુદ્ધોમાં કશો સક્રિય ભાગ લીધો નથી. અને રાજકારણ કે

સરકારની નોકરી સાથે પણ તેમને ભાગ્યે જ લેવાદેવા રહી છે. આ રીતે તેઓ હંમેશાં જિંદગીના સૌથી વધુ ગુનાઈત અને છળકપટભર્યા પાસાંઓથી અલિપ્ત રહ્યાં છે. આ એક જ બાબત સ્ત્રીઓને પુરુષો કરતાં વધુ મુક્ત બનાવે છે. અલબત્ત, જુદા જુદા પ્રકારની સ્ત્રીઓ હોય છે અને આધુનિક સ્ત્રી નિઃશંકપણે તેની જાતિ ગુમાવવા માટે બધું જ કરી છૂટે છે."

"પરંતુ આ બધાં પરથી એવો નિષ્કર્ષ ન કાઢશો કે સ્ત્રીઓ જેવી છે તે અંગે હું બહુ ઉત્સાહી છું," ઑસોકિન હસતાં હસતાં ઉમેરે છે, "હું એમ વિચારું છું કે એમનામાં પરખશક્તિની ખામી છે. એમની સ્વયંસૂઝને એક જબરદસ્ત કામગીરી સોંપવામાં આવી છે – પસંદગીની કામગીરી. હું આ દેહધાર્મિક અર્થમાં નથી કહેતો, પણ વધુ તો સૌંદર્યલક્ષી અને નૈતિક અર્થમાં કહું છું. તેઓ આ કામ બહુ ખરાબ રીતે પાર પાડે છે, કારણ કે તેઓ નગણ્ય પુરુષોથી સંતોષ માની લે છે. સ્ત્રીનો મુખ્ય અપરાધ એ છે કે એનામાં પસંદગી માટેના પૂરતા આગ્રહો હોતા નથી, અને ઘણીવાર તો એનામાં જરા પણ આગ્રહ હોતો નથી."

"તમે કહો છો તેમાંની ઘણી વાતો મને ગમે છે," ઝિનૈડા કહે છે, "જોકે મારે એમની ઉપર વધુ વિચાર કરવો પડશે. અચ્છા, તો પછી તમે કયા પ્રકારની સ્ત્રીઓના સંપર્કમાં આવ્યા છો, આગ્રહપૂર્વક અમુક બાબતોની અપેક્ષા રાખનારી કે તેના વગરની ?"

"હું નથી ધારતો કે હું ક્યારેય પૂરતો આગ્રહ રાખનારી ચીવટવાળી સ્ત્રીના સંપર્કમાં આવ્યો હોઉં," ઑસોકિન કહે છે.

"અને તમને એવી કોઈ સ્ત્રીને મળવું ગમશે ?"

"ઘણુંબધું."

"એનાથી મને આનંદ થાય છે," એ કહે છે, "અને હું તમારી સાથે સહમત થાઉં છું કે સ્ત્રીઓ પૂરતા આગ્રહો રાખતી નથી. તે લોકો પોતાની જાતને સાવ સસ્તામાં જ આપી દેતી હોય છે."

"આ ખૂબ જ ખતરનાક શબ્દો છે," ઑસોકિન ફરી પાછો હસતાં

હસતાં કહે છે. "એમનું અત્યંત સહેલાઈથી ખોટું અર્થઘટન થઈ શકે તેમ છે. તમે સમજો, હું સ્ત્રીઓની વ્યાવહારિક અભિરુચિના દૃષ્ટિકોણથી વાત નથી કરતો. જો કોઈ સ્ત્રી પોતાની જાત માટે જ આગ્રહ રાખે તો તે માત્ર અશિષ્ટ જ છે – અને આ પ્રકારનો આગ્રહ ગમે તે સ્વરૂપે પ્રકટ થાય તો પણ તે અંગે કહેવા જેવું ઘણુંબધું છે. હું એકદમ જુદી જ બાબત અંગે વાત કરી રહ્યો છું. સ્ત્રીઓ પુરુષ પાસેથી પુરુષના પોતાના માટે કશો આગ્રહ રાખતી હોતી નથી."

"શું એને પોતાની જાત માટે ઘણાબધા આગ્રહ સેવવાનો અધિકાર નથી ?"

"તે સાવ જુદો જ પ્રશ્ન છે," ઑસોકિન કહે છે,

"એ તો સંસાર છે. મને આમાં ક્યારેય રસ પડ્યો નથી."

તેઓ બન્ને મૌન રહે છે અને નાવ પ્રવાહ સાથે ઉતરાણના મુકામ ભણી સરતી રહે છે. તેઓ પાઈનના જંગલમાંથી ફરીથી પસાર થાય છે અને ઘરની પાસે તેઓ આવે છે ત્યારે ઑસોકિન 'આવજો' કહે છે. ઑસોકિનને આશ્ચર્ય થાય છે, જ્યારે ઝિનૈડા કહે છે, "હું આવતી કાલે શહેરમાં જ છું. જો તમારે ખાસ કંઈ કામ ન હોય તો આપણે મળી શકીએ. ત્રણેક વાગ્યે મારા ભાઈના ઘરે આવજો, ત્યાં સુધી મેં મારાં બધાં કામો પતાવી દીધાં હશે."

સાંજે ઑસોકિન ઘેર જઈ રહ્યો છે. તે એક ટ્રેનના ડબામાં બેઠો છે અને તે બારીની બહાર ઝડપથી પસાર થઈ રહેલાં ખેતરો જુએ છે, તે સ્મિત કરે છે અને તેને અપૂર્વ પ્રસન્નતાનો અનુભવ થઈ રહ્યો છે.

"હે ભગવાન, અમે કયા વિષય અંગે વાતો ન કરી !" તે વિચારે છે. "એ ખૂબ જ વહાલી લાગે તેવી છે અને આખરે તો મેં ઘણા વખત એના વિશે જેવી કલ્પના કરી હતી એવી જ છે. એ કેવું માન્યામાં ન આવે તેવું છે કે હું એને પહેલેથી આટલી સારી રીતે ઓળખતો હતો અને પહેલી મુલાકાત વખતે એ આટલી બધી જુદી લાગી. આજે મેં જેટલી વાતો કરી એટલી વાતો મેં પહેલાં ક્યારેય કરી નથી. એ કેવું

અદ્‌ભુત છે કે હું એને આવતી કાલે ફરીથી મળીશ. અલબત્ત એમાંથી કશું નીપજવાનું નથી. શિયાળામાં અગર તો મોડામાં મોડું વસંત બેસે તે પહેલાં હું જઈશ. પણ એ બહુ સારી બાબત છે કે હું કપોળકલ્પિત ઝિનૈડાને નથી મળ્યો. મેં કોઈ પણ સ્ત્રી માટે એના માટે સેવ્યાં હોય તેટલાં સ્વપ્ન સેવ્યાં નથી. અને આ બધાં જ સ્વપ્ન માત્ર એના ફોટાઓ જોવા થકી અને એના વિશે સાંભળવા થકી જ આવ્યાં છે. એ અત્યંત રસપ્રદ બાબત છે. અચ્છા, કાલે અમારી મુલાકાત કેવી બની રહેશે તે અમે જોઈશું. એણે પોતે જ સૂચન કર્યું તે મને ગમ્યું. એ ખરેખર એક મોહક સ્ત્રી છે. એ વલેરી જેટલી જ ચાલાક છે. અને દસ લૉઉલો જેટલી કલ્પનાશક્તિ ધરાવે છે. હા, અને હા સારી વાત છે કે હું એને મળ્યો, ઓછામાં ઓછું મૉસ્કો તો એના લીધે યાદ રહેશે જ....''

અનિવાર્ય

બે અઠવાડિયાં પછી નદી પાસેના બગીચામાં ઑસોકિન ઝિનૈડાની રાહ જોઈ રહ્યો છે. તે ધૂમ્રપાન કરતો રસ્તા ઉપર આમતેમ આંટા મારે છે.

"આ બધું કેવું અચરજભર્યું છે," તે પોતાની જાતને કહે છે. "મેં આ પહેલાં ક્યારેય આવું અનુભવ્યું નથી. આ શું છે તે પણ હું જાણતો નથી, પ્રેમ કે એવું કશુંક. એને મળવું મને ગમે છે. હું એક નાના છોકરાની જેમ અહીં દરરોજ એની રાહ જોઉં છું અને અમે નદીમાં ફરવા જઈએ છીએ. હવે એક દિવસ પણ ગુમાવવો મારા માટે કઠિન છે. તેમ છતાં મેં જયારે એને પહેલવહેલી વાર જોઈ ત્યારે – ચોક્કસપણે મને કોઈ રીતે – એની શૈલી કે પછી એક સ્ત્રી તરીકે – એ ગમી ન હતી. પછીથી, ઊલટાનું, મને એ ગમવા માંડી હતી. પરંતુ મારા એના પ્રત્યેના અભિગમમાં અંગત કહી શકાય એવું કશું નથી. મેં અગાઉ વાંચ્યું હોય કે સાંભળ્યું હોય એમાંના કશાનો આની સાથે મેળ ખાતો નથી અને તે સાથે એ પણ જાણું છું કે આવી મુલાકાતોનું કશું પરિણામ નથી. મારે જવું જ જોઈએ. તે બાબત અનિવાર્ય છે. મારા અહીં રોકાઈ જવાથી કશું જ નીપજશે નહિ. ઝિનૈડાને ઓળખવી મને ખૂબ જ ગમે છે પણ જિંદગી તરત જ તેની ઉપર પૂર્ણવિરામ મૂકી દેશે. છેલ્લાં બે સપ્તાહથી હું મુક્ત હતો અને અહીં આવવા જેટલા પૈસા મારી પાસે હતા તે કેવળ એક અકસ્માત જ છે. પણ આવતા સપ્તાહે હું

શું કરીશ તેની મને પોતાને કશી ખબર નથી. અલબત્ત એ પોતે આ વાત જાણતી નથી. અગર તો સમજતી નથી....”

તે પાછો ફરે છે અને શેરીમાં નજર નાખે છે.

“પણ એ કેમ આવતી નથી ? અત્યારે ક્યારનો એક વાગી ચૂક્યો છે અને એ લોકો બાર વાગ્યે ભોજન લે છે. અચ્છા, એકાદ વરસમાં અહીં બધું અત્યારે છે તેમ જ યથાવત્ થઈ જશે. એમ પણ બને કે એ આ જ રસ્તા પર ચાલી રહી હોય – અને હું અહીં ન હોઉં. હું ક્યાં હોઈશ ? તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.”

એક સપ્તાહ પછી. ઑસોકિન અને ઝિનૈડા બગીચામાં આંટા મારી રહ્યાં છે. રસ્તો પીળાં પાંદડાથી પથરાઈ ગયો છે.

“એમ તમે તરત જ ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા છો ?” ઝિનૈડા ઑસોકિન સામે જોતી સ્મિત કરતી કહે છે.

“તમે જાણો છો કે હું કશે પણ જવાનો નથી,” ઑસોકિન જવાબ આપે છે. ઝિનૈડા હસી પડે છે અને ઑસોકિનને બાંયથી ખેંચે છે.

“હું તમને ક્યારેય માફ નહિ કરું,” એ કહે છે,” જો તમે જાણતા હો કે ઑસ્ટ્રેલિયાની વાતો કરીને તમે મને કેટલી ગુસ્સે કરી મૂકી ! ઘણી વાર તો તમને મારવાનું મને મન થાય છે. પુરુષો ક્યારેક ઘણી બધી મૂર્ખામીભરી હરકતો કરતા હોય છે. જો એક સ્ત્રી કોઈક પુરુષને રોજરોજ મળવા તૈયાર હોય, એનો મોટાભાગનો સમય તેની સાથે ગાળતી હોય અને તેમ કરવા માટે અવનવાં કારણો શોધી કાઢતી હોય તો ખચીત જ એ સ્પષ્ટપણે દર્શાવે છે કે એ સ્ત્રીને તે પુરુષમાં રસ છે. અને, આ બધાંના બદલામાં મારી આગળ ઑસ્ટ્રેલિયા સંબંધી યોજનાઓ ધરવામાં આવી ! હા, મારા વહાલા, મને બહુ મજા પડી... પણ હવે તમે મને ઑસ્ટ્રેલિયા વિશે કહો તેમ હું ઇચ્છું છું.”

“પ્રિયે,” ઑસોકિન એનો હાથ પસવારતો કહે છે, “એ બધું કહેવું મારા માટે કેટલું મુશ્કેલ હતું એ તારે સમજવું જોઈએ.”

"જો એ મુશ્કેલ હતું તો પછી તેં એમ શા માટે કર્યું ?"

"મને એમ લાગ્યું કે તે અનિવાર્ય હતું. સંજોગો પોતાની મેળે જ એવા ગોઠવાયા કે હું બીજું કશું વિચારી શક્યો જ નહિ, અને હું તને મળ્યો તેના ઘણા સમય પહેલાંથી તે નક્કી હતું."

"હા, પણ હું ઘેલી હતી કે મેં એમ ધારી લીધું કે મારા મળવાના કારણે તારી યોજનાઓમાં થોડોક ફેરફાર આવશે. સ્પષ્ટપણે જ એવો કશો ફેરફાર આવ્યો નથી. તારા મનમાં એ વિશે વિચાર પણ આવ્યો નથી. તેથી છેવટે તને આખી પરિસ્થિતિ સમજાવવાનું કષ્ટ મારે પોતાને ઉઠાવવું પડ્યું. તારા પોતાના બચાવમાં તું શું કહી શકે તેમ છે ?"

"હું કશું જ કહી શકું તેમ નથી," ઑસોકિન કહે છે.

"અચ્છા, પણ તારા સંજોગોનું શું ? તેં કહ્યું કે સંજોગોએ તને ઓસ્ટ્રેલિયા જવા મજબૂર કર્યો છે. શું તે બદલાઈ ગયા છે ?"

"એવું નથી કે તે બદલાઈ ગયા હોય. તેમનો હવે કશો અર્થ રહ્યો નથી. હું નથી ધારતો કે અગાઉ ક્યારેય હું પરીકથાની દુનિયાની આટલો નજીક છું એવી મને લાગણી થઈ હોય, અને જ્યારે મને આવી લાગણી થાય ત્યારે મને એવું લાગે છે બધું જ જુદું હશે અને મેં જેવું વિચાર્યું હતું તેવું નહિ હોય."

"અચ્છા, તો આપણે એમ ધારી લઈએ કે તું ઑસ્ટ્રેલિયા જવાનો નથી અને અહીં જ રોકાઈ જઈશ. મને એ જાણવામાં રસ છે કે તારી યોજનાઓમાં મારું કોઈ સ્થાન છે કે નહિ ?"

ઑસોકિન અચાનક એને પોતાના હાથોમાં જકડી લે છે અને એને ચૂમી લે છે.

"સાંભળ ! શું તું ગાંડો થઈ ગયો છે ?" ઝિનૈડા પોતાની જાતને તેનાથી અળગી કરે છે અને પોતાના વાળ સરખા કરે છે. એ ખરેખર ખિજવાયેલી અને બી ગયેલી છે, "અત્યારે ગમે તે ક્ષણે આપણને કોઈક જોઈ જશે."

"ભલે એ લોકો જુએ. તું જ્યારે જ્યારે ઑસ્ટ્રલિયાનો ઉલ્લેખ કરીશ ત્યારે ત્યારે હું તને ચુંબન કરીશ. આ મારું વચન છે."

"તું કેટલો સારો છે ! હા, હવે તારામાં બહાદુરી આવી ગઈ છે. તને યાદ છે એક અઠવાડિયા પહેલાં તારી હાલત કેવી હતી ? તું મારા હાથનો સ્પર્શ કરતાંય ડરતો હતો. અલબત્ત, હવે તારા માટે બહાદુર બનવું ખૂબ જ સહેલું છે. જ્યારે બધું મુશ્કેલ કામ મેં કરી નાખ્યું છે – તારી સાથે મારા વિશે વાતો કરવા માંડી અને તને પણ બોલતો કર્યો. ચોક્કસપણે હવે બાજીનાં બધાં પાનાં તારા હાથમાં છે. કાયમ આવું જ બનતું આવ્યું છે. અને અમે સ્ત્રીઓએ અમારી નિખાલસતા અને ખુલ્લાપણા માટે કાયમ કિંમત ચૂકવી છે. પણ હું તને સજા કરવા માગું છું. જ્યારે આપણે ઘેર જઈશું ત્યારે હું ઑસ્ટ્રેલિયા વિશે વાતો કરવાનું ચાલુ રાખીશ અને તારું વચન પાળવા માટે તારે મને ચુંબન કરવાં પડશે." એ હસે છે. "હું કલ્પના કરી શકું છું કે તું મને ચુંબન કરે ત્યારે બાનો ચહેરો કેવો જોવા જેવો થઈ જશે. અને નાના કૂતરા સાથેની પેલી બાનુ પણ ત્યાં જ હશે અને ગામની બીજી યુવાન દાસીઓ પણ મને મળવા આવી હશે... શું તને એ બધું ગમશે ? તું જો, કે તને પકડી પાડવો કેટલો સહેલો છે અને તારાં વચનોની શી કિંમત છે !"

એની આંખો હજારો તણખાઓથી સળગી રહી છે.

"એ પહેલી વાત છે, અને હવે બીજી વાત. મને એ જાણવામાં પણ રસ છે કે જો એક દિવસે મેં તારા સરસ વર્તનને તહસનહસ ન કરી નાખ્યું હોત તો આપણે ક્યાંય સુધી કવિતાઓ અને નવી કળા વિશે જ વાતો કર્યા કરી હોત. તમે પુરુષો આમ તો બળવત્તર જાતિ ગણાઓ છો પણ અમો સ્ત્રીઓ વગર તમે શું કરવાના ? તું મારી આંખોમાં શા માટે જુએ છે ? ના, મહેરબાની કરીને તારી કિંમત પ્રદર્શિત કરતો નહિ. આપણે ઘરની નજીક આવી પહોંચ્યાં છીએ... ચાલો, આપણે ગંભીરતાથી વાતો કરીએ. હું હજુય તારી યોજનાઓ જાણવા માગું છું. જો તું ઑસ્ટ્રેલિયા ન જતો હોય તો પછી તારો શું કરવાનો ઇરાદો છે ? તારી પાસે કોઈ યોજનાઓ છે કે કેમ ? તું સમજ કે હું નિખાલસતાથી મારા પ્રશ્નો રજૂ કરી રહી છું."

ઑસોકિન ઝિનૈડાને નીરખી રહે છે. અને તેને અહેસાસ થાય છે કે ઝિનૈડા માટે આ રીતે બોલવું ખૂબ જ મુશ્કેલ છે, એમ જાણીને કે તે પોતે તો બિલકુલ નહિ બોલે. તેને એ પણ સમજાય છે કે એ તેના માટે એની સાથે સંબંધ સાધવાનું કામ સરળ બનાવી રહી છે, પરંતુ તેમ કરવામાં એને સંકોચ થાય છે અને આ રીતે મજાક કરતી હોય તેમ વાતો કરીને પોતાનો ક્ષોભ છુપાવવા માગે છે. એની પ્રત્યે અત્યંત નાજુક વહાલનો ભાવ તેનામાં ઊભરાય છે પણ એ સાથે જ એક પ્રકારની ખીજ પણ ભડકો થઈ ઊઠે છે. એ શા માટે તેને બોલતો કરવા માગે છે ? એણે સમજવું જોઈએ કે હજુ તે બોલી શકે તેમ નથી.

તે ફરીથી ઝિનૈડા સામે જુએ છે અને એના માટે દિલગીરીનો ભાવ અને પોતાના વિચારો માટે શરમનો ભાવ અનુભવે છે. એના ઉપર કશા પણ માટે કેવી રીતે આળ મૂકી શકાય ? એ તો ફક્ત તેને મદદ કરવા જ માગે છે. હવે તે એના પ્રત્યે ભારોભાર કૃતજ્ઞતાનો ભાવ અનુભવે છે અને ખાસ તો ઊંડી દિલસોજીનો ભાવ અનુભવે છે કે તે એની અપેક્ષા મુજબ એને જવાબ આપી શકતો નથી. તેને શું અટકાવી રહ્યું છે ? કાયરતા અને એક હાસ્યાસ્પદ પ્રકારનું ગૌરવ. પોતે ખોટી જગાએ ઊભો છે તે વાતની ખબર પડવાથી તે ડરે છે. એ એક ધનવાન છોકરી છે અને તેની પાસે કશું જ નથી. હકીકતમાં તે એટલી હદે નિર્ધન છે કે ગઈ કાલે જ એને મળવા માટે તેણે પોતાનો ઓવરકોટ ગિરવે મૂક્યો હતો. અને અકસ્માત્ જે કાંઈ આવી મળે તે સિવાય તેની પાસે આશા રાખવા જેવું પણ કાંઈ જ નથી. એ ફરી પાછો તેના જૂના પુરાણા માર્ગ પર આવી ગયો છે. એનો ભાઈ અને એની માતા તેના વિશે શું માનશે ? એ લોકોની સામે તે પોતે કઈ સ્થિતિમાં ઊભો રહેશે ? જો એ એકલી હોત... અગર તો જો તેની જીભ સિવાઈ ગઈ ન હોત, જો તેને બધી વાત કહી દેવાનો ડર ન લાગતો હોત, પણ બધી વાત સીધેસીધી એને કહી દઈ શકે તેમ હોત... તો પછી કદાચ, એ બન્ને વચ્ચે, એ લોકો કશોક માર્ગ શોધી કાઢી શકત...

ઑસોકિનને લાગે છે કે તે બોલે એવું એ ઇચ્છે છે અને છતાં તેને લાગે છે કે તે કશું જ બોલશે નહિ. આ મનઃસ્થિતિને તે સારી રીતે

સમજે છે. એની જિંદગીમાં આ પહેલાંય ઘણીવાર આવું બન્યું છે કે લોકો તેને મદદ કરવા માગતા હોય અને તેની તરફ આગળ ધપી રહ્યા હોય, પણ અભિમાનના કારણે તેણે એ વાત નજરઅંદાજ કરી હોય, આ રીતે તેણે એ લોકોને પાછા ધકેલી દીધા હોય, અને એમ કરવાથી તે પોતે સભાન હોય. અત્યારે પણ એ જ વાત છે. એમ તો આ તેનું પોતાનું ભાગ્ય છે, તે બીજી કોઈ રીતે કામ કરી શકે નહિ.

"તું કેમ કશું બોલતો નથી ?" ઝિનૈડા પૂછે છે.

"કારણ કે મારે જે કહેવું છે તે હું કહી શકું તેમ નથી."

"તને શું અટકાવે છે ?"

"મારે સમયની જરૂર છે. અત્યારે બધું પહેલાં ચાલતું હતું તેવી રીતે જ બની રહ્યું છે. તું જાણે છે કે હું જતો રહેવા માગતો હતો અને અહીં જે કાંઈ બને છે તેની બહુ દરકાર કરતો ન હતો. હવે હું નથી જતો, અને મારી જિંદગી અહીં જ ગોઠવવા માગું છું. પણ એ માટે સમયની જરૂરિયાત છે."

ઝિનૈડા અણગમાથી ભવાં ચડાવે છે. "મને સમય પસંદ નથી. તું જાણે છે કે બધું એકધડાકે જ થાય તે મને ગમે છે. જો મને એમ કહેવામાં આવે કે અમુક વસ્તુ માટે મારે રાહ જોવાની છે, તો તે છોડી દેવા હું તૈયાર છું, એ વસ્તુ મારા માટે બગડી ગઈ છે. તું આ પ્રકારની લાગણી જાણે છે ! જો મને ચંદ્ર તરફના પ્રવાસ માટે કહેવામાં આવે અને પછી એવી ખબર પડે કે આ પ્રવાસ માટે મારે બે વર્ષ રાહ જોવાની છે તો કોઈ પણ ચંદ્રનો હું ત્યાગ કરી દઉં અને તું ?"

"હું એ વાત સમજી શકું છું," ઑસોકિન કહે છે. "પણ કદાચ હું ચંદ્રની રાહ જોઉં." તે સ્મિત કરે છે અને એની સામે જુએ છે. "એટલા માટે જ હું અત્યારે કશું કહી શકું તેમ નથી."

તેઓ થોડોક સમય મૌન રહે છે. ઑસોકિન તેના હૃદયમાં એક સણકાનો અનુભવ કરે છે. તે જાણે છે કે તેણે ઝિનૈડાને માઠું લગાડ્યું છે અને એનો તિરસ્કાર કર્યો છે, પણ તે સાથે તે એ પણ જાણે છે કે તે

બીજી કોઈ રીતે વાત કરી શક્યો ન હોત.

ઝિનૈડા એની સામે સીધું જ જોઈ રહી છે અને એના હોઠ ભીંસાયેલા છે. ઑસોકિનને લાગે છે કે એ બોલી ગઈ એ માટે એ દિલગીર છે અને તેને પોતાની જાત પર અને બીજા બધા પર ખીજ ચડે છે.

"એણે સમજવું જોઈએ કે અમારા સંબંધો બીજા સામાન્ય સંબંધો જેવા ન હોઈ શકે," તે વિચારે છે, "બીજા કોઈ પુરુષના બારામાં હોય તેવી કોઈ વાત મારી સાથે હોઈ શકે નહિ. હું અપવાદરૂપ સ્થિતિમાં છું, હું સારી રીતે કપડાં પહેરી શકું એમ પણ નથી. જ્યારે તેઓ શહેરમાં આવશે ત્યારે એ મને બધે એની સાથે લઈ જવા ઇચ્છશે. એણે એ વિશે ક્યારની વાત કરી છે. એ માટેના પૈસા હું ક્યાંથી લાવીશ ? હું અત્યારે માત્ર અસ્તિત્વ ટકાવી રાખું છું. અને એ પણ મુશ્કેલ છે. ના, કશુંક બનવું જ જોઈએ અથવા તો મારે જતા રહેવું પડશે. અત્યાર સુધી તો કોઈ અકળ કારણસર નસીબે છેક છેલ્લી ઘડીએ મને બચાવી લીધો છે. હવે જોઈએ કે આ વખતે શું થાય છે. પણ કદાચ હું સાવ જ બાઘો છું. કદાચ ઝિનૈડા જ મારું પ્રારબ્ધ છે. કદાચ મારે એને બધું જ ચોખ્ખચોખ્ખું કહી દેવું જોઈએ અને શું કરવું તેની ચર્ચા કરી લેવી જોઈએ. એ પણ તે જ ઇચ્છે છે અને તેના વિશે જ મને પૂછી રહી છે – અને તે વાત જ હું કરી શકું તેમ નથી. આ રીતે હું એને હડસેલી રહ્યો છું. હું આ જાણું છું અને તે અંગે કશું જ કરી શકું તેમ નથી.

અત્યાર સુધીમાં તેઓ ઘરની તદ્દન નજીક આવી પહોંચ્યાં છે. ઑસોકિનને એવી લાગણી થાય છે કે બીજા અડધા કલાકમાં તે કશુંક બોલી ગયો હોત.

"શું તું અંદર આવીશ ?" ઝિનૈડા પૂછે છે.

"ના, હું તને કાલે મળીશ," ઑસોકિન કહે છે, "આજે હું તારા સિવાય બીજા કોઈની જોડે વાત કરવા માગતો નથી. તું ક્યાંય જવાની તો નથી ને ?"

"હું ? ના ક્યાંય નહિ," ઝિનૈડા જાણે કાંઈક વિચારતી હોય તેમ

આવું જોઈને બોલે છે. "હું થોડોક વખત તો ક્યાંય જવાની નથી."

ઑસોકિનને લાગે છે કે તેની વાતોથી એ ખિજવાયેલી અને દુઃખી થયેલી છે. એ ત્રસ્ત અને ઉદાસ જણાય છે. તે એના તરફ સહેજ ઝૂકે છે. કોઈક રીતે એના માટે અત્યંત દિલગીરીનો ભાવ અનુભવે છે. તે કશુંક વહાલભર્યું અને શાતા ઉપજાવે તેવું બોલવા, એની સમક્ષ ઘૂંટણિયે પડવા અને એની ક્ષમા માગવા, એ તેને છોડીને ન જાય તેવું માગવા અને તેની ઉષ્માવિહીનતામાં વિશ્વાસ ન રાખવાનું માગવા ઇચ્છે છે.

એના હાથ ઠંડા છે. તે એની આંગળીઓ ચૂમી લે છે. અને એનો હાથ યંત્રવત્ હેઠો પડે છે. તેઓ બગીચાના દ્વાર ભણી શાંતિથી ચાલે છે.

"ચોક્કસપણે હું જાણું છું કે મારો જ વાંક છે," સ્ટેશન પર લાકડાના પ્લૅટફૉર્મ પર આમતેમ આંટા મારતો અને ટ્રેનની રાહ જોતો ઑસોકિન પોતાની જાતને કહે છે, "કોઈ પણ વ્યક્તિને આવી નિઃસહાય પરિસ્થિતિમાં હોવાનો અધિકાર નથી. કોઈ વ્યક્તિ કાયમ નિષ્ફળ જઈ શકે નહિ. આવા કિસ્સામાં વ્યક્તિએ ક્યાંક જતા રહેવું જોઈએ અને અદૃશ્ય થઈ જવું જોઈએ અગર તો કોઈક રીતે નવી જિંદગી શરૂ કરવી જોઈએ. અહીં આમતેમ ભટકવાનો કશો અર્થ નથી.... હા, અત્યારે હું બોબને ત્યાં ગુમાવેલા પૈસા પાછા મેળવવા કાંઈ પણ કરી છૂટું. પરંતુ બીજી બાજુ, પ્રારબ્ધને ન્યાય કરવા ખાતર મારે કહેવું જોઈએ કે જો મેં મારા પૈસા ગુમાવ્યા ન હોત તો હું મૉસ્કો ક્યારેય આવ્યો ન હોત અને કદાચ ઝિનૈડાને પણ ક્યારેય મળ્યો ન હોત. આમ, એમ પણ કંઈક સારું તો હતું જ... અચ્છા, બરાબર, હવે પછી શું થાય છે તે જોઈએ, મારે કોઈક કામ શોધી જ કાઢવું પડશે કે જેથી મારી પાસે સારાં કપડાં પહેરવા જેટલા અને નાટકો અને એવી બધી વાહિયાત વાતો માટે પૂરતા પૈસા હોય. નહિતર શિયાળા દરમિયાન હું ઝિનૈડાને મળી શકીશ નહિ. એ સારું છે કે આખા સપ્ટેમ્બર મહિના દરમિયાન એ લોકોએ ગામડામાં રહેવાનું નક્કી કર્યું છે."

"પણ એ કેટલી બધી અદ્ભુત છે ! જોકે એને કહી શકું તો કેટલું સારું હોત... તો પછી એ સાચું છે. મને એના માટે તદ્દન અદ્વિતીય

પ્રકારની લાગણી થાય છે. અને એ ? શા માટે એ મને પસંદ કરે છે ? હું તે સમજી શકતો નથી. એ કહે છે કે એણે બીજા કોઈની સાથે મારી સાથે કરી હોય તેવી વાતો કરી નથી. પણ એ કેવું અચરજભર્યું છે મેં ક્યારેય પહેલાં આવો અનુભવ કર્યો નથી. આ કશીક તદ્દન નવતર લાગણી જ છે. અને મારા માટે એ કેટલી આવશ્યક બની ગઈ છે. એની સાથે વાતો કરતી વખતે મને શબ્દો શા માટે જડતા નથી ? જો એ અત્યારે આ ઘડીએ અહીં હોય તો હું એને બધું જ કહી શકું.

શિયાળાનો એક દિવસ

મૉસ્કોનો એક ઠંડો સૂર્યપ્રકાશવાળો દિવસ. ઑસોકિન અને ઝિનૈડા ટવેરસ્કોઈ ચોકમાં ચાલી રહ્યા છે. ઑસોકિને પાતળો ઓવરકોટ અને ઊંચી હેટ પહેરી છે. તેઓ લાંબા સમયથી મૌન છે અને પછી ઝિનૈડા બોલવાનું શરૂ કરે છે.

"હું તને સમજી શકતી નથી. તું કહેતો હોય છે કે તું મને મળવા માગે છે અને તારે મને ઘણુંબધું કહેવું હોય છે અને તે સાચું છે, આપણને બન્નેને એકબીજાને કહેવા જેવું ઘણુંબધું હોય છે. પરંતુ આપણે શેરીમાં ચોરીછૂપીથી શા માટે મળવું જોઈએ ? શા માટે બીજાં બધાંની જેમ જ તું પણ અમારા ઘરે નથી આવી શકતો ? હું એવું વિચારવા માંડી છું કે કશાક કારણસર તું તારી પોતાની જાત અને મારા તરફ કોઈનું ધ્યાન આકર્ષિત કરવા માગતો નથી. આ બધાંના લીધે મારા પર એવી છાપ પડે છે કે તું કોઈકથી ડરે છે અને તને મારામાં રસ છે એ વાત કોઈકથી છુપાવવા માગે છે. મને આ વિચિત્ર લાગે છે. મને ભાન છે કે તારી નાણાકીય પરિસ્થિતિ ખાસ ઊજળી નથી, પણ તું એ માટે કશી વ્યવસ્થા શા માટે કરતો નથી ? એ બધું એટલી સહેલાઈથી કરી શકાય તેમ છે. તારું ગૌરવ હાસ્યાસ્પદ પ્રકારનું છે. થોડાક વખત પહેલાં તને જે સૂચવવામાં આવેલું તે તું શા માટે કરતો નથી ? હું તેના વિશે જાણું છું. થોડોક વખત તું એક કવિ છો એ તારે ભૂલી જવું પડશે અને નોકરી શોધી લેવી પડશે. તે એકદમ સહેલાઈથી ગોઠવી શકાય તેમ છે.

અને પછી તરત જ તારે જે કાંઈ જોઈએ તે માટે તને ઘિરાણ મળવા માંડશે."

"પ્રિયે, તું સમજતી નથી કે તે તદ્દન અશક્ય છે."

"શા માટે તે અશક્ય છે ? બીજા લોકો તો કામ કરે છે. તું સાંજના સમયે કવિતાએ લખી શકે. ચોક્કસપણે તું એટલું તો સમજે જ છે કે માત્ર કવિતાઓ લખવા દ્વારા તું જીવી શકે એમ નથી. તારી કવિતાઓ સમજે એવા ઘણાબધા લોકો છે ?"

ઑસોકિન આનંદથી હસી પડે છે.

"ઓહ, મારે તને એક આશ્ચર્યકારક વાર્તા કહેવી પડશે. પરમ દિવસે હું લિયોન્ટ્રીફના કુટુંબ સાથે પેલી પિકનિક પર ગયો હતો. કારણ કે મને એમ હતું કે તું ત્યાં હોઈશ. બધી રીતે જોઈએ તો તે સાવ નિરસ, શુષ્ક હતું. જોકે દિવસ ખૂબ જ અદ્‌ભુત હતો. ઠંડી સખત હતી અને બધું જ ઝગારા મારતું હતું. પાઈન વૃક્ષો પર, તળાવ પર અને ખેતરોમાં તાજો અને નરમ બરફ હતો. સૂર્ય ચમકતો હતો અને બધું જ, ખાસ કરીને જયારે અમે જંગલની બહાર આવ્યાં અને રસ્તો અમારી સામે પથરાઈને પડ્યો હતો ત્યારે, બધું જ ચમકતું હતું. તું જાણે છે, મને એમ લાગ્યું કે એક મોટી સફેદ બિલાડી પોતાની પીઠ ઉપર લેટી છે અને સૂર્યપ્રકાશમાં નહાઈ રહી છે અને ઘૂરકી રહી છે. આવી અલપઝલપ છાપો અભિવ્યક્ત કરવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ તેમને એક પંક્તિની કવિતામાં ઉતારવાનો છે, જેટલું તમે વાચક કે શ્રોતાની કલ્પના પર છોડી દો તેટલું વધારે સારું. એટલે મેં તે બધું જ એક પંક્તિમાં ઉતાર્યું.

"શિયાળાનું શ્વેત રૂવાંદાર પેટ."

"તને એ કેવીક ગમી ? શું તું એક મોટી, રૂવાંદાર, સફેદ બિલાડી જોઈ શકે છે ?"

ઝિનૈડા હસ્યા વગર રહી શકતી નથી. "આ તો ખૂબ સરસ છે," એ કહે છે, "પણ મને ડર છે કે એ પંક્તિ વાંચ્યા પછી દરેક કાળા

માથાનો માનવી પૂછવાનો 'અને તેની પછી શું આવે છે ?' "

"તદન સાચું, અને તે એમ જ હોવું જોઈએ. ફક્ત આ 'પછી' એ વાચકના પોતાનામાં જ હોય છે. જો તે આ સમજી ન શકે અને બધું જ તેને આપવામાં આવે તેમ ઇચ્છતો હોય તો પછી તેણે 'નિવા'નું લવાજમ ભરવું જોઈએ. પેલા દિવસે પણ આમ જ બન્યું. અને મારે તને એ જ કહેવું જોઈએ. હું સ્લેજમાં બેઠેલા મારા સાથીદારોને મારો કાવ્યાત્મક અનુભવ કહી દેવા જેટલો અવિચારી હતો. એને લીધે આનંદની છોળો ઊડી. એ લોકો પણ પછી શું આવે છે એ સવાલથી મને સતાવવા લાગ્યા. ત્યાર પછી, મેં કંઈ જવાબ ન આપ્યો એટલે, એ લોકો જ પાદપૂર્તિ કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. એ લોકો વર્ણાનુપ્રાસ જેવી સૌથી ભયંકર બાબતની શોધમાં પડ્યા અને મજા લૂંટવા લાગ્યા. બીજા બધા પણ તે બધાને આમાં મજા પડી. એ એક પ્રકારની પૂર્વપંક્તિ બની રહી અને બધાએ તેની પર પોતાનું મગજ કસ્યું."

ઝિનૈડા તેની સામે જુએ છે.

"મને સાચું કહે, આ બધું તારા માટે દુઃખદાયક નહોતું ?"

"શરૂઆતમાં કશું જ દુઃખદાયક નહોતું. હું પ્રામાણિકપણે તે લોકોની સાથે હસ્યો અને તેમનું દષ્ટિબિંદુ પણ સ્વીકાર્યું – કારણ કે ખરેખર તે લોકો અને બીજી કોઈ રીતે જોઈ શકે તેમ જ ન હતા. પણ થોડાક વખત પછી મને વાત શરૂ કરવા માટે મારી પોતાની જાત પર ગુસ્સો આવ્યો અને વાત બંધ કરવાના આશયથી મેં તે લોકો માટે થોડીક શીઘ્રકવિતાઓ પણ જોડી કાઢી. તે લોકોને હસવું કે ખોટું લગાડવું તેની સમજણ ન પડી. તે લોકો આપસમાં મારી કવિતાઓનું પુનરાવર્તન કરતાં કરતાં ખડખડાટ હસવા લાગ્યા પણ ખરેખર તો તેઓ મૂરખ લાગતા હતા."

"અને તને એના લીધે રમૂજ થાય છે ?" ઝિનૈડા મોં મચકોડીને કહે છે.

"ના, ખાસ તો નહિ. મારી કવિતાઓ વિશે વાતો કરવાની મેં

શરૂઆત કરી એ મારી મૂર્ખામી હતી, પણ હું કંટાળી ગયો હતો. તું ત્યાં નહોતી તેથી હું દિલગીર હતો."

"અને હું જરા પણ દિલગીર નથી," ઝિનૈડા કહે છે, "તું મારા વિના પણ આનંદમાં હતો." ઝિનૈડા આશ્ચર્યચકિત થઈને એની સામે જુએ છે.

"હું સમજતો નથી," તે વિચારે છે, "એને પસંદ ન પડે તેવું શું હતું? મેં જે કાંઈ એને કહ્યું તે તો નહિ જ પણ એ કશાકથી નારાજ તો થઈ જ છે."

ઑસોકિન એને કંઈક કહે છે પણ એ શૂન્યમનસ્ક રીતે સાંભળે છે અને એના પોતાના વિચારો આગળ ધપાવે છે.

"આપણે પહેલાં જે વાતો કરતાં હતાં તેનાથી દૂર ભટકી ગયાં છીએ." એ કહે છે, "તારે ખુલાસો આપવાની જરૂર નથી. તું આનંદ કરે તેમાં મને કશો વાંધો નથી, પણ મને એ વાત વિચિત્ર લાગે છે કે તારી પાસે મારા માટે બિલકુલ સમય નથી અને કશુંક તને કાયમ મારા ઘરે આવતાં અટકાવે છે. હું માત્ર આ વાતને સમજવાનો જ પ્રયાસ કરી રહી છું. મિશાએ જે નોકરીનો ઉલ્લેખ કર્યો એના વિશે વિચારવાનો પણ તું શા માટે ઇન્કાર કરે છે તે હું જાણતી નથી. તને સારો પગાર આપવામાં આવશે અને ચાહે તો તે નોકરીને તું કામચલાઉ પણ ગણી શકે તેમ છે."

ઑસોકિન ફરીથી એની સામું જુએ છે અને એક ક્ષણ તો એ જે કાંઈ કહે છે તેની સાથે સંમત થવા ઇચ્છે છે.

"તું તદ્દન સાચી છે," તે કહે છે, "અને હું તેના પર ગંભીરતાથી વિચાર કરીશ. પણ એ સમજવાનો પ્રયાસ કર કે મારા માટે સરકારી નોકર થવું એ એટલું જ વિચિત્ર છે જેટલું, દાખલા તરીકે ક્રાંતિકારી પક્ષમાં જોડાવું – મારા માટે એનું સૂચન પણ બહુ લાંબા સમય પહેલાં નહોતું થયું – અને ભોંયરામાં પત્રિકાઓ છાપવી અને 'સભાન કામદારો' વચ્ચે ચળવળ ચલાવવાનું કામ કરવું. હું મારી જાતને એક

'કોમરેડ' તરીકે કલ્પી શકતો નથી. ભગવાનનો પાડ કે પરદેશમાં મેં પૂરતા કોમરેડ જોઈ લીધા છે."

"તું જાણે છે," તે ઝિનૈડાનો અણગમો નોંધ્યા વગર ચાલુ રાખે છે, "પેરિસમાં જ્યારે હું હતો ત્યારે એક વાર મને આવા 'પક્ષ' કે 'જૂથ' દ્વારા યોજવામાં આવેલી એક 'સાંજ' માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે લોકો ફક્ત વાતો અને વાતો જ કરતા રહ્યા : બધું કેટલું ખરાબ હતું, બધા કેટલી બધી ખરાબ પરિસ્થિતિમાં હતા, અને બધું જ કેટલું સુંદર બની જાય – જો પોલીસ ન હોય, સૂબાઓ ન હોય અને કેન્દ્રીય સરકાર ન હોય... પણ જ્યારે ચા પીવાની વાત આવી ત્યારે બહાર આવ્યું કે સમિતિના સભ્યો જ બધી કેક અને નારંગીઓ ખાઈ ગયા હતા અને બધી ચા પી ગયા હતા ! એટલે બાકીના અમે બધા માટે કશું જ બચ્યું ન હતું."

ઝિનૈડા ખૂબ જ ચિડાઈ જાય છે.

"મને તારા પેરિસના કે મૉસ્કોના મિત્રોમાં કશો જ રસ નથી." એ અધીરાઈથી કહે છે, "બે બાબતોમાં સમાન કહેવાય તેવું શું છે ? પેલી 'મિજબાનીઓ' તો નર્યું ગાંડપણ કે તેથીય ખરાબ ચીજ છે. અને તું પોતે પણ તે વાત સારી રીતે જાણે છે. હું જેના વિશે વાત કરી રહી છું તે તદ્દન સાદી સહજ બાબત છે. તું તારી પોતાની જાત માટે અને મારી સાથે રહેવા ખાતર કામ કરતો હોઈશ."

થોડોક વખત બન્ને લોકો શાંતિથી ચાલે છે. 'વહાલી ઝુલુ' ઑસોકિન તેને ગમતા પિટસબર્ગના લેખકના શબ્દોમાં વિચારે છે. ક્રાંતિ વિશે એણે કેટલી સુંદર રીતે પતાવી દીધું ! એને એક પળ માટે પણ એ વાતનું ભાન નથી કે આ વિચાર માટે લોકો મરવા પડે છે. અને મજાની વાત એ છે કે પાયાની દૃષ્ટિએ જોઈએ તો એ સાચી છે. આ લોકો કશા કામના નથી. એ લોકો કદાચ મોટું નુકસાન કરી શકે પણ ક્યારેય કશું સર્જી શકે નહિ. એમાંના કેટલાક લોકો ખરેખર સારા છે, તદ્દન નિષ્ઠાવાન અને ખૂબ જ નિઃસ્વાર્થ પણ એમનો નાશ થઈ જશે. માત્ર બદમાશો જ ટકશે."

છતાં, તે સાથે જ ઑસોકિનને થોડુંક અસુખ લાગે છે અને તે ઝિનૈડા સામે પ્રશ્નાર્થભરી નજરે જુએ છે. સરકાર અને સરકાર સાથે જોડાયેલી બધી જ બાબતો છેલ્લાં વીસ વર્ષમાં એટલી તો અપ્રિય થઈ પડી હતી કે અન્ય 'બુદ્ધિજીવીઓ'ની જેમ જ તેને પણ સરકાર-વિરોધી અભિગમ કે પ્રવૃત્તિ પ્રત્યે ફરજિયાત સહાનુભૂતિ હતી, અને ઝિનૈડા તેની આવી લાગણીમાં કેમ સામેલ નથી તેને સમજાતું નથી.

ઑસોકિનને પોતાને રશિયામાં ક્રાંતિની જરૂરિયાત કે ફાયદા વિશે કશી શ્રદ્ધા નથી. તેને એક બીજા માર્ગની શક્યતા દૃષ્ટિગોચર થાય છે. માત્ર જો ઉચ્ચસ્થાને બેઠેલા આટલા બધા બાળકબુદ્ધિના સ્વાર્થી અને મૂર્ખ ન હોય તો. લોકોમાં હજુ સારું કહી શકાય તેવું ઘણું છે. અને તેને તે કહે છે તેમ 'પક્ષના લોકો' અને એમની ઉદ્દંડ વાતો એટલી જ નાપસંદ છે કે જેટલી તેને રશિયાના અધિકારીઓનું અભિમાન નાપસંદ છે. આમ છતાં, ઝિનૈડાની વિચારસરણી તેની સાથે મેળ ખાતી નથી અને કોઈક રીતે એને તેની નજરોમાં હેઠી પાડે છે, જોકે આ વાત તેને ગમતી નથી.

એક અદ્વિતીય સ્પષ્ટ ચિત્ર તેના માનસપટમાંથી પસાર થઈ જાય છે.

તે સ્કૂલના બીજા કે ત્રીજા ધોરણમાં ભણતો બાર કે તેર વર્ષનો છોકરો હતો. એક શનિવારે બપોર પછી નવા વર્ષ માટે મળેલા પૈસામાંથી બાબુસ્કીનની દુકાનેની બાળકો માટેનાં હાથમોજાંની જોડ ખરીદવા માટે તે કૂટઝનેસ્કી મૉટ તરફથી પેટ્રોવ્કા ભણી ચાલતો જઈ રહ્યો હતો. તે નાનકડી નીચાં ઘરો અને છેડે એક ચર્ચ સાથેની જૂના ઢબની પણ મૉસ્કોની સૌથી સારી અને સૌથી મોંઘી દુકાનો, ખાસ કરીને ફૂલોની મોટી દુકાનો ધરાવતી, શેરીના વળાંક પર એકાએક જ એક નીચી, પહોળી, ગામઠી સ્લેજ પ્રગટ થઈ. એ સ્લેજને નાનું ટટ્ટુ જોડેલું હતું અને ઘેટાની ચામડીનો કોટ અને ફરની ટોપી પહેરેલો ખેડૂત તેને ચલાવી રહ્યો હતો. સ્લેજની અંદર બે સૈનિકોની વચ્ચે કેદીની પીળો કોટ અને નાનકડી પીળી ટોપી પહેરેલો એક ખૂબ જ સુંદર યુવાન બેઠેલો અથવા તો ઘૂંટણિયે પડેલો હતો. તેના હાથ કાંડામાંથી લટકતી સાંકળોમાં સખત રીતે ભિડાયેલા હતા. તેનો દૂબળો, કાળી દાઢીવાળો અને ઑસોકિન ઈવાનોફના ચિત્રમાંના જહોન ધી બેપ્ટિસ્ટની યાદ અપાવતો

ચહેરો ઉપર ઊંચકાયેલો હતો. તેનું લહેરાતા કાળા વાળવાળું માથું પાછળ ઢળેલું હતું અને તેની વિચિત્ર, કશું ન જોતી આંખોની દૃષ્ટિ, ઝડપથી પસાર થઈ જતી સ્લેજ ગાડીઓ સરસ ઘોડા જોડેલી ચમકતી બગીઓ અને આનંદિત ટોળાની ભરેલી શેરી ઉપરથી પસાર થતી જણાતી હતી. આ દૃશ્ય માત્ર થોડીક ક્ષણો પૂરતું જ ટક્યું. સ્લેજ ટ્રાફિકની વચ્ચે અદૃશ્ય થઈ ગઈ...

ઑસોકિનને તે કેવો ઊભો રહી ગયો અને સ્લેજ તરફ જોઈ રહ્યો હતો તે યાદ આવે છે. "એ લોકો તેને ક્યાં લઈ જઈ રહ્યા છે ?" તે પોતાની જાતને પૂછે છે. "દેખીતી રીતે જ નીચલી કોર્ટમાં. એ લોકો તેને સાઈબીરિયા મોકલી દેશે... તે કોણ છે ? તેણે શું કર્યું છે ? – અને તેને અત્યંત પીડાનો અનુભવ થાય છે અને અચાનક જ બધાંમાંથી તેનો રસ ઊડી જાય છે.

તેને લાગે છે કે ઝિનૈડા ક્યારેય આ દૃશ્ય નહિ સમજી શકે, એ ક્યારેય આની ગૂઢ બાજુ નહિ સમજી શકે. એના માટે તો આ તદ્દન ગંભીરતાથી અને મોટા માણસોના શબ્દોમાં નર્યું 'ગાંડપણ અથવા તો એનાથીય ખરાબ' એવું કાંઈક હશે.

"મને એવું લાગે છે કે આપણી બન્નેની વચ્ચે કશુંક આવીને ઊભું છે," ઝિનૈડા ઑસોકિનના વિચારોમાં ખલેલ પહોંચાડતી કહે છે. હું કંઈ જ વિચારવા માગતી નથી. હું કશું જ ધારી લેવા માગતી નથી, પણ મને આનો અનુભવ થાય છે. કદાચ મારી સાથે આના અંગે વાતો નહિ કરવામાં તું સાચો છું."

"પ્રિયે, મારી પાસે બોલવા જેવું કંઈ જ નથી."

"કદાચ નથી, પણ મને આવું લાગે છે." ઝિનૈડા ફરીથી કહે છે, "હું માનું છું કે કશુંક મને ધીરે ધીરે અસર કરી રહ્યું છે. હું તારા પ્રત્યે ઉનાળામાં હતી એવી ને એવી જ અત્યારે નથી. તું માઠું ન લગાડીશ. મને હજુય તારા પ્રત્યે ઘણી લાગણી છે પણ હવે તે પહેલાં જેવી નથી. મને હવે તારો સહેજ ડર લાગે છે – તારી ખૂબ નજીક આવી જવાનો અને પછી હું બિનજરૂરી છું એવું લાગવાનો ડર, અથવા તો કશાકને

અથવા તો કોઈકને અડચણરૂપ બની રહેવાનો ડર. મારી સાથે દલીલો ન કરીશ. હું જાણું છું કે તું શું કહેવાનો છું, પણ અત્યારે મને કેવું લાગે છે એ હું કહી રહી છું. અને મને ડર છે કે સમય જતાં એ વધુ ને વધુ બદતર બનતી જશે. મહેરબાની કરીને સમજ કે હું આના વિશે અત્યંત દિલગીર છું. મને આપણી મુલાકાતો અને તારા પ્રત્યેની મારી લાગણી ખૂબ જ ગમી હતી. અગાઉ બીજા કોઈની પ્રત્યે મને ક્યારેય આવો ભાવ થયો નથી. હું તારી સંભાળ લેવા અને તારા જીવન વિશે વિચારવા ઇચ્છતી હતી. હું પૂરી ગંભીરતાથી આ બધું કહું છું. અને આ બધું જરા પણ મને અનુરૂપ નથી. હું એટલી બધી અભિમાની છું અને એક નિયમ તરીકે હું કોઈની દરકાર કરતી નથી. એ સમજવાનો પ્રયાસ કર કે તારા સંબંધમાં હું બદલાઈ રહી છું અને પહેલાંના જેવી નથી રહી તે હકીકત મને ગમતી હતી... પણ તું મને જેવી છું તેની જ બની રહેવા અને તારા પ્રત્યે પણ અન્ય કોઈ પ્રત્યે હોય તેવો જ અભિગમ રાખવા પ્રેરી રહ્યો છે. ભલે, એમ થાઓ, ફક્ત જો તારા પ્રત્યેની મારી લાગણી સાવ જ સુકાઈ જાય તો મને દુઃખ થશે. અચ્છા, હવે ઘેર જવાનો સમય થયો છે – ક્યારનોય થઈ ગયો છે. આવતી કાલે, તેં સૂચવ્યું તેમ, આપણે રોઉમિએનટસ્કી મ્યુઝિયમ જઈશું. મારે કબૂલ કરવું જોઈએ કે હું પહેલાં ક્યારેય ત્યાં ગઈ નથી, અને તું કહે છે કે ત્યાં રસ પડે તેવાં ચિત્રો છે. અચ્છા, તો તું મને આજના જ સમયે અને સ્થળે મળી શકીશ. પણ મેં તને જે કાંઈ કહ્યું તેના ઉપર તું વિચાર કરજે. દલીલો ન કરતો, માત્ર વિચારજે...."

ઑસોકિન ઘેર જાય છે.

"હું કશું જ સમજતો નથી," તે પોતાની જાતને કહે છે, "શા માટે આ બધું આમ જ બની રહ્યું છે ? હું એને પસંદ કરું છું, મને એની સાથે રહેવું ગમે છે, હું એના માટે ગમે તે કરવા તૈયાર છું. મેં મારી આખી જિંદગીમાં આના જેવું બીજું કશું અનુભવ્યું નથી. હું રોજ રાત્રે એ જ ઘરમાં રહે છે એ ઘર પાસેથી બે વાર, કેટલીક વાર તો ઘણી વાર પસાર થાઉં છું અને માત્ર એના રૂમની બારીઓ જોવાથી જ મને ઘણો આનંદ મળે છે."

"પરંતુ તે સાથે જ બધું ખોટી રીતે બની રહ્યું છે, અને હું બધી જ ખોટી બાબતો કરી રહ્યો છું. એને મારે જે કહી દેવું જોઈએ અથવા તો હું શું વિચારું છું અને અનુભવ કરું છું તે હું ક્યારેય કહેતો નથી. શા માટે ? આ એના જેવું છે કે મારી આજુબાજુ કોઈક ધુમ્મસ છે અગર તો એવું લાગે છે કે હું જકડાઈ ગયો છું અને આ રીતે જ વર્તવાની અને બીજી કોઈ રીતે નહિ વર્તવાની મને ફરજ પડાઈ રહી છે. અને તો પછી, સાવ અચાનક જ પેલી નોકરીના વિચારથી મને આટલી બધી ઘૃણા શા માટે થાય છે ? હું જ્યારે પહેલવહેલો મૉસ્કો આવ્યો ત્યારે જો મને તે નોકરીની ઓફર કરવામાં આવી હોત તો મેં મારા બે હાથોથી ઝડપી લીધી હોત. પણ હવે એ નોકરીના વિચાર માત્રથી એવો કાતિલ કંટાળો મારો કબજો જમાવી લે છે કે હું એક આંગળી પણ હલાવી શકતો નથી. હું ઝિનૈડાને કહેવા માટે બધા ખુલાસા શોધી કાઢું છું – અને મને સમજાય છે કે એ મારી વાત માનતી નથી."

પરંતુ, ગંભીરતાથી વાત કરીએ તો, એના મિત્રો કે સગાસંબંધીઓ પાસેથી હું કેવી રીતે મદદ સ્વીકારી શકું ? તે તો પૂરેપૂરું અશક્ય છે. તે સાથે હું એ પણ સમજું છું કે હું મારી પોતાની પ્રવૃત્તિઓથી મારા પોતાના માટે બધું બગાડી રહ્યો છું. એ મને સમજતી નથી, હું એને બેઢંગ લાગું છું, જો એ ફક્ત એટલું જ સમજી શકે કે મને એના પ્રત્યે કેવી લાગણી છે અને એ મારા માટે કેટલું બધું મુશ્કેલ છે ! હું બધો વખત ચિંતા કર્યા કરું છું અને કશો જ માર્ગ શોધી શકતો નથી. બીજા લોકો માટે જે માર્ગો સરળ અને કુદરતી હોય તેવા રસ્તાઓ કોઈક કારણથી મારા માટે અશક્ય અને બંધ હોય છે. શું એ મારા માટે માટે બદલાશે તેવું ખરેખર શક્ય છે ? શું હું કરી શકું એવું કંઈ છે ? મારી અંદર જેમ હરહંમેશ બનતું આવ્યું છે તેમ કશુંક વિનાશક અને અંતિમ બનશે તેમ હું પહેલેથી જાણતો હોઉં અને અનુભવતો હોઉં તેવી આ ડરામણી ઠંડી લાગણી શા માટે છે ?

ચક્રનો પલટો

મૉસ્કોના કુર્સ્ક સ્ટેશન ઉપરનું એક દૃશ્ય. ૧૯૦૨ના એપ્રિલ મહિનાનો એક ઉજ્જ્વળ દિવસ. રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ પર સ્લીપિંગ કમ્પાર્ટમેન્ટ પાસે, ક્રિમિઆ જતાં ઝિનૈડા કુટીસ્કી અને તેની બાને વિદાય આપવા માટે આવેલું મિત્ર-મંડળ ઊભું છે. આ મિત્રો પૈકી છવ્વીસ વર્ષનો એક યુવાન ઈવાન ઑસોકિન પણ છે.

ઑસોકિન દેખીતી રીતે મૂંઝાયેલો હોવા છતાં તેની મૂંઝવણ સંતાડવાનો પ્રયત્ન કરતો જણાય છે. ઝિનૈડા પોતાના ભાઈ મિખાઈલ તથા બે યુવતીઓ સાથે વાર્તાલાપ કરતી જણાય છે. મૉસ્કોના લશ્કરી પાયદળના ગણવેશમાં સજ્જ યુવાન ઑફિસર મિખાઈલ, ઑસોકિનનો મિત્ર છે. ત્યાર બાદ ઝિનૈડા ફરીને ઑસોકિન સાથે વાતચીત કરતી તેની બાજુમાં ચાલતી જણાય છે.

"મને તારી ખોટ સાલવાની છે," ઝિનૈડાએ કહ્યું, "એ ખરેખર એક દુઃખદ બાબત છે કે તું અમારી સાથે આવી શકતો નથી. જોકે મને લાગે છે કે તું મારી સાથે આવવા ઇચ્છતો નથી, નહિતર તું ચોક્કસ આવતો હોત. તું મારા માટે કંઈ પણ કરવા ઇચ્છતો નથી અમારી સાથે નહિ આવવાની અને અહીં રોકાઈ જવાની ઘટના એ આપણી વચ્ચે થયેલા સંવાદોને હાસ્યાસ્પદ અને વ્યર્થ પુરવાર કરી દે છે. પરંતુ તારી સાથે દલીલો કરી કરીને હું થાકી ગઈ છું. તને જે ગમે તે તું કર."

ઈવાન ઑસોકિન વધારે ને વધારે મૂંઝાવા લાગ્યો પરંતુ પોતાની

જાતને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરતો મુશ્કલીથી કહે છે :

"અત્યારે હું તારી સાથે આવી શકું તેમ નથી પરંતુ હું તને વચન આપું છું કે પાછળથી ત્યાં આવીશ. મારું અહીં એકલા રોકાવું તે કેટલું દુષ્કર છે તેની તું કલ્પના પણ નહિ કરી શકે."

ઝિનૈડાએ તરત જ પ્રત્યુતર વાળતાં કહ્યું, "ના, હું કલ્પના પણ નથી કરી શકતી અને તારી વાત પણ માનતી નથી. તું કહે છે તે મુજબ જો વ્યક્તિ કોઈ વસ્તુ મેળવવા દઢતાપૂર્વક ઇચ્છતી હોય તો તે મેળવવા માટે તે પ્રયત્ન કરે જ. મને ચોક્કસ ખાતરી છે કે અહીંની તારી વિદ્યાર્થિનીઓ પૈકી તું કોઈ સુંદર કલ્પનામાં રાચતી યુવતીના પ્રેમમાં પડેલો જણાય છે !" ઝિનૈડાએ સ્મિત કરતાં ઉમેર્યું.

ઝિનૈડાના શબ્દો અને એ કહેવાની રીતથી ઑસોકિનને ખૂબ જ લાગી આવ્યું. તે કંઈક બોલવા જાય છે પણ અચકાઈ જાય છે. પછી કહે છે :

"તું જાણે છે કે આ વાત સાચી નથી અને તું એ પણ જાણે છે કે હું તારો અને ફક્ત તારો જ છું."

ઝિનૈડાએ આશ્ચર્યના ભાવ સાથે કહ્યું, "મને આ વાતની કેવી રીતે ખબર પડે ? તું હંમેશાં વ્યસ્ત હોય છે. તું હંમેશાં મને મળવાની અને મારી સાથે આવવાની ના પાડે છે. મારા માટે તારી પાસે ક્યારેય સમય હોતો જ નથી અને અત્યારે તું મારી સાથે જ આવે એવું હું હૃદયપૂર્વક ઇચ્છું છું. આપણે બે દિવસ સાથે ને સાથે હોઈશું. તું વિચાર તો ખરો કે આપણો પ્રવાસ કેટલો આનંદદાયક બની જાય !"

ઝિનૈડાએ ઑસોકિન તરફ આંખનો પલકારો મારી લીધો.

"અને ત્યાં ક્રિમિઆમાં આપણે સાથે ઘોડેસવારી કરીશું અને સમુદ્રમાં દૂર સુધી સહેલગાહ કરીશું. તું તારી કવિતાઓ મને સંભળાવજે અને હવે મને કંટાળો આવે છે."

આટલું કહીને તેણે ભવાં ચડાવ્યાં તથા મુખ ફેરવી ચાલી ગઈ.

ઑસોકિન પ્રત્યુત્તર આપવા માટે મથામણ કરે છે પરંતુ કહેવા

માટે કોઈ શબ્દો ન મળતાં હોઠ કરડતો ઊભો રહે છે.

પુનરુક્તિ કરતાં તેણે કહ્યું, "હું પછીથી આવીશ."

ઝિનૈડાએ બેપરવાહીથી પ્રત્યુત્તર આપતાં કહ્યું, "તારે જ્યારે આવવું હોય ત્યારે આવજે, પરંતુ આ તક તું હંમેશને માટે ગુમાવી રહ્યો છે. પ્રવાસમાં હું તારા વગર કંટાળી જવાની છું જોકે બા એક મજાનાં સહયાત્રી છે પરંતુ એ કંઈ મને બહુ ન ગમે. જોકે એક માણસ જેને હું ઓળખું છું તે આ જ ટ્રેનમાં આવી રહ્યો છે તેટલો પ્રભુનો પાડ. તે રસ્તામાં મને સાથ આપશે."

ફરીથી ઑસોકિન કંઈક બોલવાનો પ્રયત્ન કરે છે પરંતુ ઝિનૈડા પોતાનું બોલવાનું ચાલુ રાખે છે.

"મને ફક્ત વર્તમાનમાં જ રસ છે. ભવિષ્યમાં શું બનવાનું છે તેની ફિકર મારે શા માટે કરવી જોઈએ ? તું આ સમજતો નથી. તું ભવિષ્યમાં રાચી શકે, હું નહિ."

"આ બધું હું સમજું છું," ઑસોકિને કહ્યું, "અને મારા માટે આ સહન કરવું ખૂબ અઘરું છે, પરંતુ હું અસહાય છું. પરંતુ મેં તને જે કહ્યું હતું તે તું યાદ રાખીશ ?"

"હા, હું યાદ રાખીશ અને તને પત્ર લખીશ. પરંતુ મને પત્રો લખવાનું ગમતું નથી. બહુ આશા ન રાખતો, તેના બદલે જલદીથી આવી જજે. હું તારા માટે મહિનો... બે મહિના રાહ જોઈશ. ત્યાર બાદ હું તારી જરાય પણ રાહ નહિ જોઉં. વારુ, આવજે. બા મારી રાહ જુએ છે."

સ્લીપિંગ કમ્પાર્ટમેન્ટ આગળ ઊભેલા મિત્રોના જૂથમાં તેઓ જોડાઈ જાય છે.

ઑસોકિન અને ઝિનૈડાનો ભાઈ સ્ટેશનમાંથી બહાર જવાના રસ્તા તરફ પ્રયાણ કરે છે.

"શું બાબત છે વાન્યા ? તું કંઈ આનંદમાં જણાતો નથી," મિખાઇલ ક્રૂટીત્સ્કીએ પૂછ્યું.

ઑસોકિન બોલવાનાં મૂડમાં જરા પણ ન હતો. છતાં તેણે

પ્રત્યુત્તર આપતાં કહ્યું, "હું આનંદમાં તો છું પરંતુ મને મૉસ્કો ગમતું નથી. મને પણ ક્યાંક બહાર જવાનું ગમે તો ખરું !"

સ્ટેશનની સામે આવેલ ડામરના વિશાળ ચાર રસ્તા આગળ તેઓ આવ્યા. ક્રૂટિત્સ્કીએ ઑસોકિન સાથે હાથ મિલાવ્યા અને પગથિયાં ઊતરી ગયો. વાહન થોભાવ્યું અને હંકારી ગયો.

"ઑસોકિન ખૂબ લાંબા સમય સુધી તેને જતાં જોતો ઊભો રહ્યો. "ઘણીવાર મને એમ લાગે છે કે મને કશાકનું સ્મરણ હોવાનું યાદ છે." તે સ્વગત બબડ્યો, "અને બીજું મને લાગે છે કે હું કંઈક અગત્યનું ભૂલી ગયો છું. મને લાગે છે કે જાણે આ બધું જ અગાઉ ભૂતકાળમાં બની ગયેલું છે. પરંતુ ક્યારે ? મને ખબર નથી. કેવું આશ્ચર્ય !"

પછી તે ઊંઘમાંથી જાગતા માણસની જેમ આજુબાજુ જુએ છે.

"અત્યારે તે ચાલી ગઈ છે અને હું અહીં એકલો છું, ફક્ત એવું વિચારો કે આ ક્ષણે હું પણ તેની સાથે યાત્રા કરતો હોત તો ! આ ક્ષણે હું ફક્ત આટલું જ ઇચ્છી શકું. દક્ષિણ તરફ જવું અને ત્યાં તેની સાથે પૂરા બે દિવસો ગાળવા અને ત્યાર બાદ તેને દરરોજ મળવું... અને સમુદ્રની સહેલગાહ અને પર્વતો... પરંતુ તેને બદલે હું અહીં છું અને તે એટલું પણ સમજતી નથી કે હું શા માટે નથી જતો, તેને એ વાતનું ભાન પણ નથી કે આ ક્ષણે મારા ખિસ્સામાં માત્ર ત્રીસ કૉપેક જ છે અને જો તેણે મારે માટે નાણાંની સગવડ કરી હોત તો તે મને કદાચ ન પણ ગમ્યું હોત."

ઑસોકિન ફરીથી પોતાની પીઠ પાછળના સ્ટેશનના પ્રવેશદ્વાર તરફ જુએ છે અને ઊંધું ઘાલીને ચાર રસ્તા તરફ પગથિયાં ઊતરતો પ્રયાણ કરે છે.

ત્રણ મહિના બાદ : ઈવાન ઑસોકિનના રહેઠાણનું એક દૃશ્ય. ભાડેથી રાખેલ વિશાળ ખંડ સજાવેલો છે. આજુબાજુ બધું વેરવિખેર પડેલ છે. લોખંડના પલંગ ઉપર એક ભૂખરા રંગનો ધાબળો પડ્યો છે. તેની બાજુમાં હાથ ધોવાના વાસણવાળી ઘોડી તથા તેની બાજુમાં

ખાનાંવાળું કબાટ, નાનું લખવાનું મેજ, ખુલ્લું બુક-કેસ છે. દીવાલ ઉપર શેક્સપિયર અને પુસ્કિનનાં ચિત્રો લટકાવેલાં છે.

ખૂબ જ અસ્વસ્થ જણાતો અને ખિજાયેલો ઑસોકિન રૂમમાં આમથી તેમ આંટા મારે છે. રસ્તામાં આડી આવતી ખુરશીને તે બાજુમાં હડસેલી દે છે. ટેબલ તરફ જાય છે. ખાનામાંથી એક લાંબા, સાંકડા ભૂખરા કવરમાંથી ત્રણ પત્રો બહાર કાઢે છે. એક પછી એક પત્ર વાંચતો જાય છે અને કવરમાં ગોઠવતો જાય છે.

પહેલો પત્ર : તારા પત્રો અને કાવ્યો બદલ આભાર. ખૂબ જ સારા લાગ્યા, પરંતુ હું ફક્ત એ જાણવા ઇચ્છું છું કે તે કોને સંબોધીને લખાયેલ છે. મને સંબોધીને તો નથી જ લખ્યા તેની મને ખાતરી છે, નહિતર તું અહીં મારી સાથે હોત.

બીજો પત્ર : શું તું મને હજુ યાદ કરે છે ? ખરેખર, મને વારંવાર એવું લાગે છે કે તું ટેવને કારણે લખે છે અથવા તારા પોતાના માટે શોધી કાઢેલી અજાણી ફરજથી લખતો હોય એમ જણાય છે.

ત્રીજો પત્ર : મારું કહેલું બધું જ મને યાદ છે. બે મહિના પૂરા થવા આવ્યા છે. તારી જાતને બચાવવાનો કે સમજાવવાનો પ્રયત્ન ન કરીશ. તારી પાસે પૈસા નથી એની મને ખબર છે. આ માટે મેં તને ક્યારેય પૂછ્યું નથી. અહીં એવા કેટલાય માણસો રહે છે કે જેઓ તારા કરતાંય વધારે ગરીબ છે.

રૂમમાં આમતેમ આંટા મારતો, પોતાની જાતને ટેબલ તરફ હડસેલતો ઑસોકિન બરાડી ઊઠે છે.

"અને તે કંઈ વધારે લખતી નથી. છેલ્લો પત્ર મહિના અગાઉ આવ્યો હતો અને હું તેને દરરોજ પત્ર લખું છું."

બારણાં ઉપર ટકોરા પડે છે. ઑસોકિનનો મિત્ર સ્તાઉપિત્સિન રૂમમાં પ્રવેશ કરે છે. તે એક યુવાન ડૉક્ટર છે. પોતાના ઓવરકોટમાં સજ્જ થયેલો આ યુવાન ઑસોકિન સાથે હાથ મિલાવે છે અને ટેબલ નજીક તેની બાજુમાં બેસે છે.

"તને શું થયું છે ? તું ખૂબ જ ગમગીન લાગે છે."

તે ખૂબ જ ઝડપથી ઑસોકિન પાસે ધસી આવે છે અને બનાવટી ગંભીરતા સાથે તેની નાડી તપાસવાનો પ્રયત્ન કરે છે. ઑસોકિન હસતાં હસતાં તેને દૂર ધકેલે છે પરંતુ બીજી જ ક્ષણે તેના ચહેરા પર ગમગીની છવાઈ જાય છે.

"આખી બાજી બગડી ગઈ છે, વૉલોદયા," ઑસોકિને કહ્યું, "મારે જે કહેવું છે તે સ્પષ્ટ રીતે તારી આગળ વ્યક્ત નથી કરી શકતો, પરંતુ મને એમ લાગે છે કે જાણે હું જીવનથી વિખૂટો પડી ગયો છું. તમે બધા લોકો આગળ વધી રહ્યા છો જ્યારે હું સ્થગિત થઈ ગયો છું. મને એમ લાગે છે કે જાણે મારી જિંદગીને મારી રીતે ઘાટ આપવાનો પ્રયત્ન કરું છું પરંતુ જીવનને તોડફોડ કરીને વિખેરી નાખવામાં જ સફળતા મેળવતો રહ્યો છું. તમે બધા બહુ સરળતાથી જીવન વિતાવી રહ્યા છો. તમારું વર્તમાન તથા ભવિષ્ય બહુ ઉજ્જ્વળ છે. મેં બધી મુશ્કેલીઓ ઓળંગવાનો પ્રયત્ન કર્યો અને પરિણામ એ આવ્યું કે મારી પાસે હાલ કંઈ જ નથી અને ભવિષ્ય પણ ધૂંધળું છે. જો હું બધું જ પહેલેથી જ શરૂ કરી શકું તો !" હવે મને ખબર છે કે હું બધું જ જુદી રીતે કરું. મને જીવનમાં સાંપડેલી તકોનો હું એ જ રીતે પ્રતિકાર ન કરું. હવે મને એ વાત બરાબર સમજાઈ ગઈ છે કે જિંદગીને જીતવા માટે સૌ પ્રથમ તેને શરણે થઈ જવું જોઈએ. મને ઘણીબધી તકો સાંપડેલી અને કેટલીય વાર ઘણીબધી બાબતો મારી તરફેણમાં જ રહેલી. પરંતુ હવે આમાંનું કંઈ જ રહ્યું નથી."

"તું અતિશયોક્તિ કરે છે," સ્તાઉપિત્સિને કહ્યું, "તારા અને અમારા બધાની વચ્ચે શું તફાવત છે ? કોઈ એકને માટે જિંદગી ક્યારેય સુખદાયક હોતી નથી. પરંતુ શા માટે ? તારા જીવનમાં એવું તો શું અજુગતું બન્યું છે ?"

"મારા જીવનમાં એવું કંઈ જ બન્યું નથી – પરંતુ મને એવી લાગણી થાય છે કે હું જીવનથી વિખૂટો પડી ગયો છું."

બારણે બીજો ટકોરો પડે છે. ઑસોકિનનો મકાનમાલિક રૂમમાં પ્રવેશે છે. તે નિવૃત્ત સરકારી કર્મચારી છે. તે થોડોક પીધેલ છે. તે ખૂબ

જ મિલનસાર તથા વાચાળ છે પરંતુ ઑસોકિનને લાગે છે કે તે ભાડાની માગણી કરશે તેથી તેનાથી છુટકારો મેળવવાનો પ્રયત્ન કરે છે. મકાનમાલિકના ચાલ્યા ગયા બાદ ચહેરા ઉપર અણગમાના ભાવ સાથે ઑસોકિન બારણા ઉપર હાથ પછાડે છે.

"તમે જુઓ છો તેમ આખું જીવન એ નાની નાની મુશ્કેલીઓ સાથેના નાના નાના સંઘર્ષોથી ભરેલું છે." ઑસોકિને કહ્યું. "આજે સાંજે તમે શું કરો છો ?"

"હું સામોયલોફ્સને મળવા જઈ રહ્યો છું. તેઓ હોમોવનિકીમાં આધ્યાત્મિક વર્તુળ રચવાની વાત કરતા હતા. તેઓ પ્રેતાત્મા સાથે વાત થઈ શકે અથવા આત્માને લગતું સંશોધન થઈ શકે તેવી સોસાયટી સ્થાપવા માગે છે. તું ત્યાં આવીશ ? હું એવું માનું છું કે તું આવી બધી બાબતોમાં રસ ધરાવે છે."

"હા, હું રસ ધરાવતો હતો. જોકે જેમ જેમ મેં આ બધું જોયું છે તેમ તેમ મને તે બધું વાહિયાત લાગ્યું છે. પરંતુ મને આમંત્રણ આપવામાં આવ્યું નથી. મેં આપને કહ્યું તેમ તમે જાણો જ છો કે હું આડે રસ્તે ફંટાઈ ગયો છું. તેઓ એવા લોકોનો સમૂહ છે કે જેઓ ભાગ્યે જ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હોવા છતાં હંમેશાં એવું માને છે કે તેઓ સંકળાયેલા જ છે. મારે અને તેમને શું લેવાદેવા ? હું તેમના માટે બહારનો અને અજાણ્યો છું. અને બધે આવું જ હોય છે ને ! તેમના રસના વિષયો અને વાતો માટે મારે ખૂબ જ અજાણી છે અને તેઓ તો તેમાં જ વ્યસ્ત હોય છે. તેઓ ક્યારેક ક્યારેક મને વિવેકને ખાતર બોલાવતા પરંતુ દિવસે દિવસે મને લાગ્યું કે અમારી વચ્ચેની ખાઈ વધારે ને વધારે પહોળી થતી જાય છે. એ લોકો અરસપરસ વાતો કરે તેનાથી જુદી રીતે મારી સાથે વાતો કરે છે. ગયા અઠવાડિયે ત્રણ વિદ્યાર્થિનીઓએ મને સલાહ આપી કે મારે કાર્લ-માર્ક્સ વાંચવો જોઈએ અને જ્યારે મેં પ્રત્યુત્તર આપતાં કહ્યું કે હું તેના બદલે મિલ્ક સૂપ પીવાનું પસંદ કરું ત્યારે તેઓ જરા પણ સમજ્યાં નહિ. તમે સમજો છો કે હું શું કહેવા માગું છું ? ખરેખર આ બધું વાહિયાત છે. આ વાહિયાત બાબતોનો મને કંટાળો આવે છે."

"સારું ભાઈ, હું તારી સાથે ચર્ચા કરી શકું તેમ નથી." સ્તાઉપિત્સીને કહ્યું, "પરંતુ મને ખાતરી છે કે આ બધી તારી ધારણાઓ છે."

તે ઊભો થઈને ઑસોકિનનો ખભો થાબડે છે અને જે પુસ્તક લેવાના કામે આવ્યો હતો તે લઈને રવાના થાય છે.

ઑસોકિન પણ બહાર જવાની તૈયારી કરે છે. કોટ અને ટોપો પહેરીને આમતેમ ચાલતો ટેબલ આગળ આવીને ઊભો રહે છે અને વિચારોમાં ખોવાઈ જાય છે.

"બધું જ જુદું હોત," સ્વગત બબડતો હોય તેમ તેણે કહ્યું, "જો હું ક્રિમિઆમાં જઈ શક્યો હોત. હું શા માટે ત્યાં ન ગયો ? હું ત્યાં જઈ તો શક્યો જ હોત અને ત્યાં ગયા પછી શું થઈ જવાનું હતું ? કદાચ મને ત્યાં કંઈક કામ પણ મળ્યું હોત. પરંતુ ત્યાં યાલ્ટામાં કોઈ વ્યક્તિ પૈસા વગર કેવી રીતે જીવી શકે ? ઘોડેસવારી, હોડીની સહેલગાહ, હોટલો, ટીપ્સ વગેરે કંઈ પૈસા વગર થોડું પોસાય ? અને ત્યાં સારી રીતે કપડાં તો પહેરવાં પડે કે નહિ ? અહીં જે કપડાંથી હું ચલાવું છું તે ત્યાં થોડાં ચાલે ? આ બધી બાબતો ક્ષુલ્લક લાગે છે, પરંતુ આ બધી ક્ષુલ્લક બાબતોને એકસાથે મૂકીએ ત્યારે ખબર પડે કે... પણ જવા દો ને આ બધી વાતો, તેને આ વાતની સમજ નહિ પડે કે હું ત્યાં ન રહી શકું. ઝિનૈડા એવું વિચારે છે કે હું ત્યાં જવા માગતો નથી અથવા મને અહીં કંઈક જકડી રાખે છે.... શું આજેય કોઈ પત્ર નહિ હોય ?

ઈવાન ઑસોકિન જનરલ પોસ્ટ ઑફિસે પત્રોની તપાસ કરવા જાય છે કે જ્યાં તેણે ઝિનૈડાને પોતાને પત્રો લખવા જણાવેલું. કોઈ જ પત્રો આવ્યા ન હતા. તે જેવો પોસ્ટ ઑફિસમાંથી બહાર આવ્યો કે તેણે ઘેરા વાદળી રંગનો ઓવરકોટ પહેરેલા એક માણસને જોયો.

ઑસોકિન ત્યાં જ ઊભો રહીને આ માણસને જોઈ જ રહે છે.

"આ માણસ કોણ છે ? મેં તેને ક્યાં જોયો છે ? ચહેરો પરિચિત છે. આ ઓવરકોટ મને પરિચિત લાગે છે."

વિચારોમાં ખોવાયેલો તે ચાલતો થાય છે. ગલીમાં એક ખૂણામાં બે

ઘોડાવાળી ખુલ્લી બગીને પસાર થવા દેવા ઊભો રહે છે. બગીમાં એક માણસ અને બે સ્ત્રીઓ બેઠાં છે. તેઓને તે ક્રૂટિત્સિકીને ઘેર મળ્યો હતો. ઑસોકિન માથેથી ટોપી ઉતારવા હાથ ઊંચો કરે છે. પરંતુ તેઓનું ધ્યાન ઑસોકિન તરફ જતું નથી. તે હસતાં હસતાં ચાલતો થાય છે.

આગળ જતાં ગલીના બીજા એક ખૂણા આગળ ઝિનૈડાનો ભાઈ મળ્યો. તેણે ઊભા રહીને ઑસોકિનનો હાથ પકડીને બાજુમાં લઈ જઈને કહ્યું, "શું તને કંઈ વાત જાણવા મળી ? મારી બહેન કર્નલ મિનિત્સ્કી સાથે વિવાહ કરવાની છે. તેઓના લગ્ન યાલ્ટામાં થવાનાં છે. ત્યાંથી તેઓની યોજના કોન્સ્ટેન્ટિનોપલ ને ત્યાંથી ગ્રીસમાં જવાની છે. હું થોડા દિવસોમાં ક્રિમીઆ જઈ રહ્યો છું. શું તારે કંઈ કહેવડાવવું છે ?"

ઑસોકિન હસતો ચહેરો રાખીને તેની સાથે હાથ મિલાવતાં હસતા મુખે કહે છે :

"મારા તરફથી તેને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવજે."

ક્રૂટિત્સ્કી કંઈક બોલે છે અને હસતાં હસતાં ચાલતો થાય છે.

ઑસોકિન તેને હસતા ચહેરે વિદાય આપે છે પરંતુ જેવા તેઓ છૂટા પડે છે કે ઑસોકિનના ચહેરાનો રંગ બદલાઈ જાય છે. તે થોડા સમય માટે ચાલતો રહે છે પછી અટકે છે. ચાલતા રાહદારીઓ તરફ બેધ્યાન એવો તે શેરીને તાકતો ઊભો રહે છે.

"તો આનો અર્થ આ થતો હતો," સ્વગત બબડતાં તેણે કહ્યું, "હવે મને બધી વાત સ્પષ્ટ થઈ ગઈ છે. હવે મારે શું કરવું જોઈએ ? ત્યાં જઈને મિનિત્સ્કીને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્‌વાન આપવું ? પણ શા માટે ? આ બધું અગાઉથી નક્કી જ હતું અને મારી જરૂર તો માત્ર આનંદ-પ્રમોદના એક સાધન પૂરતી જ હતી. હું ત્યાં ન ગયો તે કેટલું સારું થયું ! ના, આ રીતે વિચારવું એ મારી દુષ્ટતા કહેવાય. આવું વિચારવાનો મને હક્ક નથી. અને આ સાચું નથી. આ બધું બન્યું, કારણ કે હું ત્યાં ન ગયો. પરંતુ હવે હું કોઈપણ હિસાબે ત્યાં નહિ જાઉં — અને મારે હવે કંઈ પણ કરવાનું રહેતું નથી. તેણે પસંદગી કરી લીધી

છે. અસંતુષ્ટ રહેવાનો મને શું અધિકાર છે ? આખરે મેં તેને શું આપ્યું છે ? શું હું તેને ગ્રીસ લઈ જઈ શક્યો હોત ?"

ઑસોકિન આગળ ચાલે છે, વળી અટકે છે અને સ્વગત બબડે છે.

"પરંતુ મને લાગે છે કે તેને મારે માટે લાગણી તો જરૂર હતી. અને અમે કેવી ગોષ્ઠિ કરતાં હતાં ! દુનિયામાં એના જેવી બીજી કોઈ વ્યક્તિ ન હતી જેની સાથે હું આવી રીતે વાત કરતો હતો. આવી અદ્‌ભુત છે એ ! અને મિનિત્સ્કી સામાન્યમાં સામાન્ય માણસ છે. એક સામાન્ય અધિકારી જે સામાન્ય વાંચી ખાય. પરંતુ ખૂબ ઝડપથી એ અસામાન્ય વ્યક્તિ બની જશે – અને મને ઝિનૈડાના મિત્રો ઓળખશે પણ નહિ."

"ના, ના હું કંઈ જ ન કરી શકું... મારે ક્યાંક ચાલ્યા જ જવું જોઈએ અથવા... હું અહીં તો ન જ રહી શકું."

સાંજ. ઑસોકિન પોતાના રૂમમાં. ઝિનૈડા કૂટિત્સિકીને તે પત્ર લખી રહ્યો છે, પરંતુ એક પછી એક કાગળ ફાડતો જાય છે અને લખતો જાય છે. વારંવાર તે ખુરશીમાંથી કૂદકો મારીને ઊઠે છે અને રૂમમાં આમતેમ આંટા મારે છે. ફરી પાછો લખવાનું શરૂ કરે છે. આખરે થાકીને તે પેન ફેંકી દે છે અને ખુરશીમાં ફસડાઈ પડે છે.

"હવે હું વધારે લખી શકું તેમ નથી," તેણે સ્વગત કહ્યું. "મેં તેને રાત-દિવસ જોયા વગર પત્રો લખ્યા છે. હવે મને એમ લાગે છે કે હું હિંમત હારી ગયો છું. જો મારા આટલા બધા પત્રોની અસર તેને નથી થઈ તો હવે પછીના પત્રોથી પણ કંઈ જ પરિણામ નહિ આવે. હું કંઈ જ ન કરી શકું..."

આંધળા માણસની માફક ધીમેથી ઊભો થઈને તે મેજના ખાનામાંથી રિવૉલ્વર અને કારતૂસો કાઢે છે. કારતૂસોને રિવૉલ્વરમાં ભરીને રિવૉલ્વર ખિસ્સામાં મૂકે છે. કોટ પહેરતો ને ટોપો હાથમાં લઈને, બત્તી બુઝાવતો બહાર નીકળી પડે છે.

ઉંબર પર

ઑસોકિન જાદૂગરના ઘરે છે.

જાદૂગર, એ જ કેડેથી વાંકો વળી ગયેલો ઘરડો અને વેધક નજરોવાળો માણસ, પૂરેપૂરાં કાળાં વસ્ત્રો પરિધાન કરેલો અને હાથમાં પીરોજા જડેલી પાતળી પર્શિયન લાકડી ધારણ કરીને ઑસોકિન સાથે તાપણાની નજીક બેઠો છે.

એ જ મોટો અને ગાલીચાઓ, કિનખાબો, ચોપડીઓ મૂકવાના ઘોડા અને ભારતીય દેવોની કાંસાની મૂર્તિઓથી અજાયબ રીતે સજાવેલો ખંડ. ક્વાન-ચિનની મૂર્તિ સહેજ પાછળ, મોટો દિવ્ય ગોળો રાતી લાખના સ્ટેન્ડ પર, ઘડિયાળ જાદૂગરની ખુરસી પાસે પડેલા નાના હાથીદાંતના ટેબલ પર અને મોટી કાળી સાઇબીરિયન બિલાડી ખુરશીની પીઠ પર.

ઑસોકિન ગમગીન છે. તે સિગારેટ પીએ છે અને કશું જ બોલતો નથી. તે જ્યારે તેના વિચારોમાં ઊંડો ગરકાવ હોય છે ત્યારે જાદૂગર બોલે છે :

“મારા વહાલા મિત્ર, તું પહેલેથી આ જાણતો હતો.”

ઑસોકિન ચમકે છે અને તેની સામે જુએ છે.

“હું શું વિચારી રહ્યો છું એની તમને કેવી રીતે ખબર પડી જાય છે ?”

"હું હંમેશાં જાણતો હોઉં છું કે તું શું વિચારે છે ?" ઑસોકિન તેનું માથું ઝુકાવે છે અને ગાલીચા ભણી તાકી રહે છે.

"હા, હું જાણું છું કે હવે કશું થઈ શકે તેમ નથી," તે કહે છે, "પરંતુ તમારા કહેવા મુજબ જેનું બિલકુલ અસ્તિત્વ જ નથી એવા આ કંગાળ સમયનાં ફક્ત થોડાંક વર્ષો જો હું પાછાં લાવી શકું. જો ફક્ત હું જિંદગીએ અગાઉ મને જે તકો આપી અને જે મેં હંમેશાં વેડફી નાખી એ તકો પાછી મેળવી શકું. જો હું બધુ જ કામ જુદી રીતે જ કરું..." પણ જેવો તે આ શબ્દો બોલે છે ત્યારે તે અચાનક જ ડરનો અનુભવ કરે છે અને તેને સમજાતું નથી શા માટે. તે અટકી જાય છે અને જાદૂગર સામે મૂંઝવણ ભરી નજરે જોઈ રહે છે. ત્યાર પછી તે તેની આજુબાજુ જુએ છે.

"કેવી અજાયબ સંવેદના," તે સ્વગત કહે છે. "શું આ બધું જ પહેલાં બની ગયું છે ? હમણાં જ મને લાગ્યું કે બીજા કોઈક સમયે હું અહીં બેઠો હતો. બધું જ બરાબર આવું જ હતું અને હું આ શબ્દો જ બોલી રહ્યો હતો."

તે જાદૂગર સામે પ્રશ્નાર્થભરી નજરે જોઈ રહે છે.

જાદૂગર ઇશારાથી જ જવાબ આપે છે, અવાજ વગર હસે છે અને માથું હલાવે છે.

"બધું જ આ પહેલાં હતું," તે કહે છે, "અને બધું જ પાછું લાવી શકાય છે. બધું જ. પણ તેનાથી કશું નહિ વળે."

ઑસોકિન ધ્રૂજી ઊઠે છે. આ બધાંનો શો અર્થ છે ? તે પોતાના મનમાં એક ચોક્કસ વિચાર સાથે જાદૂગર પાસે આવ્યો હતો પણ હવે તે વિચાર હાથતાળી દઈ ગયો છે અને તે શબ્દોમાં તેને મૂકી શકતો નથી. તે કયો વિચાર હતો તે તેણે યાદ કરવું જ પડશે અને જાદૂગરને સમજાવવો પડશે. શા માટે આ મૂર્ખ ભય તેને નિષ્ક્રિય બનાવી દે છે ?

તે તેની સિગારેટ આગમાં ફેંકી દે છે, તેની ખુરશીમાંથી ઊભો થાય છે અને ખંડમાં આમથી તેમ આંટા મારે છે.

વૃદ્ધ માણસ તેને જોતો માથું હલાવતો અને સ્મિત કરતો બેસી રહે છે. તેને દૃષ્ટિમાં રમૂજ અને વ્યંગ છે – અસહિષ્ણુ વ્યંગ નહિ પણ સમજદારી, કરુણા અને દયાથી ભરેલો વ્યંગ, જાણે કે તે સહાય કરવા માગે છે પણ કરી શકે તેમ નથી.

ઑસોકિન તેની સામે અટકી જાય છે અને તંદ્રામાં હોય તેવા માણસની જેમ બોલે છે :

"મારે પાછા જવું પડશે. તે પછી હું બધું જ બદલી નાખીશ. હું આ રીતે જીવવાનું ચાલુ રાખી શકું નહિ. આપણી આગળ ઉપર ભવિષ્યમાં શું છુપાયેલું છે તે આપણે જાણતા નથી અને એટલે આપણે વિચિત્ર હરકતો કરતા હોઈએ છીએ. ફક્ત જો આપણે અગાઉથી જાણી શકતા હોત તો ! ફક્ત જો આપણે થોડુંક પણ આગળનું જોઈ શકતા હોત તો !"

તે રૂમમાં આમ-તેમ આંટા મારે છે અને જાદૂગરની સામે આવીને ઊભો રહી જાય છે.

"સાંભળો !" તે કહે છે, "શું તમારી જાદુઈ વિદ્યા મારા માટે આટલું નહિ કરી શકે ? શું તમે મને મારા વીતેલા જીવનમાં પાછો ન મોકલી શકો ? હું આ બાબત ઉપર ખૂબ લાંબા સમયથી વિચારતો હતો, અને આજે, જ્યારે મેં ઝિનૈડા વિશે સાંભળ્યું ત્યારે મને એમ લાગ્યું કે કે મારા માટે માત્ર આ એક જ શક્યતા બચી છે. મને પાછો મોકલી આપો, હું બધું જ જુદી રીતે કરીશ. હું જીવન નવી રીતે જીવીશ અને જ્યારે સમય આવશે ત્યારે ઝિનૈડાને મળવા માટે હું તૈયાર હોઈશ. પણ મને બધું જ યાદ રહેવું જોઈએ, તમે સમજો, જીવન અંગેના મારા અનુભવો અને મારું જ્ઞાન, પૂરેપૂરાં સચવાઈ રહેવાં જોઈએ અને મને એ યાદ રહેવું જોઈએ કે હું પાછો આવ્યો છું, અને શેના માટે પાછો આવ્યો છું તે મારે ભૂલી જવું જોઈએ નહિ..."

તે અટકી જાય છે.

"હે ભગવાન ! હું શું બોલી રહ્યો છું ? તે વખતે પણ હું આ

વાત જ બોલ્યો હતો."

તે જાદૂગરની સામે જુએ છે.

વૃદ્ધ માણસ હસે છે અને માથું હકારમાં હલાવે છે.

"હું તારી ઇચ્છા પૂરી કરી શકું," તે કહે છે, "પણ તેનાથી કશું નહિ વળે, તેનાથી તારી પરિસ્થિતિમાં કશો જ સુધારો નહિ થાય."

ઑસોકિન પોતાની જાતને આરામખુરશીમાં ફંગોળી દે છે અને તેનું માથું હાથમાં પકડી લે છે.

"મને કહો," તે કહે છે, "શું તે સાચું છે કે હું આ પહેલાં પણ અહીં તમારી સાથે હતો ?"

"તે સાચું છે," જાદૂગર કહે છે.

"અને મેં તમારી પાસે આ વસ્તુની જ માગણી કરી હતી ?"

"હા. તેં કરી હતી."

"અને શું હું ફરીથી આવીશ ?"

"એ એટલું નિશ્ચિત નથી. તને આવવાની કદાચ ઇચ્છા થાય પરંતુ તું આવી ન શકે. આ સમસ્યાઓનાં ઘણાં પાસાંઓ છે જેમના વિશે હજુ તું જાણતો નથી. તારે કદાચ તદ્દન અન-અપેક્ષિત મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે. હું માત્ર એક જ વાત નિશ્ચિતપણે – ચોક્કસપણે કહી શકું. સંજોગો કદાચ બદલાય પણ એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે તું પોતે આ નિર્ણય પર જ આવીશ. એ બાબતમાં કશો તફાવત કે કશો બદલાવ નથી."

"પણ આ તો ચક્રમાં ગોળ ગોળ ઘુમરાવા જેવું છે," ઑસોકિન કહે છે, "આ તો એક છટકું છે."

વૃદ્ધ માણસ સ્મિત કરે છે.

"મારા વહાલા મિત્ર," તે કહે છે, "આ છટકાને જિંદગી કહે છે. જો તું ફરી એક વાર પ્રયોગનું પુનરાવર્તન કરવા માગતો હોય તો તારી

સેવામાં હું હાજર છું. પણ હું તને ચેતવું છું, તું કશું જ બદલી નહિ શકે. તું માત્ર બધી બાબતને બદતર બનાવી દઈશ.''

''જો હું બધું જ યાદ રાખું તો પણ ?

''જો તું બધું જ યાદ રાખે તો પણ. પહેલું તો એ કારણ કે તું આ સ્મૃતિ લાંબા સમય સુધી નહિ જાળવે. એ અત્યંત પીડાદાયક હશે, અને તું પોતે એમાંથી છુટકારો મેળવવાનું અને ભૂલી જવાનું ઇચ્છીશ. અને ત્યાર પછી તું ભૂલી જઈશ. બીજું કદાચ તું યાદ રાખીશ તો પણ એનાથી તને કશી સહાય નહિ મળે. તું યાદ રાખીશ અને એની એ બાબતો કરવાનું ચાલુ રાખીશ.

''પણ આ તો ભયંકર છે,'' ઑસોકિન કહે છે. ''શું આમાંથી છૂટવાનો કોઈ જ માર્ગ નથી ?''

એક અસહાય ધ્રુજારી તેનો કબજો જમાવી લે છે અને એટલે એ કશું બોલી શકતો નથી. તેના આ વિચારમાં કબરની ઠંડક છે. તેને લાગે છે કે આ અનિવાર્યનો ડર છે, તેની પોતાની જાતનો ડર, એ સ્વયં કે જેનાથી કશો છુટકારો નથી... એ પોતે એવો ને એવો જ રહેશે. બધું જ એનું એ એ જ રહેશે.

આ ક્ષણે ઑસોકિનને સમજાય છે કે એ જેવો છે એવો ને એવો જ પાછો જશે તો બીજું બધું પણ પહેલાંની જેમ જ એ રીતે જ બનશે. તેને સ્પષ્ટપણે સ્કૂલમાં અને ત્યાર પછી બનેલા તમામ બનાવોની ઘટમાળ યાદ આવે છે જ્યારે બધું જ એક ઘડિયાળના કાંટાની માફક બન્યું. જાણે કે એક મશીનની અંદર એક ચક્રની ગતિથી બીજું ચક્ર ચાલતું થાય તેમ. પરંતુ તે સાથે જ તેને લાગે છે કે તે બધી બાબતોને જેમની તેમ સ્વીકારી શકે તેમ નથી, ઝિનૈડાની ખોટ અને આ બધો તેનો જ વાંક હતો તે વિચારને તે સ્વીકારી લઈ શકે તેમ નથી.

ઑસોકિન અને જાદૂગર બન્ને મૌન છે. ''તો પછી હું શું કરું ?'' છેવટે ઑસોકિન ગણગણતો હોય તેમ પૂછે છે.

એક લાંબો વિરામ.

"મારા વહાલા મિત્ર," જાદૂગર મૌન ભંગ કરતાં કહે છે, "આપણા પરિચયની શરૂઆતથી માંડીને અત્યાર સુધીમાં માત્ર આટલા જ શાણપણભર્યા શબ્દો મેં તારી પાસેથી સાંભળ્યા."

"તેં પૂછ્યું કે તારે શું કરવું. મને ધ્યાનથી સાંભળ. હું તને જે કહેવાનો છું તે માણસને જીવનમાં માત્ર એક જ વાર કહેવામાં આવે છે અને એ પણ બહુ જ થોડા માણસોને. જો વ્યક્તિ એ સમજવામાં નિષ્ફળ જાય તો એ તેનો પોતાનો વાંક છે. આ ફરીથી કહેવામાં આવતું નથી. તું અહીં આવે છે, તું ફરિયાદ કરે છે અને તું ચમત્કારની માગણી કરે છે. અને જ્યારે હું કરી શકું તેમ હોઉં ત્યારે હું તું જે માગે તે પ્રમાણે કરું છું, કારણ કે હું પ્રામાણિકપણે, પૂરી નિષ્ઠાથી તને મદદ કરવા ઇચ્છું છું. પણ એનાથી કશું જ નીપજતું નથી. હવે સમજવાનો પ્રયત્ન કર કે કેમ એમાંથી કશું નીપજતું નથી. અને હું શા માટે તને મદદ કરવામાં અસમર્થ છું. સમજ કે હું ફક્ત તારી જ ઇચ્છાઓ પૂરી કરી શકું અને તું જે માગે તે આપી શકું. હું મારા પોતાના તરફથી પહેલ કરીને તને કંઈ પણ આપી શકું નહિ. આ એક કાયદો છે. અત્યારે હું જે કાંઈ કરી રહ્યો છું એ પણ તારે શું કરવું એમ તેં પૂછ્યું એટલા માટે કહી શકું છું. જો તેં પૂછ્યું જ ન હોત તો હું બોલી શક્યો ન હોત.

"હું એમાં થોડોક ઉમેરો કરી શકું. જો તું અત્યારે પાછો જાય તો બધું જ પહેલાંના જેવું જ રહે અગર તો વધુ ખરાબ થાય. દાખલા તરીકે, તું મને મળી શકે નહિ. તારે એ સમજવું પડે કે તકો સીમિત હોય છે. કોઈની પણ પાસે અસીમ તકો હોતી નથી. અને તમે તમારી આખરી તક ક્યારે વાપરી નાખી એ તમે ક્યારેય જાણતા હોતા નથી. બીજી બાજુ, જો તમે જીવવાનું ચાલુ રાખો તો કશુંક થોડાક પ્રમાણમાં બદલી શકાય કે જેથી બીજી વાર તમે જુદી રીતે પ્રારંભ કરી શકો."

"શું આના માટે જીવવું યોગ્ય છે ?"

"એ તારો પ્રશ્ન છે. તારે તારી જાત માટે નક્કી કરવાનું છે. પણ એક વાત યાદ રાખ, જો તું અત્યારે છે એવો જ અંધ પાછો જઈશ તો

તું એની એ જ બાબતો ફરીથી કરીશ અને અગાઉ જે કાંઈ બન્યું તેનું પુનરાવર્તન અનિવાર્ય છે. તું ચક્રમાંથી છટકી નહિ શકે. બધું જ અગાઉની જેમ જ બનશે. તે મને પૂછ્યું છે તારે શું કરવું. મારો જવાબ છે : જીવ. આ જ તારી એકમાત્ર તક છે.

"જો તું કાળજીપૂર્વક વિચારીશ, તો મારા શબ્દોમાંથી તારે જેની જરૂર છે તે બધું જડશે. પણ હજુય જો તું પાછો જવા અને ફરીથી શરૂઆત કરવા માગતો હોય તો, જો તને ગમે તો, તારા જન્મના દિવસ સુધી હું તને પાછો મોકલી આપીશ. પણ હું તને ચેતવું છું કે તું ફરી પાછો અહીં આવીશ — જો આવી શકે તો. હવે નક્કી કર."

ઑસોકિન આરામખુરશીમાં સ્થિર બેસી રહે છે. એક લાંબું મૌન પથરાય છે.

તેની જિંદગીનાં દશ્યો અને ચિત્રો તેની આગળથી પસાર થાય છે : સ્કૂલ - બા - પેરિસ - ઝિનૈડા, ભલા ભગવાન, એની પાસે કેટલી બધી તકો હતી અને તેણે એક પછી એક વેડફી નાખી ! અને જિંદગી એને ભીંસમાં લેતી જ ગઈ જયારે એણે પોતાની જાતને એક અંત વગરના સાંકડા બોગદામાં નિહાળી. પણ ધારો કે બહાર નીકળવાનો રસ્તો ખરેખર હોય તો શા માટે જાદૂગર તેણે જીવવું જોઈએ એવો આગ્રહ રાખે છે ? અને જો તે ફરી પાછો એના એ બિંદુએ જ કે તેથી પણ ખરાબ સ્થિતિમાં મુકાવાનો હોય તો પાછા જવાનો અર્થ પણ શો છે ? જાદૂગર આના દ્વારા શું કહેવા માગે છે ? વધુ ખરાબ શું હોઈ શકે ?

"જયારે મેં એમ સમજવાની શરૂઆત કરી કે બધું જ પુનરાવર્તિત થાય છે અને પાછું આવે છે," ઑસોકિન પોતાની જાતને કહે છે, "ત્યારે મને એ એક રસપ્રદ સાહસ લાગ્યું હતું. પણ હવે એ મને ડરાવી મૂકે છે, અને મને લાગે છે કે આ અનુભવ મોકૂફ રાખવા માટે માટે શક્ય તે બધું જ કરી છૂટવું જોઈએ. મને જે સાહસે આકર્ષિત કર્યો તે કદાચ બીજી કોઈક દિશામાં છે. કઈ દિશામાં તે હજુ હું જાણતો નથી. પણ પાછા જવાનું જોખમ ખેડું તે પહેલાં મારે તે શોધી કાઢવું પડશે."

આખરે ઑસોકિન ઊંચું જુએ છે.

"હું જીવીશ," તે કહે છે, "તમે સાચા છો. હું હજુ કશું સમજતો નથી. પણ મને એટલું સમજાય છે કે આ બધાની પહેલેથી શરૂઆત કરવી તે બહાર નીકળવાનો માર્ગ નથી."

જાદૂગર જાણે કે તેના મનની સોંસરવું જોવા પ્રયત્ન કરતો હોય તેમ લાંબા સમય સુધી ઑસોકિન સામે જોઈ રહે છે.

"હવે જ્યારે તેં કહ્યું છે કે તું જીવવાનો છું," તે છેવટે કહે છે, "હું તને વધારે કહી શકીશ. પણ પહેલાં હું તને એક સવાલ પૂછવા માગું છું, શું તું ધારે છે કે તારી ઝિનૈડાને તું સારી રીતે ઓળખે છે ?"

ઑસોકિન આશ્ચર્યમૂઢ થઈને ઉપર જુએ છે.

"હું ધારું છું કે હું ઓળખું છું," તે કહે છે, "પણ તમે શું કહેવા માગો છો ?"

વૃદ્ધ માણસ ફરીથી સ્મિત કરે છે, "જો તું એને સારી રીતે જાણતો હોય તો તેં એમ કેવી રીતે માની લીધું કે એ મિન્સ્કીને પરણવાની છે ?"

"મેં કેવી રીતે માની લીધું... ? એણે કહ્યું હતું કે એ વધુ લાંબો વખત મારી રાહ નહિ જુએ. અને હું જઈ શક્યો નહિ. અને ત્યાર પછી હું ક્રૂટિસ્કીને મળ્યો અને તેણે મને કહ્યું..."

ઑસોકિન અટકી જાય છે અને એક નવી જ અને અદ્‌ભુત આશાની લાગણી, આશાની લાગણી કરતાંય વિશેષ ચમત્કારની અપેક્ષા, તેનો કબજો જમાવી લે છે.

જાદૂગર શા માટે આના વિશે કહે છે ? "હું આ પહેલાં આ વાત તને કહી શક્યો નહિ." જાદૂગર ચાલુ રાખે છે, "કારણ કે તારા નિર્ણયને અસર કરે એવું કાંઈ પણ હું કરી શકું નહિ. પણ હવે હું તને કહી શકું કે આજે કર્નલ મિન્સ્કી પોતાના પિટસબર્ગ જવાના રસ્તે મૉસ્કો થઈને ગયા. ઝિનૈડાએ લગ્નના ત્રણ દિવસ પહેલાં વેવિશાળ તોડી

નાખ્યું. ઉપરાંત, એ ક્યારેય તેને પરણવા માગતી નહોતી. માત્ર તું જ તે વાત સમજવામાં નિષ્ફળ ગયો.''

ઑસોકિનના ચહેરા પર મૂંઝવણના ભાવ પથરાઈ જાય છે.

''તો પછી એ પરણવાની નથી,'' જાણે કે પોતે શું બોલી રહ્યો છે તે ન સમજતો હોય તેમ તે બોલે છે, ''પણ તો પછી શા માટે ?''

તે જાદૂગર સામે જાણે તેને પહેલી જ વાર જોતો હોય તેમ જુએ છે.

''પણ પહેલાં તમે મને આ કહ્યું કેમ નહિ ?''

''કારણ કે તેં ક્યારેય પૂછ્યું નહિ. તેં એક હકીકત તરીકે તેને સ્વીકારી લીધું અને એક તૈયાર નિર્ણય સાથે મારી પાસે આવ્યો. હું તૈયાર નિર્ણયોની સામે દલીલો કરી શકું નહિ.''

જાદૂગર શું કહી રહ્યો છે તે ઑસોકિન ભાગ્યે જ સાંભળે છે.

''હે ભગવાન, હું કેવો મૂર્ખ હતો !'' તે પોતાની જાતને કહે છે, ''મેં કેવી રીતે એ માની લીધું ? અલબત્ત, આ બધું એના રોજિંદા અભિનય સિવાય કંઈ જ નથી. અને મિન્સ્કીની માત્ર મજા ખાતર જરૂર હતી. પણ અમુક હદ સુધી જ, એથી વધારે નહિ. અલબત્ત એ ક્યારેય તેને પરણી જ ન હોત તે મારી આગળ સ્પષ્ટ છે. એના વિશે હું આટલી બધી ગેરસમજ કેવી રીતે કરી શક્યો ?''

છેલ્લા થોડાક મહિનાનાં ચિત્રો તેની આગળથી પસાર થાય છે. તે સ્પષ્ટપણે જુએ છે કે તેણે પોતાની જાતને કેવી તેના અભિમાન અને હઠમાં કેદ કરી દીધી હતી. ચોક્કસપણે ઝિનૈડા સાથે ગમે તે ભોગે તેણે જવું જોઈતું હતું. હવે સ્વાભાવિકપણે જ બધું જ જુદું હશે. તેના મનમાં સેંકડો યોજનાઓ આકાર લેવા માંડી છે. તે પોતાની જાતને ટ્રેનમાં જુએ છે. પૈડાંઓ અવાજ કરી રહ્યાં છે. તે ક્રિમિઆ જવાના રસ્તે છે. તે ઝિનૈડાને મળશે. આખરે, બધી જ બાબતો કોઈ રીતે ગોઠવી શકાશે.

જાદૂગર બોલી રહ્યો છે.

પહેલાં તો ઑસોકિન સાંભળતો નથી.

"કશું જ બદલાશે નહિ," જાદૂગર કહે છે.

"કશું જ બદલાશે નહિ એના દ્વારા તમે શું કહેવા માગો છો ?" ઑસોકિન કહે છે. "બધું ક્યારનુંય બદલાઈ ગયું છે.

જાદૂગર તેનું માથું ધુણાવે છે અને સ્મિત કરે છે.

"મારા વહાલા મિત્ર, ફરી એક વાર તું તારી જાતને છેતરી રહ્યો છું. કશું જ બદલાયું નથી. બધું જ અત્યાર સુધી હતું બરાબર તેવું ને તેવું જ છે. બધું તેવું જ રહેશે. કશું જ બદલી શકાયું નહિ અને કશું જ બદલાશે નહિ."

"The wind returneth again acoording to his circuits... The thing that has been, it is that which shall be; and that which is done, is that shall be done." (પવન પોતાના ગોળાકાર પ્રવાસમાર્ગે પાછો ફરે છે... જે વસ્તુ હતી એ તે જ છે જે હશે. અને જે કરવામાં આવ્યું છે તે તે જ છે જે કરવામાં આવશે.)

"અને કશું જ બદલી શકાતું નથી ?" ઑસોકિન કહે છે.

"મેં ક્યારેય કહ્યું નથી કે કશું જ બદલી શકાતું નથી. મેં કહ્યું કે તું કશું બદલી શકીશ નહિ. અને કશું જ પોતાની મેળે બદલાશે નહિ. મેં ક્યારનુંય કહી દીધું છે કે કશુંક પણ બદલવા માટે સૌ પહેલાં તારે તારી જાતને બદલવી પડશે. અને આ બાબત તું વિચારે તેના કરતાં ઘણી અઘરી છે. એના માટે લાંબા સમય સુધીના સતત પ્રયત્નની અને ઘણા વધારે જ્ઞાનની જરૂર છે. તું આવા પ્રયત્ન માટે અસમર્થ છું અને કેવી રીતે શરૂઆત કરવી એ પણ જાણતો નથી. કોઈ વ્યક્તિ એના માટે પોતે સમર્થ હોતો નથી. લોકો એની એ ભૂલનું પુનરાવર્તન કરતા હોય છે. પહેલાં તો પોતે ચક્રમાં ફરી રહ્યા છે તે વાત તેઓ જાણતા હોતા નથી. અને જ્યારે આ વિચાર તેઓ સાંભળે છે, ત્યારે તેને સ્વીકારવાનો ઇન્કાર કરે છે. પછીથી, જ્યારે તેઓ આ વિચારનું સત્ય સમજતા અને સ્વીકારતા થાય છે ત્યારે, માત્ર આટલું જ જરૂરી છે એમ તેઓ વિચારે છે. એમને સંપૂર્ણ ખાતરી હોય છે કે હવે જ્યારે તેઓ જાણે છે ત્યારે તેઓ જાણે એટલું જ જરૂરી છે અને તેઓ બધું જ બદલી શકશે. અને

તરત જ તેઓ એવા ધુતારાઓને ખોળી કાઢે છે જે તેમને ખાતરી આપે છે કે બધું જ એકદમ સરળ અને સહેલું છે. આ સૌથી મોટી ભ્રમણા છે. આ રીતે તો માણસો ઘણીબધી પીડા અને ક્યારેક તો મહાન પ્રયત્ન દ્વારા તેમણે પ્રાપ્ત કરેલી તકો ગુમાવી બેસે છે.

"તારે એ યાદ રાખવું ઘટે કે કોઈ વ્યક્તિ ઘણીબધી બાબતો જાણતો હોય અને છતાંય કશું પણ બદલવા અસમર્થ હોય, કારણ કે પરિવર્તન એ જુદા જ પ્રકારનું જ્ઞાન માગી લે છે અને એવું કશુંક માગી લે છે જે તું અત્યારે ધરાવતો નથી.

"એવી કઈ વસ્તુ છે જે આપણે ધરાવતા નથી ?"

"તારો આ પ્રશ્ન એકદમ લાક્ષણિક છે. બીજા બધાની જેમ જ તું પણ એમ વિચારે છે કે તું બધું જ જાણી શકે. જ્યારે હકીકતમાં તું કશું જ જાણી શકે નહિ અને કશું જ સમજી શકે નહિ. જો તારા માટે એનું અસ્તિત્વ જ ન હોય તો તે શું છે એ હું તને કેવી રીતે કહી શકું ?"

ઑસોકિન મૌન છે.

હા, તેને લાગે છે કે જાદૂગર સાચો છે. તે કશું જ બદલી શકે તેમ નથી. તેની ઉલ્લાસની ક્ષણ પછી ભય અને ચિંતાઓ તેને ગ્રસી લીધો છે. તે ફરી પાછો એની એ જ મૂર્ખ બાબતો કરશે, તે ફરી પાછો ઝિનૈડાને ગુમાવી બેસશે.

"તો પછી વસ્તુઓમાં પરિવર્તન લાવવાની શરૂઆત કરવા માટે શેની જરૂર છે ?" તે પૂછે છે. અને તેને એવી અપેક્ષા છે કે જાદૂગર કદાચ તેને અત્યંત ચાલાક, પરંતુ તેના માટે અર્થહીન એવા, શબ્દોમાં જવાબ આપશે જેવા કે જ્યારે તું જુદો હોઈશ ત્યારે બીજું ઘણુંબધું પણ જુદું હશે.

પણ જાદૂગર એવું કાંઈક કહે છે કે જે ઑસોકિને ધાર્યું ન હતું.

"તને એ અહેસાસ થઈ જવો જોઈએ," જાદૂગર કહે છે, "કે તું તારી પોતાની જાતે કશું જ બદલી શકે નહિ અને બીજું એ કે તારે સહાયની ખોજ કરવી પડે. અને આ અહેસાસ અત્યંત ગાઢ હોવો

જોઈએ, કારણ કે આજે આ અનુભૂતિ થવી અને આવતી કાલે ભૂલી જવી એ પૂરતું નથી. મનુષ્યે આ અનુભૂતિ સાથે જીવવાનું છે."

"પણ આ અનુભૂતિ સાથે જીવવું એનો અર્થ શો થાય ?" ઑસોકિન પૂછે છે, "અને મને કોણ સહાય કરી શકે ?"

"હું તને મદદ કરી શકું," જાદૂગર કહે છે, "અને આ અનુભૂતિ સાથે જીવવાનો અર્થ એ થાય કે તેના માટે કશીક મોટી વસ્તુનું બલિદાન આપવું અને આવાં બલિદાનો ત્યાં સુધી આપ્યે જ જવાં પડે કે જ્યાં સુધી તને જે જોઈએ છે તે તું પ્રાપ્ત ન કરી લે."

"તમે કોયડાઓમાં બોલો છો," ઑસોકિન કહે છે, "હું શેનું બલિદાન આપી શકું ? મારી પાસે તો કશું જ નથી."

"દરેક વ્યક્તિ પાસે બલિદાન આપવા જેવું કંઈક હોય છે," જાદૂગર કહે છે, "સિવાય કે એવા લોકો જેમને મદદ કરી શકાય તેમ નથી. પણ અલબત્ત, પોતાના બલિદાનના બદલામાં વ્યક્તિને શું મળશે એ પહેલેથી કહેવું અશક્ય છે. તને પેલા માણસની વાત યાદ છે કે પત્ની મેળવવા માટે તેણે સાત વરસ પરિશ્રમ કરવો પડ્યો હતો અને છેવટમાં એ લોકોએ તેને ખોટી બહેન પધરાવી દીધી ? તેણે બીજાં સાત વરસ પરિશ્રમ કરવો પડ્યો. આવું ઘણીવાર બનતું હોય છે."

ઑસોકિન ચૂપ છે. તેની અંદર કશુંક ન ગમે તેવું સળવળે છે. આ વૃદ્ધ માણસ તેની પાસેથી શું માગી રહ્યો છે ?

"હું જે કહી રહ્યો છું તે કદાચ તને વિચિત્ર જણાશે," જાદૂગર કહે છે, "કારણ કે આ બધી બાબતો અંગે તેં ક્યારેય યોગ્ય રીતે વિચાર્યું નથી. વધારામાં માત્ર વિચારણા એકલી જ કશી મદદ નહિ કરે. અહીં પણ ફરીથી, વ્યક્તિ પાસે જ્ઞાન હોવું જોઈએ. અને જ્ઞાન ધરાવવા માટે વ્યક્તિએ શીખવું પડે. અને શીખવા માટે વ્યક્તિએ બલિદાન આપવું પડે. ભોગ આપ્યા વગર કશું જ પ્રાપ્ત કરી શકાતું નથી. આ એક વાત તું સમજતો નથી અને જ્યાં સુધી તું નહિ સમજે ત્યાં સુધી કશું જ થઈ શકશે નહિ. તું જેની ઇચ્છા કરે તે બધું જ મેં તને આપવા

માગ્યું હોત તો પણ તારા પક્ષે કશા બલિદાન વગર હું તેમ કરી શક્યો ન હોત.

"કોઈ વ્યક્તિને તે જેનો ઉપયોગ કરી શકે તેવી વસ્તુ જ આપી શકાય છે. અને તે એવી વસ્તુનો જ ઉપયોગ કરી શકે છે કે જેના માટે તેણે કશોક ભોગ આપ્યો હોય. મનુષ્યની પ્રકૃતિનો આ કાયદો છે. એટલે જો કોઈ વ્યક્તિ અગત્યનું જ્ઞાન કે નવી શક્તિઓ પ્રાપ્ત કરવા માટે સહાય મેળવવા માગતો હોય તો તેણે આ ક્ષણે તેના માટે અગત્યની હોય તેવી બીજી વસ્તુઓનો ભોગ આપવો પડે. ઉપરાંત, તેણે આના માટે જેટલું છોડ્યું હોય તેટલું જ તે મેળવી શકે. તેની અવસ્થાના કારણે બીજી કેટલીક વધારાની મુશ્કેલીઓ છે. તેને શું મળવાનું છે તેની તેને ચોક્કસ ખબર ન હોય, પણ જો તેને તેની નિરાશાજનક સ્થિતિનો અહેસાસ થાય તો તે જાણ્યા વગર પણ બલિદાન આપવા સહમત થશે. અને તે એમ કરવા રાજી હશે કારણ કે ફક્ત આ રીતે જ કાંઈક નવું પ્રાપ્ત કરવાની અથવા તો તેની જાતને બદલવાની સંભાવના હાંસલ કરી શકે, કારણ કે જો તે કશાયનો પણ ભોગ ન આપે તો પછી તેના માટે બધું જેમનું તેમ સરખું જ રહેશે અથવા તો વધુ ખરાબ થશે."

"શું બીજા કોઈ માર્ગ નથી ?" ઑસોકિન પૂછે છે.

"તું એમ કહેવા માગે છે કે એવા માર્ગો કે જ્યાં બલિદાન આપવું જરૂરી ન હોય ? ના, એવા કોઈ માર્ગ નથી અને તું શું પૂછી રહ્યો છે તે તું સમજતો નથી. તમે કારણો વગર પરિણામો ન મેળવી શકો. તમારાં બલિદાનો દ્વારા તમે કારણોનું સર્જન કરો છો. જુદા જુદા માર્ગો છે પણ તેઓ માત્ર બલિદાનના સ્વરૂપ, વ્યાપ અને આખરીકરણના સંદર્ભમાં જ જુદા પડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં તો વ્યક્તિએ બધું એકસાથે જ ત્યજી દેવાનું હોય છે અને કશાની અપેક્ષા રાખવાની હોતી નથી.

"એક ડર્વિશ ગીત આના માટે છે જે આવું છે :

"Through four renunciations
Ascend to perfection.

Leave life without regret.
Expect no reward in heaven."

—"ચાર બલિદાનો દ્વારા શ્રેષ્ઠતા ભણી આગેકૂચ કરો. જીવન અફસોસ વગર ત્યાગો અને સ્વર્ગમાં કશા બદલાની અપેક્ષા ન રાખો.

"શું તું સમજે છે કે એનો અર્થ શું થાય ? મોટા ભાગના લોકો ફક્ત આ માર્ગે જ અથવા તો આને મળતા આવતા કોઈક માર્ગે જ જઈ શકે પણ અહીં, અત્યારે, તું જુદી પરિસ્થિતિમાં છું. તું મારી સાથે વાત કરી શકે છે. તું જાણી શકે તેમ છે કે તારે શેનો ત્યાગ કરવાનો છે અને બદલામાં તું શું મેળવી શકે તેમ છે."

"હું શું મેળવી શકું તે હું કેવી રીતે જાણી શકું ? અને મને કેવી રીતે ખબર પડશે કે મારે શેનો ત્યાગ કરવાનો છે ?"

"તારે શું જોઈએ છે તેના અહેસાસ દ્વારા તું જાણી શકે કે તું શું મેળવીશ. તારા પોતાનામાં છે એવા કેટલાક અત્યંત અટપટાં – ગૂંચવણભર્યાં કારણોને લીધે તેં એક મહાન રહસ્યનું અનુમાન કરી લીધું છે કે જે લોકો સામાન્ય રીતે જાણતા નથી. પોતાની રીતે તારું આ અનુમાન બિનઉપયોગી છે, કારણ કે તું એને કશેય પ્રયોજી શકે તેમ નથી. પણ તું આ રહસ્ય જાણે છે એ હકીકત તારા માટે કેટલાંક દ્વાર ઉઘાડી આપે છે. તું જાણે છે કે બધું જ વારંવાર પુનરાવર્તિત થાય છે. એવા બીજા લોકો પણ છે જેમણે આ શોધ કરી પરંતુ તેઓ વિશેષ હાંસલ કરી શક્યા નહિ. જો તું તારી જાતનું કશુંક બદલી શકે તો તું તારા પોતાના લાભમાં આ જ્ઞાનનો ઉપયોગ કરી શકે. આમ, તું સમજ, તું જાણે છે કે તારે શું જોઈએ છે અને શું મેળવી શકે તેમ છે.

"હવે શેનું બલિદાન આપવું અને કેવી રીતે બલિદાન આપવું તે પ્રશ્ન લઈએ. તું કહે છે કે તારી પાસે કંઈ નથી. આ તદ્દન સાચું નથી. તારી પાસે તારું જીવન છે. આથી તું તારા જીવનનું બલિદાન આપી શકે. આ ખૂબ જ નાની કિંમત છે, કારણ કે ગમે તે રીતે તું તારું જીવન ફેંકી દેવાનો હતો. એના બદલે મને તારું જીવન આપ અને તારું શું કરી શકાય તેમ છે તે હું જોઈશ. હું તારા માટે આ હજુ પણ વધુ

સહેલું બનાવીશ. મને તારી આખી જિંદગીની જરૂર નથી. વીસ, અરે, પંદર વર્ષ પણ પૂરતાં થશે. પણ આ વર્ષોમાં તારા ઉપર મારી માલિકી રહેશે – એટલે કે, હું એમ કહેવા માગું છું કે આ વર્ષો દરમિયાન તારે કશા બહાના વગર કે ટાળ્યા વગર હું જે કાંઈ કહું તે કરવાનું રહેશે. જો તું સોદાના તારા પક્ષનું પાલન કરીશ, તો હું મારા પક્ષનું પાલન કરીશ. જ્યારે આ સમય પૂરો થશે ત્યારે તું તારા જ્ઞાનનો તારા પોતાના માટે ઉપયોગ કરવા શક્તિમાન હોઈશ. આ તારું સદ્ભાગ્ય છે કે તું અત્યારે મારા માટે ઉપયોગી થઈ શકે તેમ છે – ચોક્કસપણે તરત જ નહિ, પણ જો કશાની રાહ જોવાની હોય તો હું રાહ જોઈ શકું તેમ છું. આમ હવે તું જાણે છે કે તારે શેનું બલિદાન આપવાનું છે.

“બીજુંય કશુંક છે જે કહી શકાય. જે લોકો તેં કર્યું છે તેવા અનુમાન પર આવે છે તે લોકો પાસે જે લોકો કશું જ અનુમાન કરતા નથી એમની સરખામણીએ કેટલાક ફાયદાઓ તો કેટલાક ગેરફાયદાઓ હોય છે. એમનો ફાયદો એ હોય છે કે બીજા લોકોને જે શીખવી શકાતું નથી તે તેમને શીખવી શકાય છે, અને તેમનો ગેરફાયદો એ છે કે તેમના માટે સમય ખૂબ જ સીમિત બની જાય છે. સામાન્ય મનુષ્ય ચક્રમાં ગોળ ગોળ ફર્યા જ કરે અને તે આખરે અદશ્ય થઈ ન જાય ત્યારે સુધી તેની સાથે કંઈ જ ન બને.

“ફરીથી, આના વિશે આવી ઘણી બાબતો છે જે તું જાણતો નથી; પણ તારે સમજી લેવું પડે કે સમય જતાં તારાઓની સ્થિતિ પણ એકબીજાના સંબંધમાં બદલાય છે – અને મનુષ્યો તારાઓ ઉપર એમને ભાન હોય એના કરતાં ઘણો વધુ આધાર રાખે છે, જોકે એ લોકો વિચારે છે તે રીતે નહિ. જો ખરેખર એ વિશે લોકો વિચારતા હોય તો. સમયમાં કશું જ એકસરખું એનું એ જ રહેતું નથી. પણ જે મનુષ્યે આ મહાન રહસ્યનું અનુમાન કરવા માંડ્યું હોય તેણે એનો ઉપયોગ કરવો જ પડે, નહિતર આ રહસ્ય એની જ સામે થઈ જશે. આ સલામત રહસ્ય નથી. જ્યારે વ્યક્તિ આનાથી સભાન બને ત્યારે તેણે આગળ વધવું જ જોઈએ અથવા તો તે હેઠે જશે. જ્યારે વ્યક્તિ આ રહસ્ય શોધી કાઢે છે અગર તો આના વિશે સાંભળે છે ત્યારે તેની પાસે ફક્ત

બે કે ત્રણ અગર તો ગમે તે કિસ્સામાં જૂજ જિંદગીઓ બચી હોય છે.''

''તારે એ સમજવું જોઈશે કે મારાં પોતાનાં કેટલાંક કારણોને લીધે મને આવા લોકોમાં, તારામાં છે એવો જ રસ છે. પરંતુ હું મારી સહાયની દરખાસ્ત માત્ર કોઈ એક ચોક્કસ ક્ષણે જ અને માત્ર એક વાર જ કરી શકું. જો મારી સહાય સ્વીકારવામાં ન આવે તો વ્યક્તિ મને બીજી વખત શોધી ન શકે. તને આ વિચિત્ર લાગશે, પરંતુ એ હકીકત છે, કે કેટલીક વાર હું એવા લોકોને જોઉં છું જેઓ આ શેરીમાં ચાલતાં ચાલતાં મારી પાસે આવવા માગતા હોય પણ તેઓ મારું ઘર શોધી શકે નહિ. એટલા ખાતર જ મેં તને પહેલાં કહ્યું કે તું કદાચ મારી પાસે ફરીથી આવવા માગે પણ તેમ કરી શકે નહિ.''

''જે લોકો તમારું ઘર શોધી શકતા નથી એમનું શું થાય છે ?''

''ઓહ, એ લોકો પાસે બીજી સંભાવનાઓ હોય છે, પરંતુ તારે સમજવું પડશે કે દરેક સંભાવના તેની આગળની સંભાવના કરતાં વધુ મુશ્કેલ હોય છે. દર વખતે સમય ઓછો ને ઓછો હોય છે. જો તેવા લોકો નવું માર્ગદર્શન અને નવી સહાય બહુ જ જલદીથી શોધી ન લે તો તેમની જિંદગી નીચે જવા માંડે છે અને થોડાક સમય પછી તેઓ જન્મતા અટકી જાય છે અને તેમની જગાએ બીજા લોકો ગોઠવાઈ જાય છે. તારે સમજવું જોઈએ કે તે લોકો નકામા અને ક્યારેક તો ખતરનાક બની જતા હોય છે, કારણ કે તેઓ મહાન રહસ્ય જાણતા હોય છે અને ઘણી બાબતો તેમને યાદ હોય છે, પણ તેઓ જે બધું જાણતા હોય છે તેને ખોટી રીતે સમજે છે. અને ગમે તે રીતે, જો એ લોકોએ તેમની તકોનો પહેલાં ઉપયોગ કરી લીધો ન હોય તો પછી દર વખતે તેમની સંભાવનાઓ ઓછી ને ઓછી થતી જાય છે.

''હું ફક્ત વધુ એક વાતનો ઉમેરો કરી શકું. બીજા બધાની જેમ તું પણ એમ વિચારે છે કે એક જ બાબત કરવાની જુદી જુદી રીત હોય છે. તારે એ સમજતાં શીખવું પડશે કે કોઈ એક બાબત કરવાની માત્ર એક જ રીત હોય છે, બે રીત ક્યારેય હોઈ શકે નહિ. પણ તું આ સમજ પર સહેલાઈથી નહિ આવે. ઘણા લાંબા સમય સુધી તારી અંદર

દલીલોનું આંતરિક ઘમસાણ ચાલશે. આ બધાનો વિનાશ થવો જોઈશે. માત્ર ત્યાર પછી જ તું સાચી, વાસ્તવિક સાધના માટે તૈયાર થઈશ. અને એક બીજી વાત પણ સમજી લે : જયારે તું મારા માટે ઉપયોગી બનીશ ફક્ત ત્યારે જ તું તારી પોતાની જાત માટે ઉપયોગી થઈશ.

"મારે તને એ ચેતવણી પણ આપવી પડશે કે માર્ગ પર ઘણા ખતરાઓ છે, એવા ખતરાઓ કે જેના વિશે તેં ક્યારેય સાંભળ્યું નથી અથવા તો ખોટી રીતે સાંભળ્યું છે. ઘણા સમય પહેલાં હું એક ખૂબ જ અપ્રિય સદ્‌ગૃહસ્થને મળ્યો હતો, જેને ક્યારેક શિંગડાવાળો અને ખરીઓવાળો ચીતરવામાં આવે છે. કેટલાક લોકો એને બનાવી મૂકે છે એટલો મોટો તે નથી, પણ તેનો મુખ્ય વ્યવસાય એવા લોકોનો વિકાસ રૂંધવાનો છે જેમણે આ મહાન રહસ્ય વિશે અનુમાન કરી લીધું હોય. અને મારો વ્યવસાય તેને રૂંધવાનો છે. આથી તારે સમજી લેવું પડશે કે ખૂબ જ શક્તિશાળી બળો તારી વિરુદ્ધમાં હશે અને તું એકલો, હંમેશાં એકલો હોઈશ. આ યાદ રાખજે.

"હવે જા, અને જયારે તેં નિર્ણય કરી લીધો હોય ત્યારે પાછો આવજે. તને ગમે તેટલો સમય લેજે. પણ હું તને બહુ વિલંબ ન કરવાની સલાહ આપું છું."

ઉપસંહાર

શેરીમાં બહાર ઑસોકિન લાંબા સમય સુધી પોતે ક્યાં જઈ રહ્યો છે તે જોયા વગર અને ન વિચારવાનો પ્રયત્ન કરતો ચાલી રહ્યો છે. ત્યાર પછી એ કોઈક દૂરની ગલી પાસે બાંકડા પર બેસી જાય છે અને કશા જ વિચારો વગર સ્થિર રહે છે... પણ ધીમે ધીમે જે બધું બની ગયું તે તેની સમક્ષ પાછું આવે છે.

"મારે કોઈક નિર્ણય પર આવવું પડશે," તે પોતાની જાતને કહે છે. "જો હું મારી જાતને પંદર વર્ષ માટે જાદૂગરને સોંપી દઈશ તો હું ઝિનૈડાને ગુમાવી દઈશ. જાદૂગરે જ મારા માટે એને ખોળી કાઢી હતી. જો હું માત્ર એની સાથે એક વાર જ વાત કરી શક્યો હોત તો ! પણ ના, એ નિરર્થક થશે. ઝિનૈડાને જાદૂગર વિશે સમજાવવું અસંભવ બનશે. આ બધું તેને બીવરાવી મૂકશે. એની બધી જ સંકુલતા છતાં તે ખૂબ જ જુનવાણી વિચારની છે. એ એમ જ કહેશે કે મારે એણે જે સલાહ આપી તે મુજબ જ કરવું જોઈએ. એટલે કે બીજા લોકોની જેમ જીવવું, ક્યાંક નોકરી મેળવી લેવી અથવા તો એવું જ બીજું કાંઈક. હું આમ કરી શકું નહિ, મારા માટે પ્રયત્ન કરવો પણ નકામો છે.

"પણ હું ફરીથી ઝિનૈડા વિશે ખોટો છું, કદાચ એ બધું જ સમજી શકે, જાદૂગરને પણ. એ સાચું છે કે એણે જિંદગી અને સામાન્ય સંજોગો વિશે બધું કહ્યું હતું, પણ એ બધું તો બીજા દષ્ટિકોણથી કહેવાયું હતું અને એ હંમેશાં હું એને બધું કહું તેમ ઇચ્છતી હોય છતાં મેં ક્યારેય

એને બધી બાબતો સમજાવવાની કોશિશ કરી નહિ.''

"પણ આ બધું કેવું નવાઈભર્યું છે ! ગઈ રાત્રે બધું જ પૂરું થઈ ગયું હતું. હું માનતો હતો કે ઝિનૈડા પરણવાની છે, અને હું જાદૂગર પાસે ગયો અને પાછા જવાની માગણી કરી કે જેથી હું મારી જિંદગી બદલી શકું અને બધું સરખું કરી શકું. તે પછી, જ્યારે હું તેની સાથે વાતો કરતો હતો, ત્યારે અચાનક જ મને ભાન થયું કે હું તેની પાસે આ વસ્તુની માગણી લઈને જ પહેલાં આવ્યો હતો અને તેણે મને પાછો મોકલી દીધો હતો અને મેં મારી જાતને સ્કૂલમાં જોઈ હતી અને બધું પહેલાંની જેમ જ બન્યું હતું. અને હું પહેલેથી શું બનવાનું છે તે જાણતો હોવા છતાં મેં એની એ જ વાહિયાત બાબતો ઝીણામાં ઝીણી વિગતો સાથે કરી અને ફરી પાછો હું જાદૂગર પાસે આવી પહોંચ્યો.

"શું આ બધું ખરેખર સાચું હોઈ શકે ? કદાચ આમાંનું કશું જ બન્યું નથી. કદાચ જાદૂગરે મને માત્ર ઊંઘાડી દીધો હતો અને હું મારી આખી જિંદગી ફરીથી જીવી રહ્યો હોઉં એવું સ્વપ્ન મેં જોયું. ખરેખર શું બન્યું ? આની ચકાસણી કરવી અશક્ય છે. હું જાણતો નથી અને હું ક્યારેય જાણી શકીશ નહિ. કદાચ સત્ય એ હકીકતમાં છુપાયેલું પડ્યું છે કે એ સાબિત થઈ શકે તેમ નથી અને એનો ઇન્કાર પણ થઈ શકે તેમ નથી.

"આખરે એક તફાવત તો છે. ગઈકાલે હું એમ વિચારતો હતો કે ઝિનૈડા પરણવા જઈ રહી છે, અત્યારે હું જાણું છું કે એ મિન્સ્કીને પરણી શકી જ ન હોત. અને હવે મારે જાદૂગરને શો જવાબ આપવો તેનો નિર્ણય કરવાનો છે. આ નવું છે. આ પહેલાં બન્યું ન હતું. અને પછી, શેતાન વિશે, આ શિંગડાવાળા અને ખરીવાળા અપ્રિય સદ્‌ગૃહસ્થ વિશે તેણે શું કહ્યું ? એમાં એના વિશે ઘણું રસપ્રદ હતું પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે તે બોલતો હતો ત્યારે મેં બરાબર સાંભળ્યું ન હતું. મારે તેને બીજી વખત પૂછવું પડશે.

"હવે તે વિચાર કે બધી બાબતોને મારી સાથે એની એ રીતે જ બનતી અટકાવવા મારે માટે કંઈક કરવું જોઈએ. જાદૂગરે કહ્યું કે શેતાન

આમાં ક્યાંક ભળેલો હતો. કેવું રમૂજી ! હું હંમેશાં એમ વિચારતો હતો કે શેતાનની કશી સહાય વગર જ આપણે આપણી સૌથી ખરાબ બાબતો કરી શકીએ છીએ... આથી મારી જાતને જાદૂગરને હવાલે કરી દેવી એ એક જ કરવા જેવી બાબત છે. વિચિત્ર ! મેં પહેલાં આવી બાબતો વિશે સાંભળ્યું છે પણ મને એ હંમેશાં ઉપજાવી કાઢેલી લાગી હતી અને મને એમાં કશો અર્થ કે હેતુ જણાયા ન હતા. હવે લાગે છે કે એવી બાબતો ખરેખર બને છે અને એમનામાં ઘણો અર્થ અને એક નિશ્ચિત હેતુ હોય છે. હું જાણું છું કે આ મૂર્ખામી છે, પણ મારી અંદર એવું કંઈક છે જે જાદૂગરથી સહેજ ભય પામેલું છે અને છતાં એ સાથે હું એ પણ જાણું છું કે હું વિશિષ્ટ સ્થાન ભોગવું છું. મારે કશાથી ડરવાનું નથી કારણ કે મારે કશું જ ગુમાવવાનું નથી અને બધી બાબતો અત્યારે છે એનાથી વધારે ખરાબ હોઈ શકે નહિ."

ઑસોકિન ખિસ્સામાં હાથ નાખે છે અને કશીક ઠંડી અને ભારે વસ્તુને સ્પર્શ કરે છે. રિવૉલ્વર ! તે તેને સાવ જ ભૂલી ગયો હતો. તે વ્યંગમાં સ્મિત કરે છે.

"હા, રશિયન પરીકથાના ત્રણ માર્ગ તે પોતાની જાતને કહે છે. "જો તમે પહેલો માર્ગ લેશો તો તમે તમારો ઘોડો ખોશો, જો તમે બીજો માર્ગ લેશો તો તમે પોતે નાશ પામશો, અને જો તમે ત્રીજો માર્ગ લેશો તો તમે તમારો ઘોડો પણ ગુમાવશો અને તમે પોતે પણ નાશ પામશો. કયો માર્ગ પસંદ કરવો ?"

તે ઊભો થાય છે અને ગલીની પાસેથી ધીમે ધીમે ચાલે છે.

પરોઢ ઊઘડી રહ્યું છે.

"આવતી કાલે મારે મારો જવાબ આપી દેવો પડશે. હું વધારે લાંબો વખત રાહુ જોઈ શકું નહિ. જોકે કયો જવાબ આપીશ તે હું જાણતો નથી. એ માનવું અઘરું છે કે હું ખરેખર કાંઈ જ કરી શકું તેમ નથી. પરંતુ, એ સાથે જ અત્યાર સુધીમાં મેં શું કર્યું છે ? મેં માત્ર બધી જ બાબતો બગાડી નાખી છે. મારી જાતને જાદૂગરના હવાલે કરી દેવી ? તે પણ પાછું વિચિત્ર અને કાયરતાભર્યું લાગે છે. કદાચ અહીં જ સૌથી

મોટી ભ્રમણા છુપાયેલી પડી છે, કારણ કે વ્યક્તિ કશું જ કરી શકતો નથી એ વાત માનવી અને પોતાની જાત સમક્ષ એનો એકરાર કરવો એ લેશ માત્ર પણ ભીરુતા નથી. ઊલટાનું, જો તે સાચું હોય તો, તો વ્યક્તિ કરી શકે તેવું સૌથી મોટું બહાદુરીનું કામ છે - પણ એ માનવું અઘરું છે. ફક્ત મારો જવાબ આપું એ પહેલાં એકવાર હું ઝિનૈડાને મળી શકું તો કેવું સારું. તેણે મને સમય લેવાનું કહ્યું હતું. કદાચ હું ક્રિમિઆ જઈ શકું. બધી બાબતોને હંમેશાં ગોઠવી શકાતી હોય છે... અચ્છા, આવતી કાલે !"

ઑસોકિન ઘરે જાય છે.

મૉસ્કો જાગી રહ્યું છે. સવારની પ્રાર્થના માટે ચર્ચનો ઘંટ વાગી રહ્યો છે. બગીઓ અવાજ કરતી દોડી રહી છે. ઝાડુવાળાઓ કચરાના ઢગવાળી શેરીઓને ધૂળનાં વાદળ ઉડાડતાં વાળી રહ્યા છે. બે બિલાડીઓ, એક ધોળી અને ભૂખરી અને બીજી પીળી ફૂટપાથ પર સામસામી બેઠી છે અને વાતચીત કરતી હોય તેવું લાગે છે.

ઑસોકિન ચારે બાજુ જુએ છે અને અચાનક જ એક અદ્વિતીય સ્પષ્ટ સંવેદના તેને ઘેરી વળે છે કે જો તે ત્યાં ન હોય તો પણ બધું જ જેમનું તેમ જ રહેશે.

અનંત પુનરાવૃત્તિ પર આધારિત નવલકથા

યુવાન ઑસોકિન આત્મહત્યાના આરે આવી ચૂક્યો છે. તેની પાસે કશું જ બચ્યું નથી - પૈસાના અભાવે તે પ્રેમિકાને ગુમાવી ચૂક્યો છે, શાળામાંથી તેને બરતરફ કરવામાં આવ્યો છે, વારસામાં મળેલું ધન તે જુગારમાં હારી ચૂક્યો છે.

પોતાના પરિચિત જાદુગરને તે કહે છે કે જો મને મારાં વીતેલાં વર્ષો પાછાં મળે, જીવને અર્પેલા અવસરો ફરીથી પ્રાપ્ત થાય, તો હવે હું યોગ્ય નિર્ણયો લઉં, બધી જ વસ્તુઓ જુદી રીતે કરું. જાદુગર કહે છે કે બધું જ પાછું લાવી શકાય છે, પણ તેનાથી કશો ફેર નહીં પડે. ઑસોકિનને પોતાના સામર્થ્ય પર હજુ ઘણો ભરોસો છે, આથી તેની ઇચ્છાનુસાર જાદુગર તેને બાર વર્ષ પહેલાંના સમયમાં પાછો મોકલે છે....

ફરીથી એના એ જ માણસો, એ જ વાતચીતો, એ જ રસ્તાઓ અને મકાનો, પહેલાંની સંપૂર્ણ સ્મૃતિ હોવા છતાં એની એ જ ભૂલો, એ જ રીતે બન્યે જતી ઘટનાઓ.

ફરીથી ઑસોકિન પોતાને જાદુગર સમક્ષ બેઠેલો જુએ છે અને પૂછે છે, ''આ વિષચક્રમાંથી છૂટવાનો કોઈ ઉપાય છે ?'' ''તને એ વાતની દૃઢ પ્રતીતિ થઈ જવી જોઈએ કે તું પોતે કશું જ બદલી શકે નહીં,'' જાદુગર કહે છે, ''તારે મદદ માગવી પડશે અને અત્યારે જે ચીજો તારા માટે ઘણી અગત્યની છે તેનો તારે ભોગ આપવો પડશે. શું આના માટે તારી તૈયારી છે ?''

૧૯૪૭માં શ્રી પી.ડી. ઑસ્પેન્સ્કીના મૃત્યુના વર્ષમાં સૌ પ્રથમવાર પ્રકાશિત થયેલી આ નવલકથા ખૂબ રોચક છે. જાણે કે લેખકે પોતાના જીવનને પોતાની બહાર રહીને જોયું ન હોય !